
# ધર્મ-અર્થ-કામ-મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના



લેખક : શ્રી શ્યામમનોહરજી ગોસ્વામી

# ધર્મ - અર્થ - કામ - મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના

પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી
(પાર્લા-મુંબઈ, કિશનગઢ)

: પ્રકાશક :
શ્રી પુષ્ટિ સિદ્ધાંત અધ્યયન સમિતિ
C/o. શ્રી બચુભાઈ ગાંધી
૧૦/૫૭૧, જોઈતા મહાદેવની પોળ,
ખપાટીયા ચકલા, સુરત- ૩૯૫ ૦૦૩.
ફોન : (૦૨૬૧) ૨૫૯૯૯૭૯

: મુદ્રક :
ન્યુ નોબલ પ્રિન્ટર્સ, બાલાજી રોડ, સુરત. ફોન : ૨૪૨૮૬૮૦

હિન્દી મૂળ પ્રકાશક : શ્રી શ્યામમનોહરજી
પાર્લા, કિશનગઢ

પ્રત : ૨૦૦૦

પ્રકાશન : સને ૨૦૦૬

**નિ:શુલ્ક વિતરણાર્થે**

પ્રાપ્તિ સ્થાન :
**શ્રી સુનીલભાઈ જાગીરદાર**
ઈશાવાસ્યમ્, ૪૪ સંગમ સોસાયટી,
માહેશ્વરી સર્કલ સામે, સીટીલાઈટ રોડ,
પાર્લે પોઈન્ટ પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.
ફોન : (૦૨૬) ૨૨૨ ૭૨૬૩ / ૩૨૯ ૮૨૬૩

**પ્રકાશન સહયોગી :**

શ્રીમતી શર્મિષ્ઠાબેન શાહ (સુરત), શ્રી તેજસભાઈ મરચંટ (સુરત), શ્રી અવિનાશભાઈ ગાંધી (મુંબઈ), મે. બાબુભાઈ હીરાલાલ એન્ડ કું. (સુરત), ડૉ. વસુબેન અજીતકુમાર આચાર્ય (સુરત), શ્રીમતી ધર્મિષ્ઠાબેન શાહ (સુરત) ડૉ. કે. વી. મહેતા(સુરત), શ્રીમતી સુશીલાબેન મનહરલાલ ભંડારી (અમદાવાદ)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણદ્વારા વિરચિત ચતુઃશ્લોકી ઉપર જે હિંદીમાં મેં વ્યાખ્યા લખી હતી, તેનો ગુજરાતી તરજુમો ચિ. શ્રી-કન્હૈયાબાવા (કિશનગઢ)એ કરાવીને છપાવ્યો હતો, તે તરજુમો તમે પુનઃપ્રકાશિત કરાવી રહ્યા છો તે જાણી પ્રસન્નતા થઈ.

ચતુઃશ્લોકીમાં પુષ્ટિમાર્ગીય ધર્મ અર્થ કામ અને મોક્ષની વિવેચના મહાપ્રભુએ કરી છે. તેનું અધ્યયન કરવાથી સહુ પુષ્ટિજીવોને આપણા ચાર પુરુષાર્થોનું જ્ઞાન અને પ્રેરણા મળે છે.

પુનઃપ્રકાશન સમયે પ્રમાણ ગુજરાતી અનુવાદકર્તા અને પ્રકાશકને મારી હાર્દિક શુભેચ્છા સ્વીકૃત કરશો...

ગો. શ્યા. મ.

મુંબઈ

# પ્રાક્કથન

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, પુષ્ટિમાર્ગીય વિચારણા પૂ. શ્રી શ્યામમનોહરજી લિખિત ગ્રંથનું પ્રકાશન કરતાં શ્રી પુષ્ટિસિદ્ધાંત અધ્યયન સમિતિ સૂરત આનંદની લાગણી અનુભવે છે.

ગત વર્ષ દરમિયાન સુરતનાં થોડાક વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો ભણવાની જિજ્ઞાસા જાગી અને શ્રીપુષ્ટિ સિદ્ધાંત અધ્યયન સમિતિનો પ્રારંભ થયો. ટૂંક સમયમાં જ વર્ષ દરમ્યાન ષોડશ ગ્રંથોનાં ચાર અભ્યાસ શિબિરો ગોઠવાયા. નાના પાયાથી શરૂ થયેલું આયોજન ધીમે ધીમે આગળ વધવા લાગ્યું. આ માર્ગે આગળ વધવામાં અનેક રૂઢિગત અને પરંપરારૂપી અડચણો પણ આવી પણ જેના માથે શ્રીવલ્લભ બિરાજે છે અને શ્રીવલ્લભની આજ્ઞાથી જે કાર્યો આગળ વધી રહ્યા છે તેની શ્રીવલ્લભ જ અવશ્ય રક્ષા કરશે તેવો દ્રઢ વિશ્વાસ છે. શ્રીવલ્લભનું આ કાર્ય શ્રીવલ્લભની કૃપાથી જ થઈ રહ્યું છે.

શ્રીવલ્લભની કૃપાથી જ અનેક વૈષ્ણવો પોતાના માથે બિરાજતા સેવ્ય ઠાકોરજી જ પોતાનું કલ્યાણ સાધી આપનાર છે એવું માનતા થયા, શ્રી વલ્લભના ઉપદેશાત્મક ગ્રંથોના અભ્યાસ કરતા થયા, શ્રીવલ્લભનું સ્વરૂપ, શ્રીઠાકોરજીનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ તેનાં ભેદ-અભેદ સમજતા થયા. માર્ગ પ્રત્યેની રૂચિ, સેવા-કથા બંને પ્રકારોથી જ વિકસતી રહે છે તે જાણતા થયા, માર્ગમાં પરંપરાના કારણે ઘુસી ગયેલા અપસિદ્ધાંતોને ઓળખતા થયા. આ બધું થઈ શક્યું તે શ્રીવલ્લભની કૃપા વગર બની શકે નહીં તે સ્પષ્ટ છે.

**શ્રી પુષ્ટિ સિદ્ધાંત અધ્યયન સમિતિ, સુરત**

## : સમિતિની પ્રવૃત્તિઓ :

### ષોડશગ્રંથ પ્રવચનમાળા

(૧) ભક્તિવર્ધિની - જૂન ૨૦૦૫
પૂ. ગો. શ્રી શરદકુમારજી (માંડવી - કચ્છ, હાલોલ)

(૨) સિદ્ધાંતમુક્તાવલી - ઓગષ્ટ ૨૦૦૫
પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી (વડોદરા-સૂરત)

(૩) વિવેક, ધૈર્ય, આશ્રય - ઓગષ્ટ ૨૦૦૫
પૂ. અ.સૌ. વ્રજલતાબહુજી (વડોદરા)

(૪) કૃષ્ણાશ્રય - માર્ચ ૨૦૦૬
પૂ. ગો. શ્રી યોગેશબાવા (ગોકુળ, પાર્લા-મુંબઈ)

### સ્વમાર્ગીય ઉદ્દેશ્ય

(૧) સત્સંગ

(૨) સ્વમાર્ગીય ગ્રંથ પ્રવચન તથા અભ્યાસ

(૩) પુસ્તક પ્રકાશન

(૪) ગ્રંથાલય (વિચારાધીન)

(૫) મુલાકાતથી સમજણ કેળવવી.

## પૂર્વભૂમિકા

ચતુ:શ્લોકીની રચના શ્રીમહાપ્રભુજીએ વિ.સં. ૧૫૮૦ યા તો વિ.સં.૧૫૮૨માં કરી હતી એવી કિંવદન્તી મળે છે. (શ્રીનાગરદાસ બાંભણિયા લિખિત લેખ, વૈષ્ણવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯). આ ગ્રંથ કયા ભાગ્યવંત ભગવદીયને માટે લખવામાં આવ્યો હતો તેનો પત્તો લાગતો નથી, પરંતુ ચોરાસી વૈષ્ણવોની વાર્તા પ્રમાણે રાણા વ્યાસ અને ભગવાનદાસ સંચોરાએ શ્રીમહાપ્રભુજીના મુખકમળથી આ ગ્રંથનું અધ્યયન કર્યું હતું.

દરેક માણસના જીવનમાં ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ પુરૂષાર્થોનું કંઈક કે કંઈક ખાસ પ્રકારનું સ્વરૂપ તથા સ્થાન હોય જ છે. એ જુદી વાત છે કે જુદા જુદા માર્ગો અનુસાર બીજભાવ, રુચિ (ગમો-અણગમો), સંગ અથવા દેશ-કાલાદિની સ્થિતિને અનુરૂપ તે તે માર્ગોના જીવોમાં પુરૂષાર્થ સંબંધી ધારણાઓ જુદા જુદા પ્રકારની જોવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય જીવોની ધર્માર્થકામમોક્ષ સંબંધી ધારણાઓના આદર્શ સ્વરૂપનો વિચાર આ ચતુ:શ્લોકી ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

સ્વમાર્ગીય ધર્માર્થકામમોક્ષથી જુદા પ્રકારના પુરૂષાર્થોના ચક્કરમાં જ્યારે કોઈ પડી જાય છે, ત્યારે નિષ્ફળતા, નિરાશા, મુઝારો, ક્ષોભ (ખળભળાટ, સંકોચ) તથા આત્મકેંદ્રિત વૃત્તિ તરફ જ તે અગ્રસર બની જાય છે. આ જગતમાં બધાય પ્રકારના જીવો છે અને બધાયને બધા પ્રકારના સંગ પણ મળી જાય છે. આ આકસ્મિક આવી પડતા સંગોને કારણે કોઈ કોઈ વખત આપણી અંદર એક એવી અસ્વાભાવિક અહંતા-મમતા પેસી જાય છે, જે આપણા પોતાના માર્ગના ન હોય તેવા ધર્માર્થકામમોક્ષના પ્રકારોની તરફ આપણને દોરી જાય છે.

ગોધરાના રાણા વ્યાસને પણ શરૂઆતમાં એક વૈરાગી બાવાની સોબત મળી હતી. એ વૈરાગી બાવાની તીર્થયાત્રાની વાતો સાંભળીને રાણા વ્યાસને લાગ્યું કે જીવનનું સાચું સુખ તીર્થોથી યાત્રા કરતા રહેવામાં જ

જોઈએ. તેથી પોતાના માતાપિતાને કંઈ પૂછયા ગાછયા વગર જ એક રાત્રે તેઓ ઘરની બહાર નાસી ગયા, પરંતુ તેમનું મન કોઈ પણ તીર્થનાં દર્શનથી પ્રસન્ન થઈ શકયું નહિ. શરૂઆતથી જ તેમને વિદ્યાભિમાન તથા જિતેન્દ્રિય હોવાનું અભિમાન તો હતું જ. તેમાં પાછું માતાપિતાના મૃત્યુ પછી તેમને પાંચ દશ હજાર રૂપિયા પણ વારસામાં મળ્યા. એના ફળસ્વરૂપે તેમને ધનનું અભિમાન પણ થઈ ગયું! એકંદરે તેઓ પોતાની જાતને શક્તિશાળી, સફળ અને ઊંચી કક્ષાના વિદ્વાન માનતા થઈ ગયા. ધીમે ધીમે પોતાના ગામના લોકો તો તેમને ગમાર જ લાગવા માંડયા. તેથી કાશીના વિદ્વાનોની સાથે ટક્કર લેવાની લાલસા તેમના દિલમાં જાગી અને એક દિવસ તેઓ કાશી પહોંચી ગયા, પરંતુ ત્યાં ગયા પછી બધું ઊલટું જ બન્યું. જે જે પંડિતોની સાથે તેઓ ટકરાયા એ બધાથી તેમને શાસ્ત્રાર્થમાં પરાજિત થવું પડયું! આનાથી તેઓ ઘણા વધારે લજ્જિત થઈને ગંગામાં કૂદકો મારીને પ્રાણત્યાગ કરવા ઈચ્છતા હતા. આ આપઘાત પણ દિવસના અજવાળામાં કરવામાં તેમને સંકોચનો અનુભવ થઈ રહ્યો હતો. તેથી ગંગાજીના કિનારા પર બેઠા અને રાત્રિના એકાંત તથા અંધકારની પ્રતીક્ષા કરવા લાગ્યા! એ વખતે શ્રીમહાપ્રભુજીનું પણ ત્યાં પધારવું થયું. સંજોગવશાત્ (એટલે ''કાગનું બેસવું અને ડાળનું પડવું'' એ કહેવત પ્રમાણે થયું એવું કે) કોઈ એક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કર્યો કે ગંગામાં ડૂબીને મરવાવાળાની શી ગતિ થાય છે? જવાબમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અહંકારને આધીન થઈને, લડીને તથા ઝઘડો કરીને ડૂબવાવાળાને સર્પયોનિ મળે છે અને આત્મહત્યાનું પાપ પણ લાગે છે, પરંતુ દીનભાવથી સંન્યાસ લઈને અને પોતાના મનને ભગવાનમાં એકાગ્ર બનાવીને જે લોકો ગંગાજીમાં પ્રાણત્યાગ કરે છે તેમની દુર્ગતિ થતી નથી.

આ વાતચીત સીધી જઈને રાણા વ્યાસને હૃદય સોંસરવી ઊતરી ગઈ અને તેઓ દોડીને શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં આવીને પડયા. પોતાની આત્મકથા સંભળાવીને શ્રી મહાપ્રભુજીની શરણયાચના કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ ગંગાસ્નાન કરવાનો આદેશ આપ્યો અને એ પછી બ્રહ્મસંબંધની દીક્ષા આપી. તરત જ શ્રી મહાપ્રભુજીએ તેમને ચતુ:શ્લોકીનો ઉપદેશ પણ આપ્યો હતો. તેઓ પુષ્ટિ સંપ્રદાયના સારા વિદ્વાન થયા. શ્રીમહાપ્રભુજી વિરચિત બીજી પણ અણુભાષ્ય સુબોધિની વગેરે ગ્રંથોની એમના દ્વારા લખાયેલી (હસ્તલિખિત) પ્રતો આજે પણ ઉપલબ્ધ છે.

આ ચતુ:શ્લોકીના અધ્યયનથી રાણા વ્યાસને પોતાના વાસ્તવિક ધર્મ, અર્થ, કામ તથા મોક્ષરૂપ પુરૂષાર્થોનું જ્ઞાન થયું અને તેઓ મિથ્યા વૈરાગ્ય, ધન તથા વિદ્વત્તાના અહંકારથી મુક્ત થયા. સાથોસાથ આ અહંકારની વિફલતાથી પેદા થયેલ કુંઠા (નિષ્ફળતાની ભાવના) તથા આત્મઘાતની પણ ક્ષુદ્ર ભાવનાઓ પર કાબૂ મેળવી શકયા. તેઓ એક આદર્શ ભગવદીય જેવું ભગવત્સેવા તથા ભગવત્સ્મરણમાં પરાયણ પુષ્ટિમાર્ગીય જીવન જીવવામાં શક્તિમાન થઈ શકયા.

પુષ્ટિમાર્ગીય ભક્તિ નિષ્કામ-નિરૂપાધિક (કોઈપણ જાતની ઉપાધિ લક્ષણો-માગણીઓ-શરતો વિનાની) હોય છે. સ્વયં ભગવાનની કૃપા જ પુષ્ટિજીવના હૃદયમાં ભક્તિનું રૂપ ધારણ કરી લે છે. ભગવાનની કૃપા કંઈ જીવે કરેલાં સાધનો ઉપર આધાર રાખતી નથી. એ તો કોઈ પણ જાતના હેતુ વગર જ પ્રકટ થાય છે. જે જીવમાં એ ભગવત્કૃપા બીજભાવના રૂપમાં અસ્તિત્વમાં હોય છે એ જીવમાં એ પ્રેમ, આસક્તિ, વ્યસન તથા અલૌકિક સામર્થ્યના રૂપમાં અંકુરિત, પલ્લવિત, પુષ્પિત તથા ફલિત થવાની જુદી જુદી અવસ્થાઓમાં 'પુષ્ટિભક્તિ' એ શબ્દથી ઓળખવામાં આવે છે. ભગવદનુગ્રહને જ આ કારણને લીધે દિશાભેદથી, 'પુષ્ટિ' તથા 'પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે. એ કૃપા જ્યારે ભગવાન તરફથી ભક્તની દિશામાં વહે છે ત્યારે તેને આપણે 'પુષ્ટિ' કહીએ છીએ અને જ્યારે જીવના-હૃદયમાં પ્રતિબિંબિત (પરાવૃત્ત) થઈને પાછી ભગવાનની દિશામાં અગ્રસર (વહેતી) થાય છે ત્યારે તેને આપણે ''પુષ્ટિભક્તિ'' કહીએ છીએ. કોઈ જાતના કારણ વગર જ જ્યારે ભગવાન કોઈ એક જીવની ઉપર પોતાની કૃપા યાને પુષ્ટિવર્ષા કરે છે અને એ કૃપાની વૃષ્ટિ હૃદયના પ્રદેશમાં સમાઈ નથી શકતી ત્યારે છલકાઈ જઈને, પુષ્ટિભક્તિની સરિતાના રૂપમાં વહેવા લાગી જાય છે! એ જ કૃપાના સાગર પરમાત્માની તરફ કે જ્યાંથી પ્રકટીને કૃપાના મેઘ જીવ પર વરસ્યા હતા !!

આથી જેમ કૃપાની પહેલાં ન કોઈ કારણનું અસ્તિત્વ છે અને કૃપા થયા પછી ન કોઈ હેતુનું પ્રયોજન પણ, એવી જ રીતે પુષ્ટિભક્તિની પૂર્વે ન કોઈ કારણનું અસ્તિત્વ છે તેમજ પુષ્ટિભક્તિ થયા પછી ન કોઈ હેતુ કે પ્રયોજન પણ. માત્ર અનુગ્રહ (એટલે કૃપા) જ ભક્તના હૃદયથી પરાવૃત્ત થઈને પુષ્ટિભક્તિ બની જાય છે. તેથી જ સુબોધિનીજીના ૧-૧૯-૧૬માં કહ્યું છે "સ્નેહ જુદો પદાર્થ છે....એ ભગવાનમાં જ રહેનારો હોય છે. ભગવાનને વિષય બનાવનારો અથવા તો જ્ઞાનની જેમ, ઐશ્વર્યની જેમ અથવા ભગવાન સાથેના સંબંધને લીધે તેમની સાથે નિકટપણાને લીધે બીજે સ્થળે પણ હોય એમ ભાસે છે. ઉષ્ણ સ્પર્શની માફક જેમ જેમ ભગવાનની સાથે નિકટતા સધાતી જાય છે તેમ તેમ સ્નેહ અતિશય પ્રકટે છે."

સ્વાભાવિક રીતે જેવી પ્રવાહમાર્ગમાં હોય છે તેવી આ લોક સંબંધી પુરૂષાર્થ - અર્થ તથા કામની સિદ્ધિની કામના, અથવા તો મર્યાદામાર્ગમાં હોય છે તેવી ધર્માર્થકામમોક્ષરૂપ પુરૂષાર્થોની સિદ્ધિની કામના, પુષ્ટિમાર્ગીય જીવના હૃદયમાં ચિરસ્થાયી નથી બની શકતી. એવા પુષ્ટિભક્તોના પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ અથવા મોક્ષનું સ્વરૂપ, અન્યમાર્ગીય પુરૂષાર્થોથી જુદા લક્ષણો ધરાવતું હોય એ સ્વાભાવિક જ છે. શ્રીમહાપ્રભુજીએ આ ચતુ:શ્લોકીમાં પુષ્ટિભક્તિમાર્ગીય પુરૂષાર્થોનું વિલક્ષણ રૂપ આપણને સમજાવ્યું છે. ચતુ:શ્લોકી ગ્રંથના આ ચારેય શ્લોક શ્રીમદ્‌ભાગવતમાની વૃત્રાસુરચતુ:શ્લોકીના ચાર શ્લોકો સાથે ગાઢ સામ્ય ધરાવે છે. વૃત્રાસુરચતુ: શ્લોકીના પણ ચાર શ્લોકોમાં આ જ પુષ્ટિમાર્ગીય ચાર પુરૂષાર્થોનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવેલું છે. શરૂઆતના ત્રણ શ્લોકો ઉપર શ્રીપ્રભુચરણની વિવૃત્તિ (વિવરણ-ટીકા) ઉપલબ્ધ થાય છે તથા છેલ્લા શ્લોક ઉપર શ્રીમહાપ્રભુજીવિરચિત વિવૃત્તિ મળી આવે છે. આ છેલ્લા શ્લોકની વિવૃત્તિની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજીએ એક સંગ્રહશ્લોક આપ્યો છે.

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં, ધર્મોઽર્થો હરિરેવ હિ ।
કામો હરિદિદૃક્ષૈવ, મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।

અર્થ: શ્રીહરિના દાસ હોવું જ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. પુષ્ટિભક્તોના અર્થ (ધન-દોલત) સ્વયં શ્રીહરિ જ છે. શ્રીહરિનાં દર્શનની કામના જ પુષ્ટિમાર્ગીય કામ (ઈચ્છા) છે તથા સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના જ બની જવું એ જ પુષ્ટિભક્તનો મોક્ષ છે.

આ સૂત્રનું ભાષ્ય વૃત્રાસુરચતુ:શ્લોકીમાં તથા આ શ્રીમહાપ્રભુજી વિરચિત ચતુ:શ્લોકીમાં પણ આપણને મળે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સાથે જીવનો સંબંધ રસાત્મક હોય છે. રસમીમાંસામાં રતિ - સ્નેહ સંયોગ તથા વિયોગ એવા બે પક્ષ માનવામાં આવ્યા છે. તેથી ભક્તિમાર્ગમાં ભગવાનની અનુભૂતિ (સાક્ષાત્કાર) જ્યારે સંયોગ અથવા વિયોગ એ બેમાંથી કોઈ પણ એક પ્રકારની હોય છે, તો એ અનુભૂતિ અપૂર્ણ માનવામાં આવતી હોય છે. આ જ કારણથી તેને ભક્તની સાધન અવસ્થા પણ માનવામાં આવે છે. રસ તો દ્વિદલ (બે દલ એટલે બે ફાડ-બે પડવાળો) છે. તેથી સંયોગ તથા વિયોગ એ બન્ને અવસ્થાઓમાં જ્યારે ભગવાનની અનુભૂતિ થવા માંડે તો ફલાવસ્થા માનવામાં આવે છે. એ પ્રમાણે ધર્મ તથા કામની સિદ્ધિ સાધનાવસ્થાની પરિપકવતા છે અને અર્થ તથા મોક્ષની સિદ્ધિ ફલાવસ્થા છે. કારણ કે ધર્મમાં-વ્રજાધિપના ભજનમાં કેવળ સંયોગનો અનુભવ થાય છે તથા કામમાં-હરિદર્શનની તીવ્ર ઈચ્છામાં કેવળ વિયોગનો અનુભવ થાય છે. જ્યારે અર્થ-ભગવાનનું રસાત્મક સ્વરૂપ તો દ્વિદલાત્મક જ છે, તેથી મોક્ષ-ભગવાનના ભજનમાં સંયોગનો અનુભવ તથા ભગવાનના સ્મરણમાં વિયોગનો અનુભવ જ્યારે નિરંતર અથવા તો એક પછી એક ક્રમમાં એટલે પગલે પગલે થવા માંડે તો ભગવાનની રસાત્મિકા અનુભૂતિ પોતાની પૂર્ણ અવસ્થાએ પહોંચી જાય છે. પુષ્ટિભક્તને એનો મોક્ષ મળી જાય છે.

ગો. શ્રી શ્યામમનોહરજી
(ગ્રંથ પરિચયમાંથી સાભાર)

# ચતુઃશ્લોકી

ચતુઃશ્લોકીના વિષયમાં બીજું કાંઈપણ સમજતાં પહેલાં સંક્ષિપ્તમાં એક વાત સમજી લેવી આવશ્યક છે કે આ ચતુઃશ્લોકીના ચાર શ્લોકોમાં ક્રમશઃ ચાર પુરુષાર્થનું નિરૂપણ અભિલષિત છે.

(૧) ધર્મ પુરુષાર્થ

(૨) અર્થ પુરુષાર્થ

(૩) કામ પુરુષાર્થ

(૪) મોક્ષ પુરુષાર્થ

સંસ્કૃત ભાષામાં પુરુષાર્થોનો અર્થ થાય છે પુરુષની અર્થના એટલે કે આકાંક્ષા, વ્યક્તિની આકાંક્ષા અથવા કામનાઓની ગણતરી શક્ય નથી. પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં અસંખ્ય કામનાઓ રહેલી હોય તો માનવમાત્રની કામનાઓની ગણતરી કેવી રીતે સંભવી શકે ? અને પછી ચાર તો કેટલી નાની સંખ્યા છે !

શાસ્ત્રકાર જ્યારે પુરુષાર્થની વાત કરે છે તો એમનું ધ્યાન આવી અસંખ્ય કામનાઓના વિષયો પર ન રહેતાં કામનાઓના સ્વભાવ પર રહે છે. એને ધ્યાનમાં રાખીને સ્થૂળ ચાર વર્ગોમાં આ કામનાઓનું વિભાજન કરાયું છે.

ઉદાહરણ તરીકે એક ખેડૂતને ખેતર ખેડવા ટ્રેક્ટર જોઈએ. એક મુડીવાદીને કારખાના માટે લાયસન્સ જોઈએ, એક મજૂરને કારખાનાના નફાના પ્રમાણમાં મોંઘવારી ભથ્થાનો વધારો જોઈએ. એક મંદિર (પુષ્ટિમાર્ગીય) ચલાવનારને નિત્ય નવી ઝાંખીની સજાવટ માટે ભેટ સામગ્રી આપનાર મનોરથી જોઈએ. એક ભાગવત સપ્તાહ કરનાર (વક્તાને) કથાના પ્રત્યેક પ્રસંગ માટે જુદા જુદા યજમાન જોઈએ. એક રામજન્મ માટે, એક કૃષ્ણજન્મ માટે, એક રુક્ષ્મણી વિવાહ માટે ઉપર છલ્લુ જોતાં આ કામનાઓ ભિન્ન ભિન્ન છે પરંતુ શાસ્ત્રદૃષ્ટિથી આ બધા

ચક્કર (લફરાં) અર્થ પુરુષાર્થના છે.

આ પ્રકારે આપણી કેટલીક આકાંક્ષાઓ ધર્મ પુરુષાર્થની અંતર્ગત આવે છે. કેટલીક અર્થ પુરુષાર્થની અંતર્ગત, કેટલીક કામ પુરુષાર્થની અંતર્ગત અને કેટલીક મોક્ષ પુરુષાર્થની અંતર્ગત.

આ ચાર પુરુષાર્થોમાંથી ધર્મ અને અર્થ મૂળમાં સાધન કક્ષાના પુરુષાર્થ છે. જ્યારે કામ અને મોક્ષ સાધ્ય કક્ષાના પુરુષાર્થ છે.

ધર્માચરણ દ્વારા આપણે જીવનના કોઈ અલૌકિક ઉદ્દેશની સિદ્ધિ ઈચ્છીએ છીએ. એવી જ રીતે અર્થ પ્રાપ્તિ દ્વારા આપણે આપણા કામ પુરુષાર્થની સિદ્ધિ ઈચ્છીએ છીએ. કોઈ કામ પુરુષાર્થની સિદ્ધિ કેમ ઈચ્છે છે ? આનો જવાબ આપવો મુશ્કેલ કાર્ય છે. કેમકે વધુમાં વધુ એટલું જ કહી શકાય કે કામનાની પૂર્તિમાં સુખ મળે છે. કામનાની પૂર્તિ થવાથી સુખ કેમ મળે છે એનો જવાબ એ જ કે કામનાપૂર્તિ ન થવી એ એક દુઃખ જ છે. વાસ્તવિક્તા એ છે કે કામ પુરુષાર્થની સિદ્ધિ આપણું આ લોકનું સાધ્ય છે. આવી જ રીતે મુક્તિ-મોક્ષ દ્વારા પણ અન્ય કંઈપણની ઈચ્છા રખાતી નથી. કારણ કે મોક્ષની કામના પણ કોઈ સાધનની કામના ન હોતા સાધ્યની કામના છે.

સામાન્ય રીતે એવું જણાય છે કે અર્થ અને કામ પુરુષાર્થ ઐહિક (આ લોક સંબંધી) જ્યારે ધર્મ અને મોક્ષ પુરુષાર્થ પારલૌકિક કે અલૌકિક હોય છે.

અર્થ અને કામનો સંબંધ દેહની સાથે વધુ જોડાયેલો લાગે છે, જ્યારે ધર્મ અને મોક્ષનો સંબંધ આત્મા સાથે વધુ જોડાયેલો લાગે છે.

(૧) **ધર્મ** : ધર્મના વિષયમાં વાસ્તિવકતા એવી છે કે ધર્મનો સાચો અર્થ કર્મકાંડ નથી અને તે કોઈ સામુદાયિક આસ્થા પ્રતિ કોરી સ્વીકૃતિનો કોઈ ભાવ પણ નથી. ધર્મ એક જીવનપ્રણાલી છે જેમાં વ્યવહાર, વિચાર, ભાવના અને કર્મકાંડ વગેરે દરેક બાબતોનો સમાવેશ થઈ જાય છે.

(૨) **અર્થ** : અર્થ એટલે ધન. ધનનો અર્થ વ્યવહારમાં ચાલતા ચલણી સિક્કા કે નોટ પુરતો ન લેવો જોઈએ. ધન અથવા અર્થની અંદર



જ એ બધી વસ્તુઓ આવી જાય છે કે જેનાથી આપણે લૌકિક અથવા અલૌકિક સુખ સુવિધાની સામગ્રી મેળવી શકીએ છીએ.

(૩) **કામ** : એવી જ રીતે 'કામ'નો અર્થ પણ કેવળ 'યૌનવાસના'ના સીમિત અર્થમાં લેવામાં આવે છે. જ્યારે વાસ્તવિકતા એવી છે કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દ કોઈ પણ વિષયનું નેત્ર, જીભ, નાક, ત્વચા કે કાન વગેરે દ્વારા પ્રાપ્ત થતાં અનુભવમાં સુખની ઈચ્છા કામ છે. કેવળ જ્ઞાન ઈન્દ્રિયથી વિષયોની અનુભૂતિમાં જ નહીં પરંતુ કર્મેન્દ્રિયોથી સંપન્ન થતી ક્રિયાને કરવામાં પણ સુખની ઈચ્છા કામ જ છે.

(૪) **મોક્ષ** : આવી જ રીતે દરેક વ્યક્તિમાં મોક્ષની કામના પણ કોઈક સ્વરૂપમાં રહે જ છે. ભલે પછી કોઈ આસ્તિક હોય કે નાસ્તિક. આત્મવાદી હોય કે અનાત્મવાદી, ઈશ્વરવાદી હોય કે અનિશ્વરવાદી. એ વાત ખરી કે મોક્ષનું સ્વરૂપ દરેકના મતમાં ભિન્ન ભિન્ન હોય છે. મુક્તિના સ્વરૂપના વિષયમાં આટલી વૈચારિક ભિન્નતા, તે તે વિચારકોના મતમાં દુઃખ અથવા બંધનનું સ્વરૂપ શું છે તેની પર નિર્ભર કરે છે.

જીવાત્માની કેવી અવસ્થાને, ક્યા વિષયોને ક્યાં સંબંધોને કેવી આવશ્યકતાઓને અથવા કામનાઓને અથવા પોતાની કઈ મર્યાદાઓને તમે દુઃખ રૂપ અથવા બંધનરૂપ માનો છો ? દુઃખ અથવા બંધનથી મુક્ત થવું જ મોક્ષ પુરુષાર્થ છે.

કેટલાક લોકો શારીરિક, પારીવારિક અથવા સામાજિક તકલીફોથી છુટકારો મેળવવો જ મોક્ષ હોઈ શકે છે. આધુનિક યુગમાં બધા જ રાજનૈતિક નેતા આવી મુક્તિના ઠેકાના વિભિન્નવાદ અને દાવા પ્રસ્તુત કરે છે. એમની પોતાની એક સાંપ્રદાયિકતા અને સ્પર્શાસ્પર્શ (આભડછેટ) હોય છે.

એક બીજો બુદ્ધિવાદી ! વર્ગ પ્રાચીન બધા ધાર્મિક, સાંપ્રદાયિક અને દાર્શનિક આસ્થાઓથી મુક્ત થવામાં પોતાના મોક્ષ પુરુષાર્થની કલ્પના કરે છે કારણ કે તેમના મતથી વિભિન્ન ધર્મ-સંપ્રદાય જ માનવ

સમાજમાં બધા પ્રકારની અશાંતિ અને સંઘર્ષ વધારવાની વૃદ્ધિ કરે છે. તેઓ આ મુદ્દા પર એક નિર્ણાયક સંઘર્ષ કરી લેવા ઈચ્છે છે ! માનવમાત્રને ધર્મમુક્ત કરવા.

કેટલાક ફેશનેબલ લોકો દરેક પ્રાચીન રુઢિથી મુક્ત થવામાં જ પોતાની ફેશનેબલ મુક્તિ માને છે.

કેટલાક વક્તા કહે છે કે પોતાની નિજ ઓળખાણને ભૂલી જવામાં જ પોતાની મુક્તિ છે.

કેટલાક આ આખા સંસારને જ બંધન માનીને તેનાથી છુટકારો મેળવવામાં પોતાની મુક્તિ માને છે. કારણ કે આ સંસારમાં શાશ્વત સુખની સંભાવના નથી. અહીંના દરેક સુખ સાથે કોઈ ને કોઈ પ્રકારનું દુઃખ તો જોડાયેલું હોય જ છે.

કેટલાક લોકો આ પ્રકારની અનેક જાતની મુક્તિની કામનાઓને જ સૌથી મોટું બંધન માનીને મુક્તિથી મુક્ત થવા ઈચ્છે છે !

જે મોક્ષને પણ એક ઝંઝટ માનીને ફક્ત ભક્તિ જ સતત કરવા ઈચ્છતા હોય તેમને પુષ્ટિભક્ત સમજવા જોઈએ.

તેથી જ વૃત્રાસુર કહે છે

'ન નાકપૃષ્ઠ ન ચ પારમેષ્ઠ્યમ્ ન સાર્વભૌમં ન રસાધિપત્યમ્

ન યોગ સિદ્ધિં અપુનર્ભવં વા સમંજસ ત્વા વિરહય્ય કાંક્ષે'

નથી મને સ્વર્ગ જોઈતું અને નથી જોઈતી બ્રહ્માની પદવી. નથી મારે આ પૃથ્વી પર ચક્રવર્તી સમ્રાટ બનવું. અને નથી પાતાળના અધિપતિ બનવું. નથી મને યોગ સિદ્ધિઓની કોઈ પ્રકારની કામના અને નથી મોક્ષની પણ કામના. મારા માટે તો સર્વસ્વ તમે જ છો. તમારા સિવાય મને બીજું કંઈ પણ ન જોઈએ.

આ છે ભક્તની વાણી. ભગવદકૃપા વગર, મહાપ્રભુના મતે, માનવહૃદયમાં આવી ભક્તિનો પ્રાદુર્ભાવ શક્ય નથી. વૃત્ર અસુર છે તો શું થયું ? છે તો તે પુષ્ટિભક્ત !

### *પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થ*

જેવી રીતે પ્રસ્તુત ચતુઃશ્લોકીમાં પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થોનું વર્ણન છે, તેવી જ રીતે પૂર્વોક્ત વૃત્રાસુર ચતુઃશ્લોકીના પણ ચાર શ્લોકોમાં પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ કામ મોક્ષનું નિરૂપણ શ્રી મહાપ્રભુજી સ્વીકારે છે. ત્યાં વ્યાખ્યામાં એક સંગ્રહશ્લોક આપવામાં આવેલ છે :

*'પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ !*
*કામો હરિ દિદક્ષૈવ મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ !!'*

ભગવાન શ્રી હરિની દાસ્ય ભાવથી ભક્તિ પુષ્ટિમાર્ગીય ધર્મ બને છે. પુષ્ટિમાર્ગીય અર્થ પોતે જ શ્રી હરિ છે. પુષ્ટિમાર્ગીય કામ હરિદર્શનની લાલસા છે. જ્યારે કોઈ જીવાત્માનો પરમાત્મા પુરુષોત્તમ શ્રી કૃષ્ણની સાથે સંબધ સંપૂર્ણ રીતે થઈ જાય છે તો એ પુષ્ટિમાર્ગીય મુક્તિ છે.

પુષ્ટિમાર્ગીય ધર્મ શું છે ? શ્રી હરિનું દાસ્ય ભાવથી ભજન. શ્રી હરિ પ્રતિ પોતાના દાસત્વની સ્વીકૃતિ ક્યા પ્રસંગમાં આપણે પ્રગટ કરીએ છીએ ? પુષ્ટિમાર્ગીય દીક્ષા બ્રહ્મસંબંધના પ્રસંગમાં શ્રી હરિની પ્રિત આપણા દાસત્વની સ્વીકૃતિ આપણે પ્રગટ કરીએ છીએ. આવું જે કહેવાય છે કે બ્રહ્મસંબંધની દીક્ષા લીધા પછી પુષ્ટિમાર્ગમાં ભગવદ્સેવા આવશ્યક બની જાય છે. તેનું પણ રહસ્ય આ જ છે. પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મ

### *'પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મ'*

તે દિવસે મંદિરમાં ભરાયેલ સભામાં એક ભાઈએ પ્રશ્ન પૂછયો હતો કે 'બ્રહ્મસંબંધની દીક્ષા લીધા વગર જો કોઈ ભગવદ્સેવા કરતો હોય તો શું એવી સેવા ભગવાન સ્વીકાર નહીં કરે ?

મેં ઉત્તરમાં કહ્યું હતું કે 'તમે સેવા કરતા રહો.'

આની સામે એમણે ફરીથી પ્રશ્ન પૂછ્યો કે 'આનો અર્થ તો એવો થયો કે બ્રહ્મસંબંધની દીક્ષા લેવી અનિવાર્ય નથી.'

તમને યાદ હશે કે ત્યારે મેં એવું કહ્યું હતું કે 'જો બ્રહ્મસંબંધની દીક્ષા લીધા વિના પણ કોઈ ભગવત્ સેવા નિભાવવા માંગતા હોય તો બ્રહ્મસંબંધની દીક્ષા લેવી અનિવાર્ય નથી. આની સાથે મેં એમ ખુલાસો પણ કર્યો હતો કે ભગવાને કોની અથવા કેવી સેવા સ્વીકારવી જોઈએ અને કોની નહીં એ નિર્ધારિત કરવું કોઈના માટે શક્ય નથી.

ભગવાને તો ગાળ દેનાર શિશુપાલનો પણ ઉદ્ધાર કર્યો હતો. વિષપાન કરાવવા આવેલી પુતનાને પણ મુક્તિદાન કર્યું હતું.

*અહો બકીયં સ્તનકાલકૂટં જિઘાંસયાપાયયદપ્યસાધ્વી !*
*લેભે ગતિં ધાત્ર્યુચિતા તતોન્યં કં વા દયાલું શરણં વ્રજેમ !!*

ધાવનું પાખંડ કરનારી આ અસાધ્વી પુતનાની વાત વિચારો કે જેણે કૃષ્ણને મારી નાખવાની ઈચ્છાથી પોતાનું વિષ ચોપડેલ સ્તનનું પાન કરાવ્યું. પરંતુ ગતિ ભગવાને એને એજ આપી કે જે એક ધાવને આપવી જોઈએ. હવે બતાવો કે બીજા કયા દયાળુના ચરણમાં આપણે જવું જોઈએ !

જે વિષપાન કરાવવા આવી હતી તેને ગતિ તે મળી જે પયપાન કરાવનારી માતા અથવા ધાવને આપવામાં આવે છે. આવા દયાળુ છે ભગવાન !

તેઓ કોની સેવા સ્વીકારશે અને કોની નહીં આનો કેવી રીતે નિશ્ચય કરી શકાય ? ભગવાનના વિષયમાં આપણે કોઈ સિદ્ધાંત કેવી રીતે લાદી (બાંધી) શકીએ ? અને આપણા બાંધેલા સિદ્ધાંતોની મર્યાદામાં જો ભગવાનને બાંધી લેવાય તો મને તો એમના સર્વોચ્ચ થવામાં (એમની સર્વોપરિતામાં) જ સંદેહ થઈ જશે ! ભક્ત કવિ દયારામ કહે છે,

હું કરું ! હું કરું ! એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે !

ગામડામાં લોકો ક્યાંક જવા માટે જ્યારે બળદગાડામાં નીકળે તો કોઈ વાર કૂતરો પણ સાથે થાય છે. આ કૂતરાને બળદગાડાની સાથે આગળ પાછળ આજુબાજુ અથવા નીચે દોડતા રહેવું પડે છે. પરંતુ ક્યારેક આ કૂતરાને એવી ભ્રાંતિ થઈ જાય છે કે મારા ચાલવાના કારણે આ બળદગાડું ચાલે છે. તો આ કેવી વિચિત્ર કલ્પના કહેવાશે ? ખરેખર એવી જ રીતે આપણું આવું વિચારવું કે જે સિદ્ધાંત આપણી ક્ષુદ્ર બુદ્ધિથી બરાબર લાગે છે તેની મર્યાદામાં જ ઈશ્વરીય વ્યવહાર ચાલવો જોઈએ! આ તો બિલકુલ 'શકટનો ભાર જેમ શ્વાન તાણે' તેના જેવું છે.

### *'સર્વ સમર્થ'નો અર્થ*

તેથી જ ભગવાનના સર્વસમર્થ હોવાનો અર્થ જ આપણે ત્યાં એવો મનાય છે કે ભગવાન કર્તુમ - અકર્તુમ - અન્યથા કર્તુમ સમર્થ છે.

આવી સ્થિતિમાં ભગવાન બ્રહ્મસંબંધ વગર પણ કોઈના દ્વારા કરવામાં આવતી સેવા સ્વીકારતો હોય તો એને રોકી ન શકાય. અથવા ટોકી ન શકાય ! અને બ્રહ્મસંબંધ લેનાર વ્યક્તિની પણ સેવા સ્વીકારતા હોય તો એમને રોકી પણ ન શકાય અને કોઈ આક્ષેપ પણ ન કરી શકાય !

જો આપણે ભગવાનને સર્વસમર્થ માનતા હોઈએ તો આપણા સાધનોના બંધનથી ભગવાનને બાંધી શકાતા નથી. આપણા બાહ્ય સાધનના નિયમ જો ભગવાનને માટે બંધનકર્તા હોત તો બધી જ વાત પતી ગઈ હોત. કારણ કે ત્યારે તો ભગવાન સર્વસમર્થ નથી રહેતા !!

### *બ્રહ્મસંબંધની દીક્ષાની આવશ્યકતા :*

તો પણ પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ દીક્ષાને આવશ્યક માની છે 'ભગવદસેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષા વગર પ્રાપ્ત નથી થતો' એવું પણ કહેવામાં આવે છે.

આ વાત કેવી અટપટી લાગે છે ! નહિ કે !

અમુક સ્પષ્ટીકરણ અહીં ઈચ્છિત છે. પુષ્ટિ અને પુષ્ટિમાર્ગની વચ્ચે જે ભેદ છે, એને યોગ્ય પ્રકારથી જો આપણે સમજી શકીએ તો આ વાત આટલી અટપટી નહીં લાગે.

*પુષ્ટિ અને પુષ્ટિમાર્ગ :*

પુષ્ટિ શબ્દનો અર્થ છે ભગવાનની કૃપા. 'પોષણં તદઅનુગ્રહઃ' પરમાત્માની કૃપા જ જીવાત્માનું સાચું પોષણ છે. જેવી રીતે અન્નથી આપણા દેહનું પોષણ થાય છે, જેવી રીતે પૃથ્વી, જલ. વાયુ, તેજથી વૃક્ષોનું પોષણ થાય છે, આચરણથી જેવી રીતે વિચારોનું પોષણ થાય છે, બસ તેવી જ રીતે પરમાત્માની કૃપા જ જીવાત્માનું સાચું પોષણ છે. આ આધ્યાત્મિક, આધિદૈવિક પોષણનેજ શ્રી મહાપ્રભુ વલ્લભ 'પુષ્ટિ' કહે છે.

આપણે પૃથ્વી, જલ, તેજ, વાયુને એમ ન કહી શકીએ કે તેમણે કદમ્બ અથવા આંબાના વૃક્ષોનું પોષણ કરવું જોઈએ, પરંતુ થોર અને બાવળના વૃક્ષોનું નહીં. દરેક પ્રકારના વૃક્ષો અને વનસ્પતિનું પોષણ પૃથ્વી, જલ, તેજ, વાયુથી થાય છે. બધા જ વૃક્ષ, બધી વનસ્પતિ, બધા પ્રાણીઓનું શરીર આ પાંચે તત્ત્વો પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશના અસંખ્ય નામ અને રૂપ છે. કદમ્બની સુંદરતા અથવા કરીલની (કેરાં) કુરૂપતાનો સિદ્ધાંત પ્રકૃતિમાં નથી. તે તો આપણા મનની ઉપજ છે. આપણા સુખ દુઃખ અથવા આપણા માટે એમની ઉપયોગિતા, અનુપયોગિતાથી જોડાયેલી ધારણાઓ છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ અથવા આકાશની પ્રકૃતિમાં બધું જ સ્વાભાવિક છે. પ્રત્યેક વસ્તુમાં પ્રત્યેક નામ અને રૂપની ઉત્પત્તિ સ્થિતિમાં ઉપચય અપચયમાં, વૃદ્ધિહાસમાં અથવા સંતતિ વિનાશમાં એક અવ્યક્ત આનંદ વ્યક્ત થઈ રહ્યો છે. ન સુખ કે ન દુઃખ, ન સુરૂપતા કે ન કુરૂપતા, ન શ્રેષ્ઠતા કે ન હીનતા, ન પવિત્રતા કે ન અપવિત્રતા, ન પુણ્ય કે ન પાપ.

આ બધી ધારણાઓ માનવીય હૃદય, બુદ્ધિ અને વ્યવહારમાં આવશ્યક છે અને સાચી છે. પરંતુ પ્રકૃતિમાં બધું જ પરમાનંદ છે. વસંત, વર્ષા અને શરદઋતુ જેટલી સાચી છે તેટલી જ ગ્રીષ્મ, શિશિર અને હેમંત પણ સાચી છે. આપણને કોઈ ઋતુ ગમે છે અથવા નથી ગમતી. આપણને અનાવૃષ્ટિ અથવા અતિ વૃષ્ટિ અનુકૂળ નથી. કારણ કે આપણા ઘર અને અનાજને આનાથી નુકશાન પહોંચે છે. પરંતુ પ્રકૃતિ માટે બધુ જ સ્વાભાવિક છે.

આવી રીતે પરમાત્માની પુષ્ટિ શિશુપાલ પર થશે કે પુતના પર ? પ્રહલાદ પર થશે કે ધ્રુવ પર ? કર્મયોગી પર, જ્ઞાનયોગી પર કે ભક્તિયોગી પર કે નિઃસાધન જીવાત્મા પર ? સંસારથી વિરક્ત સાધુ પર થશે કે સંસારમાં અનુરક્ત સાધક પર ? ઋષિ, મહર્ષિ, રાજર્ષિ, દેવર્ષિઓ પર થશે કે વ્રજમાં મુગ્ધ ગોપગોપીકા ઉપર ? ફક્ત મનુષ્ય યોનીમાં જન્મેલ જીવાત્મા પર થશે કે અન્ય યોનીઓમાં જન્મેલ પશુ પક્ષી, જીવજંતુઓ પર પણ થશે ? અને થશે તો કેમ થશે ? એમના વર્તમાન જીવનને જોઈને થશે કે પૂર્વજન્મના સંચિત પુણ્ય અથવા પાપનો હિસાબ જોઈને થશે ? કેવા રૂપમાં થશે - શું એમની નિઃસાધનતા પર દયા કરવામાં આવશે ? અથવા એમની દુષ્ટ સાધનતાને ક્ષમ્ય કરવામાં આવશે ? અથવા એમના અલ્પ સાધનો પર પણ પરમાત્મા સંતોષ પ્રગટ કરશે ? અથવા કોઈ પણ પ્રકારના સાધન-અસાધન, દુષ્ટસાધનના વિચાર વગર ભગવાન શુદ્ધ પુષ્ટિ પ્રગટ કરશે.

ક્યો તર્ક અને ક્યા સિદ્ધાંતોને અબાધિત માનીને આ પ્રશ્નોનો ઉત્તર આપવો જોઈએ ? કોણ આપી શકે છે આ પ્રશ્નોનો ઉત્તર ?

સ્વયં પરમાત્મા પણ પોતાની પુષ્ટિ અથવા કૃપાનો નિર્ણય કોઈ તર્કસંગત હેતુ એવમ પ્રયોજનના આધાર પર ઘડે છે, અથવા તો કૃપાળુ હોવું એ એનો સ્વભાવ જ છે ! કદાચ એવું તો નથી કે તે કૃપા પરમાત્માનો નથી સ્વભાવ અને નથી હેતુ, પ્રયોજન પર આધારિત, અસ્વાભાવિક, તાર્કિક નિર્ણય જ. કારણ કે એ કૃપાસાગરમાં અકસ્માત ઉઠેલ તરંગ પણ હોઈ શકે છે. તેથી જ વેદમાં કહેવામાં આવ્યું છે કે

'કો અધ્ધા વેદ ક ઈષ્ટ પ્રવોચત કુત આયાતા કુત ઈયં વિસૃષ્ટિ... યોસ્યાધ્યક્ષઃ પરમે વ્યોમનત્સો અંગ વેદ યિદ વા ન વેદ,'

કેવી રીતે કહી શકાય કે કૃપા આ પરમાત્માનો સ્વભાવ છે કે સામર્થ્ય અથવા આ બંનેથી અલગ એક આકસ્મિક ઉઠેલ તરંગ જ ! શું સ્વયમેવ પરમાત્મા જાણતો હશે કે તે શા માટે કોઈકની પર કૃપા કરે છે. અને શા માટે કોઈકની પર નહીં ? અથવા ક્યાંક એવું તો નથી કે તે

પોતે જ આ કૃપાના રહસ્યને ન જાણી શકતો હોય !

શાસ્ત્રોમાં સદભાવ-દુર્ભાવ, સન્મતિ-દુર્મતિ, સદાચરણ-દુરાચરણ, પુણ્યપાપ અને સુખદુઃખની મર્યાદાઓનું નિરૂપણ મળે છે. જેટલું વધારે આ વિધિ નિષેધ ઉપર વિચાર કરવામાં આવે એટલું આપણને એમ લાગશે કે આ ભેદ ઉપર આધારિત કૃપાના અમુક નિયમ ચોક્કસ હોવા જોઈએ. પરંતુ જ્યારે પુરાણોમાં ભગવાનની કૃપાના અનેક ઉદાહરણો જોઈએ તો લાગે છે કે કોઈ ચોક્કસ નિયમ કૃપાનો ઘડી ન શકાય. ગભરાઈને વિચારવા માટે વિવશ થવું પડે છે કે કૃપા ભગવાનની બાંધેલી મર્યાદા કે નિયમ નથી. કૃપા તો ભગવાનનો સ્વભાવ જ હોવો જોઈએ. જે કોઈ પણ નિયમની પરવા કર્યા વગર પ્રગટ થઈ જાય છે પરંતુ ફરીથી આપણે એ ગફલતમાં રહી જઈએ છીએ, તર્કથી પરમાત્માનો સ્વભાવ નિર્ધારિત કરવાના મોહમાં !

જો કૃપા પરમાત્માનો સ્વભાવ છે તો જ્યાં ત્યાં નહીં પરંતુ સર્વત્ર પ્રગટ થવી જોઈએ. કારણ કે પરમાત્મા સર્વત્ર વિદ્યમાન છે. સર્વસાક્ષી છે. સર્વ અંતર્યામી છે, સર્વ ફલદાતા છે કર્તા કારયિતા છે. તો તેમની કૃપાલુતા પણ સર્વત્ર પ્રગટ થઈ જોઈએ ! પરંતુ થતી નથી !

સમુદ્રમાં લહેરો તો સતત ઉઠતી રહે છે પરંતુ કઈ લહેર નાની ઉઠશે અને કઈ લહેર મોટી. કેટલી ક્ષણોના અંતર પછી કેવી લહેર ઉઠશે કેવી રીતે કહી શકાય ? સમુદ્રમાં નિરંતર ઉઠતી લહેરોની લય અને એમની માત્રાઓની ગણતરી કોણ કરી શકે છે ? કે રીતે આપણે સમુદ્ર તટ પર જલ અને સ્થળ વચ્ચે એક નિશ્ચિત રેખા ખેંચી શકીશું ? જો કંઈ કહી શકાય છે તો એટલું જ કે ક્યારેય કોઈ લહેરને અહીં સુધી આવતા જોઈ નથી પરંતુ આવી નહીં શકે એવું આશ્વાસન આપી ન શકાય. શાસ્ત્રીય મર્યાદાઓની પ્રમાણિકતા પણ (આ અર્થમાં જ) આટલી જ છે.

કૃપાની બાબતમાં શાસ્ત્રીય નિયમોની જે મર્યાદા છે તે પણ એવાજ પ્રાયોવાદ પર આધારિત છે કે 'પ્રાયઃ સમુદ્રને આટલા દૂર સુધી જોવામાં આવ્યો નથી. એટલે કિનારા પર અહીં મકાન બનાવવામાં કોઈ ભય



નથી પરંતુ આ સહજ સંભવ છે કે ક્યારેક કોઈ તોફાની લહેર સમુદ્રમાં એવી ઉઠે કે આપના બધા પ્રાયોવાદ આપણા મકાનોની જેમ ઢંકાઈ જાય - વહી જાય - બધું જ જલમગ્ન થઈ જાય ! કારણ કે તટબંધન અથાહ સાગરની લીલા છે એટલી જ વાસ્તવિક જેટલી કે તટભંગની લીલા, પ્રભુની લીલા ના જ આ બંને રૂપ છે : મર્યાદા અને પુષ્ટિ એટલે એમની વચ્ચે વિભાજક રેખા કોઈ ખેંચી નહીં શકે. જ્યારે ઇચ્છે ત્યારે પરમાત્મા મર્યાદાના તટબંધનને પુષ્ટિની લહેરોથી ઢાંકી શકે છે ! અન્યથા પ્રાયોવાદની પ્રામાણિકતા પર સંદેહ ઉત્પન્ન જ ન થાત !

એટલે શ્રી મહાપ્રભુ કહે છે કે ભગવત્ કૃપામાં જો કોઈ નિયમ હોય તો ભગવદ્દઇચ્છાનો.

### *પુષ્ટિનું મૂળ ભગવદિચ્છા*

ચેતન વસ્તુના વ્યવહાર પર આંતરિક સ્વભાવનું નિયંત્રણ ચાલે છે કે બાહ્ય પ્રભાવોનું ? કંઈ પણ કહી શકાતું નથી. મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના નિયમ પ્રાયોવાદના નિયમ પર આધારિત છે. હવે તો ભૌતિક શાસ્ત્રમાં પણ 'પ્રકાશના કિરણો હોય છે તરંગ' આ જટિલ સમસ્યાનું સમાધાન પ્રાયોવાદ પર જ આપવામાં આવે છે. જડ અને ચેતનાની વચ્ચે પ્રાયઃ આ જ ભેદ દેખાય છે કે જડ વસ્તુનો વ્યવહાર યા તો આંતરિક સ્વભાવને અનુરૂપ હોય છે અથવા તો બાહ્ય પ્રભાવ અનુસાર પરંતુ ચેતનામાં ઝલકતી ઈચ્છાશક્તિ આ આંતરિક સ્વભાવ અને બાહ્ય પ્રભાવની સાથે આંખમીચૌનીની રમત રમતી રહે છે !

શોધવાનો દાવ જ્યારે આંતરિક સ્વભાવ પર હોય તો ઈચ્છાશક્તિ બાહ્યપ્રભાવની સાથે કોઈ અજાણ્યા ખૂણામાં સંતાઈ જાય છે. સ્વભાવ જ્યારે શોધતો શોધતો ત્યાં પહોંચે છે તો આ ઇચ્છાશક્તિ બાહ્યપ્રભાવોની પાછળ સંતાઈ જાય છે. સામે પહેલાં પ્રભાવ દેખાતા તે જ પકડાઈ જાય છે. અને દાવ પાછો એ ગરીબ પર આવી જાય છે. હવે ફરી આ ઈચ્છાશક્તિ આંતરિક સ્વભાવને પોતાનો સાથી બનાવી પુનઃ કોઈક રહસ્યના ખૂણામાં જઈને સંતાય છે. હવે બિચારો પ્રભાવ જ્યારે શોધી કાઢે છે તો પુનઃ સ્વભાવ જ સામે ઉભેલો દેખાય છે. તેથી સ્વભાવનો જ

વારો ફરીથી આવી જાય છે. ઈચ્છા ક્યારેય પણ પકડ.માં આવતી નથી. એને ફક્ત અહીં તહીં દોડીને બીજીવાર સંતાઈ જવાનું પસંદ આવે છે. તે પોતાની પર દાવ ક્યારેય લેતી નથી ખૂબ જ ચાલાક હોય છે. સ્વભાવ હોય કે પ્રભાવ તે જેને પોતાનો સાથી બનાવે છે સંતાવા માટે, એની જ પાછળ સંતાઈ જાય છે. ક્યારેય પકડમાં આવતી નથી અને આ આંખમીચૌની ચાલતી રહે છે. તેથી શ્રી મહાપ્રભુ વલ્લભ કહે છે કે કૃપા ભગવાનની પોતાની ઈચ્છા પર આધારિત છે. ન બાહ્ય પ્રભાવ પર અને ન આંતરિક સ્વભાવ પર જ !

***પરમાત્મા સચ્ચિદાનંદ છે.***

પરમાત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદ માનવામાં આવ્યું છે. સત્ ચિત્ અને આનંદ છે. સત્‌ના સ્વભાવોને પારખી શકાય છે. ચિત્‌થી એને પ્રભાવિત થવું પડે છે. સત્ ચિત્‌ના સ્વભાવ અને પ્રભાવની પરસ્પર સંતાકુકડીમાં આનંદની ઈચ્છા પણ સાથે સાથે દોડતી રહે છે. સંતાતી ફરે છે પણ પકડમાં નથી આવતી. દરેક જડવસ્તુમાં પરમાત્માના સતસ્વભાવની અભિવ્યક્તિ થાય છે. બધી ચેતન વસ્તુઓમાં પરમાત્માનો ચિત્ પ્રભાવ પરિલક્ષિત થાય છે અને એમની આ સંતાકુકડીમાં પરમાત્માની આનંદની અવ્યક્ત ઈચ્છા ક્યારેક ક્યારેક અહીં તહીં દોડતી ઝલક બતાવતી પુનઃ સંતાઈ જાય છે. કેમકે પરમાત્મા સત્ ચિત્તઆનંદ છે. તેથી લીલા ચાલતી રહે છે. મર્યાદાની અને પુષ્ટિની પણ.

પરંતુ ભગવદઈચ્છાથી પ્રગટ થતી પુષ્ટિના વિવિધ ઉદાહરણમાં અંતે પુષ્ટિમાર્ગના નિયમોમાં નજીવું અંતર છે. અંતર નજીવું હોવા છતાં પણ ખૂબ મહત્ત્વપૂર્ણ અંતર છે.

કલ્પના કરો કે તમારી સામે એક વિસ્તૃત મેદાન છે. ત્યાં દૂર ક્ષિતિજ પર એક સુંદર આકર્ષક પર્વત છે અને આપને તે મહત્ત્વપૂર્ણ પર્વતની નજીક જવું છે !

એક ઉપાય એ છે કે પગે ચાલનારા સહેલાણીઓની જેમ મનફાવતી દિશાઓમાં ક્યારેક અનઘડ પગદંડીઓ પર, ક્યારેક ઉબડ ખાબડ ભૂમિ પર ક્યારેક નદીનાળાઓને તરીને પાર કરતાં તો ક્યારેક સુંદર વનરાજીઓમાંથી પસાર થતા તો ક્યારેક કાંટાળી ઝાડીઓમાંથી પરેશાન થતાં પર્વતની દિશામાં અગ્રેસર થવાય છે. બીજી સંભાવના એ પણ છે કે સરકારના રસ્તા બનાવનારા અધિકારી પણ આવા પ્રદેશોનું સર્વેક્ષણ કરીને સમતોલ જમીન પર નદી નાળાથી બચાવતાં અથવા તેની પર પુલ બનાવીને એક એવો માર્ગ બનાવે કે જેની પર અધિક વળાંકો ન હોય અને આવા માર્ગ ઉપર ચાલતા ક્યાંક દિશાભ્રમની, નદીનાળાને તરીને પાર કરવાની કોઈ જરુરિયાત રહે. જ્યારે ગામડાની અંદરથી માર્ગ પસાર થતો હોય ત્યારે તે માર્ગ પર ગતિ અવરોધ મૂકવામાં આવે છે. જેથી ગામડામાંથી પસાર થતાં ઝડપના કારણે ક્યાંક કોઈ દુર્ઘટના ન સર્જાય. માર્ગ પર ઠેર ઠેર ડાબા જમણા વળાંકની, સાંકડા પુલની અથવા સર્પાકાર માર્ગની સુચક નિશાનીઓ મૂકવામાં આવે છે. યાત્રાનું અંતર (લંબાઈ) નક્કી કરવા માર્ગમાં માઈલસ્ટોન મુકવામાં આવે છે. વૃક્ષોનું થડને અને પત્થરોને ચળકતા રંગથી રંગવામાં આવે છે તેથી અંધારામાં ગાડી તેમનાથી અથડાઈ ન જાય. કેટલી બધી બાબતોને ધ્યાનમાં રાખીને એક સરળ મુશ્કેલી વગરનો રાજમાર્ગ બનાવવામાં આવે છે.

જેમને જલ્દી પહોંચવું હોય સુવિધા (સગવડ)ની ખાતરીપૂર્વક પહોંચવું હોય તે તો રાજમાર્ગને આધારે ચાલવાનું પસંદ કરશે, તેઓ માર્ગની બંને બાજુ વિસ્તૃત 'બીહડ' મેદાનમાં ભટકવાનું પસંદ નહીં કરે, કેમકે અજાણી દિશાઓવાળા અણઘડ માર્ગો પર ચાલવું અધિક સરળ છે.

હવે સમજી લો કે આકર્ષક પર્વત સ્વયં ભગવાન છે જેમની નજીક આપણે પહોંચવાનું છે. સામે જે વિશાળ મેદાનની વાત કહી હતી તે ભગવાનની પુષ્ટિ અથવા કૃપા છે. આ મેદાનમાં અજાણી દિશાઓમાં થઈને પસાર થતી કામ, ક્રોધ, દ્વેષ, ભય વિગેરે મનોવૃત્તિઓની અનેક અણઘડ પગદંડીઓ છે. આ પગદંડીઓ ઉપર ચાલવાવાળાઓમાંથી કોઈ પ્રભુને વિષપાન કરાવવાના દ્વેષ વશ પ્રભુ સુધી પહોંચી જાય છે. કોઈ

સો ગાળો દઈને ભગવાન સમીપ પહોંચી ગયું હતું. તો કોઈ ભયભીત થઈને સમજ્યા કે વિચાર્યા વગર ભગવાનથી દૂર ભાગવાની ચેષ્ટામાં સીધા ભગવાનથી જ જઈ ટકરાયા હતા. !

*ગોપ્યઃ કામાત્ ભયાત્ કંસઃ દ્વેષાતઃ ચૈદ્ય અધીરધી ।*
*સંબન્ધાદ્ વૃષ્ણયઃ સ્નેહાદ્ યૂયં ભકત્યા વયં વિભો ॥*

અર્થ : ગોપિકાઓએ કામભાવથી, કંસે ભયભીત થઈને, શિશુપાલે દ્વેષભાવથી, યાદવોએ ફક્ત સગાંસંબંધીના ભાવથી, તમે સ્નેહભાવથી અને અમે ભક્તિભાવથી ભગવાનને પ્રાપ્ત કર્યા છે.

કર્મ, જ્ઞાન, ભક્તિ, ઉપાસના, વૈરાગ્ય, કરુણા, સદાચાર, યમ, નિયમ વિગેરે શ્રેષ્ઠ સાધનોના માર્ગ પર અગ્રેસર થનારા જીવાત્માઓને જેવી રીતે તે(ભગવાન) મળે છે, તેવી જ રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય વગેરે દુર્ગુણોની દિશાઓમાં ભટકનારા દુષ્ટ સાધન જીવાત્માઓની સામે પણ તે ભગવાન આ પુષ્ટિના બીહડ મેદાનમાં ક્યારેક ક્યારેક અચાનક પ્રગટ થઈ જાય છે. તે કઈ કઈ પરિસ્થિતિઓમાં અને શા માટે કોઈ ભટકતા જીવાત્માઓની સમક્ષ પ્રગટ થઈ જાય છે.એ એની ઈચ્છાનો વિષય છે.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય કહે છે કે ભગવાનનું આવું પ્રગટ થવું પુષ્ટિ છે, પુષ્ટિમાર્ગ નહીં. પુષ્ટિના મેદાનમાં તેનું સારી રીતે સર્વેક્ષણ કર્યા પછી બધી રીતે પૂર્ણવર્ણિત સાવધાનીની સાથે જે માર્ગ શ્રી મહાપ્રભુએ પ્રગટ કર્યો છે એને પુષ્ટિમાર્ગ કહે છે.

એક મેદાનમાં બધી દિશાઓ ખુલ્લી હોય છે તેથી ક્યાંય પણ ભટકી જવાય છે. માર્ગની પરંતુ, એક પોતાની ચોક્કસ દિશા અને સીમા હોય છે તેથી માર્ગથી ભટકવું એટલું સરળ નથી. જો કોઈ ભક્ત કોઈક માર્ગને બરાબર પકડીને ચાલતો રહે તો. પહેલા કહેવામાં આવેલી બધી સાવધાનીની સાથે પુષ્ટિના મેદાનમાં જે માર્ગ બનાવવામાં આવ્યો તેને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે.

## *પુષ્ટિમાર્ગ અને નિઃસાધનતા ભાવ*

અમુક જીવાત્માઓ સુસાધન હોય છે. અમુક દુષ્ટ સાધન હોય છે. તેવી જ રીતે એક સંભાવના એવી પણ છે કે અમુક જીવાત્મા એવા પણ હોઈ શકે કે એમનામાં નથી હોતો શાસ્ત્રવિહિત સાધનોને અપનાવવાનો કોઈ ઉત્કર્ષ અને નથી તેમનામાં શાસ્ત્રનિંદિત સાધનોને સ્વીકારવાનો દુરાગ્રહ જ. આવા જીવાત્માઓને નિઃસાધન માનવામાં આવ્યા છે. આ જીવાત્માઓ નથી હોતા સુસાધન અને નથી દુષ્ટસાધન. તેથી આવા જીવાત્માઓના શાસ્ત્રીય સાધનોનું અનુષ્ઠાન સારી રીતે શક્ય નથી હોતું અને નથી આ જીવાત્માઓમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય વગેરે દુર્ગુણોને વશ થઈને શાસ્ત્રનિંદિત સાધનોને સ્વીકારવાની કોઈ દુરાગ્રહવાળી વૃત્તિ જ હોતી. અધિકાંશ જીવાત્માઓ નિઃસાધન જ જોવામાં આવે છે.

જેવી સહાનુભૂતિ અને કરુણા નિઃસાધન જીવો પ્રતિ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યે બતાવી તે અન્યત્ર સુલભ નથી. વિશ્વના ધાર્મિક ઈતિહાસમાં દૃષ્ટિપાત કરતાં જણાશે કે સુસાધન અને દુષ્ટસાધન સિવાય એક ત્રીજા વર્ગ-નિઃસાધન જીવાત્માઓ પર કોઈ પણ ધર્મનું આવું ધ્યાન ગયું હોય. ખ્રીસ્તીઓની દૃષ્ટિમાં જે સ્વર્ગનો દાવેદાર નથી તે નરકાગ્નિનું ઈંધણ હશે. મુસ્લિમોની દૃષ્ટિમાં જે મુસલ્લેઈમાન નથી તે કાફિર બને છે. જૈન બૌદ્ધોની દૃષ્ટિથી જેમનામાં સમ્યક દૃષ્ટિ નથી તેમની અસમ્યક દૃષ્ટિ હોય છે. આર્યસમાજીઓને માટે જે આર્ય નથી તે મ્લેચ્છ છે. સામ્યવાદીની દૃષ્ટિમાં જે સર્વનો હારક નથી તે તો શોષક જ છે. આમ આ બે વર્ગો સિવાય ત્રીજી સંભાવનાનો કોઈ વિચાર નથી કરતું.

ક્રિશ્ચિયન - પેગાન, મુસલમાન-કાફિર સમ્યગ દૃષ્ટિ-મિથ્યા દૃષ્ટિ, આર્ય-મ્લેચ્છ સર્વ હારક શોષક - વગેરે ભેદ મૂળમાં સુસાધન અને દુષ્ટસાધનના જ ભેદ છે. નિઃસાધન જીવાત્માઓની ચિંતા કોણ કરે છે ?

તેથી જ શ્રી હરિરાયજી કહે છે. ''નિઃસાધનજનોદ્ધારકરણપ્રકટીકૃતઃ ।

ગોકુલેશસ્વરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥''

મહાપ્રભુએ પુષ્ટિમાર્ગ પ્રગટ કરીને આ નિઃસાધન જીવાત્માઓને પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી કૃષ્ણ સુધી પહોંચવામાં સમર્થ બનાવ્યા છે. જો સત્ય કહેવામાં આવે તો પુષ્ટિભક્તને પુષ્ટિપ્રભુ સુધી પહોંચાડવાને બદલે પુષ્ટિમાર્ગ પર ચલાવીને પુષ્ટિપ્રભુને પુષ્ટિભક્ત સુધી પહોંચાડવાનો માર્ગ સરળ બનાવી દીધો છે !

જીવાત્મા અણુઆકાર છે તેથી પુષ્ટિમાર્ગ પર ચાલીને તે પુષ્ટિપ્રભુ સુધી પહોંચે છે એમ કહેવામાં આવે છે. અને પરબ્રહ્મ તો સર્વવ્યાપી હોવાને લીધે ચાલતો નથી ચાલી શકતો પણ નથી. તો પણ પોતાના પરમાત્મા હોવાના રૂપમાં તે જીવાત્માની અંદર નિવાસ કરે છે. તેથી બહાર પણ આવી શકે છે. ભગવાન હોવાના રૂપમાં તે વ્યાપી વૈકુંઠમાં નિવાસ કરે છે. તેથી પુષ્ટિમાર્ગ પર ચાલીને પુષ્ટિભક્ત સુધી પહોંચી શકે છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનની દિશામાં ભક્તનું એક પગલું ભગવાન તરફ ભરવું, ભક્તની દિશામાં ભગવાનના ડગલા ભર્યા વગર સંભવ નથી.

### *પુષ્ટિમાર્ગનું ગંતવ્ય (ધ્યેય) : વ્રજાધિપ શ્રીકૃષ્ણ*

અખિલ બ્રહ્માંડના નાયક પરબ્રહ્મ પરમાત્મા ભગવાન જ્યાં સુધી સ્વયં ક્ષુદ્ર જીવાત્માઓની દિશામાં જોવા થોડાંક ડગ ભરી નાનકડા ગોકુળ ગામના નાયક બનવાનું પસંદ નથી કરતા, ત્યાં સુધી કોઈ પણ જીવાત્માને પોતાના ગંતવ્યનો બોધ અશક્ય છે. જે નિઃસાધન જીવાત્માઓની દિશામાં ભગવાન અમુક પગલા આગળ વધવાનું શરુ કરી દે છે, એ નિઃસાધન જીવાત્માઓમાં રહેલ પુષ્ટિબીજ દઢ થઈને હૃદયભૂમિને પકડવાનું શરુ કરી દે છે. બંનેનું પરસ્પર એકબીજા તરફ વધુ આગળ વધતા રહેવાથી ધીરે ધીરે તે જ બીજભાવ અંકુરિત પલ્લવિત પુષ્પિત અને ફલિત થવા માંડે છે. તેથી જ કહેવામાં આવ્યું છે. નિઃસાધન ફલાત્માયં પ્રાદુર્ભૂતોસ્તિ ગોકુલે તત્ એવાસ્તિ નૈશ્ચિત્યમૈહિકે પારલૌકિકે

અર્થ : શ્રીકૃષ્ણનું ગોકુલમાં પ્રગટ થવું એ, નિઃસાધન જીવોને પણ પરમફલ પ્રાપ્ત થઈ શકે છે. આ તથ્યનું આશ્વાસન છે. તેથી હવે નિઃસાધન જીવ પોતાના ઐહિક અને પારલૌકિક વિષયોમાં નિશ્ચિત થઈ શકે છે.

### *પુષ્ટિમાર્ગમાં નિઃસાધનતા અને ભક્તિનું મહત્વ :*

જેવી રીતે ભાગવતમાં ભક્તિના અધિકારનું નિરૂપણ કરતાં એવું સમજાવવામાં આવ્યું હતું કે લૌકિક કામનાઓથી વિરક્ત અધિકારીએ જ્ઞાનયોગની સાધના કરવી જોઈએ. લૌકિક કામનાઓમાં અનુરક્ત અધિકારીએ કર્મયોગ સાધવો જોઈએ. પરંતુ જે અતિ વિરક્ત ન હોય અને અતિ અનુરક્ત ન હોય એવા અધિકારી માટે ભક્તિયોગ શ્રેયસ્કર છે. બરાબર આવી રીતે મહાપ્રભુ શ્રી વલ્લભની દૃષ્ટિએ સુસાધન જીવો માટે મર્યાદા માર્ગ પર્યાપ્ત છે. અને દુષ્ટસાધન જીવો માટે પ્રવાહમાર્ગ.

પુષ્ટિમાર્ગ પરંતુ પ્રગટ ન થયો હોત તો નિઃસાધન જીવ ક્યાં જાત !

પુષ્ટિમાર્ગને પ્રગટ કરવાનું તાત્પર્ય એવું નથી કે શાસ્ત્રીય સાધનોથી સુસંપન્ન જીવોનો પુષ્ટિમાર્ગમાં ઉદ્ધાર સંભવ નથી. અથવા શાસ્ત્રનિંદિત કર્મોમાં રત જીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ભગવાનમાં નથી. તત્વાર્થદીપ નિબંધના પ્રારંભમાં જ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભે આ પ્રમાણે ખુલાસો કર્યો છે. 'સર્વોદ્ધારપ્રયત્નાત્મા કૃષ્ણ પ્રાર્દુબભૂવ હ'

કૃષ્ણ તો સર્વોદ્ધાર સમર્થ છે. તેથી સર્વની અંતર્ગત સુસાધન, દુષ્ટસાધન અને નિઃસાધન બધા જ જીવો આવી ગયા.

બધા જ વ્રજવાસીઓ નિઃસાધન જીવ હતા. કારણ કે ન તો તેમનામાં શાસ્ત્રીય સાધનોના અનુષ્ઠાનનો કોઈ ઉત્કર્ષ હતો અને ન તો શાસ્ત્ર નિંદિત આચરણોની એમનામાં કોઈ વિશેષ દુર્વૃત્તિ હતી. સીધા સાદા ભલા ભોલા લોકો હતા વ્રજના લોકો.

'અહન્યાપૃતં નિશિ શયાનમતિશ્રમેણ લોકં વિકુંઠમુપનેષ્યતિ ગોકુલં સ્વમ્,'

દિવસે પોતાના કામકાજમાં રોકાયેલા અને રાત્રે થાકીને સૂઈ જનારા, ગોકુલના પોતાના ગોપ ગોપીકાઓની વચમાં ભગવાને વૈકુંઠ પ્રકટ કરી બતાવ્યો હતો.

આ પુષ્ટિના મેદાનમાં, આ નિઃસાધન વ્રજભક્તોના નિરંતર આવાગમનથી, જે નાની સરખી પગદંડીઓ બની, તેની પર ચાલીને આપત્તિ રહિત રૂપમાં અન્ય પણ નિઃસાધન જીવાત્માઓ શ્રીકૃષ્ણ સુધી પહોંચી શકે છે. તેથી જ આ નાની સરખી પગદંડીનું સારી રીતે સર્વેક્ષણ કરી પુષ્ટિમાર્ગના રૂપમાં માર્ગાયિત કરી દેવામાં આવ્યું છે. તેથી જ મહાપ્રભુ શ્રી વલ્લભ આજ્ઞા કરે છે : કૌંડિન્યો ગોપિકા પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તત્.

પુષ્ટિમાર્ગમાં ગુરુ વ્રજભક્તો છે. એમના પદ ચિહ્નોને અનુસરતા વ્રજાધિપ શ્રીકૃષ્ણની ખોજમાં નીકળી પડવું પુષ્ટિમાર્ગ છે-પુષ્ટિમાર્ગની સાચી દિશાનો બોધ !

### *માર્ગમાં અપેક્ષિત સાવધાનીઓ*

આ પુષ્ટિમાર્ગના નિર્માણમાં મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભે દરેક પ્રકારની સાવધાનીઓ રાખી છે. બધા પ્રકારના સુચક પણ આ માર્ગ પર મૂક્યા છે.

*યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન ।*
*તદા કાલપ્રવાહસ્થાઃ દેહચિત્તાદયોપ્યુત ।*
*સર્વથા ભક્ષયિષ્યતન્તિ યુષ્માનિતિ મતિમર્મ ।*
*ન લૌકિકઃ પ્રભુ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ॥*
*ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।*
*પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ॥*
*સેવ્યઃ ચ એવ ગોપીશઃ વિધાસ્યતિ અખિલં હિ નઃ ॥*

તાત્પર્ય : આ જે માર્ગ મેં તમને બતાવ્યો છે તેની પર ભગવદ્ વિમુખ થઈને જો ચાલ્યા કે તમે બહિર્મુખતામાં ભટકીને ખોટા રસ્તા પર ભટકી જશો. પછી તો કાલપ્રવાહના ભીષણ પુરમાં તમારા દેહ, ચિત્ત, ઈન્દ્રિય વિગેરે તણાવા લાગશે. પુષ્ટિમાર્ગમાં ભગવદ્ અભિમુખ ભક્તોને મુક્ત થવાથી બચાવનારા આ રક્ષકો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ જ કાલપ્રવાહના ભીષણ પુરમાં તણાવા લાગ્યા તો ભક્તને માટે ભક્ષક પણ બની શકે છે. બહિર્મુખ થવાથી પણ તમારી નિઃસાધનતા જ દુષ્ટસાધનતામાં વિકૃત પણ થઈ શકે છે. લૌકિક પ્રયોજનોની પૂર્તિ માટે કૃષ્ણભજન કરવું, કૃષ્ણને લૌકિક વિષય માનવા બરાબર છે. પરંતુ કૃષ્ણ ક્યારે પણ લૌકિક ભાવોને પસંદ નથી કરતા. આપણા પુષ્ટિભક્તોનો ભાવ તો આ જ હોવો જોઈએ કે આપણે તો ઐહિક પારલૌકિક જે કાંઈ બધું જ કેવળ તે કૃષ્ણ જ છે. સર્વભાવથી સેવ્ય એકમાત્ર શ્રીકૃષ્ણ આપણા માટે જે કરે છે તે ઉત્તમ છે.

એવા બીજા અનેક સુચનો પણ મહાપ્રભુએ આ માર્ગ પર લગાડ્યા છે. તે મુજબ સાવધાની સાથે પુષ્ટિમાર્ગ પર ચાલનારાઓને કોઈ બીજા માર્ગની તરફ નજર કરવાની રહેતી નથી. આ માર્ગ સીધો સરળ, સુગત, સુનિશ્ચિત અને સુંદર છે. પરંતુ પુષ્ટિના બીહડ મેદાનમાં ભટકતા સહેલાણીઓના વિષયમાં મહાપ્રભુજી કોઈપણ પ્રકારનું આશ્વાસન આપવામાં અસમર્થ છે.

### *બ્રહ્મસંબંધ દીક્ષા પુષ્ટિના મેદાનમાં નહીં કિંતુ પુષ્ટિમાર્ગમાં આવશ્યક છે.*

બ્રહ્મસંબંધ દીક્ષા લઈને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવું એટલે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યના આશ્વાસન સાથે પુષ્ટિમાર્ગ પર અગ્રેસર થવું છે. બ્રહ્મસંબંધની દીક્ષા વગર ભગવત્ સેવામાં પ્રવૃત થવું એ પુષ્ટિના વિશાળ મેદાનમાં સહેલાણી મનોવૃત્તિથી ફરવું છે. મહાપ્રભુના સિદ્ધાંત અનુસાર તો બસ એટલી જ વાત કહી શકાય કે જેવી રીતે કોઈ સ્ત્રી પુરુષને પરસ્પર જીવનસાથી બનવુ હોય તો વિવાહ એની સામાજિક અનુમતિ (સંમતિ) છે.

સર્વોદ્ધાર પ્રયત્નાત્મા શ્રીકૃષ્ણને કોઈ રોકી ન શકે કે અમુક વ્યક્તિ બ્રહ્મસંબંધ લીધા વગર આપની સેવામાં પ્રવૃત્ત થયો છે. તેથી આપ તેનો ઉદ્ધાર ન કરશો ! પોતાની દયા અને ક્ષમાના સામર્થ્ય પ્રગટ કરતી વખતે ભગવાન જ્યારે પોતાના શાસ્ત્રોના નિયમોની મર્યાદામાં નથી બંધાતા, તો પછી તેમને બીજા ક્યાં બંધનમાં બાંધી શકાય ? પુષ્ટિમાર્ગ જેને શ્રીમહાપ્રભુ વલ્લભે પ્રગટ કર્યો છે, તેમાં ભગવદ્ સેવા માટે બ્રહ્મસંબંધ દીક્ષા અનિવાર્ય છે. કારણ કે ભગવદકૃપાને કારણે જ બ્રહ્મસંબંધ ઘટિત થઈ શક્યું છે. મેદાન જ ન હોય તો માર્ગ કેવી રીતે

બનાવી શકાશે ? સ્વયં ભગવાન જ્યારે કોઈનો ઉદ્ધાર કરવા ઈચ્છતા હોય તો ગુરુ અને ગુરુદીક્ષા અનિવાર્ય નથી રહેતી તો પણ ઉદ્ધારની આશ્વસ્ત વિધિમાં સદ્ગુરુ, ગુરુદીક્ષા અને સતસંપ્રદાયની એક પોતાની મહત્તા છે જ.

કોઈ વિદ્યાલયમાં અધ્યયન કરવું હોય તો આવેદન (અરજી) પત્રક ભરવું પડશે. પરંતુ કોઈ વિદ્યાલયમાં પ્રવેશ કર્યા વગર પણ શું વિદ્યાપ્રાપ્તિ સંભવ નથી ? વિદ્યાલયમાં એક નિશ્ચિત વાતાવરણમાં આશ્વસ્ત થઈને એક નિર્ધારિત કાર્યક્રમમાં વિદ્યા અધ્યયન કરવું હોય તો, આવેદનપત્ર અથવા પરિચય પત્ર વગેરેના નિયમોની કાંઈક પોતાની ઉપયોગિતા પણ છે.

આપણે જોયું કે કેવી રીતે પુષ્ટિ એટલે કે ભગવાનની કૃપા એક વિશાળ મેદાનની જેમ હોય છે. આપણે આ પણ જોયું કે પુષ્ટિમાર્ગની અંતર્ગત પુષ્ટિના બધા ઉદાહરણોની ગણતરી શક્ય નથી.

પુષ્ટિમાર્ગની પોતાની સીમાઓ છે. આ સીમાઓમાં રહીને પરમાત્માની તરફ અગ્રેસર થનાર જીવાત્માથી પરમાત્મા સાથે દ્વેષભાવ રાખવાની વાત વિચારાય પણ નહીં. પરંતુ પુષ્ટિના મેદાનમાં દ્વેષભાવથી પણ ભગવદ્પ્રાપ્તિ શક્ય છે. અર્થાત્ ભગવાન સાથે દ્વેષભાવ રાખનારને પુષ્ટિના મેદાનમાં ક્ષમાદાન મળી શકે છે પરંતુ પુષ્ટિમાર્ગ પર ચાલનારને નહીં. પુષ્ટિના મેદાનમાં ભગવાનના સ્વરૂપમાં આસક્તિ રાખવાને બદલે શાસ્ત્રીય સાધનોનો આગ્રહ રાખનારા સાધકને એના સાધન અનુષ્ઠાનને અનુરૂપ અથવા અધિક પણ ફળ, ભગવાનના સંતુષ્ટ અથવા પ્રસન્ન થવા પર મળી શકે છે. આ પુષ્ટિના માર્ગમાં પણ સંભવ છે, પરંતુ અભિનંદનીય નથી.

આપણે એ પણ જોયું કે શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપથી વ્રજના નિ:સાધન જીવોની સંસારાસક્તિ પોતાનામાં વાળી હતી. સંસાર આસક્તિનું અનાસક્તિમાં પરિવર્તન અથવા ભગવદ્આસક્તિમાં રૂપાંતર દુષ્કર હોય છે. યોગની બધી કરામતો દેખાડનાર સિદ્ધયોગી પણ આ કરામત બતાવવામાં ચૂકી જાય છે ! તે છતાં નિ:સાધન વ્રજવાસી સફળ થયા હતા. અને આ સફળતાનું રહસ્ય, શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને તેવી લીલા સિવાય અન્યત્ર ક્યાંક શોધવું સમયની બરબાદી છે.

### *નિ:સાધનતા =ભાવભૂમિ, પુષ્ટિ = બીજભાવ તતા ભક્તિ = કલ્પલતા*

આ નિ:સાધનતાનો ભાવ શું છે ? નિ:સાધનતાનો ભાવ શાસ્ત્રીય સાધનો કોઈ પણ પ્રકારથી લગભગ અશક્ય અનુષ્ઠાનને પૂર્ણ કરવાની અહંકારથી ભરેલી હઠ નથી. નિ:સાધનતાનો ભાવ શાસ્ત્ર નિંદિત આચરણોમાં રચ્યા પચ્યા રહેવાનો મોહ પણ નથી.

જેમ જ્ઞાનમાર્ગીઓના સંદર્ભમાં જ્ઞાનયુક્ત 'નિસ્ત્રૈગુણ્ય' કહેવામાં આવે છે તેવી રીતે જ એક સહજ ગુણાતીત અવસ્થા નિ:સાધનતા છે. નિ:સાધનતાની ભાવભૂમિમાં ભગવદ્ અનુગ્રહનું બીજ જો રોપવામાં આવ્યું હોય તો બીજા લૌકિક વિષયો અને શાસ્ત્રીય સાધનોના આગ્રહથી જીવને મુક્ત કરીને, ભગવત્પ્રેમના રૂપમાં ક્યારેક અંકુરિત થઈ શકે છે. અન્યથા આસુરી પ્રવાહી જીવમાં રહેલા નિ:સાધનતાનો ભાવ એને ભવપ્રવાહમાં સતત વહેતો પણ બનાવી શકે છે, અને દૈવી જીવમાં રહેલ નિ:સાધનતાનો ભાવ એને જીવનમુક્ત પણ બનાવી શકે છે. આથી નિ:સાધનતાની ભાવભૂમિમાં ભગવદ્ અનુગ્રહનું બીજ એ ભક્તિના અંકુરણની અનિવાર્ય શરત છે. વ્રજભક્તોની નિ:સાધનતા ભગવદ્ અનુગ્રહથી આવી રીતે જ પુષ્ટ હતી. તેથી ભગવદ્ પ્રેમ, ભગવદ્આસક્તિ, ભગવદવ્યસન અને ભગવદ્ વિષયક સર્વાત્મભાવમાં તે (નિ:સાધનતા) અંકુરિત, પલ્લવીત, પુષ્પિત અને ફલિત થઈ શકી હતી.

### *પુષ્ટિમાર્ગીય દાસ્યભાવનું સ્વરૂપ :*

આ સ્પષ્ટતાની સાથે હવે આ સમજવું આવશ્યક બની જાય છે કે આપણી અંદર દાસ્યભાવની આવશ્યકતા શું છે ? કારણ કે શ્રી મહાપ્રભુ આજ્ઞા કરે છે 'પુષ્ટિમાર્ગે હરેઃ દાસ્યં ધર્મ.'

ભગવાન પ્રતિ દાસ્યભાવ જાગવો, આપણી અંદર સ્વધર્મ બોધનો સૂર્યોદય થવા પર જ સંભવ છે. બ્રહ્મસંબંધ દીક્ષાના અંતિમ અંશ દ્વારા

આજ ભાવ જગાડવામાં આવે છે.

પરંતુ પુષ્ટિમાર્ગીય દાસ્યભાવ અને અન્ય દ્વૈતવાદી ધર્મ-દર્શન મૂલક દાસ્યભાવના સ્વરૂપમાં બહુ જ અંતર છે.

પરમેશ્વર પ્રતિ આપણા હૃદયમાં દાસ્યભાવ હોવો જ જોઈએ. બધા ઈશ્વરવાદી ધર્મો તથા સંપ્રદાયોમાં દાસ્યભાવની ઉપયોગિતા સ્વીકારેલી જ છે. 'પરમેશ્વર' કહો, 'પશુપતિ' કહો, 'લોર્ડ' કહો, 'માલિક' કહો, કાંઈપણ કહો, પોતાની જાતમાં - જીવાત્મામાં દાસ-પશુ-સર્વેન્ટ બન્દા હોવાના ભાવની કાંઈક આવશ્યકતા છે જ.

અહીં સુધીની કથા તો એક સરખી છે. પછીથી જીવ ઈશ્વર સંબંધની કથામાં અલગ અલગ ધર્મોમાં અલગ અલગ વળાંકો આવી જાય છે. મહાપ્રભુ શ્રી વલ્લભ જીવાત્માને પરમાત્માનો દાસ માને છે. બંનેની વચ્ચે ઘનિષ્ઠ શુદ્ધાદ્વૈત અથવા તાદાત્મ્યની સ્વીકૃતિ સાથે.

પરમાત્મા અને જીવાત્માની વચમાં આ ઘનિષ્ઠ તાદાત્મ્યની સ્વીકૃતિને કારણે મહાપ્રભુ બંને વાતો એક સાથે કહે છે :

૧. બધા જીવાત્મા પરમાત્માના સહજ દાસ છે. તેથી આત્મવાદી, અનાત્મવાદી, ઈશ્વરવાદી, અનિશ્વરવાદી માનવ અથવા માનવેતર યોનિઓમાં જન્મેલ બધા જીવાત્માઓમાં રહે જ પરમાત્મા પ્રતિ નિરૂપધિભાવ અર્થાત્ નિર્હેતુક પ્રેમ રહે જ છે. તો પણ પરમાત્માનો સ્વામી હોવાનો અને જીવાત્માનો સેવક હોવાનો ભેદ કેવલ રૂપગત છે. તત્ત્વગત નથી, કારણ કે એક જ તત્ત્વએ સ્વામી અને સેવકના બે રૂપ ધારણ કર્યા છે.

૨. ભજનની પ્રક્રિયા જીવમાં ભોગ્યભાવ રહે છે. અને ભગવાનમાં ભોક્તૃભાવ. આ બંનેના સંબંધોની મર્યાદા છે. મર્યાદાને અનુરૂપ જીવ ભગવાનને આધીન રહીને ભજન કરે છે. જ્યારે આ મર્યાદાને તોડીને ભગવાન ભક્તને આધીન થઈ જાય છે ત્યારે તે પુષ્ટિ છે. ભક્ત અને ભગવાનના ભક્તિમય સંબંધોના પુષ્ટ થવામાં ભગવાનમાં ભોગ્યભાવ પ્રગટ થઈ જાય છે. તે ભક્તને ભોક્તા માનીને સ્વયં એને આધીન એને થઈ જાય છે. આ પરસ્પર ભક્તિમય સંબંધોની પરમાત્મા દ્વારા કરાયેલી 'પુષ્ટિ' છે. તેથી આને 'પુષ્ટિ' કહે છે.

'કૃષ્ણ અધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે'

જ્યારે ભક્તને લાગે છે કે 'નાથ ! તવાહં ન મામકીનસ્ત્વમ્' તો આ મર્યાદાભક્તિનો ભાવ છે. પુષ્ટિભક્તિનો ભાવ તો સર્વથા 'ત્વમ્ મામકીનોસિ મદીય એવ !'

*''અનત ન જૈયે પિય રહિયે મેરે હી મહલ ।*
*જોઈ જોઈ કહોગે સોઈ કર રાખોગી પહલ ॥*
*શૈયા સામગ્રી વસન આભૂષણ સબવિધ કરોગી ટહલ ।*
*ચતુર બિહારી ગિરધારી પિયાકી રાવરી યહી સહલ ॥''*

સર્વવ્યાપી પરમાત્મા કોઈ હશે, જ્ઞાનીઓનો ! પુષ્ટિભક્તનો આગ્રહ તો આ જ કે 'રહિયો મેરે હી મહલ અનત ન જૈયે.'

પરંતુ પરમાત્માની સર્વવ્યાપિતાનું શું થશે ? જો તે કોઈ એક ભક્તના ભવનમાં બંધાઈ જાય !

પરંતુ ભક્તને, આ વાતની ચિંતા સતાવતી નથી. એને ચિંતા થાય છે કે તમે મને છોડીને ક્યાંક બીજે જાઓ એ કેવી રીતે સંભવી શકે ! તેથી તે હઠ કરે છે 'રહિયે મેરે હી મહલ !'

વસ્તુતઃ જે સર્વવ્યાપી છે, તે ક્યાંય જઈ નથી શકતો. તે તો ક્યારેક ક્યાંક પ્રગટ થઈ જાય છે તો ક્યારેક ક્યાંક સંતાઈ જાય છે. આવન જાવન નથી કરતો. તેથી ભક્તની હઠ સામે ઝુકી જવામાં ભગવાનનું કશું જતું નથી પરંતુ ભક્તને કેટલો આનંદ મળતો હશે જ્યારે ભગવાન કહી દે 'સારું જો તમે કહો છો તો હવે ક્યાંય નહિં જાઉં !'

એ કૃપાના સાગરમાં ઉઠેલી એ લહેર કેવી લહેર હશે કે જે ભક્તના દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, આત્મા તથા અન્ય પણ બધા આત્મીય પદાર્થોને પોતાના કૃપામૃતથી આપ્લાવિત કરી દેતી હશે ! એને કેટલો રસસિક્ત, રસાદ્ર, રસિક ભક્ત બનાવતી હશે ! આ તો ભક્ત અથવા સ્વયં ભગવાન જ જાણી શકે છે, બીજું કોઈ નહી.

*પુષ્ટિ અને પુષ્ટિમાર્ગનું અંતર :*

જ્યારે આ કૃપાસાગરમાં લહેર ઉઠે છે તો તે પુષ્ટિ છે. અને આ લહેરોને કારણે જો કિનારા પર મુગ્ધભાવથી ઉભેલો કોઈ જીવ તરબતર થઈ જાય તો તે આદ્રતા પુષ્ટિભક્તિ છે.

*પુષ્ટિમાર્ગીય તથા મર્યાદામાર્ગીય દાસ્યભાવ :*

સર્વવ્યાપી પરમાત્માનું કોઈ જીવાત્મામાં નિરુદ્ધ થઈ જવું પુષ્ટિમાર્ગીય દાસ્યભાવનો ચરમ ઉત્કર્ષ અથવા ફલિતાવસ્થા છે.

દ્વૈતવાદી દર્શનો પર આધારિત ધર્મોમાં માન્ય દાસ્યભાવનના ચિત્રમાં સ્વામી અને સેવકના બે રંગોની વિરોધીતાનો એક ચિત્રમાં વિન્યાસ છે. જ્યારે કે શુદ્ધાદ્વૈતવાદી દર્શન પર આધારિત પુષ્ટિમાર્ગીય દાસ્યભાવના ચિત્રમાં સ્વામી અને સેવકના બે ભિન્ન ભિન્ન રંગોના સામંજસ્યનો એક ચિત્રમાં વિન્યાસ છે. રંગોની વિરોધિતા અને સામંજસ્ય બંને જ સુંદર દેખાઈ શકે પરંતુ બંને વચ્ચે રહેલ અંતર સમજવું ખૂબ જ જરુરી છે.

પુષ્ટિમાર્ગીય દાસ્યભાવ એકમ્ એવ અદ્વિતિય પરબ્રહ્મના શુદ્ધાદ્વૈતમાં લીલા માટે થયેલ જીવાત્મા અને પરમાત્માનો ઐચ્છિક દ્વૈત છે.

ભક્ત અને ભગવાનનું ઐચ્છિક દ્વૈત છે. - પુરુષ અને પુરુષોત્તમનું ઐચ્છિક દ્વૈત છે-વ્રજવાસી અને વ્રજાધિપનું એક મધુર ઐચ્છિક દ્વૈત છે.

*દાસ્યભાવ : કેવલાદ્વૈતવાદ અને શુદ્ધાદ્વૈતવાદની દાર્શનિક પુષ્ઠભૂમિ પર :*

આવી જ રીતે કૈવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈતમાં રહેલ તફાવત સમજવો પણ જરુરી છે. કેવલાદ્વૈતમાં જીવાત્મા-પરમાત્મા-ભક્ત-ભગવાન, પુરુષ-પુરુષોત્તમ, જગત-જગદીશ અથવા પ્રેમી-પ્રિયતમનું દ્વૈત મિથ્યા માનવામાં આવ્યું છે. શુદ્ધાદ્વૈતમાં આવું દ્વૈત મિથ્યા નથી. અને માયા અવિદ્યાથી પ્રયુક્ત પણ નથી. તેથી આ દ્વૈતને દુઃખ અથવો બંધનરૂપ પણ માનવામાં નથી આવ્યું. શુદ્ધાદ્વૈતમાં આ દ્વૈત વાસ્તવિક પરંતુ લીલા માટે સ્વીકારવામાં આવ્યું છે. બ્રહ્મની અનેક રૂપો ધારણ કરવાની મધુર શુભ તથા પરમાનંદમયી ઈચ્છાથી પ્રયુક્ત આ દ્વૈત છે-માયા પ્રયુક્ત નથી.

તેથી જ ગદ્યમંત્રમાં બ્રહ્મસંબંધ વખતે જીવાત્માને પરમાત્માથી વિખૂટા પડવાની વાતની યાદ કરાવાય છે. આનું પ્રયોજન અજ્ઞાન પ્રયુક્ત દ્વૈતનું નિવારણ કરવું. નથી. તે કેવળ દ્વૈતમાં અભીષ્ટતમ સિદ્ધિ માનવામાં આવે છે. બ્રહ્મસંબંધનું વાસ્તવિક પ્રયોજન ભગવાનથી વિખૂટા પડવાને કારણે આપણી અંદર જન્મેલી ભગવદ્ વિસ્મૃતિને દૂર કરીને જીવાત્મામાં રહેલ સહજ રતિને જગાડવાનું છે. જીવાત્મામાં પરમાત્માથી વિખૂટા પડવાની વિરહ વેદના જાગી જાય તો એને પુષ્ટિમાર્ગ પર ઝંપલાવ્યા જેવી વાત માનવામાં આવે છે જ્યારે આ વિરહવેદના પરમાત્મામાં જાગે છે તો તે ફક્ત પુષ્ટિ છે. પરંતુ જ્યારે આ વિરહવેદના જીવાત્મામાં જાગી જાય તો તેને પુષ્ટિભક્તિ સમજવી જોઈએ. જ્યારે પરમાત્માને એવું લાગે કે આ જીવાત્મા મારાથી વિખૂટો પડી ગયો છે તો પરમાત્મામાં વિરહવેદના જાગી ઉઠશે ! આપણે ત્યાં એક ખૂબ જ સુંદર પદ છે જેમાં આમ કહેવામાં આવ્યું છે કે હવે ભગવાનને પણ થોડું થોડું સમજાતું લાગે છે કે મિલન-વિખૂટા પડવાની વેદના કેવી હોય છે. 'જાનન લાગે રિ આલિ મિલ બિછુરન કી વેદન.'

આ પુષ્ટિની પરાકાષ્ઠા છે. પુષ્ટિભક્તિ, પરંતુ જ્યારે જીવને પ્રભુથી વિખૂટા પડવાની વેદના તકલીફ આપવા માંડે ત્યારે જ સમજવી જોઈએ.

જીવાત્મા અને પરમાત્માની વચ્ચેનું આ શુદ્ધાદ્વૈત છે. આ શુદ્ધાદ્વૈતમાં જીવાત્મા અને પરમાત્માની વચ્ચે રહેલા ભેદને અવાસ્તિવક માનવાનું કોઈ પણ કારણ નથી. ભેદ વાસ્તિવક છે. પરંતુ રૂપગત છે. તત્વગત નથી. જેમ કે સોનાની વીંટી અને સોનાની કંઠીમાં ભેદ રૂપગત હોવા છતાં તત્વગત ભેદ નથી હોતો. સોનું તો બંનેમાં એક જ છે. આવી રીતે પરમાત્મા અને જીવાત્માના રૂપમાં ભિન્ન ભિન્ન હોવા છતાં તત્વતઃ બ્રહ્મગત સત્વ અને ચૈતન્ય એક જ હોય છે.

*ભક્તિવશ પરમાત્મા ભગવાન બને છે અને જીવાત્મા ભક્ત બને છે.*

ભક્તના સંબંધે પરમાત્મા અને જીવાત્મા જ્યારે પરસ્પર જોડાય છે ત્યારે પરમાત્મા ભગવાન બની જાય છે અને જીવાત્મા ભક્ત બને છે. તેથી શુદ્ધાદ્વૈત પર અવલંબિત ભક્તમાં બંનેની વચ્ચે ઘનિષ્ટ તાદાત્મ્ય સધાય છે. ભગવાન અને ભક્ત વચ્ચે તાદાત્મ્ય સ્વીકારતાં ભક્તિ કે જ્ઞાનનું જેવું નિખાર પ્રગટે છે તેવું નિખાર બંને વચ્ચે અત્યંત ભેદ અથવા અત્યંત અભેદ માનવાથી સંભવતું નથી.

પરઅવલંબિત ભક્તિમાં બંનેની વચ્ચે ઘનિષ્ઠ તાદાત્મ્ય સધાય છે. ભગવાન અને ભક્ત વચ્ચે તાદાત્મ્ય સ્વીકારતા ભક્તિ કે જ્ઞાનનું જેવું નિખાર પ્રગટે છે તેવું નિખાર બંને વચ્ચે અત્યંત ભેદ અથવા અત્યંત વિભેદ માનવાથી સંભવતું નથી.

*નમામકીનસ્ત્વમ*

અત્યંત અભેદ માનનારા શ્રી શંકરાચાર્યે ઉપાસના માટે દ્વૈતની કલ્પના કર્યા પછી પણ અંતમાં તેઓ બ્રહ્મને કહે છે કે તેઓ બ્રહ્મના થઇ શકે છે, પરંતુ બ્રહ્મ તેમનું થઇ શકતું નથી. સત્યપિ ભેદાપગમે નાથ તવાહં ન મામકીનસ્તવમ સામુદ્ર હિ તરંગ કવચન સંમુદ્ર તારંગ ઈતિ.

*ત્વમ મામકીનોસિ મદીય એવ!*

જ્યારે કૃષ્ણ લીલાના અનેક પ્રસંગોમાં પ્રત્યેક ભક્તને ભગવાન સર્વથા પોતાના છે એવી અનેકવિધ અનુભવોની પુષ્ટિ થઇ છે. રાસમાં નૃત્ય કરવાવાળી પ્રત્યેક ગોપિકાનો સાનુભાવ પણ પ્રમાણ છે કે કૃષ્ણ માત્ર એની સાથે જ નૃત્ય કરી રહ્યા છે. કૃષ્ણ પ્રત્યેકની સાથે જ જો તૈયાર ન હોત તો 'રહિયે મેરે હી મહલ' એવી હઠ પકડવાની હિંમત તે ક્યાંથી મેળવત?

પરમાત્મા સર્વત્ર,સમભાવથી વિદ્યમાનછે. તેઓ કોઇ એક જીવાત્માની તરફ ઢળી જાય તો તેવા નિરોધને 'પુષ્ટિ' કહે છે. જીવાત્મા જે લૌકિક વિષયોમાં આસક્ત રહે છે તે એ બધા લૌકિક વિષયોને ભૂલીને એકમાત્ર પરમાત્મામાં આસક્ત થઇ જાય તો એવા નિરોધને પુષ્ટિભક્તિ કહે છે. આમ, પરસ્પર એકબીજામાં નિરૂદ્ધ થઇ જવું એ બંનેની વચ્ચે વિદ્યમાન ઘનિષ્ઠ તાદાત્મ્યની સ્પષ્ટ અનુભુતિ છે. સ્વામી અને સેવકના આ રૂપગત પરંતુ વાસ્તવિક ભેદમાં તત્વગત તાદાત્મ્યની અનુભૂતિ બહુ મધુર અને વિલક્ષણ હોયછે.

*દાસ્યભાવ અને તાદાત્મ્યવાદ:*

સ્વામી અને સેવકની વચ્ચે એક કઠોર ભેદની કલ્પના કરનારા અદ્વૈતવાદીના અમીટ દાસ્યભાવથી આ તાદાત્મ્યવાદ વિલક્ષણ છે. મિથ્યાભેદની કલ્પના કરનારા અદ્વૈતવાદી મિથ્યા દાસ્યભાવથી પણ ભિન્ન પ્રકારનો એક લચીલો દાસ્યભાવ શ્રી મહાપ્રભુજીના મતમાં માન્ય થયો છે.

આવા લચીલા ભેદમાં જેવી રીતે જીવાત્માને પરમાત્માની ભક્તિ કરવાનું વ્યસન થઇ જવું શક્ય છે તેવી જ રીતે પરમાત્માને પણ જીવાત્માની ભક્તિથી ભાવિત થઇ જવાનુંવ્યસન થઇ જવું શક્યછે. એમ શ્રી મહાપ્રભુજી માને છે. જેવી રીતે ભગવાનને ભોગ ધરવામાં ભક્તને આનંદ આવે છે તેવી રીતે કોઇ ભક્ત વિશેષની દ્વારા ધરવામાં આવેલા ભોગમાં ભગવાનને પણ આનંદ આવેછે. જેમ ભક્તને દર્શન કર્યા વગર ચાલતું નથી તેમ ભગવાનને પણ ભક્તને દર્શન આપ્યા વગર રહેવાતું નથી! સ્વામી એવા ભગવાન,જ્યારે પોતાના સેવક એવા ભક્તને આટલા આધિન બની જાય તો માનવું કે પુષ્ટિ માર્ગીય દાસ્યભાવ ફલિત થઇ ગયો છે.

આ અર્થમાં શ્રી મહાપ્રભુજી કહે છે, 'પુષ્ટિમાર્ગ હરેઃ દાસ્યમ ધર્મ' પરંતુ એ અર્થમાં નહિં જે અર્થમાં સુરદાસજી શ્રી મહાપ્રભુજીને મળ્યાં પહેલાં પોતાના દોષોના રોદણાં રડતા હતાં અને જ્યારે શ્રી મહાપ્રભુજીએ તેમને ગાવાનું કહ્યું ત્યારે તેમણે ભગવદગુણ ગાવાને બદલે પોતાના અવગુણ ગાવાનું શરૂ કરી દીધું :

*પ્રભુ! હૌં સબ પતિતન કો ટીકો,*
*ઔર પતિત સબ દિવસ ચારિકે હૌં તો જનમત હી કો ॥*
*બધિક અજામિલ ગનિકા તારી ઔર પૂતના હી કો ।*
*મોહિ છાંડ તુમ ઓર ઉધારે મિટે સૂલ ક્યોં જી કો ॥*
*કોઉ ન સમરથ અધ કરીબે કો ખેંચિ કહત હો લીકો ॥*
*મરિયત લાજ સૂર પતિતનમેં મોહુતે કો નીકો ॥*

જ્યારે પણ રડવાનું હોય ત્યારે તો આ ભાવ ઉચિત છે અને આવશ્યક પણ ગણાય પરંતુ જ્યારે ગીત ગાવાનો અવસર જીવને ઉપસ્થિત થયો હોય ત્યારે પણ જો ભગવદગુણગાન સામે ન આવે અને આપણા જ અવગુણ સામે આવતા રહે તો માનવું કે કાંઇક ગરબડ છે. અવગુણો ગાવામાં અદ્વૈતનો આનંદ પ્રગટ નહિં થઈ શકે, જ્યારે રડવાનો અવસર જીવનમાં ઉપસ્થિત થતા હોય ત્યારે રોતા રોતા ભગવદ્ ગુણો યાદ કરવાથી સારી રીતે રડી શકાશે નહિં. આવી સ્થિતિમાં આપણા અવગુણો યાદ કરી લેવા વધારે ઉચિત હોય છે.

આથી જ શ્રી મહાપ્રભુજીએ બેચેન થઈને સૂરદાસને ટોક્યા કે, ‘સુર થઈને શા માટે તારા રોદણાં રડે છે ? ગભરાય છે? કંઈક ભગવદ લીલા ગા’

પરમાત્મા કેવળ શુદ્ધ,મુક્ત નિર્ગુણ, નિર્વિકાર, નિર્વિશેષ અને નિરંજન હોય જ્યારે જીવાત્મા અશુદ્ધ, બદ્ધ માયિક ગુણોવાળો, માયિક આકારવાળો, માયિક ધર્મવાળો, અવિદ્યાયુક્ત વિશેષતાઓથી ભરેલો માત્ર સંસારી જ હોય તો દુઃખના રોદણા રડવા જેવી વાત સમજમાં આવી શકે પરંતુ જ્યારે જ્યારે ‘એકમેવદ્વિતિય’ બ્રહ્મ કેવળ લીલા માટે જ દિવ્ય પરમાત્મા અને તુચ્છ જીવાત્માનું રૂપ ધારણ કરતા હોય તો રોદણા રડવાની આવશ્યકતા છે? વાસ્તવિક આવશ્યકતા તો છે ભાવવિભોર થઈને પરમાત્માના દ્વૈતમાંથી પ્રગટેલી આ દ્વૈતલીલાના પરમ આનંદના ગુણોના ગાવાની!

***અતિદ્વૈત અને અતિઅદ્વૈતથી સાવધાની:***

અતિદ્વૈતવાદી અને અતિઅદ્વૈતવાદી ધર્મદર્શન આપણી તુચ્છતાની



વાસ્તવિકતાનું એટલું બધું અવાસ્તવિક, વધારી ચઢાવીને, વર્ણન કરે છે કે જીવાત્મા બિચારો ગભરાઇ જાય તે સ્વાભાવિક છે.

હું પાપી છું તું સર્વજ્ઞ સર્વ સાક્ષી છું; ‘હુ પતિત છું તું જ કેવળ ઉદ્ધારક છે’ હું મલિન માયામાં પ્રતિબિંબિત અશુદ્ધ માણસ છું અને તું પણ માયામાં પ્રતિબિંબિત એક આભા માત્ર જ છે. વસ્તુતઃ હું ‘હું’ નથી અને તું ‘તું’ નથી.

અરે ભાઇ, જે છો તે છો, પણ આમ ક્યાં સુધી રોવાનું ધોવાનું ચાલુ રાખવું છે ? આપણે દીન છીએ તો તેથી શું ફરક પડશે ? જ્યાં સુધી ભગવાનની ઉદ્ધારક શક્તિમાં આપણને સંદેહ નથી ત્યાં સુધી તેની અને આપણી વચ્ચે અદ્વૈતભાવ છે એ બાબતમાં આપણને આસ્થા છે ત્યાં સુધી લીલામાં આપણે મલિન છીએ તેથી શું થયું? આપણી દિનતા હિનતા મલિનતા કે તુચ્છતાના ગીત ગાવાની આવશ્યકતા નથી, આવશ્યકતા છે ભગવાન અને આપણી વચ્ચે રહેલા તાદાત્મ્યના મધુર સંબંધોના ગાનની.

આવશ્યકતા છે તેની કૃપાળુતા, દયાળુતા, ક્ષમાશીલતા વિગેરે દિવ્ય ગુણોના મધુર ગાનની ! આવશ્યકતા છે — એના સ્વરૂપ સૌંદર્ય, લીલા, લાવણ્ય અને નામ મહાત્મ્યના જ્ઞાનની.

શા માટે આપણે આપણી હીનતાને રડતાં બેસી રહેવું જોઇએ? ઉઠો નાચો અને પ્રભુની મહાનતાના ગીતો ગાવ !

નાના બાળકો પોતે પોતાની મેળે સારી રીતે ક્યાં પગ મુકી શકે છે? તેઓ પગલાં ભરવા જાય છે કે પડી જાય છે તેથી તેમને માતા પિતાની આંગળી પકડીને ચાલવું પડે છે. પોતાની માની આંગળી પકડીને ચાલતા બચ્ચાના મુખને ક્યારેક નિંહાળો તેના મોઢા પર કેટલો વિશ્વાસ કેટલો ઉલ્લાસ અને કેટલી ઉપલબ્ધિનો ભાવ ઝળકે છે!તે ચાલતાં ચાલતાં ક્યારેક થાકી પણ જતો હશે, થાકીને તે રડતો પણ હશે, તે પોતાની ન ચાલી શકવાની શક્તિ પર રડતો નથી, તેની માતા તેને ગોદમાં લેતી નથી તે કારણે તે રડે છે કારણ કે તેને પોતાની માતાની મમતામાં વિશ્વાસ છે. બચ્ચાનું રોવું અથવા આમળાવું માતાની મમતાના ઉદ્દીપન કરવા

માટેનો ઉપાય છે. પોતાના અસામર્થ્યનું રૂદન નહિં.

***ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ !***

શ્રી મહાપ્રભુજી કહે છે કે જીવાત્મા આવો એક સમર્થ બાળક જેવો છે અને પરમાત્મા સમર્થ માતા જેવો છે. છતાં તે બંનેના ભેદ હોઇ શકે છે પરંતુ જેવી રીતે બાળકનું શરીર માતાના શરીરમાંથી બને છે તેવી જ રીતે આપણો જીવાત્માં પણ પોતાના સ્વરૂપમાં બહાર આવ્યો તે પહેલાં પરમાત્માના ગર્ભમાં જ રહેલો હતો. જીવાત્માની સત્તા અને ચૈતન્ય પરમાત્માની સત્તા અને ચૈતન્યથી બનેલા છે તેથી બંનેમાં ઘનિષ્ઠ તાદાત્મ્ય છે. ગભરાઓ નહિં પરંતુ ભાવવિભોર બની પ્રભુની આ લીલાનું ગાન કરો આપણે દીન છીએ તો શું થયું? પરમાત્મા આપણનેઆધિન થઇ શકે છે જેમ એક માતા પોતાના લાડલા બેટાને આધિન રહે છે.

તમે ચાલતા થાકી જાઓ તો અમળાવાનું શરૂ કરી દો માતા તમને ગોદમાં લેવામ હંમેશા તત્પર છે તેમાં ગભરાવાની જરૂર નથી કારણ કે તે મમતામયી માતા આપણને સમજાવી ચૂકી છે કે હ્રઅહં ત્વામ સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામી મા શુચઃ!' ચાલો- ચાલવાનું પણ શીખો પરંતુ થાકી જાઓ તો ગભરાતા નહિં મને કહી દેજો! હું તમને,મારા ખોળામાં લઇ લઇશ તું તો મારો લાડલો છે.

***પુષ્ટિભક્ત ભગવાનનો દાસ છે તેથી ગભરાતો નથી:***

શ્રી મહાપ્રભુજી પુષ્ટિના મેદાનમાં આ આશ્વાસન સાથે ભક્તિનો માર્ગ બતાવે છે. બધા પુષ્ટિજીવ પુષ્ટિપ્રભુના સહજ દાસ છે માટે તેમને ગભરાવાની કે રાદણાં રડવાની આવશ્યકતા નથી. પુષ્ટિના મેદાનમાં જ્યારે ભક્તિમાર્ગ બનાવાય ત્યારે તેને 'પુષ્ટિ ભક્તિ માર્ગ' કહે છે.

***માહાત્મ્ય જ્ઞાનથી હૃદયભૂમિને ખેડવાથી પુષ્ટિના બીજ ભક્તિરૂપે અંકુરિત થાય છે:***

શ્રી મહાપ્રભુને માન્ય ભક્તિની પરિભાષા છે કે 'ભગવાન અને આપણી વચ્ચે રહેલા આ ઘનિષ્ઠ તાદાત્મ્યની મહત્તા એકવાર સારી રીતે સમજી લેવી જોઇએ પછી હૃદયમાં રહેલ પરમાત્મા પ્રત્યે આપણો શુદ્ધ સ્નેહ આપોઆપ પ્રગટ થઇ જશે. જો આપણી હૃદય ભૂમિમાં ભગવાને અનુગ્રહના બીજ રોપ્યા છે તો માહાત્મ્ય જ્ઞાનથી આપણી હૃદયભૂમિને એકવાર સારી રીતે ખેડી લેવી જોઇએ પછી તો પરમાત્માએ જે અનુગ્રહના બીજ વાવ્યા છે તે થોડા જ ભગવદગુણોના શ્રવણ, સ્મરણ અને કીર્તનરૂપી સિંચનથી અંકુરિત થવા લાગી જાય છે.

આથી ભક્તિની પરિભાષા નીચે પ્રમાણે આપવામાં આવી:

'માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદ્રઢ સર્વતોધિકઃ! સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તસ્તયા મુક્તિર્નચાન્થયા!!

આમ છતાં જેને પુષ્ટિમાર્ગના સુઘડ રસ્તા પર ચાલવાને બદલે પુષ્ટિના મેદાનમાં અણઘડ પગદંડીઓ ઉપર સાહસ યાત્રા કરવી ગમતી હોય તો ત્યાં પણ કોઇ રોકટોક નથી. તમે ઇચ્છો તો શિશુપાલની જેમ સવારે ઉઠીને પ્રતિદિન ભગવાનને ૯૯ ગાળો આપવાનું વ્રત લઇ લો! શરૂઆતમાં પૂરી ૧૦૦ ગાળો આપવાનું ઉચિત નહિં ગણાય! કારણ કે ક્યાંક ૧૦૦ની સંખ્યા પૂરી થતાં જ ખરેખર ભગવાનનું ચક્ર છુટી જાય તો પ્રારંભમાં જ મોટી મુશ્કેલી થઇ જશે!જ્યારે ગાળો આપવાની દ્વેષવાળી સાધના સિદ્ધ થઇ જાય ત્યારે છેવટે એક દિવસ ૧૦૦મી ગાળ આપી જોશો કે તેનું શુ પરિણામ આવેછે! પરંતુ આ કામ કોઇ સાર્વજનિક મંદિરમાં જઇને કરવું શ્રેયસ્કર નથી કારણ કે સંભવ છે કે મંદિરમાં આવેલ અન્ય દર્શનાર્થીઓ ભગવાનને મુક્તિદાયક સુદર્શન ચક્ર ચલાવવાનો અવસર જ ન આપે- તેઓ પોતે કુદર્શન ચપ્પલ- બુટ જ ક્યાંક મેદાનમાં ચલાવવા ન માંડે!

***કામ, ક્રોધ, દ્વેષ વગેરે ભાવ પુષ્ટિના મેદાનમાં ફળપ્રદ હોઇ શકે છે, પુષ્ટિમાર્ગમાં નહિં :***

ખેર, મહાપ્રભુજી આવી સાધનાને પુષ્ટિમાર્ગમાં માન્ય કરતાં નથી તેઓ આ પ્રકારની સાધનાના વિષયમાં કોઇ ગેરન્ટી આપવા તૈયાર નથી. શ્રી મહાપ્રભુજીના મતે સંભવ છે કે તમારી ગાળ ભગવાન એટલી તીખી માની લે કે ૧૦૦મી ગાળ નિકળતાં જ તમને મુક્તિ આપી દે

અથવા એ પણ સંભવ છે કે તમારી ગાળ ભગવાનને લેશમાત્ર તીખી ન લાગે એટલે કે તમારી ગાળની ભગવાન પર કોઇ જ અસર ન થાય.

ભગવાન ક્યારે ક્યા જીવાત્માનો કયા નિમિત્તથી ઉદ્ધાર કરવા ઇચ્છે છે આ બાબતમાં કોઇ પણ સિદ્ધાંત કે નિયમ બાંધી શકાતો નથી. પરંતુ પુષ્ટિમાર્ગની પોતાની એક સીમા અને દિશા છે, તે છે નિઃસાધન ભાવથી ભક્તિ કરવાની. ભક્તિનો અર્થ છે માહાત્મ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુમાં સુદ્રઢ અને સર્વથી અધિક સ્નેહયુક્ત થવું.

પુષ્ટિના વૃંદાવનમાં છુપાયેલા ભગવાનને શોધવા માટે વ્રજભક્તો અહીં તહીં ફરવાથી જે પદચિહ્ન..નો બન્યા તે અણઘડ પગદંડીની મહત્તાને ઓળખીને શ્રી મહાપ્રભુજીએ તેને સુઘડ માર્ગનું રૂપ આપ્યું. વ્રજભક્તોના પદચિહ્નોનું અનુસરણ કરતાં કરતાં એ પદચિન્હોની દિશામાં આગળ વધતાં વધતાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની દાર્શનિક માહાત્મ્યદષ્ટિ પ્રદાન કરતાં કરતાં પુષ્ટિભક્તિનું નિર્માણ કરવામાં આવ્યું છે.આથી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદયુક્ત પુષ્ટિભક્તિમાં વ્રજભક્તોના ભાવોનું અનુસરણ કરવું જોઇએ એમ માનવામાં આવ્યું છે.

### *પરમાત્માનું માહાત્મ્ય અને જીવાત્માની નિઃસાધનતાઃ*

પુષ્ટિના મેદાનમાં કામ,ક્રોધ, દ્વેષ વગેરે અનેક ભાવોની પગદંડીઓ છે તેવી જ રીતે નિઃસાધન ભાવની પણ એક પગદંડી છે.

'ભાવ'નો અર્થ થાય છે ભગવત સ્વરૂપમાં રૂચિ, સ્નેહ, આસક્તિ અથવા વ્યસન. એ પ્રેમની વિભિન્ન અવસ્થાઓ છે. તે પ્રમાણે ભગવાનના સ્વરૂપમાં ભાવ હોય અને સાથે સાથે શાસ્ત્રે બતાવેલા અથવા શાસ્ત્રે નિષિદ્ધ ગણેલ સાધનને સાધનોને અપનાવવા માટે કોઇ આગ્રહ ન હોય તો તેને નિઃસાધનતા કહેવામાં આવેછે. નિઃસાધનતાની સાથે ભગવદભાવ મળે તો તેને નિઃસાધનભાવ કહેવાય છે. વ્રજવાસીઓ યોગ, યજ્ઞ, દાન, તપ, સ્વાધ્યાય, સંયમ વૈરાગ્ય જેવા ઉત્તમ શાસ્ત્રીય સાધનોનું અવલંબન કર્યું નહોતું. તેમણે શાસ્ત્રનિંદિત દુરાચરણમાં રત રહેવાની કોઇ મનોવૃત્તિ પણ સેવી ન હતી. તેમના જીવનમાં એટલું જ દેખાય છે કે એક દિવસ એમના ગોકુલના સંસારમાં કૃષ્ણ પ્રગટયા. તેઓ એટલા મનોહર હતા કે બધા વ્રજવાસીઓ તેમનામાં આસક્ત થઇ ગયા! તેઓ નિઃસાધન તો હતાં જ તેમાં કૃષ્ણજન્મને કારણે કૃષ્ણસ્વરૂપમાં આસક્ત બની જવાથી બધા વ્રજવાસીઓમાં નિઃસાધનભાવ સિદ્ધ થઇ ગયો. કૃષ્ણજન્મની ઘટનાએ તેમને એટલા કૃષ્ણાસક્ત બનાવી દીધા કે તેઓ સુતાં જાગતાં, ઉઠતાં બેસતાં બધી જ ક્રિયાઓ કરતાં કરતાં કૃષ્ણના ચિંતન કિર્તનમાં લાગ્યા રહેતાં.

તેઓ જાગતાં હતાં શ્રી કૃષ્ણના મુખને નિહાળવા.માટે, સુઇ જતાં હતાં શ્રી કૃષ્ણના સ્વપ્નમાં ખોવાઇ જવા માટે, ભોજન બનાવતા હતાં શ્રી કૃષ્ણને ખવડાવવા માટે, માખણ વલોવીને છુપાવી રાખતાં હતાં ચૂપચાપ આવીને શ્રીકૃષ્ણ તેને ચોરી જાય તે માટે. આમ શ્રી કૃષ્ણના રૂપલાવણ્યમાં ગુણ, માધુર્યમાં અને લીલા લાવણ્યમાં વ્રજભક્તોનો કાયિક, વાચિક, માનસિક અને આત્મિક નિરોધ સિદ્ધ થઇ ગયો હતો તેથી જ ભાગવતકાર કહે છે કેઃ

*તન્મનસ્કા તદાલાપાઃ તદ્વિચેષ્ટા તદાત્મિકાઃ ॥*
*તદ્ગુણાનેવ ગાયન્ત્યો નાત્માગારાણિ સસ્મરુઃ ॥*

આમ વ્રજવાસીઓને મન, વાણી, પ્રાણ અને આત્મા બધું જ કૃષ્ણમય થઇ ગયું હતું. તેમણે સંસારમાં રહેતા રહેતા આ સિદ્ધિ મેળવીહતી, સંસાર ત્યાગ કરીને નહિ.

### *વ્રજભક્તોના જેવા નિઃસાધન ભાવથી ભગવદ્ ભજન*

શ્રી મહાપ્રભુજી કહે છે કે 'તમારા ઘરસંસારમાં તમે પણ એક મનોભિલષિત કૃષ્ણસ્વરૂપ પધરાવી લો. જ્યારે મનોભિલષિતરૂપવાળા શ્રી કૃષ્ણનું સ્વરૂપ તમારા ઘરમાં પધારે ત્યારે તમારા પરિવારમાં શ્રી કૃષ્ણનો જન્મ થયો છે તેમ માનો. પછી તમારા જીવનની સુવાની, જાગવાની, કમાવાની, ખાવાની, પહેરવાની, ઓઢવાની, સ્નેહ કરવાની, ઉપેક્ષા કરવાની બધી જ ક્રિયાઓ બધા જ વ્યવહારો તમારા ઘરમાં બિરાજતાં તે કૃષ્ણસ્વરૂપ તરફ વાળી દો. જેવી રીતે બધી નદીઓ

અલગ અલગ દિશામાં વહેતી હોવા છતાં છેવટે સમુદ્રમાં ભળી જાય છે તેવી જ રીતે તમારી બધી વૃત્તિઓના વિષય શ્રી કૃષ્ણને બનાવી દો.

તમે સવારે જાગો તે કૃષ્ણને જગાડવા માટે, ન્હાવ તે તેને નવડાવવા, રસોઇ બનાવો તે તેને ભોગ ધરાવવા, વેપાર કે નોકરી દ્વારા કમાવા જાવ તો એ કૃષ્ણ કેન્દ્રિત સંસારને ચલાવવા માટે. વિવાહ કરો તે કૃષ્ણ સેવામાં સહયોગી થવાની કામના સાથે, સંતતિ ઉત્પન્ન કરો તો પણ એ જ કૃષ્ણ કેન્દ્રિત પરિવારની વૃદ્ધિ માટે, રાત્રિમાં શયન કરો તે કૃષ્ણના સ્વરૂપમાં ખોવાઇ જવા માટે, આવી કૃષ્ણપરતા જો આપણા જીવનમાં નભી શકે તો આપણી નિઃસાધનતા જ પુષ્ટિના મેદાનમાં પુષ્ટિભક્તિનું રૂપ ધારણ કરી લેશે.

### *પહોંચવું ક્યાંય નથી કેવળ ફરતાં રહેવું છે*

પુષ્ટિભક્તિના સોહામણા માર્ગ પર ચાલીને ક્યાંય પહોંચવાની જરૂરિયાત નથી. આ દિવ્ય માર્ગ પર હંમેશા ટહેલતા રહેવામાં જ નિર્ભય આનંદ પ્રાપ્ત થાય છે. માટે જ ઉપનિષદોએ કહ્યું કે, ''ચરૈવેતિ ચરૈવેતિ ચરૈવેતિ'' (ચાલતા રહો, ચાલતા રહો, ચાલતા રહો) ભક્ત કવિ દયારામભાઇ કહે છેઃ

દાસપણે આનંદ છે તે નથી મળે જગદીશ ।

જ્ઞાનીનું સુખ એવું માનજો પાગ આશે છેદાવે શીશ ॥

શીશ છેદા પછી પાગ કહાં ધારે ?

સહુ મુર્ખ કો મનમાં વિચારે ! જલને શો જલપાનનો સ્વાદ ?

જન જુદો રહી પામે આલ્હાદ ! સેવો શ્રી કૃષ્ણ કૃપાળ ॥

આવા ભક્તિમાર્ગ પર મળનાર પ્રારંભિક પડાવોના તથા દિશાસૂચન વગેરેના સૂચન પણ શ્રી મહાપ્રભુજીએ રોપ્યા છે. એના કારણે યાત્રી અપેક્ષિત દિશામાં પોતાની યાત્રા પ્રગતિથી આશ્વસ્ત થઇને આગળ વધારી શકે છે.



### *ભગવદજન સ્વધર્મ છેઃ આત્મબોધના આધાર પર*

શ્રી મહાપ્રભુજી કહે છે કે, ''આપણા ઘરમાં રહીને, જો આપણે ભગવદ્કૃપાને અનુસરી, ભગવદસેવામય જીવન ગાળીએ તો તેથી આપણા હૃદયમાં રહેલો ભક્તિનો બીજભાવ દ્રઢ થાય છે. આપણા ધર્મમાં દેહાભિમાન જોડાયેલું હોય છે. પ્રારંભમાં આપણા આ દેહધર્મનો ત્યાગ કરવો હિતાવહ નથી. તેના બદલે દેહાભિમાન સહિતની આપણી જુદી જુદી ફરજો (ધર્મ)ને બજાવતાં બજાવતાં આપણે ભગવદસેવામાં પ્રવૃત્ત થવું જોઇએ. આપણા વર્ણ, આશ્રમ, સમાજ, રાષ્ટ્ર, માનવ અને પ્રાણીમાત્ર પ્રત્યે આપણી ફરજોને છોડી દેવી તે ભક્તિની પ્રારંભિક સ્થિતિમાં યોગ્ય નથી. ભક્તિની શરૂઆત થતી હોય ત્યારે આપણી આવી અન્ય ફરજોનો ત્યાગ કરવો તે પાખંડ બની રહે છે.સાથે સાથે આપણે આ વાત સમજી લેવી જોઇએ કે આપણે દેહાભિમાનમૂલક આ બધી ફરજો બજાવવામાં એટલા બધા રચ્યાપચ્યા ન રહીએ કે આત્મબોધ પર અવલંબિત આપણા સ્વધર્મરૂપ ભગવદસેવાથી જ આપણે વિમુખ બની જવું પડે. આપણા વર્ણ, આશ્રમ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર આદિ પ્રત્યે આપણી જે ફરજો છે તે આપણા દેહ સાથેના સંબંધો પર આધારિત છે જ્યારે ભગવત સેવાની આવશ્યકતા વર્ણ, આશ્રમ પરિવાર, સમાજ રાષ્ટ્ર આદિ પ્રત્યે આપણી જે ફરજો છે તે આપણા દેહના સંબંધ ઉપર આધારિત છે જ્યારે ભગવદ સેવાની આવશ્યકતા આપણા માટે આવશ્યક છે વર્ણ આશ્રમ વગેરે સાથે સંબંધ રાખનાર દેહને ધારણ કરવાને કારણે નથી. ભગવદસેવા આપણા માટે આવશ્યક છે. કેમ કે પરમાત્મા આપણા અંશી છે અને આપણે પરમાત્માના અંશ છીએ. તેથી તેઓ આપણા સહજ સ્વામી છે. અને આપણે તેમના સહજ દાસ છીએ. આવા આત્મજ્ઞાન પર ભગવદ્સેવાની આવશ્યકતા અવલંબિત થાય છે.

### *દેહાભિમાન હોય ત્યાં સુધી તેને યોગ્ય ધર્મપાલનની અનિવાર્યતા*

આથી જ શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે ભક્તિનો બીજભાવ નિજગૃહમાં પોતાના દેહાભિમાનમૂલક ધર્મો નભાવતા નભાવતા સાથે સાથે ભગવાનની સેવા કથામાં પરાયણ થવા પર દ્રઢ થાય છે. શ્રી

મહાપ્રભુજી 'ભક્તિવર્ધિનીમાં આજ્ઞા કરે છે કે ''બીજ દાર્ઢ્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ! અવ્યાવૃતો ભજેત કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ!''

### *ભગવદ્સેવા અને માનવસેવા*

આજકાલ કેટલાક પુષ્ટિમાર્ગીય પ્રચારકો યુરોપ- અમેરિકાની હવા પોતાના શ્વાસમાં ભરી ભગવદસેવાના બદલે માનવસેવામાં તાજગી માનનારા પર અધિક ભાર આપે છે. તેઓ માને છે કે આવો આડંબર કરવાથી પુષ્ટિમાર્ગ વધારે પ્રસિદ્ધિમાં આવશે!

એક અમેરિકન માસિકમાં છપાયેલો રમુજી ટુચકો મને આ સંદર્ભમાં યાદ આવે છે. લેખક કહે છે 'મારી બહેન પક્ષીઓને નાંખવામાં આવતા અનાજનો અમારા ઘરમાં પૂરેપૂરો હિસાબ રાખે છે. તે એટલા જ રૂપિયા(!) દર મહિને માનવ સેવા કરનારી સંસ્થામાં મોકલી આપે છે.' તે કહે છેઃ ''જ્યારે આપણે માણસોના પેટ ભરી શકતા નથી ત્યારે પક્ષીઓને દાણા ખવડાવવા તે અંધ રુઢિ છે'

### *પરોપકાર સ્વાર્થથી શ્રેષ્ઠ છેઃ પણ કૃષ્ણભક્તિથી ઉત્તમ નથીઃ*

પુષ્ટિમાર્ગમાં માનવસેવા કરતાં ભગવદ.સેવાની આવશ્યકતા વધારે છે. આપણે આપણા વ્યક્તિગત સ્વાર્થ સાધવા માટે જે પ્રયત્ન કરીએ છીએ તેનાં કરતાં માનવસેવા કરવી ઉત્તમ છે. જ્યાં સુધી આપણે આપણા વ્યક્તિગત સ્વાર્થની બાબતો ઉપર પુરેપુરો કાબુ મેળવ્યો નથી આપણે આપણો વ્યક્તિગત સ્વાર્થ સિદ્ધ કરવામાં રચ્યાપચ્યા રહીએ છીએ ત્યાં સુધી ભગવદ સેવાની સરખામણીમાં માનવ સેવાની મહત્તા વિશે આડંબર ભરેલા પ્રવચનો અને આયોજનો કરવા તે પક્ષીઓને દાણા માનવ સેવી સંસ્થાઓને મોકલવા જેવી હાસ્યાસ્પદ મનોવૃત્તિ છે !

શ્રી મહાપ્રભુજીના મતે ભગવદ સેવા અંધ રુઢિ નથી પરંતુ એક વિકસીત દ્રષ્ટિકોણથી અપનાવેલી જીવનપ્રણાલિ છે. તેથી ભગવદસેવા મહાપ્રભુજીના મતે નિશ્ચિત સમયે કરવા માટે કોઇ કર્મકાંડ નથી. ભગવદસેવાની વિભિન્ન ક્રમિક, સુક્ષ્મ, મનઃસ્થિતિઓનું વિશ્લેષણ શ્રી મહાપ્રભુજીએ બહુ સુંદર રીતે કર્યુ છે. પહેલાં હૃદયમાં ભક્તિનો બીજભાવ હોય તેમાંથી પ્રેમનો અંકુર પ્રગટે તેને આસક્તિરૂપે પાન આવે, તેને વ્યસનરૂપી ફૂલ આવે. તેમાંથી સર્વાત્મભાવ અને અલૌકિક સામર્થ્યરૂપી ફલ પ્રગટે- આ બધા સેવામાર્ગના માર્ગદર્શક સ્તંભ છે. પુષ્ટિભક્તિના માર્ગે ચાલનારા યાત્રિકોને ભગવદસેવારૂપી યાત્રા દરમ્યાન આ બધા માર્ગદર્શક સ્તંભ પ્રાપ્ત થાય છે.

આથી જ મહાપ્રભુજી આજ્ઞા કરે છે કેઃ ''આપણા માટે, આપણા દૈહિક સંબંધો સાથે જોડાયેલ પણ આશ્રમ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, માનવ અને પ્રાણીમાત્ર પ્રત્યે જે જે ફરજો અનિવાર્ય હોય એવા આપણા તે તે સ્વધર્મોને નભાવતા નભાવતા આપણે આપણા ઘરમાં રહીને ભગવાનની સેવા અને કથામાં પણ પરાયણ રહેવું જોઇએ.''

ભગવદ્સેવા અને ભગવદ્કથામાં કેટલીક સાવધાનતા રાખવી આવશ્યક છે. ભગવદસેવા અને ભગવદકથાનું અંતિમ પ્રયોજન આપણા ચિત્તને ભગવાનની સાથે તલ્લીન બનાવવાનું છે. જ્યારે ભગવદસેવા અને ભગવદકથાનું આયોજન કોઇક અનુષ્ઠાન માટે અથવા ફંડફાળો કરવા લાગી જઇએ ત્યારે મૂળ પ્રયોજન નષ્ટ થાય છે બધું ચોપટ થઇ જાય છે!

શ્રી મહાપ્રભુજી કહે છે કેઃ ભગવદ્સેવા અને ભગવદ્કથાનો અથવા બંનેમાંથી કોઇ એકનો પણ નિર્વાહ જો આપણે સારી રીતે કરી શકીએ તો આપણે ચિંતા કરવાની જરૂર નથી. આમાં એક સાવધાની અપેક્ષિત છે કે આપણા પ્રાણ આપણા ગળામાં આવીને અટકી જાય તો પણ ભગવદ્સેવા અને ભગવદ્કથા ભેટ કે ફંડફાળો એકત્રિત કરવા માટે ન જ કરવાં. 'વૃત્યર્થમ નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ'

### *કેવળ તનુજા અથવા કેવળ વિત્તજા સેવાના ભેદ જઘન્યઃ*

શ્રી મહાપ્રભુજી આપણને સમજાવે છે કે ચિત્તનું કૃષ્ણની સાથે તન્મય થવું એનું નામ કૃષ્ણ સેવા.

શ્રી કૃષ્ણની તનુવિત્તજા સેવા કરવાથી આવી તન્મયતા પ્રાપ્ત થાય છે. શ્રી મહાપ્રભુજી અહી તનુજા સેવા અને વિત્તજા સેવા એવા સેવાના

બે ભેદ બતાવતા નથી. સેવાના આવા બે ભેદનો પ્રચાર મોટાભાગે ફંડ એકઠું કરનારા લોકો કરતાં હોય છે. બીજી કોઇ વ્યક્તિ પાસેથી ધન લઇ કેવળ શરીરથી ભગવદ સેવા કરવી એ ભાડૂતી સેવા છે તનુજા સેવા પ્રાણીમાત્ર નથી. આથી જ મહાપ્રભુજી સુસ્પષ્ટ શબ્દોમાં 'તનુજા- વિત્તજા' સેવા ન કહેતાં 'તનુવિત્તજા' સેવા કહે છે આનો અર્થ શ્રી ગુંસાઇજીએ ખૂબ જ સ્પષ્ટ રીતે આપ્યો છે. આપણા ઘરમાં આપણા ધનથી અને શરીરથી,આપણા માથે બીરાજતા પ્રભુની સેવા કરવી તેનું નામ તનુવિત્તજા. અન્યથા પૈસા લઇને કરેલી સેવા પણ સેવા નથી. જો આવી રીતે સેવા ન નભે તો બહેતર છે કે સેવા ન કરવી.

***વ્રજભક્તોની કૃષ્ણ સેવા રોજી રોટી કમાવાનું સાધન ન હતી:***

જ્યારે આપણે વ્રજભક્તોના ભાવોનું અનુસરણ કરતાં કરતાં શ્રી વ્રજાધિપતિની તનુવિત્તજા સેવામાં લાગી જઇશું ત્યારે આપણી એ જ સેવા એક દિવસ માનસી સેવાના રૂપમાં ફલિત થશે. આપણી આ સેવા આપણા મનને ભગવાન સાથે તન્મય બનાવવામાં સહાયક બનશે.

જ્યારે આપણી ભક્તિ, પ્રેમ અને આસક્તિની કક્ષા વટાવીને વ્યસન દશા પર પહોંચે છે ત્યારે આપણી ભગવદસેવા તનુવિત્તજા સેવાથી આગળ વધી માનસીસેવાના રૂપમાં વિકસીત થાય છે. આમ થતાં વ્યસનદશા અથવા માનસી સેવા સિદ્ધ થતાં આપણે આપણાં આંતરમન દ્વારા ભગવાનની લીલા અને સેવાનો સતત અનુભવ કરવા સક્ષમ બનીએ છીએ. માટે મહાપ્રભુજી કહે છે:

*કૃષ્ણ સેવા સદાકાર્યા માનસી સા પરામતા ।*
*ચેતસ્ત પ્રવણમ સેવા તત્. સિધ્ધયૈ તનુવિત્તજા ॥*

ભારે ખેદની વાત છે કે છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં પુષ્ટિમાર્ગીય પ્રકાશનોમાં સેવાના ત્રણ પ્રકારનો બહુ પ્રચાર થયો છે. તનુજા સેવા વિત્તજા સેવા અને માનસી સેવા. શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોની આના કરતાં વધારે ક્રુર હત્યા બીજી કોઇ પણ રીતે હોઇ શકે નહિં. જ્યારે આપણે ભગવદ્સેવા માટે બીજાને ધન આપીએ છીએ ત્યારે એ વિત્તજા સેવા ક્યારે પણ માનસી સેવાના રૂપમાં વિકસીત થઇ શકશે નહિં. કારણ કે આપણી અંદર રહેલો અહંકાર વધી જશે કે, 'મેં સેવા માટે ધન આપ્યું છે'' આવી જ રીતે ભગવદ્સેવા માટે આપણે કોઇનું ધન લઇએ છીએ ત્યારે પણ આપણી તનુજા સેવા માનસી સેવાના રૂપમાં વિકસીત થઇ શકશે નહિં. કારણ કે ભગવદ્સેવા દ્વારા આપણા મનમાં રોજી રોટી કમાવાની દુર્વૃત્તિ જ વધી જશે. અને આપણું સ્વાભિમાન પણ ખંડિત થશે આમ ભગવાનની સેવાને 'ફાઇનાન્સ' કરવી અથવા ભગવાનની સેવા માટે 'ફાયનાન્સ' લેવું એનાથી વધારે જઘન્ય અધઃપતનનું ઉદાહરણ પુષ્ટિમાર્ગમાં બીજુ કોઇ સંભવિત નથી! જ્યારે જે પુષ્ટિમાર્ગીયના મનમાં સેવાના સ્વરૂપ અંગે આવો વિચાર ઉદભવ્યો હશે કે પુષ્ટિમાર્ગમાં ત્રણ જાતની સેવા થાય છે- તનુજા, વિત્તજા અને માનસી તે દિવસ પુષ્ટિમાર્ગ માટે મોટામાં મોટો દુર્દિવસ હશે, કાળો દિવસ હશે.

સેવાના ત્રણ પ્રકાર કહેવા તે સરાસર જૂઠ છે. સફેદ જૂઠ છે! કારણ કે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતમાં ત્રણ જાતની સેવાનું ક્યાંય સ્થાન નથી. સેવા કેવળ એક જ છે- ચિત્તની વૃત્તિઓને પ્રભુમાં પરોવવી તે 'ચેતસ્ત પ્રવણં સેવા' ચિત્તની આવી તલ્લીનતાનો એક જ ઉપાય છે અને તે છે પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે પોતાના ધન અન તનથી શ્રી કૃષ્ણની સેવા કરવી. તે સેવા કરતાં આપણા મનથી વ્રજભક્તોના ભાવોની ભાવના કરવી.

આવી સેવા આપણા જીવનની અતિ અગત્યની બાબત છે. તેને ધન માટે, યશ માટે કે સંપ્રદાયના પ્રચારનું સાધન બનાવવું તે પોતાની પત્ની પાસે વેશ્યાવૃત્તિ કરાવવી ને પેટ ભરવા જેવી અધમ બાબત છે! એક વખત જો આપણી આવી અધોગતિ થઇ તો ચોક્કસ માનજો કે માનસી સેવાની ઉચ્ચ અવસ્થા કદી પ્રાપ્ત થઇ શકશે નહિં.

વ્રજવાસીઓએ વ્રજાધિપની સેવા તેમનું પેટ ભરવા અપનાવેલો કોઇ ધંધો ન હતી. આપણે વ્રજભક્તોના છળ કપટ વિનાના નિર્દોષ ભાવોનું અનુસરણ કરતાં કરતાં વ્રજાધિપની સેવા કરવી જોઇએ. જો આવી રીતે આપણાથી સેવા ન બને તો સેવા ન કરવી બહેતર છે. શ્રી

મહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ ''મેરો હોય કે જો દેવદ્રવ્ય ખાવેગો સો પતિત હો જાયેગો, મેરો નહિં કહાવેગો'

મારો થઇને જે દેવદ્રવ્ય ખાશે તે પતિત થશે પછી તે મારો નહિં કહેવાય (શાસ્ત્રએ પણ દેવાર્ચનને આજીવિકાનું સાધન બનાવનારને અછૂત કહ્યો છે.)

***આપણું અધઃપતન***

આવી રીતે ભગવદસેવા અને ભગવદ્કથા દ્વારા પુષ્ટિમાર્ગમાં એકત્ર કરાનારા પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પુરા થયા પછી પુષ્ટિમાર્ગને નામશેષ કરનારા પુષ્ટિમાર્ગના પ્રચારક છે! આપણું આનાથી વધારે અધઃપતન બીજું કોઇ સંભવી શકે નહીં.

***ક્રિયાત્મક સેવામાં ભાવનાનું મહત્વ:***

વ્રજભક્તોમાં નિશ્ચલ ભાવોની ભાવના કરતાં કરતાં જેઓ પોતાના ઘરમાં પોતાન તન- મન અને ધનથી ભગવદસેવા કરે છે તેમને જ માનસી સેવા સિદ્ધ થાય છે.

સેવાને કર્મકાંડની ક્રિયાત્મકતાથી બચાવવા માટે અર્થાત ભગવદસેવામાં મન લગાવી ભગવાનની તનુવિત્તજા સેવા કરતી વખતે મનમાં વ્રજભક્તોના ભાવોની ભાવનાનું ચિંતન કરવું આવશ્યક હોય છે, તેમ નહિં કરવાથી સેવાની તે તે ક્રિયા ભાવરહિત બનીજાય છે. જો તે દિવસે લાડુનો ભોગ ધરવાનો લખ્યું હોય અને આપણે કેવળ એકમણ લાડુનો ભોગ ધરી દઇએ એટલે તે વિકૃત્તિ આવી જશે. કારણ કે આવશ્યકતા એક મણ લાડુની નથી પણ લાડુનો ભોગ ધરતી વખતે લાડુ જેવા મધુરતા ભરેલા મનની છે. શ્રીપ્રભુને શૃંગાર ધરવાનું કહેવામાં આવે ત્યારે એટલા બધા શૃંગાર કરાવી દઇએ કે ભગવદરૂપ જ શૃંગારમાં ઢંકાઈ જાય છે. આ ભાવરહિત ક્રિયા છે. આપણે આપણા પરિવારની સાથે સેવામાં જવા તત્પર થવું જોઇએ. તેના બદલે આખા ગામને બોલાવી દર્શન કરાવવા અને મનોરથ કરાવવા લાગી જઇએ, તો મનોરથ કરાવવા લાગી જઇએ, તો તેવી તનુવિત્તજા સેવા માનસી સેવામાં



વિકાસરૂપ બનતી નથી પણ અવરોધરૂપ બને છે!

આપણા પોતાના ઘરમાં પોતાના પરિવારની સાથે પોતાનો દેહ તથા પોતાનું ધન કૃષ્ણસેવામાં વિનિયોગ કરતાં કરતાં પોતાના મનને વ્રજભક્તોના ભાવની ભાવનામાં લગાવવાથી જ આપણા આત્મામાં રોપાયેલું પુષ્ટિબીજ ધીરે ધીરે ભગવદપ્રેમના રૂપમાં અંકુરિત થશે પછી તે ભગવદઆસક્તિના રૂપમાં પલ્લવિત થશે. ભગવદ વ્યસનના રૂપમાં પુષ્પિત થઇ ખીલી ઉઠશે. જ્યારે આપણા મનને ભગવાનનું આવું વ્યસન થઇ જશે ત્યારે આપણી તનુવિત્તજા સેવા માનસી સેવાના રૂપમાં ફલિત થઇ જશે. ભગવદવ્યસન સિદ્ધ થતાં ભગવાનની કથાનું શ્રવણ, સ્મરણ અને કિર્તન પણ આપણા માટે પરોક્ષ અનુભૂતિ નહિં રહે તે ભગવાનના સ્વરૂપ અને લીલાની આપણા મનમાં સાક્ષાત પ્રત્યક્ષ અનુભૂતિનું સાક્ષાતરૂપ ધારણ કરી લેશે.

***ભગવદ્વ્યસનની સાથે સાથે ભગવદ્. ભજન પુષ્ટિજીવનને માટે ચરમ ઉપલબ્ધિ છે***

શ્રીમદ ભાગવતમાં રાસપંચાધ્યાયી પછી યુગલ ગીતનું વર્ણન આવે છે ત્યાં બતાવાયું છે કે વ્રજની ગોપિકાઓને વ્રજમાં રહેતા રહેતા ભગવાનને વૃંદાવનમાં કરેલી લીલાઓના દર્શન થઇ જતાં હતાં ભગવાનના સ્વરૂપ અને લીલાઓનું આ આંતરદર્શન ગોપિકાઓ માટે ન કોઈ દિવાસ્વપ્ન હતું અથવા ભાંગ અફીણના સેવનથી પેદા થતી ભ્રાંતિ પણ ન હતું. જેમ યોગ સાધનામાં ધ્યાન ધારણા કરવામાં આવે છે તેવી રીતે ભક્તિ સાધનમાં કરાયેલી કેવળ ભાવના પણ ન હતી. જેવી રીતે યોગીઓમાં યોગ સામર્થ્યજ્ઞાન દૂરના દેશકાળમાં વિદ્યમાન વસ્તુઓને જોઇ શકવાનું યૌગિક સામર્થ્ય હોય છે તેવી જ રીતે વ્રજમાં રહેવા છતાં પણ દુર વૃંદાવનમાં ભગવાને કરેલી લીલાઓ જોવા સાંભળવા, સુંઘતા અને સ્પર્શ કરવા વગેરેનું એક અલૌકિક સામર્થ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

જ્યારે આપણે વ્રજભક્તોના ભાવોની ભાવના કરતાં કરતાં ભગવાનની તનુવિત્તજા સેવા કરવા લાગીએ છીએ ત્યારે તેવી તનુવિત્તજા

સેવારૂપી બાહ્ય ક્રિયાઓ કરતાં કરતાં ભાવનાઓમાં વહેવું આપણે મન એક દિવસ અકસ્માતે અલૌકિક સામર્થ્ય સુધી પહોંચી જાય છે. અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયા પછી આપણી સેવા કેવળ બાહ્ય ક્રિયાત્મક ન રહેતા માનસી સેવાના રૂપમાં ફલિત થાય છે, અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયા પછી ભગવદકથાનું શ્રવણ અથવા કિર્તન પણ કેવળ પરોક્ષ અનુભૂતિની સીમામાં સીમીત રહેતી નથી. તેને બદલે દર્શન, શ્રવણ, સ્પર્શ આસ્વાદ આદિ અનેક રૂપોમાં આપણા અંતરમાં અનુભૂતિ થવા લાગેછે. શ્રી મહાપ્રભુજી આને જ આંતરરમણ કહે છે. 'આંતરસ્તુ પરમ ફલમ'

આવી આંતરરમણની સિદ્ધિ ભગવતકથાની ફલિતાવસ્થા છે. વ્રજભક્તોને આવી સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી તે આપણે શ્રીમદ ભાગવત્‌ના યુગલ ગીતોના પ્રસંગોમાં જોઇ શકીએ છીએ. તેઓ વ્રજમાં બેઠા બેઠા ભગવાનની વૃંદાવનની લીલાઓ સાક્ષાત અનુભવ તેમના અંતરમાં કરી શકતાં હતા. ભગવાન કેવી રીતે ગૌચારણ કરે છે કેવી રીતે ગાયોને બોલાવે છે, કયા વૃક્ષ નીચે ગોપ બાલકો સાથેની ક્રીડારત થાય છે. ક્યારે પરિશ્રમિત થઇ કોઇ સખાની ગોદમાં મસ્તક રાખીને પોઢે છે, કેવી રીતે વનના પુષ્પ પલ્લવોને પોતાની મસ્તક પરની પાઘડીના પેચમાં સજાવે છે. તૃષાર્ત થતાં યમુનાજલનું પાન પણ કેવી રીતે અંજલિથી કરે છે ક્યારેક ક્યારેક મયુર અને વાનરોની સાથે નૃત્ય અથવા ક્રીડા કેવી રીતે કરેછે વગેરે બધું વ્રજભક્તોને અલૌકિક સામર્થ્યને લઇને વ્રજમાં બેઠા બેઠા જ દેખાઇ જતું હતું.

### *અલૌકિક સામર્થ્ય :*

આમ અલૌકિક સામર્થ્ય વિકાસ પામતા ભગવાનની સેવા અને કથામાં દેશકાળ દ્રવ્ય વગેરેના બંધન રહેતાં નથી સ્વયં ભગવાન પણ ભક્તના નેત્રની સામે પધારે કે નેત્રથી દૂર પધારે ભક્ત પોતાને આંતરિક દ્રષ્ટિના સામર્થ્યથી હંમેશા ભગવાનની નજીક હોવાનો અનુભવ કરતો રહે છે. તેને માટે સંયોગ અને વિયોગની વિભાજક રેખા મટી જાય છે. ભક્તને વિયોગમાં ભગવદ્‌સંયોગની અનુભૂતિ થવા લાગે છે.

સેવાના અવસર કે અનવસર બંનેમાં ભક્તનું મન ભગવાનમાં એટલું તલ્લીન રહે છે કે માનસી સેવા ચાલતી રહે છે.

### *પ્રિયતમ પણ પરમાત્મા છે અને પ્રેમ પણ પરમાત્મા છે!*

આવી ઉતકૃષ્ટ અવસ્થામાં ભક્તની ભાવાનુભૂતિની તીવ્રતાના કારણે તેના બધા મનોરથો પરિપૂર્ણ થાય છે. ભક્તના ભાવ અને વિભાવ અથવા ભગવદ્‌પ્રેમ અને પ્રિયતમ ભગવાન એક જ તત્વના બે પાસા છે. રસખાન કહે છે.

*'પ્રેમ હરિ કો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમ સરૂપ ।*
*એક હોઈ વ્યા લસે, જ્યો સુરજ અરુ ધુપ ॥*

જ્યારે ભગવાન વિભાવના રૂપે અર્થાત પ્રિયતમનારૂપે ભક્તોના નેત્રોની સન્મુખ દર્શન ન આપે અથવા ભક્તના હૃદયમાં ભાવના રૂપમાં ભીતર જ આંતર રમણ ચાલતું રહે ત્યારે આ બંને અનુભૂતિ ભગવદ અનુભૂતિ જ છે. આંતર રમણમાં પ્રાપ્ત થતી ભગવાનની સ્વરૂપાનુભૂતિ અથવા લીલાનુભૂતિ હંમેશા ભક્તના ભાવમય મનોરથોને અનુરૂપ હોય છે. તેથી આવી અવસ્થામાં ભગવાન હંમેશા ભક્તને આધિન થઇ જાય છે!

### *સ્વામી સેવક ભાવ સ્નેહમૂલક છે, ભયમૂલક નથી:*

ભક્ત અને ભગવાનની વચ્ચે એક વિલક્ષણ સંબંધ વિકાસ પામે છે, સ્વામી સ્વામી જ રહેવા છતાં સેવકને આધિન બને છે. જ્યારે સેવક સેવક જ રહે છે પરંતુ તે સ્વાધીન બને છે! તેથી મહાપ્રભુજી કહે છે, 'કૃષ્ણાધીનાસ્તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે'

### *'પુષ્ટિમાર્ગે હરેદાસ્યં ધર્મ*

શ્રી મહાપ્રભુજી આ જ દાસ્યભાવનું નિરૂપણ 'ષોડશ ગ્રંથ' અંતર્ગત ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકમાં કરે છે.

# પુષ્ટિમાર્ગીય ધર્મનું સ્વરૂપ

*સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ*
*સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥૧॥*

**અન્વયાર્થ :-**

**સર્વદા** પ્રત્યેક સમયમાં **સર્વભાવેન** બધા ભાવ સહિત **ભજનીયઃ** આપણા માટે ભજનીય **વ્રજાધિપ** નિઃસાધન વ્રજભક્તોના સ્વામી શ્રીકૃષ્ણ જ છે. **સ્વસ્ય** આપણો તો **ધર્મ** કર્તવ્ય **અયમેવ** આ જ છે. **અન્યઃ** વ્રજાધિપના સિવાય અન્ય કોઈ કર્મ **ક્વાપિ** ક્યાંય પણ **કદાચન** ક્યારેય પણ ન આપણા માટે ધર્મ નથી ॥૧॥

સદા/સર્વભાવ (બધા જ ભાવ, કોઈ પણ ભાવ, પૂર્ણભાવ, ભગવદ રુચિ, સર્વાત્મભાવ) વ્રજાધિપ/ભજનનો ઉપદેશ છે, આદેશ નહીં,/નાન્યઃ ક્વાપિ કદાચન/એકાન્તભક્તિ અને અનન્યાશ્રય/મનનીય ભાવના.

# પુષ્ટિમાર્ગીય ધર્મનું સ્વરૂપ

### *સર્વદા*

'વ્રજાધિપનું ભજન આપણે સર્વદા કરવું જોઈએ. 'સર્વદા'નો અર્થ થાય છે બધા સમયે, બધા સમયનો અર્થ પ્રતિ દિવસ પણ થઈ શકે છે અને પ્રતિક્ષણ પણ. હવે પ્રતિ દિવસ તો કોઈક રીતે થોડો ઘણો સમય કાઢીને ભજન કરવું શક્ય છે, પરન્તુ પ્રતિક્ષણ ભજનની વાત તો સર્વથા અશક્ય લાગે છે. પરંતુ અહીં તે સમજી લેવું આવશ્યક છે કે ભજન કોઈ કર્મકાંડ તો છે નહીં કે કોઈ નિશ્ચિત સમય પર કરી લીધું તો પુણ્યભાવ થઈ જશે અને પછી આખો દિવસ રજા ! શ્રી મહાપ્રભુના મતમાં ભજન એક જીવનપ્રણાલી છે.

શ્રી મહાપ્રભુ અનુસાર ભગવદ્ ભજન નિજગૃહમાં કરવું જોઈએ, કોઈ સાર્વજનિક મંદિરમાં નહીં.

ભગવદ્ ભજન પોતાના પારિવારિકજનોને સાથે લઈને કરવું જોઈએ. આમ જનતાને દર્શન કરાવવા માટે નહીં, અથવા વેતન ભોગી કર્મચારીઓ દ્વારા ભગવત્સેવાનો ભાવહીન કર્મકાંડ સમ્પન્ન કરાવવા માટે નહીં.

શ્રી મહાપ્રભુના મતમાં ભગવત્સેવા 'તનુવિત્તજા' અર્થાત પોતાના તન અને ધન વડે કરવી જોઈએ. પારકાના ધનથી તનુજા સેવા અથવા પારકા તનથી વિત્તજા સેવા કરવી સિદ્ધાંત વિરુદ્ધ છે.

વ્રજભક્તોના ભાવોની ભાવના ભગવદ્ ભજન કરતી વખતે મનમાં ગુપ્ત રીતે કરવી જોઈએ. વ્રજભક્તોના ભાવોના ભુંડા પ્રદર્શન અથવા મનોરથના આમ જનતાને દર્શન કરાવવા રસાત્મકપ્રભુની રસાત્મિકા સેવામાં શુદ્ધ રસાભાસ જ છે.

શ્રી મહાપ્રભુના મતાનુસાર ભગવત્સેવાના મૂળમાં આત્મનિવેદન અને સર્વસમર્પણની ભાવના અપેક્ષિત છે, કેમકે આ ભાવનાના કારણે પોતાનો તથા પોતાની પ્રત્યેક વસ્તુનો ઘરમાં બિરાજમાન ભગવત્સ્વરૂપની

સેવામાં વિનિયોગ શક્ય છે. વ્યાપારિક પદ્ધતિ પર ચાલતાં સાર્વજનિક મંદિરોમાં ભેટ કરવાથી અથવા દાન-ધર્માદા કરવાની રીતમાં પોતાના ઉપભોગમાં આવનાર અન્નવસ્ત્ર આભૂષણ ગૃહ પરિવાર આદિ ભગવત્સેવોપયોગી નથી બની શકતા.

ભાવપ્રવણ રહી શકવાના પોતાના સામર્થ્યથી ન્યૂન સેવા એક આત્મવંચના છે. પરંતુ ભાવપ્રવણ રહી શકવાની સામર્થ્યથી અધિક સેવા, જો આત્મવંચના નહિ તો જગવંચના કે જગદીશવંચના છે. તેથી શ્રી મહાપ્રભુનું કહેવું છે કે ભગવત્સેવા કરવામાં ન્યૂનતા અથવા અધિકતાનો કોઈ સિદ્ધાંત નથી. ભગવત્સેવા એટલી જ કરવી જોઈએ કે જેટલી ભાવવિભોર થઈને આપણે કરી શકીએ.

આ દ્વારા એટલું સિદ્ધ થાય છે કે સેવા એક સહજ તથા સર્વાંગપૂર્ણ જીવન-પ્રણાલી છે. 'સહજ પ્રીતિ ગોપાલ હી ભાવે !'

ભગવત્સેવા કરનારા ભક્તના બધા વ્યવહાર ઊંઘવું-જાગવું કમાવું ખાવું અથવા સ્નેહ ઉપેક્ષા આદિ ભગવદ્ભાવથી પ્રેરિત તથા ભગવત્સેવાના અંગભૂત હોવાથી ભગવત્સેવારૂપ જ હોય છે.

આ અર્થમાં સેવાનું અનુષ્ઠાન સર્વદા શક્ય છે.

***સર્વભાવ***

સર્વભાવથી વ્રજાધિપનું ભજન કરવું જોઈએ. 'સર્વભાવ' શબ્દના ઘણા અર્થ થઈ શકે છે.

(૧) બધા ભાવ

(૨) કોઈ પણ ભાવ

(૩) પૂર્ણ ભાવ

(૪) સર્વ-બધી ઇન્દ્રિયોની ભાવ-ભગવાનમાં રૂચિ

(૧) પોતાના માતા-પિતા બન્ધુ-બાન્ધવ ધન-વિદ્યા કીર્તિ-સુખ વગેરે બધું કાંઈ ભગવાન જ છે, એવા અનન્યભાવ ભગવાનમાં રાખતાં રાખતાં તેમની સેવા કરવી જોઈએ. આ સર્વભાવસહિતભજન કહેવાય છે. રાસના પ્રારંભમાં આ ભાવ વ્રજભક્તોનો ભગવાનની સન્મુખ પ્રકટ થઈ ગયો હતો. ભગવાન ગોપિકાઓને સમજાવી રહ્યા હતા કે તેઓએ પુનઃ પોતપોતાના ઘેર પાછા વળી જવું જોઈએ. કારણકે સ્ત્રીઓનો સ્વધર્મ પોતાના પતિ-સન્તતિ તથા બન્ધુ-બાન્ધવોનું અનુવર્તન છે. પરંતુ ગોપિકાઓએ વિનમ્ર પ્રતિવાદ કર્યો.

યત્પત્યપત્યસુહૃદામનુવૃત્તિરંગ સ્ત્રીણાં સ્વધર્મ ઇતિ ધર્મવિદા ત્વયોક્તમ્ ।

અસ્ત્વેવમેત્તદુપદેશપદે ત્વયીશે પ્રેષ્ઠો ભવાંસ્તુનુભૃતાં કિલ બન્ધુરાત્મા ॥

અર્થ : પોતાના પતિ પુત્ર બાન્ધવોનું અનુવર્તન સ્ત્રીઓ માટે સ્વધર્મ હોય છે એવો ઉપદેશ જે આપ કરી રહ્યા છો, તે અમને શિરોધાર્ય છે. કારણકે અમારા માટે તો સર્વ કાંઈ આપ જ છો. અમારા પ્રિયતમ બધા દેહધારીઓના આત્મા બન્ધુ, બાન્ધવ સર્વ કાંઈ આપ છો. ત્યારે આપણે છોડીને ક્યાં જઈએ ?

ગોપિઓના સર્વભાવનું આ સ્વરૂપ હતું કે કેવળ શ્રીકૃષ્ણ જ તેઓના માટે સર્વસ્વ હતા.

(૨) પોતાના હૃદયમાં આરૂઢ કોઈ પણ એક ભાવની સાથે ભજન કરવું જોઈએ. ઉદાહરણતયા હૃદય વાત્સલ્યભાવના રંગથી રંગાયેલું હોય તો બાલકૃષ્ણની વાત્સલ્ય ભાવાત્મિકા સેવા કરવી જોઈએ. મધુરભાવ જો હૃદયમાં રહેરાતો હોય તો મદનમોહનને પોતાનો પ્રિયતમ માનીને પણ ભજન કરી શકાય છે. હૃદયમાં દાસ્યભાવોચિત દૈન્ય હોય તો ગોકુલાધીશને પોતાના સ્વામી બનાવી સેવકભાવથી પણ સેવા કરી શકાય છે. હૃદયમાં શિષ્યભાવ ભરાયેલો હોય તો જગદ્ગુરુ શ્રીકૃષ્ણની આચાર્યભાવથી પણ સેવા આપણે શિષ્યના રૂપમાં કરી શકીએ છીએ.

વિના કોઈપણ ભાવથી, સેવાની કેવળ બાહ્ય ક્રિયા સમ્પન્ન કરવાના બદલે, કોઈ પણ એક ભાવની સાથે ભગવત્સેવા કરવાનો એક પોતાનો

અલગ આનંદ છે !

(૩) હું અને મારાથી સમ્બન્ધિત બધું કાંઈ ભગવાનનું છે, એવો સર્વાત્મના આત્મસમર્પણનો ભાવ 'પૂર્ણભાવ' કહેવાય છે.

બધું કાંઈ જ્યારે ભગવાનને સમર્પિત કર્યું હોય તો પોતાની અહન્તા અને મમતાથી જોડાયેલી બધી વાતોનો ભગવત્કાર્યમાં વિનિયોગ પણ હોવો જોઈએ. બ્રહ્મસમ્બન્ધની દીક્ષામા આ પૂર્ણભાવના ઉદ્બોધનનો પ્રયાસ છે.

સર્વ પ્રથમ વિરહની સહાનુભૂતિમાં જ્યારે ભક્તિ સર્વાત્મભાવમાં વિકસીત થી જાય છે તો એવા પૂર્ણભાવની સાથે ભગવત્સેવા કરવી જોઈએ.

(૪) સર્વ-બધી ઇન્દ્રિયોનો ભાવ-ભગવાનમાં રૂચિ રાખતા ભગવત્સેવા કરવી, પુષ્ટિમાર્ગમાં ભક્તિયોગની સિદ્ધિ અર્થાત્ 'નિરોધ' કહેવાય છે.

આંખોની ભગવદ્ દર્શનમાં રૂચિ, કાનોની ભગવત્કથાના શ્રવણમાં રૂચિ, વાણી દ્વારા ભગવદ્ ગુણાનુવાદોના કીર્તનમાં રૂચિ, રસનાની ભગવત્પ્રસાદના જ આસ્વાદાનમાં રૂચિ, નાસિકાના ભગવત્પ્રસાદી તુલસી પુષ્પાદિની સુગન્ધ-ગ્રહણમાં રૂચિ, હાથ દ્વારા ભગવત્કાર્યને સમ્પન્ન કરવાની રૂચિ, પગ વડે ભગવત્કાર્યાર્થ ગતિશીલ રહેવાની રૂચિ, પાયુ વડે ભગવત્સેવોચિત શરીરને શુદ્ધ બનાવી રાખવાની રૂચિ, ઉપસ્થ વડે ભગવત્સેવાર્થ સહયચોગી સન્તતિ પ્રાપ્ત કરવાની રૂચિ, ત્વચા વડે ભગવત્સ્વરૂપના સ્પર્શના આલ્હાદની રૂચિ, મન વડે ભગવત્સ્વરૂપની ભાવનામાં રૂચિ, બુદ્ધિથી ભગવદ્ વિષયક નિશ્ચય સંશય વિપર્યાસ સ્મૃતિ અને સ્વપ્નોની અનુભૂતિઓમાં ખોવાઈ રહેવાની રૂચિ, અહંકાર વડે 'દાસોહમ્'વાળી અસ્મિતાને નિભાવી રાખવાની રૂચિ, ચિત્તમાં ભગવદ્ એકતાનતાને નિરંતર જાળવી રાખવાની રૂચિની સાથે જ્યારે આપણે ભગવત્સેવામાં તત્પર થઈ જઈએ છીએ તો શ્રી મહાપ્રભુનું કહેવું છે કે આ અવસ્થાથી વધીને ન તો કોઈ મંત્રસાધના શ્રેષ્ઠ છે, ન કોઈ સ્તોત્રપાઠ શ્રેષ્ઠ છે, ન કોઈ વિદ્યા શ્રેષ્ઠ છે અને ન કોઈ તીર્થયાત્રા જ આવી ભગવત્સેવાથી શ્રેષ્ઠ હોઈ શકે છે. શ્રી મહાપ્રભુ કહે છે :

*હરિમૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ ।*
*દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા ॥*
*શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।*
*પાયોર્મલાશત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ॥*
*યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દૃશ્યતે ।*
*તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ॥*
*નાતઃ પરતરો મન્ત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ।*
*નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્ ॥ (નિરોધ લક્ષણ)*

ભક્ત કવિ રસખાને પણ આ આશયનો એક મનોહર રસિયો ગાયો છે.

*બૈન વહી ઉનકો ગુન ગાઈ*
*ઓ કાન વહી ઉન બૈન સોં સાની ।*
*હાથ વહી ઉન ગાત પરૈ*
*અરું પાયં વહી જુ વહી અનુજાની ।*
*જાન વહી ઉન પ્રાન કે સંગ*
*ઓ માન વહી જુ કરે મનમાની ।*
*ત્યોં 'રસખાનિ' વહી રસખાનિ*
*જુ હૈ રસખાનિ સો હૈ રસખાનિ ॥*

આવી રસાત્મિકા અવસ્થાની સાથે ચિત્તનું ભગવાનમાં તલ્લીન-નિરુદ્ધ થી જવું સર્વભાવની સાથે સેવાનું એક સ્પૃહણીયતમ સ્વરૂપ છે.

(૫) સર્વાત્મભાવની સાથે ભગવદ્ભજન થઈ શકવું પણ સર્વભાવની સાથે ભજનનું એક તાત્પર્ય હોઈ શકે છે. સર્વાત્મભાવ જીવાત્માની ચેતનામાં ચરમ અવસ્થાની ઉપલબ્ધિ છે.

જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીના જ્ઞાનનો વિકાસ સર્વાત્મભાવ સુધી જ સંભવ છે. જો સર્વાત્મભાવથી એક ડગલું પણ આગળ ભરી દીધું તો જ્ઞાની જ્ઞાની નહીં રહીને અક્ષરબ્રહ્મમાં લીન થઈ જશે ! આખું જગત બ્રહ્મના

નામ રૂપોની વિવિધતાનો વિસ્તાર છે. આપણને નામ-રૂપનો અનુભવ તો થાય છે પરંતુ તે પરમતત્ત્વ જેના આ અનન્તકોટિ નામ-રૂપ છે, તે અનુભૂત નથી થતાં. નામ અને રૂપના પડદામાં જ પરમતત્ત્વ સંતાયેલો રહે છે. જ્ઞાનમાર્ગમાં સર્વાત્મભાવની અવસ્થામાં જ્ઞાનના વિકસિત થવાનો અર્થ છેઃ આ નામ-રૂપોના દ્વૈતમાં તે પરમતત્ત્વના અદ્વૈતની અનુભૂતિ. સર્વ નામ-રૂપોમાં તે આત્મા પરમાત્માના ભાવ વિદ્યમાન હોવાની અનુભૂતિ. બસ, આ અનુભૂતિથી એક ડગલું જ્ઞાની આગળ વધ્યો તો જ્ઞાની મુક્ત થઈ જશે !

ભક્તિમાર્ગમાં પણ સર્વાત્મભાવ ભક્તિનો ચરમ વિકાસ છે. તેનાથી એક ડગલું જો આગળ વધવામાં આવે તો ગડબડ થઈ જશે ! ક્યાંક ભક્ત મુક્ત ન થઈ જાય ! આની સાવધાની ભક્તિમાં અત્યાવશ્યક હોય છે. કારણ કે ભક્તિરસનો આસ્વાદ ભૂતલ પર જેટલો રોચક છે તેટલો મુક્તિના ધરાતલ પર નહીં ! તેથી ભક્તિમાર્ગમાં પણ સર્વાત્મભાવ ભક્તિની સીમા છે.

ભક્તિમાં (૧) માહાત્મ્યજ્ઞાન (૨) સુદૃઢ સર્વતોધિક સ્નેહ આ બે પૂર્વોત્તર અવસ્થાઓ છે. દ્વિતીય અવસ્થામાં સ્નેહની પુનઃ બે રીતે અનુભૂતિ થાય છે.

(ક) જ્યારે જીવાત્માને પોતાના સ્નેહની તીવ્રતાને કારણે પરમાત્માના વિરહની અનુભૂતિ થાય છે.

(ખ) જ્યારે જીવાત્માને પોતાના સ્નેહની સફળતાના કારણે પરમાત્માના મધુર સંયોગની અનુભૂતિ થાય છે.

આ બન્નેય અવસ્થાઓમાં ભક્તિનો સર્વાત્મભાવના રૂપમાં વિકાસ સમ્ભવ છે. આસક્તિભ્રમન્યાયથી ભક્તને બધી વસ્તુઓ અને વ્યક્તિઓમાં પોતાના ભજનીય સ્વરૂપની પ્રેમમયી ભ્રાન્તિ થવા લાગી જાય છે.

કેટલીક ભ્રાન્તિઓ અજ્ઞાન-અન્ધકાર અથવા સાદૃશ્ય જેવા કારણોને લઈને હોય છે. જેવી રીતે સીપ પર ચાંદીની ભ્રાન્તિ, સીપને અંધકારવશ ન ઓળખી શકવાને કારણે થાય છે તથા સીપ અને ચાંદીની એક જેવી ચમકના કારણે હોય છે, પરંતુ એક પ્રતીક્ષારત પ્રેમિકાને પ્રત્યેક અવાજમાં પોતાના પ્રિયતમના પગલાંની ભ્રાન્તિ કેવળ અતિશય આસક્તિના કારણે જ થાય છે. જ્ઞાનમાં ભ્રાન્તિ એક રૂકાવટ છે પરંતુ પ્રેમમાં પ્રિયતમની ભ્રાન્તિ પ્રેમનો સાચો પરિપાક છે !

લૌકિક પ્રેમિકા અથવા પ્રિયતમ કોઈ દેશકાળમાં ઉપસ્થિત અથવા અનુપસ્થિત હોય છે. પરમાત્મા પરંતુ કોઈ પણ દેશ અથવા કોઈ પણ કાળમાં અનુપસ્થિત નથી રહેતો. વ્યાપક અને નિત્ય હોવાને કારણે. તેથી કોઈ વસ્તુના દેશકાળમાં અનુપસ્થિત હોવાથી તે વસ્તુની પ્રતિતી પણ 'ભ્રાન્તિ' કહેવાય છે. આ ભ્રાન્તિની પરિભાષા કિન્તુ આસક્તિભ્રમની જેમ જ થતી પરમાત્માની પ્રેમમયી પ્રતીતિ પર લાગુ નથી પડતી. પરમાત્માના સર્વત્ર વિદ્યમાન હોવાના કારણે.

આ સર્વાત્મભાવની અનુભૂતિના વિવિધ રૂપ ઉપનિષદમાં ખૂબ જ રોચક શબ્દોમાં વર્ણિત થયા છે.

*સ એવાધસ્તાત્સ ઉપરિષ્ટાત્સ પશ્ચાત્સ પુરસ્તાત્ ।*
*સ દક્ષિણતઃ સ ઉત્તરતઃ સ એવેદં સર્વમિતિ ॥*
*અથાતોહંકારાદેશઃ*
*અહમેવાધસ્તાદહમ, પરિષ્ટાદહં પશ્ચાદહં પુરસ્તાદ ।*
*અહં દક્ષિણતોકહમુત્તરતોહમેવેદં સર્વમિતિ ॥*
*અથાત આત્માદેશઃ*
*આત્મૈવાધસ્તાદાત્મોપરિશિષ્ટાદાત્મા પશ્ચાદાત્મા પુરસાતાત્ ।*
*આત્મા દક્ષિણત આત્મોત્તરત આત્મૈવેદં સર્વમિતિ ॥*

પહેલાં અચાનક પરોક્ષ પ્રિયતમની ચારે બાજુ પ્રત્યક્ષ પ્રતિતી થવા લાગે છે, પછી લાગે છે કે પ્રિયતમ અહીં ક્યાં ? આ મને પોતાનો ભાવ જ ચારે બાજુ અંદરના બદલે બહાર દેખાવા લાગી ગયો છે. અન્તમાં કાંઈ સમજ નથી પડતી કે તે ચારે બાજુ દેખાઈ રહ્યો છે કે સ્વયં હું જ પોતાની ભાવના પ્રમાણે પોતાની જાતને ચારે બાજુ નિહારી રહ્યો છે. આત્માનુભૂતિમાં ભક્ત-ભગવાન પ્રિય-પ્રેમી જીવાત્મા-પરમાત્માની

વચ્ચે એક વિલક્ષણ તાદાત્મ્યની પ્રેમપૂર્ણ પ્રતીતિ થવા લાગે છે તેથી જ નન્દદાસ કહે છે :

*હૌ જાની પિયકે મિલે વિરહ અધિક સુખ હોય ।*
*મિલતે મિલિયે એકસો વિરહે સબ જગ સોય ॥*

આવી વિલક્ષણ હોય છેસ સર્વાત્મભાવની અનુભૂતિ ! આ અનુભૂતિ પરંતુ માનસી સેવા સિદ્ધ થાય ત્યારે જ સેવામાં અંગભૂત બની શકે છે. અન્યથા નહીં.

બીજું સંયોગાનુભૂતિના પક્ષમાં પણ ભક્તિનો સર્વાત્મભાવમાં વિકાસ સંભવ છે.

સંયોગાનુભૂતિના રૂપમાં જ્યારે સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે તો પરમાત્માની અનુભૂતિ સર્વત્ર નહીં, કિન્તું સર્વ ઇન્દ્રિયો વડે એકી સાથે થવા લાગી જાય છે. આ સર્વાત્મભાવનું વર્ણન શ્રી મહાપ્રભુજીએ ભાગવતના વેણુ ગીત પ્રકરણની સુબોધિનીકારિકામાં કર્યું છે :

*ભગવતા સહ સંલાપો દર્શનં મિલિતસ્ય ચ ।*
*આશ્લેષ:સેવનં ચાપિ સ્પર્શશ્ચાપિ તથાવિધ: ॥*
*અધરામૃતપાનં ચ ભોગો રોમોદ્ગમસ્તથા ।*
*તત્કૂજિતાનાં શ્રવણમાઘ્રાણં ચાપિ સર્વત: ॥*
*તદન્તિગર્તિનિત્યમેવં તદ્ભાવનં સદા ।*
*ઇદમેવેન્દ્રિયવતાં ફલં મોક્ષોપિ નાન્યથા ॥*

આ કારિકાઓમાં બધી ઇન્દ્રિયો વડે મધુરાધિપતિની મધુર અનુભૂતિનું વર્ણન છે. 'સર્વભાવ'ના ચોથા અર્થમાં જે બધી ઇન્દ્રિયોની ભગવાનમાં રૂચિની વાત કહેવામાં આવી હતી ત્યાં એ ફક્ત રૂચિમાં સીમિત નથી રહી જતી, અપિતુ રૂચિથી આગળ વધીને પ્રેમ આસક્તિ વ્યસનમાં પરિપુષ્ટ થઈ જાય છે. અન્યથા તે જ સ્વરૂપ છે.

સર્વાત્મભાવના આ પ્રકારને 'અલૌકિક સામર્થ્ય' પણ કહેવામાં આવે છે. અહીં પહોંચ્યા પછી સેવા ફલરૂપા બની જાય છે. અલૌકિક સામર્થ્ય સિદ્ધ થઈ જવાથી ભક્ત ભગવાનમાં લીન થવામાંથી બચી જાય છે. કારણકે ત્યારે તેની ભક્તિનું ક્યારેય મુક્તિમાં પર્યવસન નહીં થાય. જ્યાં સુધી તે ભૂતલ પર રહે છે. અલૌકિક સામર્થ્યવશ તે બધી ઇન્દ્રિયો વડે પરમાત્માની પ્રેમમયી અનુભૂતિ કરતો રહે છે. દેહત્યાગ પછી પણ તેને દિવ્ય ભગવદ્ ધામોમાં ક્યાંક સેવોપયોગી દિવ્ય દેહ જ મળે છે.

આ સર્વભાવ ભક્તિની સર્વોચ્ચ સ્તરની અનુભૂતિ છે. વસ્તુત: તો આવા સર્વભાવના સિદ્ધ થવાથી વ્રજાધિપના ભજનના ઉપદેશની પણ આવશ્યકતા નથી રહી જતી. કારણકે ત્યારે તો બધી ઇન્દ્રિયોને ભગવાનના પરમાનંદની અનુભૂતિનું વ્યસન જ થઈ જાય છે.

### વ્રજાધિપ

સર્વદા સર્વભાવની સાથે વ્રજાધિપનું ભજન કરવું જોઈએ. અહીં 'વ્રજાધિપ' પદ પર સ્વરભાર સર્વાધિક છે.

શુદ્ધાદ્વૈત દર્શનના દષ્ટિકોણથી જોવામાં આવે તો આ જગતના બધા જડ અથવા ચેતન રૂપ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના નિજ આનંદની અભિવ્યક્તિ માટે, લીલાર્થ પરિગ્રહીત રૂપ છે. તેથી વિભિન્ન દેવતાઓના રૂપોની વાત તો દૂરની છે-આ જગતમાં અધમથી અધમ યોનિમાં પ્રકટ થયેલ રૂપ પણ ભગવાનના જ રૂપ છે.

આ સિદ્ધાંતદષ્ટિ કિન્તુ જ્ઞાનસાધનાના અંતિમ સોપાન પર જે માન્યતાથી ઉપર ઊઠીને અનુભૂતિમાં પર્યવસિત થઈ શકે છે.

અપરોક્ષ બ્રહ્માનુભૂતિના સિદ્ધ થવાથી પહેલાં માખી, મચ્છર, વિંછી, માંકડ, સુવર, કૂતરામાં અથવા માનવયોનિમાં પણ જન્મેલા ચોર લેભાગુ અથવા હત્યારા વ્યક્તિમાં, બ્રહ્મભાવના કરીને તેમનુંભજન એક વિચિત્ર નાટકીય વ્યવહાર જ લાગશે ! જ્યાં સુધી પોતાના ચિત્તમાં ઊંચ-નીચ, સદસદ્ અથવા ગ્રાહ્ય ત્યાજ્યનો ભેદ ભાસિત થાય છે ત્યાં સુધી મોટાઓનું સન્માન કરવું જ પડે છે. નાનાઓ પર કૃપાભાવ રાખવો જ પડે છે. આ રીતે સમાજના સજ્જન હોવાથી આપણે પણ સૌજન્ય રાખવું જ પડે છે. દુર્જનની સાથે દ્વેષ અથવા ઉપેક્ષાનો ભાવ રાખવો જ પડે છે. વ્યવહારમાં અદ્વૈત, સંસારી પુરુષ નથી આચરી શકતો. મહાજ્ઞાની

અથવા જીવન્મુક્તની વાત જ અલગ છે. !

આ જ રીતે પુષ્ટિભક્તિના ભવનની નીચે પાયામાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સંતાયેલો છે. પરંતુ ભવનમાં દ્વૈતવાદની કેટલીક પોતાની ભીંતો પણ છે જ. ઐચ્છિક દ્વૈતની આ ચાર ભીંતોની અંદર જ ભક્તિનો ભાવ અખંડિત રહી શકે છે. તેથી પુષ્ટિભક્તિના ભવનના બાહ્ય બેઠકરૂમ (ડ્રોઈંગરૂમ)માં ન કેવળ કોઈપણ દેવરૂપના પ્રતિ પરંતુ પ્રત્યેક જ્યેષ્ઠ વ્યક્તિના પ્રતિ આપણે આદરભાવ રાખવો જોઈએ. જ્યાં સુધી પુષ્ટિભક્તિના અન્તઃપ્રકોષ્ઠ (અથવા ભજનપ્રકોષ્ઠ)નો સવાલ છે ત્યાં વ્રજાધિપ સિવાય બીજા કોઈ દેવરૂપને પધરાવી નથી શકાતા. આદર બધાનો કરવો જોઈએ. પરંતુ ભજન તો કેવળ પોતાના ઈષ્ટદેવનું જ. પુષ્ટિમાર્ગમાં ઈષ્ટદેવ ભજનીય કેવળ વ્રજાધિપ જ હોય છે.

ભગવત્કથાના જ્યાં સુધી શ્રવણ-પઠન-સ્મરણનો પ્રશ્ન છે તે પ્રસ્થાન ચતુષ્ટયી (વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત)માં વર્ણિત કોઈપણ લીલાનું કરી શકાય છે. ભગવાનની દશવિધ લીલા ભાગવતમાં વર્ણિત થઈ શકે છે. અનેક અવતારોના ઉપાખ્યાનોની સાથે આમનું પઠન-મનન પુષ્ટિમાર્ગીય ભક્ત કરે જ છે. સેવામાં કિન્તુ ભક્તિયોગના કેટલાંક મધુર અથવા કઠોર પ્રતિબંધ છે, ચિત્તને ભગવદ્એકતાન બનાવવા માટે સેવામાં ભજનીય રૂપની કેવળ વ્રજાધિપનું સ્વરૂપ જ પધરાવાય છે.

કૃષ્ણસેવા આપણે વ્રજભક્તોના નિઃસાધન ભાવની ભાવના કરતાં કરતાં કરવી છે. તેથી નિઃસાધનભાવથી કરવામાં આવનારા ભજનમાં ભગવાનનું વ્રજાધિપસ્વરૂપ જ ભજનીયતમ છે. નિઃસાધન વ્રજમાં ભગવાને જે લીલાઓ કરી હતી તેમની ભાવના જે રીતે શક્ય થઈ શકે સેવાનો ક્રિયાપક્ષ તેવો જ ઘડવામાં આવ્યો છે. સેવાના દૈનિકક્રમ, ઋતુક્રમ તથા ઉત્સવક્રમમાં પણ વ્રજમાં જાણે કે આપણે ભગવાનની સાથે જીવી રહ્યા છીએ, તેવું સ્વરૂપ સેવાનું ઘડવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં કૃષ્ણનું જે સ્વરૂપ અન્યત્ર (મથુરા અથવા દ્વારિકા અથવા ગોલોક આદિમાં વર્ણિત થયુ) છે તેવા સ્વરૂપની સ્વરૂપભાવના, લીલા-ભાવના, ભાવભાવના અથવા સેવાભાવના કરવી એક રસાભાસ જેવી સ્થિતિ થશે. ચિત્તની ભક્તિમય એકતાનતામાં એવો રસાભાસ રૂકાવટ ઉત્પન્ન કરે છે.

પુષ્ટિમાર્ગની અન્તર્ગત જેમ ભક્તિમાર્ગ છે તેમજ પ્રપત્તિમાર્ગની પણ એક સરણિ છે, પ્રમુખતયા જેનું ગીતામાં પ્રતિપાદન થયું છે. આ પ્રપત્તિમાં જેમ અનન્યાશ્રયની મહત્તા છે તેવી જ રીતે ભક્તિમાં અનન્યાસક્તિની મહત્તા છે.

શ્રીકૃષ્ણ ચાહે વ્રજમાં હોય, મથુરામાં હોય, દ્વારકામાં હોય અથવા અન્યત્ર ક્યાં પણ હોય તે ક્ષરપુરુષથી અતીત અને અક્ષરપુરુષથી ઉત્તમ જ હોય છે. શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વથા પુરુષોત્તમ જ હોય થે, પરંતુ જેવું પુષ્ટિસ્વરૂપ પોતાનું શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રકટ કર્યું તે અન્યત્ર દુર્લભ છે. તેથી પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં વ્રજભક્તોની ભાવનાને અનુરૂપ વ્રજાધિપના રૂપમાં કૃષ્ણભક્તિની અનિવાર્યતા છે. અન્યથા ભજનીય સ્વરૂપ અને ભજનના સ્વરૂપમાં વિસંવાદિતા ઊભી થઈ જશે.

પ્રપત્તિ માટે શ્રીકૃષ્ણના બધા રૂપોમાં આશ્રય બનાવી શકાય છે : શ્રીકૃષ્ણના વ્રજસ્થિત રૂપને, મથુરાસ્થિત રૂપને, દ્વારિકાસ્થિત રૂપને, વ્યાપિવૈકુન્ઠ સ્થિત રૂપને, અન્તર્યામી નારાયણરૂપને પણ, કેમકે આ બધા રૂપોમાં પણ શ્રીકૃષ્ણની પુરુષોત્તમતા અતિરોહિત રહે છે. તેથી અન્યાશ્રયનો દોષ ઉત્પન્ન નથી થતો.

પુષ્ટિમાર્ગના અન્તર્ગત તન્ત્રાગમોમાં પ્રતિપાદિત પૂજાવિધિ પણ માન્ય કરવામાં આવી છે. આના અન્તર્ગત ભગવાનના ચાર અવતારો રામ, વામન, નૃસિંહ અને બલરામને પુષ્ટિઅવતારોના રૂપમા માન્ય કરવામાં આવ્યા હોવાના કારણે ભક્તિમાર્ગીય પૂજાવિધિમાં તેમની પૂજા તેમની જયન્તિઓ પર માન્ય થઈ જ છે.

શુદ્ધાદ્વૈતના દાર્શનિક સિદ્ધાંતો અનુસાર જ્ઞાનમાર્ગીય સાધનામાં અક્ષરબ્રહ્મની અવ્યક્ત ઉપાસનાની જેમ અન્ય પણ વ્યક્ત-પ્રતીકોપાસનાઓ, જે ઉપનિષદમાં સમજાવવામાં આવી છે, કરી શકાય છે. પરંતુ શ્રી મહાપ્રભુ અનુસાર પુષ્ટિમાર્ગમાં આમને અનાવશ્યક તથા

ભક્તિ અને પ્રપત્તિના ભાવોમાં વ્યર્થ કાલક્ષેપ માનવામાં આવી છે.

શ્રી મહાપ્રભુ અનુસાર આ રીતે કર્મમાર્ગ અન્તર્ગત જે કર્મો શ્રુતિ વિહિત છે. નિત્યકર્મના રૂપમાં તેમનામાં જો અન્ય દેવતાઓની સ્તુતિ પૂજા આદિને કર્તવ્ય કહેવામાં આવ્યા હો તો તે અનુષ્ઠેય જ હોય છે. કામ્યકર્મોમાં જ અન્ય દેવાર્ચન અન્યાશ્રય માનવામાં આવ્યું છે. નિત્યકર્મ અથવા નૈમિતિક કર્મ, જેમને ન કરવાથી પ્રત્યવાય થાય છે, તેમના અનુષ્ઠાનના અન્તર્ગત અન્ય દેવ, ઋષિ, પિતર, ગ્રહ અથવા ભૂત મનુષ્ય પશુ પક્ષી આદિ કોઈની પણ સ્તુતિ અથવા પૂજનમાં અન્યાશ્રય નથી થતો. તેથી પુષ્ટિમાર્ગીય ભક્તિ અથવા પ્રપત્તિમાં આમને બાધક નથી માનવામાં આવ્યા.

શાસ્ત્રવિહિત હોવાથી અગ્નિહોત્ર દશપૂર્ણમાસ, ચાતુર્માસ, પશુ અને સોમયાગ જેવા શ્રોતકર્મમાં અન્યાર્ચન અન્યાશ્રય નથી. આ રીતે ગર્ભાધાન આદિ ષોડશ સંસ્કારોના અન્તર્ગત અથવા સંધ્યોપાસનાની અન્તર્ગત અથવા શ્રાદ્ધદિકર્મોના અન્તર્ગત અન્યદેવાર્ચન અન્યાશ્રય નથી માનવામાં આવ્યું, કારણ કે આ બધા કર્મ શાસ્ત્રદષ્ટિથી અનિવાર્ય માનવામાં આવ્યા છે. આ રીતે વર્ણ આશ્રમધર્મના અન્તર્ગત જેમને શ્રોતકર્મોનો અધિકાર નથી, તેમના માટે જે તીર્થયાત્રા જન્મ્યા હોત તો આ માનવદેહમાં રહેલા રક્તને પીવાનું-તેને ડંખ મારવાનું-અને નિર્જીવ પડેલો મળે તો તેમાંથી માંસ ખેંચી ખાવા સિવાય બીજું શું ઉત્તરદાયિત્વ આપણું હોઈ શકતું ?

સ્ત્રી પુરુષ, બાળવૃદ્ધ, બ્રાહ્મણ આદિ વર્ણ અને આ રીતે બ્રહ્મચર્ય આદિ આશ્રમોના બધા કર્તવ્ય દેહાભિમાન મૂલક જ છે, આત્માની સાથે આ અભિમાનોની વાસ્તવિકતા એક કાકતાલીય સંયોગથી અધિક કાંઈ નથી.

આપણે બ્રાહ્મણ છીએ અથવા શુદ્ર છીએ, સ્ત્રી છીએ અથવા પુરુષ છીએ, યુવાન છીએ અથવા વૃદ્ધ, ગુજરાતી છીએ અથવા મરાઠી છીએ, ભારતીય છીએ અથવા યુરોપીયન છીએ, મનુષ્ય છીએ અથવા જાનવર છીએ એવા કોઈ પણ દેહાભિમાનના કારણે વ્રજાધિપના ભજનને ધર્મ નથી માનવામાં આવ્યો. વ્રજાધિપનું ભજન આપણો ધર્મ છે કારણ કે તે અંશી છે અને આપણે તેના અંશ છીએ. કારણકે દરેક અંશનું પોતાના અંશી તરફ એક સહજ આકર્ષણ રહે જ છે. એક નિરૂપધિ પ્રેમની સરિતા આપણી અંદર વહી રહી છે અને જે સરિતાનો સાગર તે જ વ્રજાધિપ છે.

આ અર્થમાં વ્રજાધિપ આપણા ભજનીય છે, કોઈક લૌકિક ક્ષુદ્ર કામનાઓની પૂર્તિ માટે અથવા મોક્ષદાતાના રૂપમાં નહીં !

### *એકાન્ત ભક્તિ અને અનન્યાશ્રય*

વિવાહ આદિ માંગલિક કાર્યોના પ્રારંભમાં વિઘ્નહર દેવતા ગણપતિ આદિની સ્તુતિ પૂજા પુષ્ટિમાર્ગમાં વર્જિત નથી. પરંતુ ગણપતિ પૂજન આપણે એ કારણે નથી કરતા કે આપણા વિઘ્નોને હરવાનું સામર્થ્ય આપણા ઈષ્ટદેવમાં નથી. વસ્તુતઃ વિઘ્નોને દૂર કરવા માટે ગણપતિ પૂજન અન્યાશ્રય જ છે. તો પણ ગણપતિપૂજન આપણે અવશ્ય કરવું જોઈએ, કારણ કે તે આ પ્રસંગમાં એવા કર્મોના અંગત્વને શાસ્ત્રમાં અનિવાર્યતયા વિહિત છે. એવી સ્પષ્ટ ધારણા અથવા ભાવનાની સાથે ગણપતિપજન કરવાથી અન્યાશ્રય દોષ નથી લાગતો.

પોતાના ઈષ્ટદેવનું પૂજન વિઘ્નવારણની ભાવનાથી કરવું ઉચિત છે કે નહી ?

આ વિષયમાં શ્રી મહાપ્રભુનો સિદ્ધાંત બિલકુલ સ્પષ્ટ છે કે સર્વથા નહીં, કારણ કે આવી ક્ષુદ્ર મનોકામનાઓની સાથે પોતાના ભજનીયને જોડવા પોતાના પુષ્ટિમાર્ગીય વિવેક અને ધૈર્યથી વિચલિત થવા જેવી વાત છે. વિઘ્નવારણની કામનાથી ગણપતિ પૂજન કરવું જેવી રીતે આપણને ભગવદાશ્રયથી ભ્રષ્ટ કરે છે ઠીક તેવી જ રીતે એવી કામનાથી પોતાના ઈષ્ટદેવનું પૂજન કરવું આપણને વિવેક અને ધૈર્યથી ભ્રષ્ટ કરે છે.

શ્રી મહાપ્રભુની દઢતર ધારણા છે કે પોતાના આરાધ્યનું ભજન (અથવા શાસ્ત્રમાં અનિવાર્યતયા વિહિત હોય તો અન્યદેવોના અર્ચન

આદિ પણ) આપણે નિષ્કામભાવથી કરવા જોઈએ. અન્યથા આપણી ભક્તિ પુષ્ટિભક્તિ નહીં રહી જાય, મર્યાદા ભક્તિ બની જશે. ગણપતિ આદિ કોઈ પણ અન્ય દેવનું પૂજન કેવળ શાસ્ત્રવિહિત હોવાના કારણે જ આપણે કરવું જોઈએ. આ પુષ્ટિમાર્ગીય વિવેક છે. જેમ રોજી રોટી કમાવવા માટે આપણે ધંધો અથવા નોકરી કરીએ છીએ એમાં જેમ અન્યાશ્રય નથી થતો. વિદ્યોપાર્જન કરતી વખતે જેવી રીતે વિદ્યાલયના અધ્યાપકને આદર આપવામાં અન્યાશ્રય નથી થતો. આ બધા લોક વ્યવહાર છે. આવી જ રીતે શાસ્ત્રીય વ્યવહારોને નિભાવવામાં પણ અન્યાશ્રય નથી થતો જ્યાં સુધી આપણી અંદરની ભાવના સ્પષ્ટ હોય કે આવા વ્યવહારો આપણે નિષ્કામભાવથી તથા શાસ્ત્રાજ્ઞાપરિપાલનના માટે જ કેવળ કરી રહ્યા છીએ.

લૌકિક અથવા શાસ્ત્રીય બધા કર્તવ્ય કોઈને કોઈ પ્રકારના અભિમાનવશ જ કર્તવ્ય બને છે. દેહાભિમાન રહેવાથી દેહસમ્બન્ધી કર્તવ્ય અનિવાર્ય બની જાય છે. આ રીતે શુદ્ધ આત્મસ્વરૂપના અભિમાનવશ ભગવત્સેવા પણ આપણા માટે અનિવાર્ય આત્મધર્મ છે. તેથી જ શ્રી મહાપ્રભુ કહે છે કે સર્વજ્ઞ સર્વભાવની સાથે વ્રજાધિપનું ભજન જ આપણે માટે સ્વધર્મ છે. આ વ્રજાધિપના ભજન સિવાય અન્ય કોઈ પણ કર્મ કોઈ પણ દેશ અથવા સમયમાં આપણો આત્મધર્મ નથી હોઈ શકતો.

***મનનીય ભાવના***

આ ભાવનું નિરૂપણ વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં પણ ખૂબ જ મનનીય શબ્દોમાં થયું છે :

હે હરિ ! તમારા ચરણોમાં અનન્યતયા આશ્રિત તમારા દાસોનો મને દાસ બનાવો. મારા પ્રાણપતિ મારું મન નિરંતર તમારું સ્મરણ કરતું રહે. વાણી નિરંતર તમારા ગુણોને ગાતી રહે. અને મારી કાયા નિરંતર તમારા કાર્ય કરતી રહે, આવી કૃપા મારા વિષયમાં વિચારો !



## પુષ્ટિમાર્ગીય અર્થ (ધન)નું સ્વરૂપ

*એવં સદા સ્વકર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ*
*પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ॥૨॥*

**એવં** : આ રીતે (આપણા સ્વધર્મને નિભાવ્યે જતાં) પ્રભુઃ : સર્વભવન સામર્થ્યવાન સ્વામી **સ્વકર્તવ્યઃ** તેમણે જે કાંઈ કરવું છે **સદાઃ** સર્વદા **સ્વયમેવ** : સ્વયં જ **કરિષ્યતિ** : કરશે હિ કારણ કે (તે) **સર્વસમર્થઃ** કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે તતો આ કારણથી **નિશ્ચિન્તતા વ્રજેત્** બધી ચિન્તાઓ આપણે છોડી દેવી જોઈએ.

## પુષ્ટિમાર્ગીય અર્થ (ધન)નું સ્વરૂપ

પુષ્ટિમાર્ગીય અર્થ સ્વયં ભગવાન છે :

'અર્થો હરિરેવ હિ'

'અર્થ' શબ્દનો લૌકિક અર્થ ધન થાય છે. ધર્મ પછી ધનને પુરુષાર્થના રૂપમાં પ્રતિપાદિત કરવાનો એક વિશેષ અભિપ્રાય છે.

***અર્થનો અનર્થ***

આજકાલ ઘણું કરીને ધર્મના વિક્રય દ્વારા લોકો ધનના ઉપાર્જનનું ચક્ર ચલાવતા રહે છે. ભગવાન વેદવ્યાસનું કહેવું છે કે તે હાથ ઉંચા ઉઠાવીને શપથ સાથે આ કહે છે કે સ્વધર્મનો નિર્વાહ આપણી આર્થિક આકાંક્ષા અને સુખોપભોગની આકાંક્ષાઓમાં બાધા નાખવા નહીં પરંતુ તેમને કેટલાંક શાશ્વત મૂલ્યોના આધાર પર સજાવવો તે છે :

*ઉર્ધ્વબાહૂ વિરોમ્યેષ ન ચ કશ્ચિદ્ શ્રુણોતિ મે ।*
*ધર્માદ્ અર્થશ્ચ કામશ્ચ સ ધર્મઃ કિં ન સેવ્યતે ॥*

આપણે ખૂબ ચતુર છીએ. વેદવ્યાસનું કહેવું હતું કે સ્વધર્મના નિર્વાહથી અર્થ-કામની સિદ્ધિ થઈ જશે. આપણે સ્વધર્મના વિક્રય દ્વારા આપણા અર્થોપાર્જનના તથા ક્ષુદ્ર કામનાઓની પૂર્તિના ઉપાયો ઘડી લીધા.

આપણે ફાળો એકત્રિત કરવા માટે ભાગવતસપ્તાહોનું આયોજન કરીએ છીએ. આપણે ભેટ જમા કરવા માટે નિત્યનવી સજાવટોની સાથે આપણા ભજનીય વ્રજાધિપની ઝાંખી કરાવવાના મનોરથો કરીએ છીએ. આપણે ભગવાનને ભોગ ધરીએ છીએ. તો પોતાના ધનથી નહી પરંતુ વ્યાજના ધનથી અથવા જનતાથી ભોગ સામગ્રીના રૂપિયા ભેગા કરીને તે રૂપિયા વડે ભોગ ધરીએ છીએ. આ રીતે મફતમાં ધરેલાં ભોગનો, પણ પુનઃવિક્રય કરીએ છીએ ! આવક-વ્યય બંનેમાં આર્થિક લાભનું ભૂત આપણા માથા પર સવાર રહે છે. આ કેવો ધંધો છે ? લોકો ફાઈવસ્ટાર હોટલોમાં લંચ અને ડીનર લેવાની ફેશનમાં ફસાયેલા હોય



તો આપણે ફાઈવસ્ટાર ઉપહારગૃહ બનાવીને ટેબલ-ખુરશી પર ભગવત્પ્રસાદ વેચવાથી પણ ચૂકતા નથી. કારણ કે

'ધર્માદર્થશ્ચ કામશ્ચ સ ધર્મઃ કિં ન સેવ્યતે ।

***અનર્થના નિવારણનો ઉપાય***

પરંતુ શ્રી મહાપ્રભુનો સ્પષ્ટ સિદ્ધાંત છે કે 'ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્યક્તુમ્ ન શક્યતે કૃષ્ણાર્થે તત્પ્રયુંજીત કૃષ્ણોનર્થસ્ય વારકઃ'

ધન તો બધી રીતે ત્યાજ્ય જ હોય છે, પરંતુ ધનનો ત્યાગ કરવો સરળ વાત નથી. તેથી ત્યાગના નિરર્થક પાખંડના બદલે તે ધનનો ભગવત્કાર્યમાં વિનિયોગ ઉત્તમ વાત છે.

આપણે પાખંડ કરીએ છીએ કે ધર્મના વિક્રય દ્વારા પણ આપણો અંતિમ ઉદ્દેશ્ય ધર્મના પ્રચાર પ્રસારનો જ હોય છે. પરંતુ ધર્મના પ્રચાર માટે ધર્મ વિક્રયરૂપ અધર્મ જો અનિવાર્ય હોય, ત્યારે તો ધર્મના બદલે અધર્મની જ જીત થઈ ગઈ ! પછી તો ધર્મના બદલે અધર્મ ખુલ્લેઆમ મુક્ત મનથી કેમ ન કરવામાં આવવો જોઈએ ? ધર્મના પ્રચાર પ્રસારમાં કોઈ ખરાબી નથી. પરંતુ તે પ્રચાર પ્રસારના પ્રકારમાં ધર્મોચિત ગરિમા તો હોવી જોઈએ. (ધર્મ, અર્થ, કામ, મોક્ષ)ના રૂપમાં પ્રાચીન ઋષિ મહર્ષિઓએ ધર્મ અને મોક્ષના કોષ્ઠક (બ્રેકેટ)માં અર્થ અને કામને સિદ્ધ કરવાની છુટ આપી હતી. આપણે અર્થ અને કામના કોષ્ઠકમાં ધર્મ અને મોક્ષ (અર્થ, ધર્મ મોક્ષ, કામ)ના અનુષ્ઠાનનો પાખંડ ઘડી લીધો છે. તેથી જ વર્તમાન યુગમાં ધર્મના પ્રચારમાં વ્યાપારિક વંચના અને સસ્તાપણું આવી ગયું છે.

***'અર્થ'નો સાચો અર્થ***

ભગવદ્ભજન દ્વારા પરંતુ જો કોઈ પ્રકારનું અર્થોપાર્જન કરવું છે, અર્થાત્ કંઈ ધન કમાવવું છે તો તે ધન ભગવાન હરિ જ છે. 'અર્થો હરિરેવ હિ'

જ્યારે આપણે રાજમાર્ગો પર યાતાયાતની વ્યસ્ત પળોમાં

ધર્મવિક્રયને આકર્ષક બનાવવા માટે ભગવદ્ ભાવનાનો અભિનય કરીને નાચીએ છીએ તો જેવી ધનની કમાણી થાય છે, તે અલૌકિક ધન શ્રી હરિ નથી હોતા પરંતુ ક્ષુદ્ર લૌકિક ધન જ હોય છે. તે અર્થોપાર્જન નહીં પરંતુ અનર્થોપાર્જન જ હોય છે.

***શ્રેષ્ઠ અર્થોપાર્જન :-***

આપણે ત્યાં એક સુંદર પદ ગાવામાં આવે છે.

*ધર્મ હી તે પાયો યહ ધન ધર્મ હી તે પાયો ।*
*નીકે રાખ જશોદામૈયા નારાયણ ઘર આયો ॥*
*જા ધનકો જપ તપ મુનિ ખોજત વેદહૂ પાર ન પાયો ।*
*સો ધન ધરયો ક્ષીરસાગરમેં બ્રહ્મા જાય જગાયો ॥*
*જા ધન તે ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।*
*સો ધન બારબાર ઉર અંતર પરમાનંદ વિચારે ॥*

આ શ્રી હરિરૂપ ધન પોતાના ધર્મ અર્થાત્ ભગવદ્દ્ભજનના નિચ્છલ અનુષ્ઠાન દ્વારા જ કમાઈ શકાય છે. જપ તપ વ્રત યમ નિયમ સંયમ વૈરાગ્ય આદિ સિદ્ધ કરનારા મુનિજનોને પણ આ ધન સુલભ નથી. દેવતાઓ માટે પણ આ ધન દુર્લભ છે ! પરંતુ ભગવદ્ ભજન પરાયણ ભક્તના ઘરમાં આ ધન સહજ જ પ્રકટ થઈ જાય છે. એક માતા પોતાના બાળકની જેવી સંભાળ રાખે છે તેટલી સાવધાની ભક્તને પણ પોતાના આ અલૌકિક ધનની રક્ષા માટે રાખવી જોઈએ.

***અર્જિત ધનની સુરક્ષા***

ભાગવતમાં આવે છે કે જ્યારે જ્યારે શ્રી કૃષ્ણના પ્રતિ થોડી પણ અસાવધાની થઈ કે કોઈને કોઈ રીતના અસુરો ગોકુલમાં ઘુસી જતા હતા કૃષ્ણને ચોરીને લઈ જવા માટે, કૃષ્ણને ખતમ કરી દેવા માટે પોતાના વિષલિપ્ત સ્તનોથી દૂધ પીવડાવીને કૃષ્ણને ખતમ કરી દેવા માટે, ગોકુળમાં સૌથી પહેલા પૂતના આવી હતી. જોવામાં બહુ સુંદર સોહામણી લાગતી હતી. પરંતુ તેના નિર્મમ સ્તનો પર વિષ લગાડેલું હતું !



યશોદાની થોડી સરખી પણ અસાવધાનીનો લાભ લઈને તેણે તે વિષલિપ્ત સ્તન શ્રી કૃષ્ણના મુખમાં ખોસી દીધું.

***સ્નેહમાં અજ્ઞાન સહ્ય છે પણ કપટ નહીં.***

શ્રીમહાપ્રભુ કહે છે કે 'પ્રભુઃ સ્વકર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ'. પોતાનું કર્તવ્ય પ્રભુ સ્વયં જ નિભાવે છે. તેથી સ્તનપાન કરતી વખતે ભગવાને તે પૂતનાના પ્રાણ પણ હરી લીધા. મા યશોદા પોતાના નવજાત શિશુની રખેવાળીમાં કદાચિત્ અસાવધાન ભલે હોય, પરંતુ તેના સ્નેહમાં પૂર્ણ નિશ્ચલતા હતી !

***શ્રી કૃષ્ણભજનમાં પહેલી બાધા પૂતના***

શ્રી મહાપ્રભુ કહે છે કે પૂતના વ્રજભક્તોની અવિદ્યા હતી.

આજે પણ પુષ્ટિમાર્ગીય જનસાધારણને, જેઓ પોતાના ગ્રન્થોનું અધ્યયન મનન-સ્વાધ્યાય નથી કરતાં, તેમના અજ્ઞાનનો લાભ ઉઠાવવા અનેક પૂતનાઓ યત્ર-તત્ર સર્વત્ર ફરી રહી છે ! પુષ્ટિમાર્ગના ગ્રામીણ લોકોને શ્રી મહાપ્રભુ વિરચિત સ્તોત્રોના સ્તનો ઉપર સર્વથા વિપરિત વ્યાખ્યાઓનો વિષ લેપ કરીને, આ આધુનિક પૂતનાઓ સ્વાધ્યાયના સ્તનપાન કરાવવા સર્વત્ર ભ્રમણ કરી રહી છે.

પુષ્ટિમાર્ગીય દીક્ષાવિધિમાં નિઃસાધનતાના ભાવના ઉદબોધન માટે અષ્ટાક્ષરમંત્ર દ્વારા શરણાગતિની ભાવના પ્રતિપાદિત કરવામાં આવી છે, તો આ પૂતનાઓ ઊલટું સમજે છે કે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જપવાથી શ્રીકૃષ્ણ પ્રસન્ન નથી થતાં.

વાસ્તવિકતા જ્યારે આ છે કે શ્રી કૃષ્ણને પ્રસન્ન કરવા માટે પુષ્ટિમાર્ગમાં અષ્ટાક્ષર મંત્રના જપની મહત્તા દેખાડવામાં જ નથી આવી. અપિતુ જીવાત્મામાં નિઃસાધન ભાવના ઉદ્બોધનાર્થ વિવેક-ધૈર્ય-આશ્રયના રક્ષણ માટે નિશ્ચિતતાપૂર્વક ભજનના નિર્વાહાર્થ અષ્ટાક્ષરના જપની આવશ્યકતા બતાવવામાં આવી છે.

આવા અનર્ગલ ઉપહાસોના કારણે પુષ્ટિમાર્ગીયોની પોતાના મંત્રમાં

નિષ્ઠા જ્યારે ખંડિત થઈ જાય છે ત્યારે આ પૂતનાઓ પોતાના મનપસંદ એક બે સ્તોત્ર જપવાની પ્રેરણા આપવા લાગે છે ! જાણે કે આ સ્તોત્રના જપથી મુક્તિ મળી જવાની હોય !

એક વાર એક આવા જ 'વૈષ્ણવપુત્ર' વલ્લભદાસભાઈથી અમારી મુલાકાત થઈ. તેમને 'વૈષ્ણવપુત્ર' કહેવાનું પ્રયોજન એ છે કે તેમના માતા પિતા વૈષ્ણવ ન હોત તો નામ વલ્લભદાસ કેમ રાખતાં. પરંતુ તેઓ સ્વયં જો વૈષ્ણવ હોત તો તેમને વૈષ્ણવપુત્ર કહેવાના બદલે 'વૈષ્ણવ' જ કહેવું ઉચિત હોત ! આમના હૃદયમાંથી શ્રી મહાપ્રભુના સિદ્ધાંતોની વિપરીત વ્યાખ્યાઓના કારણે બધી સૈદ્ધાંતિક નિષ્ઠા ખંડિત થઈ ગઈ હતી. આ વલ્લભદાસભાઈને તેમના ગુરુજીએ અન્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પણ તેમના માર્ગથી ચ્યુત કરવા માટે ગામ-ગામમાં જઈને સંપર્ક સ્થાપિત કરવાની પ્રેરણા આપી હતી.

તેઓ સ્વયં બતાવી રહ્યા હતા કે ગુજરાતના કોઈ ગામમાં જ્યારે તેઓ પ્રચારાર્થે ગયા હતા તો તે ગામના લોકોએ તેમની વાત સાંભળવા ના પાડી દીધી હતી. ત્યારે તેમણે નવી યુક્તિ શોધી કાઢી. તેમણે કહેવાનું શરૂ કર્યું કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યની પ્રશંસામાં ગાવામાં આવેલ 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો' પદ પર તેઓ કાંઈક પ્રવચન કરવા ઈચ્છે છે. બિચારી ભોળી ગ્રામીણ જનતા ફોસલાવવામાં આવી ગઈ અને ત્યાં આ ગુરુજીના પ્રવચનોનો સ્વાધ્યાય કરવાનું કેન્દ્ર, પુષ્ટિમાર્ગીય મંદિરમાં જ સ્થાપિત થઈ ગયું !

હું નથી સ્વીકારી શકતો કે બધો જ દોષ કેવળ તેમનો જ હતો. કારણ કે આપણા માર્ગના સિદ્ધાંતોનો સ્વાધ્યાય સારી રીતે પોતાના વૈષ્ણવબંધુઓને કરાવ્યો હોત તો તેમને સૂરદાસજીના 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો' પદમાં રહેલી દૂધના જેવી મધુર ભાવનાની સાથે, તેની વિપરીત વ્યાખ્યાના વિષના કડવા સ્વાદને ઓળખવામાં કોઈ મુશ્કેલી ના પડત !

શ્રી મહાપ્રભુના સિદ્ધાંતોથી વિપરીત સ્વયં આપણે, પહેલાં માર્ગના અનુયાયીઓની નિષ્ઠાને સ્વમાર્ગીય ગ્રંથોના સ્વાધ્યામાં દૃઢ કરવાના બદલે યદા-કદા ગામોમાં ભેટ લેવા માટે પરદેશ કરતાં સમયે, જ્યાં ત્યાંની વ્યર્થ વાતો દ્વારા'વચનામૃત'માં આ પુષ્ટિસિદ્ધાંત નિષ્ઠાને મૃતપાય છોડી દીધી છે, ત્યારે તો પૂતનાઓ સફળ થઈ શકે છે. પહેલાં આપણે નિજગૃહમાં ભગવત્સેવાના સિદ્ધાંત પર ભાર મૂકવાને બદલે સાર્વજનિક મંદિરોમાં ભડકીલી સજાવટોવાળા મનોરથોના ક્રૂર પૈડાની નીચે પુષ્ટિમાર્ગની જનતાની સ્વધર્મનિષ્ઠાને કચડી નાંખી છે. ત્યારે તો યુગ હજી થોડુંક પડખું બદલી પણ ન શક્યો કે આપણી વાતો આજે સારરહિત અપ્રાસંગિક તથા સમય ધન અને સામર્થ્યની વ્યર્થ બરબાદી લાગવા લાગી ! પરિણામસ્વરૂપ પોતાના સમ્પ્રદાયનો ઉપદેશકવર્ગ પણ જ્યારે જનતાની બદલાયેલી મનોસ્થિતિનો સામનો ન કરી શકવાની સ્થિતિમાં પોતાને ગણવા લાગે તો સિદ્ધાંત અપસિદ્ધાંતની પરવા કર્યા વગર જે જનરુચિમાં સર્વાધિક યશપ્રદ બની જાય એવો ફાળો એકત્રિત કરવાની ભાગવત સપ્તાહના આયોજનો પર ભાર મૂકવા લાગી ગયો છે.

### *ખોટી પસંદગી*

આપણે ભગવત્સેવાને નિજગૃહમાં જ કરવાના સિદ્ધાંતને કહેવાથી કતરાઈએ છીએ. કારણ કે તે હકીકત છે કે આજે પુષ્ટિમાર્ગીય આચાર્યગૃહના પ્રાયઃ શતપ્રતિશત, ભગવદ્ મંદિર સાર્વજનિક મંદિરોમાં દુષ્પરિણત થઈ ગયા છે.

આપણે લક્ષ્મી અને નારાયણની વચ્ચે લક્ષ્મીને પસંદ કરી. શ્રી મહાપ્રભુના ઉદ્ગાર (દામોદરદાસ, સંભલવાળાની વાર્તામાં ઉદ્ઘૃત) કે 'લક્ષ્મી કો યમુનામેં પધરાઓ ઔર નારાયણ કો ઘરમેં !' આનાથી બરાબર વિપરીત આપણે નારાયણને સાર્વજનિક ન્યાસના પ્રવાહમાં વિસર્જીત કરીને પોતાના ઘરમાં લક્ષ્મીની આવકવેરાથી અને સંપત્તિકરવેરાથી સુરક્ષા કરી લીધી છે ! કારણ કે આપણે ચિન્તિત અને નિરાશ થઈ ગયા છીએ. આપણને લાગે છે કે વ્રજાધિપનું ભજન હવે આપણો સ્વધર્મ નથી રહ્યો પરંતુ સમ્પ્રદાયના પ્રચારનો અને આપણી આજીવિકાનું હવે અવશિષ્ટ એક માત્ર અંતિમ સાધન છે ! જ્યારે શ્રી મહાપ્રભુનું કહેવું છે કે 'એવં સદા સ્વકર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ પ્રભુઃ

સર્વસમર્થો હિ તતો નિશ્ચિતતાં વ્રજેત'

### શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈ: કૃષ્ણ: સેવ્ય:

શ્રી મહાપ્રભુના 'શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈ: કૃષ્ણ: સેવ્ય:'ના ઉપદેશમાં આપણે જ તત્પર ન હોઈએ, આપણા સિદ્ધાંત ગ્રંથોનું સારી રીતે અવગાહન કરવા સ્વયં આપણે જ તત્પર ન હોઈએ, આપણા બધા આયોજનોની દોડ જનતા પાસેથી ફાળો એકત્રિત કરીને કેટલાંક ભડકીલાં છપ્પનભોગ જેવા મનોરથ અથવા તથાકથિત માનવસેવા માટે કેટલીક ભાગવત્સપ્તાહો સુધી સીમિત હોય. તો આ જ ઉત્સવોના આયોજનોમાં જ્યારે આપણે ગાફેલ હોઈએ, ત્યારે આપણા બાલકૃષ્ણના મુખમાં આધુનિક પૂતના પોતાનું વિષલિપ્ત સ્તન ખોસી દે તો ક્યાં આશ્ચર્યની વાત છે ? ભાગવતમાં આવે છે કે 'કંસેન પ્રહિતા ઘોરા પૂતના બાલઘાતિના શિશુશ્ચચાર નિઘ્નન્તી પુરગ્રામવ્રજાદિષુ'. કંસ દ્વારા છોડવામાં આવેલી બાલઘાતિની ઘોર પૂતના અનેક અબોધ શિશુઓનો વધ કરતી કરતી નગર, ગ્રામ, વ્રજ આદિ બધી જગાઓ પર ચક્કર મારવા લાગી ગઈ !

### ભગવાન પોતાનું કર્તવ્ય નિભાવશે પરંતુ...

શ્રી મહાપ્રભુનું આપણને સ્પષ્ટ આશ્વાસન છે કે જો આપણા શાસ્ત્રોનું સારી રીતે અવગાહન કરીને, વ્રજભક્તોના ભાવોની ભાવના કરતાં કરતાં નિજગૃહમાં પોતાના તન ધન પરિવારજનોને ભગવત્સેવામાં આપણે લગાડીશું તો પૂતનાના જેવી બધી બાધાઓ ભગવાન જાતે જ હરી લેશે : 'એવં સદા સ્વકર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ પ્રભુ...'

### પ્રમેયબળ પછી પહેલાં પ્રમાણબળ

શ્રી કૃષ્ણને જેમ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન પૂર્ણ પુરુષોત્તમ માનવામાં આવે છે, તેમ જ બલરામને સંકર્ષણવ્યૂહ સિવાય શેષનાગરૂપ તથા વેદરૂપ પણ માનવામાં આવ્યા છે. વેદને પ્રમાણરૂપ માનવામાં આવ્યા છે કે જેનો પ્રમેય સ્વયં બ્રહ્મ છે. નંદાલયમાં બંને પ્રકટ થયા છે. પ્રમાણરૂપ વેદ સ્વયં બલરામ અને પ્રમેયરૂપ પરબ્રહ્મ સ્વયં કૃષ્ણ. આ બંનેની પ્રકટ થવાની પ્રક્રિયા ભાગવતમાં અલગ અલગ બતાવવામાં આવી છે. પ્રમાણરૂપ બલરામ પહેલાં પ્રકટ થાય છે અને પ્રમેયરૂપ કૃષ્ણ પછી અનુજના રૂપમાં. તેથી જ શ્રી મહાપ્રભુ કહે છે કે શાસ્ત્રનો સારી રીતે અવગાહન દ્વારા પ્રમાણબળને પહેલા પ્રકટ થવા દેવું જોઈએ-પછી અનુજના રૂપમાં પ્રમેયસ્વરૂપ વ્રજાધિપ કૃષ્ણ સારી રીતે સેવ્ય બની શકશે.

### તમારું ઘર જ નંદાલય બનશે જો નંદનંદનને સમજી શકો

એક બીજું તથ્ય આમના પ્રાકટ્યના રૂપમાં મનનીય છે તે એક નંદાલયમાં બલરામ પ્રકટ થાય છે, વસુદેવના પુત્રનાં રૂપમાં જ. તેમનું લાલન પાલન પરંતુ થાય છે નંદના જ્યેષ્ઠ પુત્રના રૂપમાં. જ્યારે કૃષ્ણનો પ્રાદુર્ભાવ નંદાલયમાં નંદનંદનના રૂપમાં થયો છે. અને વસુદેવને ત્યાં વાસુદેવનાં રૂપમાં પણ. નંદનંદનને નંદાલયમાં પહોંચાડનારા વસુદેવને લાગે છે કે આ મારો આત્મજ છે. વાસ્તવિકતા એ છે કે તે આજે બંનેનો આત્મજ બની ગયો છે કારણ કે તે સર્વસમર્થ છે !! તેથી ઉભયત્ર આત્મજભાવ સ્વીકારી શકે છે અજ હોવા છતાં પણ !!!

વસુદેવ સ્થાનાપન્ન ગુરુને ત્યાં જ્યારે ભગવન્મૂર્તિની પુરુષોત્તમના રૂપમાં ભાવાત્મિકા પ્રતિષ્ઠા કરવામાં આવે છે અને પછી કોઈ વૈષ્ણવના નંદાલયરૂપ ઘરમાં જ્યારે તે (ભગવત્સ્વરૂપ) પધરાવવામાં આવે છે, તો ભગવાનનું તે સ્વરૂપ બંનેના માટે આત્મજ તુલ્ય હોય છે. તેથી પોતાના પરિવારમાં બાલકૃષ્ણના પ્રકટ થયા પછી પ્રત્યેક વૈષ્ણવ માટે એટલું આવશ્યક થઈ જાય છે કે તે અન્યત્ર સાર્વજનિક મંદિરોમાં ભટકવાના બદલે નિજગૃહમાં બિરાજમાન વ્રજાધિપના નિજી સ્વરૂપના ભજનમાં એકદમ તલ્લીન થઈ જાય.

### સિદ્ધાંત ઉપદેશ: આચાર્યોનું કર્તવ્ય

વર્તમાનયુગમાં સ્વયં ગોસ્વામી આચાર્યોના નિજી સેવ્યસ્વરૂપોને, ભગવત્સેવાને તથા સેવાસ્થળોને સાર્વજનિક ધર્માદા ન્યાસ (ટ્રસ્ટ) અથવા મંદિરના રૂપમાં વિકૃત કરી દેવામાં આવ્યા છે. આ પુષ્ટિમાર્ગના ઉચ્છેદની

પ્રક્રિયાના ક્રૂર એવમ્ નગ્ન તાંડવનૃત્યમાં પ્રદર્શિત થનારી અંતિમ લયકારી છે.

નંદરાયજી કૃષ્ણજન્મ પછી વસુદેવજીને મળવા મથુરા ગયા હતા. ભાગવતના આ પ્રસંગમાં વર્ણન આવે છે કે ત્યારે વસુદેવજીએ નંદરાયજીને આ જ સુઝાવ આપ્યો કે તેમણે શીઘ્ર જ પોતાના ગોકુલ પાછા જવું જોઈએ. કેમકે અનેકવિધ ઉત્પાતોની ત્યાં સંભાવના છે.

આ રીતે વસુદેવસ્થાનાપન્ન પ્રત્યેક આચાર્ય ગોસ્વામી મહાનુભાવોનું આ કર્તવ્ય છે કે તેમના ઘરોમાં તેમના સેવ્યસ્વરૂપોના દર્શન માટે ભટકતાં વૈષ્ણવોને આ સુઝાવ આપે :

'પાછા વળો પોતાના ઘર તરફ જ્યાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ અમે પધરાવી આપ્યું છે ! કારણ કે પુષ્ટિમાર્ગમાં ભજનીય નંદાત્મજ (વ્રજાધિપ) છે ! વસુદેવાત્મજ નહીં ! વૈષ્ણવબંધુઓ ! સિદ્ધાંત બોધક પ્રમાણરૂપ બલરામનું લાલન પાલન તો તમે બરોબર કરી રહ્યા છો કે નહીં ? કારણ કે બીજભાવની દૃઢતા નિજગૃહમાં ભગવત્સેવા પરાયણ રહેવાથી થાય છે (ગૃહે સ્થિત્વા... ભજેત્ કૃષ્ણ) તો પછી હવે અમારે ત્યાં વ્યર્થ ચક્કર ન મારો ! જાઓ પોતાના ગોકુલ તરફ જ્યાં પૂતનાથી પોતાના બાલકૃષ્ણને બચાવી શકો ! અન્યથા આ પૂતનાઓ ઊંધી વાત તમને સમજાવી દેશે કે 'જગતના સર્જકની બાલભાવનાથી સેવા કરવી મનોવિકૃતિ છે.'

ભાગવતમાં આવતા વસુદેવજીના વચન વસુદેવસ્થાનાપન્ન આચાર્યોએ પણ પુનઃ કહેવા જોઈએ. 'ભ્રાતર્મમ સુતઃ કિચ્ચનમાત્રા સહ ભવદ્વ્રજે તાતં ભવન્તં મન્વાતો ભવદ્ભ્યામુપલાલિતઃ ?... નેહ સ્થેયં બહુતિથં સન્ત્યુત્પાતાશ્ચ ગોકુલે !'

ગોકુલમાં એકવાર પહોંચી જાઓ તો પૂતના મરેલી મળશે પોતાનું બાળક કૃષ્ણ નહીં. તેથી આજની આ પૂતનાઓથી બચવા માટે પણ શ્રી મહાપ્રભુનો આ ઉપદેશ સર્વદા બુદ્ધિ સામે રાખવો જોઈએ કે જો તમે નિશ્છલ ભાવો સહિત યશોદાની જેમ નિજગૃહમાં પોતાના લાડીલા વ્રજાધિપની સેવામાં તત્પર રહ્યાં તો આ પૂતનાઓની બાધા ભગવાન સ્વયમેવ દૂર કરી દેશે. 'એવં સદા સ્વકર્તવ્યં પ્રભુ સ્વયમેવ કરિષ્યતિ.'

આવા જ બીજા અનેક અસુર જે વ્રજમાં આવ્યા હતા તેમને સ્વયં ભગવાને જ ખતમ કર્યા હતા. ભગવાનથી બહિર્મુખ કરનારી અવિદ્યાનો શ્રી મહાપ્રભુએ જેમ 'પૂતના' કહ્યું તેવી જ રીતે અન્ય અસુરોના સ્વરૂપ પણ સમજાવ્યા છે.

### *શકટાસુરની બાધા*

ભગવત્સેવામાં અનુપયોગી આપણા ઘરસંસારની મમતાસ્પદ અનેક વસ્તુઓ શકટાસુર જેવી હોય છે. ચરણને ભક્તિરૂપ માનવામાં આવ્યા છે. પોતાના આ ભક્તિરૂપ ચરણો વડે ભગવાને શકટાસુરનો નાશ કર્યો હતો. આપણે સાવધાની રાખવી જોઈએ કે ભગવત્સેવામાં અનુપયોગી ઘરમાં સંચિત એવી અનેક મમતાસ્પદ વસ્તુઓના ઢગલામાં ક્યાંક આપણા ભજનીય વ્રજાધિપનું સ્વરૂપ દબાઈ ન જાય ! શ્રી મહાપ્રભુ આને નિરોધલક્ષણમાં આમ સમજાવે છે 'યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દૃશ્યતે તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્યઃ'

### *તૃણાવર્તની બાધા*

આપણી અંદર ભરેલા રાજસ ભાવોના તૃણાવર્ત ક્યારેક આપણા ભજનીય સ્વરૂપને ઉડાવી લઈ જઈ શકે છે. જ્યારે આપણે નિજગૃહમાં સર્વસ્વ નિવેદનના રૂપમાં ભગવત્સેવા નથી કરી શકતા ત્યારે પોતાના સેવ્યસ્વરૂપને પરિવારથી પૃથક કરીને તેમની સેવા માટે આપણે સંપત્તિ સંચય કરવા લાગીએ છીએ. સંચિત સંપત્તિને કરાધાનથી બચાવવા માટે આપણી અંદર રાજસ ભાવોના તૃણાવર્ત ઉઠવા માંડે છે. તૃણાવર્તના કારણે ઉઠેલી સંપત્તિની ધૂળ આપણી આંખોમાં ભરાઈ જાય છે. ત્યારે આપણામાં આપણાં ભજનીય પ્રભુ દેખાતા બંધ થઈ જાય છે. આંખોમાં, મોઢામાં, નાકમાં, કાનમાં અને આખા ઘરમાં પણ સંપત્તિની ધૂળ તો ખૂબ ભરાઈ જાય છે પરંતુ આ અંધાધુંધીમાં આપણો ભજનીય વ્રજાધિપ ઉછળીને ઘરની બહાર ક્યારે ફેંકાઈ જાય છે તે આપણને ખબર નથી પડતી !

શ્રી મહાપ્રભુનું કહેવું છે કે આ તૃણાવર્તને ખતમ કરવો હોય તો એક જ ઉપાય છે. 'બીજદાઢર્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્, ભક્તિનો બીજભાવ દઢ કરવો હોય તો પોતાના નિજગૃહમાં રહીને જ શ્રી કૃષ્ણનું ભજન કરવું જોઈએ. નિજઘરમાં શ્રી કૃષ્ણને સર્વસ્વનિવેદન કરનારા ભક્તની અંદર બધા તૃણાવર્તો સહજ જ રોકાઈ જાય છે, શ્રી કૃષ્ણના પ્રમેયબળથી 'એવં સદા સ્વ કર્તવ્યમ્ સ્વેયમેવં કરિષ્યતિ પ્રભુઃ સર્વસમર્થ હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્.'

*કાલિયદમન*

આપણી નિઃસાધનતાના ભાવોવાળી યમુનામાં અનેક ઈન્દ્રિયોની ફેણોવાળી કાલિયનાગ પણ રહે છે જ. આની પ્રત્યેક ફેણમાં વિષયાસક્તિનું ઝેર ભરેલું છે. આ ફેણોને ભક્તિરૂપ ભગવચ્ચરણારવિંદો વડે કચડી નાંખવામાં ન આવે તો નિઃસાધનતાનો બધો જ ભાવ વિષાક્ત બની જશે. પોતાના ઘરમાં જો વ્રજાધિપને આપણે નથી પધરાવતા તો ભક્તિરૂપ ચરણોના અભાવમાં વિષયાસક્ત ઈન્દ્રિયરૂપ ફેણોને કચડી નાંખવી શક્ય નહીં બને. ત્યારે આ કાલિયદમન કેવી રીતે નાથી શકાશે ? નિજગૃહમાં વ્રજાધિપની તનુવિત્તજા તથા વ્રજભક્તોના ભાવોની ભાવનાથી ભરેલી સેવા ભક્તિને અંકુરિત થવા દેવાની સ્પૃહણીયતમ અનુકૂળતા છે.

*દોષહારી હરિના ગુણોના ગુણજ્ઞ બનો જગતના દોષોના દોષજ્ઞ નહીં.*

શ્રી મહાપ્રભુનું સ્પષ્ટ આશ્વાસન છે કે આપણી તરફથી જો આટલી સરખી વાત બની જાય તો બાકી બધા અસુર ભાવવાળા દોષોના નિવારણનો આયાસ પ્રભુ પોતે કરશે. ઉદાહરણતયા અવિદ્યા સ્વરૂપવિસ્મૃતિ અન્તઃકરણાધ્યાસ પ્રાણાધ્યાસ ઈન્દ્રિયાધ્યાસ દેહાધ્યાસ જન્ય મિથ્યા અહંતા મમતા આદિ બધા દોષો જ્ઞાનમાર્ગીય સાધકની જેમ સ્વયં આપણે દૂર કરવાની ઝંઝટમાં નથી પડવું પડતું. ભક્તિમાર્ગમાં ભક્તે ભગવાન હરિના ગુણોને જાણીને ભક્તિમાં લીન થવું જોઈએ. ભક્તિમાર્ગીય સાધક ગુણજ્ઞ હોય છે. તે ભગવદ્‌ગુણોના બદલે પોતાના અથવા જગતના દોષોના ચિંતનમાં ફસાઈ ગયો તો ભગવદ્ અનુરક્તિને લાયક મૃદુતા અથવા બાલસુલભ સરળતા તેના હૃદયમાં નહીં રહી જાય. જ્ઞાનમાર્ગીય સાધકના માટે વિરક્તિ અપરિહાર્ય નહીં તો પણ આવશ્યક તો હોય છે. વિરક્તિના મૂળમાં દોષબુદ્ધિ રહે છે. જ્યાં સુધી કોઈ વસ્તુમાં દોષ સ્ફુરિત ન થાય આપણે તેનાથી વિરક્ત નથી થઈ શકતા. તેથી જ્ઞાનમાર્ગીય સાધકનું દોષજ્ઞ હોવું જરુરી હોય છે. પરિણામસ્વરૂપ પૂર્વોક્ત દોષોના નિવારણના આયાસની સાથે જ્ઞાનમાર્ગીય સાધનોનો પ્રારંભ થાય છે.

*જ્ઞાનમાર્ગીય અધિકારી દોષજ્ઞ હોય છે ભક્ત તો ગુણજ્ઞ જ.*

જ્ઞાનમાર્ગમાં અજ્ઞાનજન્ય દોષોનો નાશ જ્ઞાનના સાધનપ્રમાણ દ્વારા થાય છે. જ્ઞાનમાર્ગમાં તેથી જ પ્રમાણબળની અપેક્ષા અધિક રહે છે. ભક્તિમાર્ગમાં અજ્ઞાનજન્ય બધી રીતના દોષોનો નાશ પ્રમાણરૂપ બલરામ નહીં અપિતુ પ્રમેયરૂપ શ્રી કૃષ્ણ જ કરી દે છે. ભક્તે કેવલ ભગવાનમાં તલ્લીન થવાનો પ્રયાસ કરવો જોઈએ. તેના દોષે ધીરે ધીરે સ્નેહમયી ભક્તિ અથવા સ્નેહાસ્પદ ભજનીય ભગવાનના માહાત્મ્ય અથવા પ્રમેયબળથી સ્વતઃ એવ દૂર થવા લાગી જાય છે.

જેવી રીતે પાલતું માછલીઓના ટબનું જળ ગંદુ થઈ જવાથી પ્રાયઃ બદલવું પડે છે. પરંતુ બધુ મલિન જળ એકી સાથે જો ટબની બહાર ઉલેચી દેવામાં આવે તો માછલીઓના પ્રાણનું આવી બનશે. તેથી સરળ ઉપાય તેનો એ હોય છે કે એક બાજુથી ટબમાં નિર્મળ જળ ધીરે ધીરે ભરવામાં આવે અને બીજી બાજુથી મલિન જળને કાઢવા માટે એક રબરની નળી લગાડી દેવામાં આવે, આ ગુણાધાનની પ્રક્રિયા છે.

માછલીઓને તડપતી કરીને મલિન જળને એકી સાથે બહાર ઉલેચી દેવું અને પછી પુનઃ સ્વચ્છ જળ ભરવાનો પ્રકાર ગુણાધાનના બદલે દોષનિવારણ પર ભાર આપવાની પ્રક્રિયા છે.

જ્ઞાનમાર્ગ દોષ નિવારણથી સાધનાનો પ્રારંભ છે. જ્યારે ભક્તિમાર્ગ ગુણાધાનથી સાધનોનો પ્રારંભ ઈચ્છે છે. તેથી જ શ્રી મહાપ્રભુ કહે છે કે આપણે તો વ્રજાધિપના ભજનમાં જોડાઈ જવું જોઈએ,

આપણા અનેકવિધ દોષોનું વારણ ધીરે ધીરે સ્વતએવ અર્થાત્ સ્વયમેવ પ્રભુ જ કરી દેશે : 'એવં સદા સ્વ કર્તવ્યમ્ સ્વેયમેવ કરિષ્યતિ પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્.'

### જ્ઞાનસાધનોમાં કઠોરતા છે : ભક્તિસાધનોમાં મૃદુતા

જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રના શ્રવણ પછી મનન નિદિધ્યાસન અને વૈરાગ્ય જેવા સાધનોમાં અથવા યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધ્યાન ધારણા સમાધિ જેવા સાધનોમાં પણ એક પ્રકારની રુક્ષતા અથવા કઠોરતા રહે છે. ભક્તિમાર્ગીય સાધનોમાં તેવી કઠોરતા અથવા રુક્ષતા હોતી નથી. ભક્તિમાર્ગમાં એકવાર શાસ્ત્રશ્રવણ કરી લીધું તો પછી મસ્તીમાં કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વંદન દાસ્ય સખ્ય અને આત્મ નિવેદનરૂપ મૃદુ સાધનોના આવર્તનમાં તલ્લીન થઈ જવું પર્યાપ્ત હોય છે.

### ભક્તિમાં બળ: નિશ્છલભાવ અને ભગવાનનું પ્રમેયબળ

ભગવાન જ્યારે પોતાના પ્રમેયબળથી ભક્તના અજ્ઞાનજન્ય દોષોને પોતાની બાલલીલાઓથી જ દૂર કરી દે છે તો ભક્ત માટે કરવાનું બચી જાય છે, નિશ્ચિત થઈને ભગવાનની આ બાલલીલાઓનું મસ્તી ભરેલું શ્રવણ-કીર્તન-સ્મરણ ! ભક્ત માટે કરવાનું બચી જાય છે પોતાના ભજનીય વ્રજાધિપના સ્વરૂપનું ચરણસેવન-અર્ચન-વંદન ! જ્યારે બધું જ કાંઈ આપણે ભગવાન પર છોડી દીધું પછી ચિંતા કઈ વાતની ? આપણે ચિંતા કરવી જોઈએ કેવળ આ વાતની કે આપણે વ્રજાધિપના સાચા સેવક અથવા સાચા સખા કેવી રીતે બન્યા રહીએ ! આપણે તો આપણા આત્મનિવેદનની ચિંતા કરવી જોઈએ. ભગવાનની સમક્ષ એકવાર જે જીવે પોતાનું આત્મિનવેદન નિશ્છલ ભાવથી કરી દીધું તો પછી ચિંતા સ્વયમેવ ભગવાન જ કરશે. 'એવં સદા સ્વ કર્તવ્યમ્ સ્વેયમેવ કરિષ્યતિ પ્રભુઃ સર્વસમર્થ હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્.'

### નિશ્ચિંતતાનું રહસ્ય

જ્ઞાનસાધન પ્રમાણપ્રક્રિયા પર ભાર આપે છે જ્યારે કે ભક્તિસાધન પ્રમેય પરમાત્માના સ્વરૂપ પર ! કારણ કે જીવાત્મા અમસર્થ હોય તો પણ શું થયું ? પરમાત્મા તો સર્વસમર્થ છે. ભક્તને પોતાના ભગવાન પર પૂરો વિશ્વાસ હોય છે કે તે જે કરશે તેમાં ભક્તની ભલાઈ જ થવાની છે. ભક્તના ગુણ-અવગુણની ભગવાનના ગુણોની તુલનામાં શું વિસાત છે ? ભક્તિમાર્ગોચિત નિશ્ચિતતાના વિષયમાં પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથ વિરચિત વિજ્ઞપ્તિના આ શ્લોક મનનીય છે.

*બલિષ્ઠા અપિ મદ્દોષાઃ ત્વત્ક્ષમાગ્રેતિ દુર્બલાઃ ।*
*તસ્યા ઈશ્વરધર્મત્વાદ્ દોષાણાં જીવધર્મતઃ ॥*
*યથા વયં તદીયાઃ સ્મઃ તથા સોપિ નિસર્ગતઃ ।*
*અસ્મત્પ્રભુરત શ્ચિન્તા નૈહિકે પારલૌકિકે ॥*

અર્થ : આપણાં દોષ કેટલા પણ બલિષ્ઠ ન લાગતા હોય પરંતુ ભગવાનની ક્ષમા કરવાની શક્તિની તુલનામાં તે નિતાંત દુર્બળ જ હોય છે. કારણ કે દોષ અંતમાં અસમર્થ જીવાત્માના ગુણધર્મ હોય છે, જ્યારે ક્ષમા તો સર્વસમર્થ પરમાત્માનો ગુણધર્મ છે. જેવા આપણે ભગવાનના છીએ તેવા જ વ્રજાધિપ પણ નિસર્ગતઃ આપણા પ્રભુ-સ્વામી છે. તેથી ન તો આપણને કોઈ ઐહિક ચિંતા હોવી જોઈએ અને ન કોઈ પારલૌકિક ચિંતા જ !

સર્વસમર્થ વ્રજાધિપ પ્રભુને જ્યારે આપણે આપણું સર્વસ્વ બનાવી લીધા તો પછી ચિંતાની કોઈ વાત રહી નથી જતી !

### મનનીય ભાવના

આ ભાવનું નિરૂપણ વૃત્રાસુર-ચતુશ્લોકીમાં અતિશય મનનીય શબ્દોમાં આપવામાં આવ્યું છે.

નથી મને સ્વર્ગ જોઈતું, નથી મને બ્રહ્માની પદવી જોઈતી, નથી મને ભૂમિ પર સાર્વભૌમ સામ્રાજ્ય જ જોઈતું, નથી મને રસાતલ પર આધિપત્ય પણ. નથી મને યોગસિદ્ધિઓની કોઈ અપેક્ષા છે અને નથી મોક્ષની પણ. મને તો તારા સિવાય બીજું કાંઈ પણ નહીં જોઈએ !

## પુષ્ટિમાર્ગીય કામનું સ્વરૂપ

*યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।*
*તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈઃ વૈદિકૈરપિ ॥૩॥*

**અન્વયાર્થ :**

**શ્રી ગોકુલાધીશઃ** શ્રી શક્તિ તથા 'ગોકુલ' નામના સ્વામી શ્રી કૃષ્ણને **યદિ** જો **સર્વાત્મનાઃ** બધી રીતે અથવા સર્વાત્મભાવ સહિત **હૃદિઃ** હૃદયમાં ધૃતઃ ધારણ કરી લીધા હોય તો **બ્રૂહિઃ** કહો કે **તત અપરમ્ઃ** તેના સિવાય **લૌકિકૈઃ** લૌકિક સાધનો દ્વારા (અથવા) **વૈદિકૈઃ** વૈદિક સાધનો દ્વારા (મળનારા ફલ અને) **કિમ્ઃ** શું હોઈ શકે છે ? ॥૩॥

શ્રી કૃષ્ણ દર્શન કામનાનું મુખ્ય સ્વરૂપ,/ કામભાવ સંતોષરહિત હોય છે./ મંદિરોમાં દર્શન કરવા દોડવું વાસ્તવિક કામભાવ નથી./ યો વૈ ભૂમા/ તત્/ સુખં નાલ્પે સુખં અસ્તિ/ વૃત્તિઓના અનુપયોગ અને દુરૂપયોગથી બચો./ વૃત્તિવિવેક,/ ભૂમાની અનુભૂતિમાં જ્ઞાની અને ભક્તનું તારતમ્ય./ સંગાત્ સંજાયતે કામઃ/ ભગવત્કામ દ્વારા હૃદયમાં સર્વાત્મભાવની સિદ્ધિ તથા ભગવત્સ્થિતિ,/ સર્વાત્મભાવમાં કેવળ દ્વૈત ઘટિત અહંકારાદેશ./ સર્વાત્મભાવમાં શુદ્ધાદ્વૈત ઘટિત આત્માદેશ,/ભક્તને સર્વાત્મભાવમાં ભગવત્સંયોગ તથા ભગવદ્વિયોગનો ભેદ નહીં./ એકની અનેકતા અને અનેકોની એકતા એક જ સિક્કાની બે બાજુઓ છે./ ભગવત્કામથી જ સર્વાત્મભાવ સિદ્ધિ/ પરમાત્મા બધાના કાંત છે./ માહાત્મ્યજ્ઞાનનું સ્વરૂપ/ બુદ્ધિહીનોની કામતુષ્ટિની રીત હૃદયહીનોના કામનાશની અંતિમ પરિણતિ./ ભક્ત તો હૃદય અને બુદ્ધિ ઉભયયુક્ત હોવાના કારણે ભગવદનુરાગવશ વિષયોમાં વિરક્ત હોય છે./ ગોકુલાધીશને આમંત્રિત માહાત્મ્યજ્ઞાનથી કરવામાં આવે છે પરંતુ તે અનામંત્રિત પણ ક્યારેક સ્વતઃએવ આવીને હૃદયમાં સંતાઈ શકે છે./ ભક્ત પરાજિત નથી થતો અને ન ભયભીત પણ./ જ્ઞાની ભયભીત થવાથી બહુધા પરાજિત પણ થઈ જાય છે./ ભગવદ્કામ સંસારજનક નહીં કિંતુ ભજનાનન્દજનક જ હોય છે./ મનનીય ભાવના.

## પુષ્ટિમાર્ગીય કામનું સ્વરૂપ

શ્રી કૃષ્ણદર્શનની કામનાને પુષ્ટિભક્તમાં કામ પુરુષાર્થના રૂપમાં માન્ય કરવામાં આવી છે. 'કામો હરિદિદૃક્ષૈવ' પરંતુ નેત્રો વડે શ્રી કૃષ્ણના કેવળ દર્શનમાત્રની કામના રાખવાના સીમિત અર્થમાં આ દર્શનાભિલાષા નથી લેવામાં આવતી.

### *શ્રીકૃષ્ણદર્શન કામનાનું મુખ્ય રૂપ*

શ્રી પ્રભુચરણ કહે છે કે પુષ્ટિભક્તની કામના નેત્રો વડે કેવળ ભગવાનના દર્શન કરી લેવાથી પૂર્ણ નથી થઈ જતી. પુષ્ટિભક્ત તો બધી ઈન્દ્રિયો દ્વારા ભગવાનની અનુભૂતિ ઇચ્છે છે : ' દૃષ્ટેપિ ભગવતિ યાવત્ સર્વઈન્દ્રિયૈઃ સાક્ષાન્નાનુભુયતે ન તાવત્ સ્વાસ્થ્યમ્ ઈતિ ન સાક્ષાત્કાર માત્રં ફલમ્ (ટિપ્પણીઃ ૧૦-૨૦) અર્થ : ભગવાનના દર્શન પામી લેવા છતાં પણ ભક્ત સ્વસ્થ નથી થઈ જતો. તે ભગવાનને કેવળ નિરખવા જ નથી ઇચ્છતો, પરંતુ વાત પણ કાંઈક તેમનાથી કરવા ઇચ્છે છે. કેટલાંક તો તેમના મુખારવિંદથી નિસૃત મધુર શબ્દોને સાંભળવા પણ ઇચ્છે છે.

'જા દિન કન્હૈયા મોસો 'મૈયા' કહી બોલેગો આનન્દ સુભગ તા દિન ગિનોગી રી આલી.'

ભક્ત તો ભગવાનના હાથનું સ્પર્શસુખ પણ ઇચ્છે છે. 'સખા અંશ પર વામ બાહુ દિયે યા છવિ પૈ બિનમોલ બિકાઉં. સુંદર મુખકી હોં બલબલ જાઉં !'

ભગવાનના શ્રી કંઠમાં ધારણ કરેલી તુલસી અને પુષ્પોની વનમાળાને સૂંઘી લેવાની પણ ભક્તને ક્યારેક ક્યારેક લાલસા જાગી જાય છે.

ભક્ત કેવળ દર્શન કરી લેવા માત્રથી સંતુષ્ટ નથી થઈ શકતો. તે તો ભગવાનને સર્વાત્મના ઇચ્છે છે-પોતાની વૃત્તિઓ વડે ઇચ્છે છે. જેવી રીતે બધી નદીઓ સાગર તરફ દોડે છે, અને જે સ્વયં સાગર સુધી નથી

પહોંચી શકતી, તેઓ તે નદીથી જઈ મળે છે જે સાગરથી મળી શકતી હોય ! આ રીતે ભક્તની જોવા સાંભળવા ચાલવા-બોલવા ઈચ્છા-સ્મરણ અને જાગ્રત-સ્વપ્ન આદિ બધી વૃત્તિઓ તે એક પરમાનંદના લહેરાતા સાગર તરફ બધી બાધાઓ ઓળંગીને વહેવા ઈચ્છે છે :

*ચિતવન રોકે હૂ ન રહી ।*
*શ્યામસુંદર સિન્ધુ સન્મુખ સરિત ઉમંગ બહી ॥*
*પ્રેમ સલિલ-પ્રવાહ મોહી કબન થાહ લઈ ।*
*લોલ લહર કટાક્ષ ઘૂંઘટપટ કગાર ઢઈ ॥*

નિરંતર વહેવું-બધી બાધા ઓળંગીને વહેવું-બધી વૃત્તિરૂપ નદીઓનું કેવળ તે પરમાનંદના સાગરની દિશામાં વહેવુ-આનું નામ તો ભક્તિ છે :

'મનોગતિરિવિચ્છન્ના યથા ગંગામ્ભસોમ્બુધૌ !' આજ ભગવત્કામનું મુખ્ય રૂપ છે.

***કામભાવ સંતોષ રહિત હોય છે.***

કામનો સ્વભાવ શાસ્ત્રોમાં આ રીતે સમજાવવામાં આવ્યો છે કે કામ્ય વિષય વસ્તુઓનો ઉપભોગ કરી લેવા છતાં પણ કામ ક્યારે શાંત નથી થઈ શકતો. ઘી વડે ક્યારેય આગને હોલવી શકાય છે શું ?

*ન જાતુ કામઃ કામનામુપભોગેન્ શામ્યતિ ।*
*હવિષા કૃષ્ણવર્ત્મેવ ભુય એવાભિવર્ધતે ॥*

આ જ વાત ભગવત્કામ પર પણ લાગુ થાય છે જેવું હૃદય એકવાર થયેલા ભગવત્સાક્ષાત્કારથી સંતુષ્ટ થઈ જતું હોય, તે કોઈ જ્ઞાનમાર્ગીય જિજ્ઞાસુ હશે-ભક્તિમાર્ગીય ભગવત્કામી નહીં.

જે નદી વહીને સાગર સુધી પહોંચી શકે છે. તે સદા જ સાગર સુધી પહોંચતી જ રહી હતી, રહે છે અને રહેશે. જ્ઞાનમાર્ગીય સાધક બ્રહ્મને જાણવા ઈચ્છે છે. હા તે પણ તેને ઈચ્છે તો છે પરંતુ જાણવા માટે જ. તેથી જાણી લીધા પછી તેની ચાહના તેના હૃદયમાં નથી રહી જતી. તે સ્વયં સમુદ્ર બનવા ઈચ્છે છે. સમુદ્ર તરફ વહેવા નહીં. તેથી જ જિજ્ઞાસુ જ્યારે જ્ઞાન મેળવી લે છે તો જે સાકાર રૂપ અથવા આકૃતિના તટ પર તે નિરાકાર બ્રહ્મથી મળી શક્યો હતો તેને જ જુઠાવવા ઈચ્છે છે. તે બધા ઉપાસના માટે કલ્પિત હતા.' કહીને ! ભક્તિની સરિતા સાગર બનવા નથી ઈચ્છતી, સાગરથી મળવા ઈચ્છે છે. તેથી જ નિરંતર વહેતી રહે છે અને નિરંતર મળતી રહે છે સાગરથી-ચિરઉત્કંઠિતા નાયિકાની જેમ !

અપરોક્ષ બ્રહ્માનુભૂતિ પછી તેથી જ જ્ઞાની શાંત અને સંતુષ્ટ થઈ જાય છે જ્યારે ભગવત્સ્વરૂપની રસમાધુરીના આપાનક પછી ભક્ત અધીર, અશાંત અને ચિરપિપાસુ બની જાય છે. ભગવત્સ્વરૂપાનુભૂતિ ભગવલ્લીલાનુભૂતિ અથવા ભગવાનની નવધા ભક્તિમાં ચિર અતૃપ્તિનું નામ ભગવદ્‌ભક્ત છે. સતત ઉત્કંઠાનો ભાવ જ ભક્તિ છે. 'હવિષા કૃષ્ણ વર્ત્મેવ ભૂય એવાભિર્ધતે !'

જ્ઞાનમાર્ગી કોઈ ગંતવ્ય સ્થલ પર શીઘ્ર પહોંચી જવાની ત્વરા રાખનારો યાત્રી છે જ્યારે ભક્તિમાર્ગી તો ભગવદકામના ઉપવનમાં ફરવા આવેલો સહેલાણી હોય છે.

***'મંદિરોમાં દર્શનાર્થે દોડવું વાસ્તવિક કામભાવ નથી.***

સમજવા લાયક તથ્ય આમાં એ છે કે આપણે મંદિરોમાં દિવસમાં એકાદવાર નિયમતઃ દર્શન કરવા જવાની વૃત્તિને માની બેઠા છીએ. મંદિરમાં દર્શન કર્યા વગર ભોજન ન કરવું. આપણે સમજીએ છીએ કે પરમભક્તિ છે, નિયમિત ક્લબમાં જવાના બદલે દર્શન કરવા જવાનો નિયમ એક સારો નિયમ છે પરંતુ સારા નિયમથી અધિક કાંઈ પણ તો તે નથી ! નવધા ભક્તિમાં ક્યાંય પણ આ નિયમને સમાવિષ્ટ કરવામાં નથી આવ્યો. શ્રી મહાપ્રભુએ ષોડશ ગ્રંથમાં એક પણ વચન આ નિયમને ભક્તિનું અનિવાર્ય અંગ બતાડનારું નથી લખ્યું. મંદિરમાં ભગવદ્ વિગ્રહના દર્શનની કેવળ કામના સત્કામના કહી શકાય છે, પરંતુ કામ પુરુષાર્થ નહીં. ઘણા ખરાં પુષ્ટીમાર્ગીઓ આજકાલ દુર્ભાગ્યવશ મંદિરોમાં ભગવદ્ દર્શનાર્થ ભટકતાં રહેવામાં જ ભક્તિની પરાકાષ્ઠા સમજે છે. આનાથી કોઈ પણ પુરુષાર્થ અર્થાત્ ચારેમાંથી તે એક પણ સિદ્ધ નથી

થતો.

જિહવાની સ્વાદલોલુપતાને કારણે ભગવત્પ્રસાદ કોને નથી ગમતો ? પરંતુ તેને ભગવત્કામ નથી કહી શકાતો.

આ રીતે ભીડ એકત્રિત કરવા માટે કરવામાં આવેલી ભડકીલી સજાવટને જોવાનો શોખ પણ ભગવત્કામ હોવાના ગૌરવની ઊંચાઈની પાસે ક્યારે પણ નથી ફરકતો. કારણ કે સજાવટનું સૌંદર્ય જનતાની સામે રાખવામાં આવે છે. ભગવત્સ્વરૂપની સામે તો ફુલ નહીં પરંતુ તેમના ડાંડા રાખવામાં આવે છે! ફલતઃ આવા અપરાધને કારણે દર્શનાર્થીની દૃષ્ટિ સજાવટમાં ભટકીને રહી જાય છે. તે ભગવત્સ્વરૂપ સુધી નથી પહોંચી શકતી અને તેથી જ ભગવદકામ જગાવવામાં આ બધી પ્રક્રિયાઓ સર્વથા નિષ્ફલ સિદ્ધ થાય છે.

### યો વૈ ભૂમા તત્સુખમ્ નાલ્પે સુખમસ્તિ

આપણી બધી વૃત્તિઓને ભગવદભિમુખ બનાવવાના બે પ્રકાર સંભવ છે.

(૧) કેવળ બાહ્ય દર્શન, સ્પર્શન, શ્રવણ, આઘ્રાણ આદિના વિષયના રૂપમાં જ ભગવાનને પ્રેમ કરવો. આ ભગવત્કામના ભગવાનથી જોડાયેલી કામના હોવા છતાં પણ તૃતીય પુરુષાર્થરૂપી કામના અથવા કામપુરુષાર્થ નથી.

(૨) હૃદયમાં ભગવાનને સર્વાત્મના ધારણ કરવાના કારણે બાહ્ય એવં આંતર નિરંતર ભગવદનુસંધાન કરી રાખવું, અથવા ભગવત્કામના તીવ્ર આવેશવશ ભગવદ્ વિરહ જન્ય કલેશનો અનુભવ થવો આ અવશ્ય જ તૃતીય પુરુષાર્થરૂપ કામ છે.

પ્રથમ કલ્પ દ્વિતીય કલ્પની ભૂમિકા બની શકે છે. પરંતુ કામ પુરુષાર્થ તો ભગવાનને હૃદયમાં સર્વાત્મના ધારણ કરવા હોય ત્યારે જ સંભવ છે. ભગવાનને સર્વાત્મના હૃદયમાં ધારણ કરવા અને સર્વાત્મના કામભાવ કેવળ ભગવાનમાં જ સ્થાપિત કરવો આ બંને અન્યોન્યાશ્રિત વાતો છે. તેથી જ શ્રી મહાપ્રભુએ નિરોધલક્ષણ ગ્રંથમાં એ સમજાવ્યું છે કે સંસારાવેશથી દૂષિત થવામાંથી ઇન્દ્રિયોને બચાવવી હોય તો તેમને ભૂમા-પરમાનંદરૂપ શ્રી કૃષ્ણની સાથે યથોચિત રૂપમાં જોડી દેવી જોઈએ.

*સંસારાવેશદુષ્ટાનામિન્દ્રિયાણાં હિતાયઃ વૈ ।*
*કૃષ્ણસ્ય સર્વવસ્તુનિ ભૂમ્ન ઈશસ્ય યોજ્યેત્ ॥*
*ગુણેશ્વાવિષ્ટ ચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ।*
*સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્સુખમ્ ॥*
*તદા ભવેદ્ દયાલુત્વમન્યથા ક્રુરતા મતા ।*
*બાધશંકાપિ નાસ્ત્યત્ર તદ્ધ્યાસોપિ સિધ્યતિ ॥*
*ભગવદ્ધર્મસામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ ।*
*ગુણૈર્હરિ સુખસ્પર્શાન્ન દુખં ભાતિ કર્હિચિત્ ॥*
*એવં જ્ઞાત્વાં જ્ઞાનમાર્ગાદુત્કર્ષો ગુણવર્ણને ।*
*અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ॥*
*હરિમૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ ।*
*દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા ॥*
*શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।*
*પાયોર્મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ॥*
*યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ।*
*તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્યં ઈતિ નિશ્ચયઃ ॥*
*નાતઃ પરતરો મન્ત્રો નાથ- પરતરઃ સ્તવઃ ।*
*નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્ ॥*

લૌકિક રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ શબ્દોમાં આસક્તિ અર્થાત્ સંસારાવેશ વડે દૂષિત આપણી ઇન્દ્રિયોની દર્શનરતિ, આસ્વાદનરતિ, આઘ્રાણરતિ, સ્પર્શનરતિ, શ્રવણરતિ અથવા અન્ય પણ કર્મેન્દ્રિયો અને અંતઃકરણના વ્યાપારોમાં અભિવ્યક્ત થતી રતિઓનું અહિત બે રીતે સંભવ છે. કાં તો તેમને કોઈ પણ પ્રકારના નિગ્રહ વિના લૌકિક વિષયજન્મ ક્ષુદ્ર-અલ્પ સુખોની ખોજમાં નિરંતર જ્યાં ત્યાં ભટકેલી રહેવા દેવી, અથવા પછી નિગ્રહના અતિરેક દ્વારા તેમને સર્વથા નિઃશેષ જ કરી દેવી.

ક્ષુદ્ર સુખદાયી વિષયોથી ઇન્દ્રિયોને વ્યામુખ કરવાની વાત તો સમજમાં આવી શકે છે, પરંતુ તેવી જ રીતે નેત્રોને અથવા કર્ણોને

દર્શનરતિ અથવા શ્રવણરતિથી રહિત બનાવી દેવામાં કોઈ નેત્રવાન અથવા કર્ણવાનને શુ લાભ મળી શકે છે ? ઇન્દ્રિયવૃત્તિઓનો આવો નિગ્રહાતિરેક 'કુયોગ' કહેવાય છે. બુરાઈ ન જોવી એક અચ્છાઈ હોઈ શકે છે, પરંતુ બુરાઈ ક્યાંક દેખાઈ ન જાય તે ભયથી આંખોને ફોડી નાંખવામાં શું અચ્છાઈ છે ?

ભૂખ લાગતાં જ યદ્વા તદ્વા કાંઈ પણ ખાઈ લેવું, ખાદ્ય પદાર્થના શુદ્ધ પવિત્ર પોષક અને સ્વાદિષ્ટ હોવાના વિવેક વિના અથવા પ્રાણાન્તકારી અનશન જ કરવા લાગી જવું આ બન્ને જ અસ્વસ્થ તથા અસ્વાભાવિક મનોવૃત્તિઓ છે.

### *વૃત્તિઓના અનુપયોગ અને દુરૂપયોગથી બચો*

શ્રી મહાપ્રભુ કહે છે : સર્વેષામેવ નિરોધને તત્તદાધિષ્ઠાતૃદેવ દ્રોહો ભવત્યેવ ભગવત્સમર્પણે તુ તદ્વચનેન તદુક્તમેવ કૃતમિતિ ન કોપિ દોષઃ સંભવતિ !! (સુબો ૨-૪-૧૭). ઇન્દ્રિયોની રત્યાત્મિકા વૃત્તિઓમાં દમનરૂપ અનુપયોગ ઉચિત નથી. આ રીતે ક્ષુદ્ર લૌકિક વિષયસુખોના ઉપભોગના તેમનો દુરૂપયોગ પણ ઉચિત નથી. તેમનો સર્વથા અનુપયોગ અથવા દુરૂપયોગ બંને જ અસ્વાભાવિક અને અસ્વસ્થ અતિરેક છે. તેના બદલે કાંઈક ભગવદુપયોગ શોધી કાઢવાની તેમનો સ્વસ્થ સદુપયોગ શક્ય બની જાય છે.

### *વૃત્તિ વિવેક*

બધુ મળીને આપણી અંદર જાતજાતની વૃત્તિઓ ગણાવી શકાય છે. દશ વૃત્તિઓ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયોની. ચાર વૃત્તિઓ અંતઃકરણની એક દેહ સમ્બન્ધી એક પ્રાણ સમ્બન્ધી તથા એક આત્મસમ્બન્ધી. આ બધી વૃત્તિઓને ભગવત્સમ્બન્ધી અર્થાત્ ભગવદ્ વિષયક બનાવવવાથી આપણને ભૂમાસુખ અથવા સર્વાત્મભાવ સિદ્ધ થઈ શકે છે. તેથી જ ભૂમાસુખના નિરૂપણમાં કહેવામાં આવ્યું છે કે 'યત્ર નાન્યત્ પશ્યતિ નાન્યત્ ક્ષુણોતિ નાન્યદ્ વિજાનાતિ સ ભૂમા ! (છાન્દો ૭-૨૪-૧)' આને જ 'પ્રપચ્ચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ' પણ કહેવામાં આવે છે.

### *ભૂમાની અનુભૂતિમાં જ્ઞાની અને ભક્તનું તારતમ્ય*

જ્ઞાનમાર્ગીય નિરોધમાં પ્રપંચવિસ્મૃતિ એવં બ્રહ્મભાન જ કેવલ થાય છે. ભક્તિમાર્ગીય નિરોધમાં પ્રપંચવિસ્મૃતિ તો થાય જ છે. પરંતુ સાથે સાથે ભગવદાસક્તિ પણ સિદ્ધ થાય છે. ઉલ્લિખિત 'યત્ર ન અન્યત્ પશ્યતિ'ના શબ્દોમાં કહીએ તો 'જ્ઞાન (યત્ર) અન્યત્ ન પશ્યતિ' છે જ્યારે કે ભક્તિ 'યત્ર (અન્યત્ ન) પશ્યતિ છે, જ્ઞાન 'ન પશ્યતિ' પર અટકી જાય છે. જ્યારે ભક્તિ કાંઈક વધારે આગળ વધીને શ્'ભગવન્તં પશ્યતિ' સુધી પહોંચી જાય છે. આજ તૃતીય પુરુષાર્થ કામ ભક્તિનો સહાયક બની જાય છે. કારણ કે જ્ઞાની વિષયોથી કેવળ નિષ્કામ થઈ જવું તો જાણે છે પરંતુ તે ભક્તની જેમ ભગવત્કામ બનવું નથી જાણી શકતો. તે તો નિઃસંગ બનવા ઇચ્છે છે. ભગવત્કામ તો પરંતુ ભગવત્સંગથી જ પેદા થઈ શકે છે.

### *સંગાત્સંજાયતે કામઃ*

વિષયવ્યાસંગથી ઇન્દ્રિયોમાં વૈષયિક કામ પ્રકટ થાય છે. આ સંદર્ભમાં ઇન્દ્રિયોનું ત્રૈવિધ્ય જ્ઞાતવ્ય છે. (૧) તે ઇન્દ્રિયો જેમનો ભગવત્સ્વરૂપની સાથે સાક્ષાત્ સમ્બન્ધ શક્ય હોય (૨) તે ઇન્દ્રિયો જેમના વડે ભગવત્સ્વરૂપનો સાક્ષાત્ સમ્બન્ધ શક્ય ન થવા છતાં પણ ભગવાનના નામ ગુણ અથવા પ્રસાદ આદિ દ્વારા સમ્બન્ધ શક્ય હોય (૩) તે ઇન્દ્રિયો જેમનો વ્યાપાર ગ્રહણાત્મક ન થઈને વિસર્જનાત્મક હોય છે. ઉદાહરણતયા પાયુ અને ઉપસ્થ ઇન્દ્રિયોનો વ્યાપાર ગ્રહણાત્મક ન થઈને મલ વીર્યાદિના વિસર્જનનો હોય છે.

હવે અંતઃકરણથી તો ભગવત્સ્વરૂપનું ધ્યાન કરવાની પ્રક્રિયામાં તેનો સાક્ષાત્ વિનિયોગ સમ્ભવ છે જ.

આ રીતે ભગવત્સ્વરૂપદર્શન ભગવદસ્વરૂપપાદસ્પર્શ તથા કર ચરણો વડે ભગવત્સેવાર્થ કૃતિ ગતિના રૂપમાં આ ઇન્દ્રિયોનો પણ સાક્ષાત વિનિયોગ શક્ય છે.

શ્રવણ કીર્તન દ્વારા, પ્રારંભમાં ભગવદ્‌ગુણોના માધ્યમથી વાણી અને કર્ણોનો પણ પરમ્પરાથી ભગવદ્ વિનિયોગ શક્ય બની જાય છે.

રસના તથા ઘ્રાણેન્દ્રિયને ભગવત્પ્રસાદી અન્ન અને ગન્ધ ગ્રહણના વ્રતધારણ દ્વારા ભગવાનની સાથે જોડી શકાય છે.

પાયુ અને ઉપસ્થ ઇન્દ્રિયોની વૃત્તિઓ ગ્રહણાત્મિકા ન થઈને મલ-મૂત્ર વિસર્જનાત્મિકા હોય છે. તો પણ મલ વિસર્જન દ્વારા દેહને ભગવત્સેવાર્થ શુદ્ધ બનાવવો તથા કૃષ્ણસેવાર્થ સહયોગી પુત્રાદિ સન્તતિની પ્રાપ્તિની ભાવનાથી વિસર્જનાત્મિકા વૃત્તિઓને પણ ભગવદભિમુખ બનાવી શકાય છે.

આ રીતે સાક્ષાત અથવા પરમ્પરયા જે વૃત્તિનો ભગવદુપયોગ શક્ય ન લાગતો હોય તેનો નિરોધ તો કરી શકાય છે પરંતુ તે વાત લક્ષમાં રાખવી જોઈએ કે બધી વૃત્તિઓના ભગવદ્ વિનિયોગથી શ્રેષ્ઠ ન તો કોઈ મંત્ર છે, ન સ્તવન, ન કોઈ વિદ્યા છે ન તીર્થ છે.

તેથી ભગવત્કામ પ્રકટ કરવો હોય તો બધી ઇન્દ્રિયોનો સાક્ષાત્ અથવા પરમ્પરયા ભગવદ્રૂપ, ભગવદગુણ, ભગવન્નામ, ભગવત્પ્રસાદ, ભગવદર્થકર્મ આદિ રૂપમાં ભગવત્સંગ પ્રદાન કરવો જ જોઈએ. સંગથી કામ પ્રકટ થાય જ છે. 'સંગાત્ સંજાયતે કામઃ'

### *ભગવત્કામથી હૃદયમાં સર્વાત્મભાવસિદ્ધિ તથા ભગવત્ સ્થિતિ*

બધી ઇન્દ્રિયોને નિરંતર ભગવદસંગ પ્રદાન કરવાના વ્યસનવશ ધીમે ધીમે ભગવદકામ અને પછી સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. સર્વાત્મભાવની સિદ્ધિની સાથે ભગવાન હૃદયમાં બિરાજમાન થઈ જાય છે.

ભગવદ્ વ્યસનના કારણે સર્વથા સર્વત્ર સર્વદા ભક્તને ભગવાનના સિવાય બીજું કાંઈ સુઝતું જ નથી. અને આ રીતે વિરહની ઉત્કટ અવસ્થામાં સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. આનું વર્ણન ઉપનિષદ્‌માં બહુ સુંદર થયું છે.

### *સર્વાત્મભાવમાં કેવળ દ્વૈત ઘટિત તદાદેશ*

ઉત્કટવિરહ પીડાને કારણે આસક્તિભ્રમ ન્યાયથી ભક્તને, સર્વપ્રથમ, કેવલ દ્વૈત ઘટિત સર્વાત્મભાવ પ્રકટ થાય છે. 'સ ઉપરિષ્ટાત્ સ પશ્ચાત્ સ પુરસ્તાત્ સ દક્ષિણતઃ સ ઉત્તરતઃ સ એવ ઇદમ્ સર્વમ્ !

અર્થ : તે જ નીચે છે, તે જ ઉપર છે, તે જ પાછળ છે, તે જ આગળ છે. દક્ષિણમાં પણ તે જ છે, ઉત્તરમાં તે જ આ સર્વ છે.

### *સર્વાત્મભાવમાં કેવલાદ્વૈતઘટિત અહંકારાદેશ*

હમણાં બધી બાજુ તે પરમેશ્વર અનુભૂત થઈ રહ્યો હતો કે તે આસક્તિભ્રમ ન્યાયથી અકસ્માત્ ભક્તને લાગવા લાગે છે કે તે પરમાત્મા નહીં કિંતુ સ્વયં ભક્ત જ હવે સર્વત્ર વિદ્યમાન છે. આમ કેવલાદ્વૈતઘટિત અહંકારાદેશ સર્વાત્મભાવમાં ભાસિત થવા લાગે છે : 'અથાતો અહંકારાદેશઃ એવ અહમેવ અધસ્તાદ્ અહમ્ ઉપરિષ્ટાદ્ અહં પશ્ચાદ્ અહં પુરસ્તાદ્ અહં દક્ષિણતો અહમ્ ઉત્તરતો અહમેવ ઇદં સર્વમ્ ઇતિ' અર્થ : હું જ નીચે છું, હું જ ઉપર છું. હું જ પાછળ છું, હું જ આગળ છું, દક્ષિણમાં પણ હું જ છું અને ઉત્તરમાં પણ હું જ છું આ બ ધું કાંઈ હું જ છું.

જ્ઞાની આ અનુભૂતિના સોપાન પર અટકી જાય છે. તે આગળ નથી વધી શકતો. આ સોપાન પર પદવિન્યાસ કરતાં જ જ્ઞાની મુક્ત થઈ જાય છે. ભક્તના હૃદયમાં ભરેલો ભગવત્કામ અહીં જ કામ આવે છે અને તે એક ડગલું બીજું આગળ વધી જાય છે !

### *સર્વાત્મભાવમાં શુદ્ધાદ્વૈત ઘટિત આત્માદેશ*

કેવલાદ્વૈત ઘટિત સર્વાત્મભાવ ક્યારેય ભક્તના હૃદયનું સમાધાન નથી બની શકતો. તેથી જ ભક્ત તુકારામ કહે છે કે 'અદ્વૈત તો નાહી માઝે સમાધાન ગોડ હી ચરણસેવા તુઝી.' સર્વાત્મભાવ જ્યારે કેવલદ્વૈત ઘટિત તદાદેશના રૂપમાં હોય છે તો અનુભૂતિનો વિષય પરોક્ષ તથા પોતાનાથી ભિન્ન તત્પદવાચ્ય પરમેશ્વર હોય છે. સર્વાત્મભાવ જ્યારે

કેવલાદ્વૈત ઘટિત અહંકારાદેશના રૂપમાં હોય છે તો અનુભૂતિનો વિષય સર્વથા અપરોક્ષ એકમેવ અદ્વિતીય અહંકારાસ્પદ સ્વયં જીવાત્મા થઈ જાય છે. પરંતુ શુદ્ધાદ્વૈત ઘટિત આત્માદેશમાં સર્વાત્મભાવાત્મિકા અનુભૂતિનો વિષય આત્મા હોય છે. આ તત્પદવાચ્ય પરોક્ષ અક્ષરબ્રહ્મ અથવા ઉપાસ્ય દિવ્ય ભગવદ્રુપ અને અહંકારાસ્પદ અપરોક્ષ જીવાત્માની વચ્ચે પરમાત્માના રૂપમાં એકાત્મ્ય અથવા તાદાત્મ્યની અનુભૂતિ છે. 'અર્થાત આત્માદેશ એવ આત્મૈવ અધસ્તાદ્ આત્મૈ ઉપરિષ્ટાદ્ આત્મા પશ્ચાદ્ આત્મા પુરસ્તાદ્ આત્મા દક્ષિણતો આત્મા ઉત્તરતો આત્મૈવ ઈદં સર્વમ્ ઈતિ' અર્થ : આત્મા જ નીચે છે. આત્મા જ ઉપર છે. આત્મા જ પાછળ છે, આત્મા જ આગળ છે, દક્ષિણમાં પણ આત્મા છે અને ઉત્તરમાં પણ આત્મા જ, આત્મા જ તો આ બધું કાંઈ છે.

આ આત્મા શું છે ? ભગવાને ભાગવતમાં સમજાવ્યું છે કે 'અહમાત્માત્મના ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામિપ' અર્થ : બધા પ્રિયોમાં પ્રિયતમ બધા આત્માઓના આત્મા ભગવાન છે. તેથી જ તેમને પરમાત્મા કહેવામાં આવે છે, જેવી રીતે મિત્રોમાં જે મિત્ર હોય તેને 'પરમમિત્ર' કહેવામાં આવે છે. ગુરુઓના ગુરુને જેમ પરમગુરુ કહેવામાં આવે છે.

પોતાના શારીરિક આત્માના રૂપમાં પરમાત્માને નિહાળવાથી ન તો કેવલદ્વૈતનું અને ન કેવલાદ્વૈતનું જ સ્ફુરણ સમ્ભવ છે. કારણ કે આ સમ્બન્ધના લચીલાપણાની સાથે આ ભારે ભરખમ શબ્દ બેમેળ સિદ્ધ થઈ જાય છે. જેવી રીતે સુવર્ણ નિર્મિત આભૂષણ અને સુવર્ણના પારસ્પરિક સમ્બન્ધની વ્યાખ્યા માટે કેવલદ્વૈત અને કેવલાદ્વૈત બન્ને ય અપર્યાપ્ત ઠરે છે. કેવલદ્વૈત માનવાથી સુવર્ણને આભૂષણથી પૃથક નથી કરી શકાતું. કેવલાદ્વૈત માનવાથી આભૂષણ ભાવાપન્ન સુવર્ણ અને કેવલ સુવર્ણના સ્વરૂપભેદનું સમાધાન નથી મળતું. શુદ્ધાદ્વૈત ન તો દ્વૈત છે ન અદ્વૈત અને ન દ્વૈતાદ્વૈત જ. આનાથી ઉપર તુરીય કોટિનો એક ભાવરૂપ 'તાદાત્મ્ય' પદવાચ્ય સંબંધ 'શુદ્ધાદ્વૈત' કહેવાય છે.

આ જ સમ્બન્ધ ભક્તને પોતાની અને પરમાત્માની વચ્ચે અનુભૂત થવા લાગે છે. આને ન કેવલ 'તત્'થી વ્યક્ત કરી શકાય છે અને ન કેવલ 'અહમ્'થી જ. આત્મા ન સર્વાત્મના પરોક્ષ જ હોય છે અને ન સર્વાત્મના અપરોક્ષ જ. આ જ તે સંતાકુકડીની રમત છે જે આત્માદેશ અર્થાત્ શુદ્ધાદ્વૈત ઘટિત સર્વાત્મભાવમાં ભક્તને અનુભૂત થાય છે.

તાદાત્મ્યની અનુભૂતિમાં તત્તા અહન્તા બંને જ સમાવિષ્ટ થઈ જાય છે. ભાગશઃ ત્યાગ અપેક્ષિત નથી. કારણ કે બંને જ રૂપ અબાધિત સત્ય છે. તો પણ બંનેમાં એકાત્મ્ય રહે છે. જેમ કે જેટલી વાસ્તવિકતા સુવર્ણની હોય છે તેટલી જ તન્નિર્મિત આભૂષણની પણ અતઃ બંને જ વાસ્તવિક હોય છે.

***ભક્તને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે કેવળ સર્વાત્મભાન નહીં.***

આ આત્મભાવનું સ્ફુરણ થતાં જ જીવાત્માને એક વિલક્ષણ અનુભૂતિ થવા લાગે છે.

*તદેજતિં તન્નૈજતિ તદ્દૂરે તદવિન્તકે ।*
*તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ ॥*
*યસ્તુ સર્વાણિ ભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ ।*
*સર્વભૂતેષુ ચાત્માનં તત્તો ન વિજુગુપ્સતે ॥*
*યસ્મિન્સર્વાણિ ભૂતાન્યાત્મૈવાભૂદ્ વિજાનતઃ ।*
*તત્ર કો મોહઃ કઃ શોક એકત્વમનુપશ્યતઃ ॥*

અર્થ : પ્રેમવિકળ થવાથી કમ્પિત થતાં જીવાત્માને વિરહદશામાં ક્યારેક એવું લાગે છે કે પરમાત્મામાં પણ કાંઈક કમ્પન જેવું થઈ રહ્યું છે. ક્યારેક તેને લાગે છે કે નહીં તે તો સર્વથા નિષ્ઠુર નિષ્કમ્પ છે. તદાદેશના સમયે જે ક્યાંક દૂર દૂર જેવો અનુભૂત થતો હતો તે જ અહંકારાદેશમાં એકદમ પાસે આવી ગયા જેવો લાગતો હતો. અને તે જ પરમાત્મા હવે આત્માદેશમાં પોતાના સહિત બધી વસ્તુઓની અંદર આત્મતયા અનુભૂત થવા લાગી જાય છે. કારણ કે બધી વસ્તુઓ દૃષ્ટાને પોતાનાથી બહિર્ભૂત લાગે છે. ફલતઃ તે જ પરમાત્મા અંતરમાં જ કેવલ નહીં પરંતુ બધાને બાહ્યતયા પણ અનુભૂત થાય છે. આત્માદેશ થવાથી વસ્તુ માત્ર આત્માના રૂપમાં અનુભૂત થાય છે અને આ રીતે આત્મામાં

પણ બધી વસ્તુઓની પ્રતીતિ થાય છે. જે દ્રષ્ટાને ભજતાં વસ્તુ માત્ર આત્માની જેમ પ્રતીત થવા લાગી જાય ત્યારે આ વિલક્ષણ એકત્વના અનુદર્શનના કારણે શોક મોહ કાંઈ પણ નથી રહી જતાં.

આ રીતે આત્મભાવ સ્ફૂરિત થવાથી વિરહ અને સંયોગની વચ્ચેની વિભાજક રેખા ધૂમિલ થઈ જાય છે. એકત્વમાં અબાધિત અનેકત્વ અને અનેકતામાં અનૌપચારિક-અનારોપિત એકતા સ્ફૂરિત થવા લાગી જાય છે. દાર્શનિકોનું બોદું ગણિત, એકત્વ અને દ્વિત્વના ભેદની અનુભૂતિથી પહેલાં કરવામાં આવનારી માથાફોડી છે. પરમ અનુભૂતિમાં દ્વૈતવાદ અને અદ્વૈતવાદના પૂર્વોત્તર પક્ષ બંને જ અંશતયા સત્ય સિદ્ધ થઈ જાય છે !

સર્વાત્મભાવની આ અનુભૂતિ કૂટસ્થ સાક્ષિપ્રત્યયની જેમ શુદ્ધાદ્વૈતનું કેવલ તટસ્થ ભાન નથી પરંતુ ભાવવિભોર કરી દેનાર ચંચળ તથા પરમ પ્રેમાત્મક અનુભવ છે.

જ્ઞાનીને સર્વાત્મભાન હોય છે અને ભક્તને સર્વાત્મભાવ. આ સર્વાત્મભાવ ભગવત્કામ બનવાથી જ શક્ય છે-અને જ્ઞાની તો નિષ્કામ હોય છે !

### *સર્વાત્મભાવમાં ભગવત્સંગયોગ તથા વિયોગનો ભેદ નહીં.*

સર્વાત્મભાવથી સમ્પન્ન ભક્તની અનુભૂતિમાં તત્ અને અહંની વચ્ચે તાદાત્મ્ય સ્ફુરિત થવા લાગી જાય છે. જે પણ ક્રીડા ત્યારે ચાલે છે તે કેવલ તત્ અથવા કેવલ અહંની નહીં. કિન્તુ અહઆત્મક તદ્‌ની જ તદાત્મક અહંની સાથે ક્રીડા ચાલી રહી હોય છે. તેથી જ તત્ અને અહમની વચ્ચે સંયોગ અને વિયોગનું અંતર લુપ્ત થઈ જાય છે. તેથી જ સર્વાત્મભાવ સમ્પન્ન ભક્તને આત્મરતિ આત્મક્રીડા આત્મમિથુન આત્માનન્દ સ્વરાટ કહેવામાં આવે છે.

'સ એષ એવં પશ્યન્ એવં મન્વાન એવં વિજાનન્ આત્મરતિઃ આત્મક્રીડ આત્મમિથુન આત્માનન્દઃ સ સ્વરાટ્ ભવતિ તસ્ય સર્વેષુ લોકેષુ કામચારો ભવતિઃ અથ યે અન્યથાતો વિદુઃ અન્યરાજનસ્તે ક્ષય્ય લોકા ભવન્તિ તેષાઃ સર્વેષુ લોકેષુ અકામચારો ભવતિ ! (ત્યાંજ)

અક્ષરબ્રહ્મ અને ક્ષરભૂતોની વચ્ચે ચાલતી ક્રીડામાં ક્ષરાક્ષરના ભેદના કારણે આત્મરતિ. આત્મક્રીડા અથવા આત્મમિથુન આદિ બોધ સુલભ નથી થતાં. દિવ્યલોકોમાં આધિદૈવિક રૂપમાં ચાલતી ભગવલ્લીલા તથા આ આધિભૌતિક જગતમાં કાલક્રમ સ્વભાવથી બંધાયેલા પ્રાણીઓના જન્મ જીવન મરણના દુષ્ચક્રમાં પણ આત્મરતિ આત્મક્રીડા અથવા આત્મમિથુન આદિનો બોધ સંભવ નથી.

તો પણ સર્વાત્મભાવ સિદ્ધ થતાં જ શારીરિક આત્મા અને પરમાત્માની વચ્ચે જે કાંઈ ઘટિત થાય છે તે આત્મરતિ આત્મક્રીડા આત્મમૈથુન અથવા આત્માનન્દના રૂપમાં જ બંનેને અનુભૂત થાય છે. શારીરિક આત્માની અહન્તામાં પણ પરમાત્માની તત્તા સ્ફુરિત થવા લાગે છે અને પરમાત્માની તત્તામાં શારીરિક આત્માની અહન્તા સ્ફુરિત થવા લાગી જાય છે. તેથી જ શારીરિક આત્મા સર્વલોકમાં યથાકામ વિચરણ કરી શકે છે.

પરંતુ જેઓ દ્વૈતભાવને નથી છોડી શકતા તે ભક્ત અને ભગવાનની વચ્ચે રાજા અને પ્રજાનો ભેદ કાયમ રહી જાય છે. ઉપનિષદ્ કહે છે કે તેઓ ક્ષય્યલોક થઈ જાય છે. તેઓ યથાકામ સર્વલોકોમાં વિચરણ નથી કરી શકતા.

### *એકની અનેકતા અને અનેકોની એકતા એક જ સિક્કાની બે બાજુઓ છે.*

શારીરિક આત્મા અને પરમાત્માની વચ્ચે રહેલું તાદાત્મ્ય કેટલાંક લોકોમાં દેખાતું જ નથી. કેટલાંક જોવામાં સમર્થ થઈ શકે છે તો સ્વીકાર નથી કરી શકતા કે જે દેખાઈ રહ્યું છે તે પારમાર્થિક છે. તે યા તો શારીરિક આત્માના અંશ હોવાના તથ્યને તથા પરમાત્માના અંશી હોવાના તથ્યને મિથ્યા માની લે છે. અથવા અંશાંશીના અભેદને ઔપચારિક માની લે છે. કેટલાંક લોકો જેઓ આ બંનેની વચ્ચે રહેલા તાદાત્મ્યને જોઈ શકે છે અને સ્વીકાર પણ કરી શકે છે, તેઓ પોતાની વૃત્તિયોને પરમાત્મકેન્દ્રિત નથી કરી શકતા. પરિણામતઃ તેઓ જોઈને

અને સ્વીકાર કરીને પણ અનુભવ નથી કરી શકતા. તેથી જ સર્વલોકોમાં એમનું યથાકામ વિચરણ પણ સંભવ નથી બની શકતું. આ આશયથી જ ઉલ્લિખિત વચનમાં ''સ એષ એવં પશ્યન્ એવં મન્વાન એવં વિજાનન આત્મરતિ આત્મક્રીડ આત્મમિથુન આત્માનન્દઃ સ સ્વરાટ્ ભવતિ તસ્ય લોકેષુ કામચારો ભવતિ, અથ દે અન્યથાતો વિદુઃ અન્યરાજનસ્તે ક્ષય લોકા ભવિન્ત તેજઃ સર્વેષુ લોકેષુ અકામચારો ભવતિ !'' કહેવાયું છે. દર્શન, મનન અને વિજ્ઞાન ત્રણેયમાં એકવાક્યતા દુર્લભ છે. પરંતુ જો એકવાક્યતા ઘટિત થઈ જાય છે તો દુર્લભ સર્વાત્મભાવ પણ સુલભ બની જાય છે.

શ્રી મહાપ્રભુ પણ તેથી જ 'યદિ' કહે છે. હૃદયમાં ભગવત્કામવશ, જો સર્વાત્મભાવ સહિત ભગવાન આવીને બિરાજે છે તો પછી લૌકિક અને વૈદિક સાધનો વડે પ્રાપ્તવ્ય કાંઈ પણ નથી રહી જતું. 'યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈ વૈદિકૈરપિ'

### *ભગવત્કામથી જ સર્વાત્મભાવની સિદ્ધિ*

બૃહદારણ્યક ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે : 'કામમય એવં અયં પુરુષ ઈતિ યથાકામો ભવતિ તત્ક્રતુર્ભવતિ યત્ક્રતુર્ભવતિ તત્કર્મ કુરુતે યત્કર્મ કુરુતે તદભિસંપદ્યતે (૪-૪-૫)' અર્થ : આ પુરુષ કામમય છે. તેથી જેવો કામ આની અંદર પ્રબળ થાય છે તેવો જ કર્તુને તે અનુષ્ઠેય માને છે. જેવા કર્તુને અનુષ્ઠેય માને છે તદનુસાર કર્મ કરે છે અન્તમાં તે જેવું કર્મ કરે છે તેવો જ બની જાય છે.

આ કામ છે શું ? પ્રત્યેક જીવ, મનુષ્યયોનિમાં જન્મેલા અથવા મનુષ્યેતર પશુ-પક્ષી-સરી-સૃપ આદિ યોનિમાં જન્મેલા, આસ્તિક અથવા નાસ્તિક, સ્વધર્મનિષ્ઠ અથવા સ્વધર્મભ્રષ્ટ, પુષ્ટિમાર્ગીય, મર્યાદામાર્ગીય અથવા પ્રવાહમાર્ગીય, બધાને બધી રીતના ઈન્દ્રિય વ્યાપારો દ્વારા આનન્દ પ્રાપ્તિની કામના રહે જ છે. આનન્દપ્રાપ્તિ થાય છે પ્રિયવસ્તુના મળવાથી, તત્ વસ્તુઓની આપણને પ્રિયતાનું ભાન હોય છે આત્મસંબંધના કારણે જ : ન વા અરે સર્વસ્ય કામાય સર્વ પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વ પ્રિયં ભવતિ' અર્થ : જે પણ આપણને પ્રિય લાગે છે તે સ્વયમ્ આત્માના કામવશ પ્રિય લાગે છે. આ આત્મા શું છે તેનું સ્પષ્ટીકરણ ભાગવતના પૂર્વોલ્લિખિત વચનમાં છે જ. 'અહમાત્માત્મના ધાતઃ પ્રેષ્ઠ સન્ પ્રેયસમાપિ અતો મયિ રતિ કુર્યાદ્ દેહાદિર્યત્કૃતે પ્રિયઃ' અર્થ : બધા પ્રિયોમાં ભગવાન પ્રિયતમ છે. આત્માઓના પણ આત્મા છે. તેથી આરતી કરવા લાયક તો ભગવાન જ છે. કારણ કે દેહ, પુત્ર, કલત્ર, પરિવાર, ગૃહ, ધન, યશ આદિ બધું કાંઈ ભગવાનના પ્રિયતમ હોવાના કારણે જ પ્રિય લાગે છે.

તેથી ભગવત્કામ જ તે મુખ્ય ઊર્જા છે જે દિશાબોધહીન થવાથી વિષયાસક્તિના બીહડ જંગલમાં આપણને ભટકતાં છોડી દે છે અને દિશાબોધ થવાથી સર્વાત્મભાવની દિશામાં લઈ જવામાં પણ સમર્થ બની જાય છે.

### *પરમાત્મા બધાનો કાન્ત છે*

જગતના બધા પ્રકારના કામ અથવા પ્રેમ દ્વારા જેને શોધવામાં આવી રહ્યા છે તે કાન્ત અથવા પ્રિયતમ તે જ પરમાનંદરૂપ પરમાત્મા છે.

જેવી રીતે અબોધ શિશુ ભૂખ્યો થવાથી માતાના સ્તન્યની શોધમાં સ્વયંના અંગુઠાને, રમકડાંને અથવા રબરની ટોંટીને જ ચૂસવા લાગી જાય છે. તેને દૂધ તો નથી મળતું પરંતુ ક્ષણિક સુખની ભ્રાન્તિ તો થઈ જ જાય છે. આ રીતે આપણે પણ તત્તદ્ વિષયોના અંગુઠાઓને ચૂસી રહ્યા છીએ, પરમાનંદ મળે અથવા ન મળે પરંતુ ક્ષણિક સુખની ભ્રાન્તિ તો આપણને પણ થઈ જ જાય છે !

આને જ 'યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમસ્તિ ભૂમૈવ સુખં ભૂમા ત્વેવ વિજિજ્ઞાસિતવ્ય ઈતિ.... યો વૈ ભૂમા તદમૃતમથ યદલ્પં તન્મર્ત્યમ્' અર્થ : જે ભૂમા પુરુષ પરમાત્મા છે તે જ સુખ છે, તે જ જિજ્ઞાસિતવ્ય છે, તે જ અમૃત છે, જે અલ્પ છે તે મર્ત્ય તથા નાશવાન છે, આ વચનમાં દર્શાવવામાં આવ્યું છે.

પ્રાણીમાત્રની અંદર પરમાત્માને કાન્ત બનાવવાની ભાવના ફૂટી

ફૂટીને ભરેલી છે, જેમ શિશુમાં માતાના સ્તન્યની ભૂખ. પરંતુ ન તો શિશુ જ સારી રીતે તેને ઓળખી શકે છે અને બુદ્ધિમાન્ (!) પ્રાણી પણ ! તેથી જ તો પરમાત્માની ઈતર અન્ય બધા વિષયોમાં પરમાનંદ પ્રાપ્ત કરવાના પ્રયાસમાં આપણે અનવરત જોડાયેલા રહીએ છીએ.

નિર્જન અંધારા પ્રાસાદમાં જેવી રીતે ચામાચીડિયાં આવીને ઉંધા લટકી જાય છે અને ત્યાં ગંદકી ફેલાવી દે છે તે જ રીતે આપણા હૃદયનું ભવ્ય ભવન જ્યારે પરમાત્માના માહાત્મ્યજ્ઞાનના પ્રકાશથી આલોકિત નથી રહેતું ત્યારે અને જ્યારે તેમાં ભગવાનની અભિષ્ટમૂર્તિનો નિવાસ નથી હોતો ત્યારે વિષય કામનાઓના ચામાચીડિયા ત્યાં આવીને ઊંધા લટકી જાય છે અને હર્ષ-શોક-મોહ-વાસનાની ગંદકી ત્યાં ભરાઈ જાય છે.

આ ચામાચીડિયાઓને પચાસ વાર ઉડાવી દો પરંતુ પાછા ફરીને તેઓ ફરી ઊંધા આવી લટકે છે. કેવલ તેમને લટકાવવાના નિષેધાત્મક પ્રયાસથી કાંઈ થઈ જવાનું નથી. હા, આવા અંધારા ભવનને નિરંતર પ્રકાશથી આલોકિત કરવાની વ્યવસ્થા કરવામાં આવે, અને કોઈ મનુષ્ય ત્યાં રહેવું શરૂ કરી દે તો પછી થોડા જ સપ્તાહોમાં આ ચામાચીડિયાઓ સ્વતઃ એવ ભાગી પણ જાય છે !

જ્ઞાનમાર્ગમાં નશ્વર વિષયોના ઉપભોગથી પણ પેલી તૃષ્ણાથી પહેલાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને ત્યારે વૈરાગ્ય અનશ્વર આત્મા અથવા અક્ષરબ્રહ્મની જ્ઞાનપ્રાપ્તિ માટે સાધકને ઉશ્કેરે છે. જ્ઞાનપ્રાપ્તિના એક સાધનના રૂપમાં ઈશ્વરની સાકાર મૂર્તિથી થોડો ઘણો સ્નેહ પણ આપણને થઈ જાય છે. અંતમાં પરંતુ તે જ વૈરાગ્યનો સ્વભાવ આપણને ઈશ્વરીય આકાર અથવા મૂર્તિથી પણ વિતૃષ્ણ બનાવી દે છે કારણ કે જ્ઞાની તો નિષ્કામ હોય છે.

ભક્તિમાર્ગની શરૂઆત ભગવાનના માહાત્મ્યજ્ઞાન વડે હૃદયને આલોકિત કરવાથી થાય છે. માહાત્મ્યજ્ઞાનના આલોકમાં ભક્ત પોતાના હૃદયમાં પોતાના ઈષ્ટદેવની મૂર્તિનો નિવાસ કરાવે છે. આ આલોક અને નિવાસના કારણે વિષયવાસનાના ચામાચીડિયા હૃદયથી બહાર ઉડવા લાગી જાય છે અને આ રીતે ભગવત્કામ બનીને ભક્ત પોતાના હૃદયમાં શ્રીગોકુલાધીશને જ કેવળ ધારણ કરવામાં સમર્થ થઈ શકે છે.

'યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ'

### *માહાત્મ્યજ્ઞાનનું સ્વરૂપ*

શ્રુતિ સ્મૃતિ સૂત્ર અને પુરાણ આદિ શાસ્ત્રો વડે પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અનુસાર જડ જીવ અને બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને સમજવું માહાત્મ્યજ્ઞાનથી હૃદયને આલોકિત કરવું છે. ચરાચર જગતની સાથે બ્રહ્મના તાદાત્મ્યને સ્વીકારવું માહાત્મ્યજ્ઞાનથી હૃદયને આલોકિત કરવું છે. ભગવાનના દિવ્યરૂપ નામ ગુણો અને લીલાઓને માયિક અથવા ઉપાસનાર્થ કલ્પિત ન માનવાથી હૃદયમાં માહાત્મ્યજ્ઞાનનો આલોક પ્રસૂત થાય છે.

### *શ્રીગોકુલાધીશનું સ્વરૂપ*

ભાગવત (૨-૭-૩૧)માં કહેવામાં આવ્યું છે કે 'અહ્નાપૂતં નિશિ શયાનમતિશ્રમેણ લોકં વિકુન્ઠમુપનેષ્યતિ ગોકુલં સ્વમ્' અર્થ : જે ગોકુલમાં ભગવાન પ્રકટ થયા, તે ગોકુલના વાસીઓ દિવસમાં પોતાના કામકાજમાં રત રહેતાં હતાં અને રાત્રે થાકીને સૂઈ જતા હતા. કોઈ પ્રકારના પારલૌકિક કર્મમાં તેમને રુચિ ન હતી તો પણ તેમને પોતાના માનીને ભગવાને પોતાનું દિવ્ય વ્યાપિવૈકુંઠ જ ગોકુલમાં પ્રકટ કરી દીધું હતું.

આમ તો ગોકુલના નિવાસી બધા નિઃસાધનતા હતાં પરંતુ ક્યારેક ક્યારેક કેટલાંક અસુર ગોકુલમાં પણ ઘૂસી જતાં હતાં. આ અસુરોને દબાવવાનું સામર્થ્ય ગોકુલના વ્રજવાસીઓમાં ક્યાં હતું ? તો પણ કોઈ અસુર અથવા દૈત્ય ગોકુલના વ્રજવાસીઓનું કાંઈ પણ બગાડી નહીં શક્યા. આ જે અસુરો વ્રજમાં ઘૂસી આવતા હતા તે વ્રજભક્તોમાં રહેલા સ્વરૂપવિસ્મૃતિ, અંતઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ તથા અન્ય પણ જે દોષ હોઈ શકે છે, તેમનું મૂર્તિમાન રૂપ હતા.

ગોકુલં વનવૈકુન્ઠં તાપસાસ્તત્ર યે દ્રુમા લોભ ક્રોધાદયો દૈત્યા

કલિકાલસ્તિરસ્કૃતઃ (કૃષ્ણોપનિષદ ')

આમનો સંહાર ભગવાને પોતાની બાળલીલાઓ વડે જ કરી દીધો હતો. આ રીતે વ્રજભક્તોની નિઃસાધનતાને શસ્ત્રવિહિત સાધનો વડે પણ દુષ્પ્રાપ્ય દેવમુનિ દુર્લભ ફલાનુભૂતિમાં રૂપાન્તરિત પણ કરી દીધી હતી. તેથી જ ઉદ્ધવ જેવા જ્ઞાનીને પણ સ્વીકાર કરવો પડ્યો કે 'એતાઃ પરં તનુભૃતો ભૂયિ ગોપવધ્વો ગોવિન્દ એવં નિખિલાત્મનિ રુઢભાવાઃ વાંછન્તિ યદભવભિયો મુનયો વયં ચ કિં બ્રહ્મજન્મભિરનન્તકથારસસ્ય (ભાગ ૧૦-૪૮-૫૮)' તાત્પર્ય વાસ્તવિક રૂપમાં આ ભૂતલ પર કોઈને દેહધારણ કરતાં આવડ્યું હોય તો તે આ ગોપવધુઓને જ આવડ્યું છે. પ્રાણીમાત્રના આત્મારૂપ ભગવાન ગોવિન્દમાં આ ગોપવધુઓમાં સ્નેહભાવ આટલો રુઢ કઈ રીતે થઈ શક્યો હશે જે ભાવદશાને ભવભીત મુનિજન અને આપણે પણ પામવાની વાંછા જ કરતાં રહીએ છીએ. અનન્તકથાઓમાં રસ લેનારા બ્રહ્મભાવસમ્પન્ન જન્મથી પણ શું મળી જવાનું છે જો ગોવિન્દમાં આપણો ભાવ આ રીતે રુઢ ન થઈ જતો હોય તો !

શ્રી મહાપ્રભુ સુબોધિની (૩-૨૫-૩૨)માં કહે છે કે સ્વભાવતઃ આપણી ઇન્દ્રિયોમાં પણ બે રીતની વૃત્તિઓ હોય છે. દૈવી તથા આસુરી. આમનામાં પરસ્પર તીવ્ર સ્પર્ધા રહે છે અને આ સ્પર્ધામાં પ્રાયઃ આસુરી વૃત્તિનો વિજય થાય છે. ઇન્દ્રિયોને 'ગો' પણ કહેવામાં આવે છે. તેથી આપણા પણ આ ગોકુલમાં ઇન્દ્રિયોની સામૂહિક વૃત્તિઓમાં સ્વામી જો આપણે ભગવાનને બનાવી લઈએ અર્થાત્ ગોકુલાધીશને આપણા હૃદયના સિંહાસન પર આરુઢ થવા દઈએ તો પછી આ ઇન્દ્રિયમાં રહેલા બધા અસુર ભાવોને પણ ભગવાન વ્રજની જેમ જ પોતાની બાલલીલામાં જ ખત્મ પણ કરી શકે છે. આપણે પણ પોતાના સંસારમાં દિવસ-રાત રચેલા પચેલા રહીએ જ છીએ. પરંતુ હૃદયમાં શ્રીગોકુલાધીશને ધારણ કરીને સાંસારિક કાર્યોમાં જોડાઈ પણ જઈએ તો આપણી પણ નિઃસાધનતાને ભગવાન સર્વાત્મભાવ વિકસિત કરી દેશે. 'યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ તતઃ કિમપરં બ્રૂહિ ?'

### *બુદ્ધિહીનોની કામતુષ્ટિની રીત*

જે લોકો બુદ્ધિના પ્રયોગ વિના કેવલ ઇન્દ્રિયોના વિષયોથી જ કામતુષ્ટિ ઇચ્છે છે તેમને ક્યારેક ને ક્યારેક પણ બુદ્ધિપ્રયોગ કરવો જ પડે છે. અને અંતમાં પસ્તાવું પણ પડે છે. ક્ષુદ્ર વિષયાનંદનું તો સ્વરૂપ જ આવું હોય છે.

### *હૃદયહીનોના કામનાશની અંતિમ પરિણતિ*

જે ઇન્દ્રિયદમન કરવાના ચક્કરમાં કેવલ બુદ્ધિથી જ આત્મસાક્ષાત્કાર સિદ્ધિની ભૂલામણીમાં પડી જાય છે, તેમનું ભવદુઃખ તો દૂર થઈ જાય છે પરંતુ તેમને પરમાત્મસુખ નથી મળતું. જેમ કોઈ ઔષધિના સેવનથી રોગ મટી ગયા પછી પણ રોગી બનવાથી પહેલાં શરીરમાં જે સ્વાસ્થ્ય, શક્તિ અને સ્ફૂર્તિ રહેતા હતા તે પણ ન મળે.

ઇન્દ્રિયદમન દ્વારા કેવલ આત્મસાક્ષાત્કારના લક્ષ્યથી કાંઈક અલગ ઉપર ઉઠનાર સાધક અક્ષરબ્રહ્મની ખોજમાં જોડાઈ શકે છે, તેમને બ્રહ્માનંદ તો અવશ્ય મળે છે પરંતુ એકપક્ષીય ખોજની વૃત્તિના કારણે આ સાધક સર્વાકારતાના અર્થમાં નહીં, નિરાકારતાના અર્થમાં જ બ્રહ્મની વ્યાપકતાને સમજી શકે છે.

વાસ્તવિકતા જ્યારે આ છે કે બ્રહ્મસર્વવ્યાપી છે. અર્થાત્ દેશ-કાલ સ્વરૂપતઃ અપરિચ્છિન્ન છે. આ તે પોતાની નિરાકારતાને કારણે પણ છે અને સર્વાકારતાને કારણે પણ.

ઇન્દ્રિયદમનના કટોર ચક્રમાં ફસાયેલ આ સાધકોની બુદ્ધિમાં નિરાકારતા તો સમજમાં આવી જાય છે પરંતુ સર્વાકારતાના દર્શનને લાયક દિવ્યદૃષ્ટિ તેમની પાસે નથી રહી જતી ! જેથી અર્જુનને ભગવાને દિવ્યદૃષ્ટિ પ્રદાન કરી હતી તેવી દિવ્ય દૃષ્ટિ ભગવાન આમને પ્રદાન નથી કરતા. કેવલ દિવ્ય બુદ્ધિ જ પ્રદાન કરે છે. વિષય વૈરાગ્યવશ બ્રહ્માનન્દના અનુરાગી બનનારા સાધકની આ મૌલિક ન્યૂનતા તેને બ્રહ્માનન્દની અનુભૂતિમાં પણ બાધક બની જાય છે. તે 'નેતિ-નેતિ' તો સમજી શકે છે. પરંતુ 'સર્વકામઃ સર્વગન્ધઃ સર્વરસઃ' વચનને તે

ઉપાસનાર્થ કલ્પિતરૂપનું વર્ણન માનીને જુઠાવી દેવા ઇચ્છે છે. જ્યારે કે શ્રોત સિદ્ધાંતનો 'દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તં ચ' નો જ છે.

તેથી જ ભગવાને ગીતા (૧૨-૩-૫)માં 'યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે.... સંનિયમ્યેન્દ્રિયગ્રામં..... ક્લેશોધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામવ્યક્તા હિ ગતિઃ દુખમ્.....' કહીને બધી વાત સમજાવી દીધી છે.

ભક્ત તો હૃદય અને બુદ્ધિ ઉભયયુક્ત હોવાના કારણે ભગવદનું રાગવશ વિષયોથી વિરક્ત હોય છે.

વિષયવિરક્તિવશ પરમાત્માના નિરાકાર-વ્યાપકરૂપથી અનુરક્તિ કરનારા જ્ઞાનમાર્ગીય અવ્યક્તોપાસકની અંતિમ ગતિ, ભૌતિક દૃષ્ટિથી તો યદાપિ સુખરૂપા હોય છે, બ્રહ્માનંદના કારણે તો પણ આધિદૈવિક દૃષ્ટિથી તો દુઃખરૂપ જ હોય છે. ભજનાનન્દ ન મળી શકવાના કારણે - 'અવ્યક્તા હિ ગતિઃ દુખં દેહવદ્ભિરવાપ્યતે.'

આનાથી વિપરીત જો પરમાત્મામાં અનુરક્તિવશ લૌકિક વિષયોથી વિરક્ત થઈ જાય છે, તેઓ ભક્તિમાર્ગીય પુરુષોત્તમોપાસક કહેવાય છે કારણ કે ભગવાન ગીતામાં સ્પષ્ટીકરણ આપે છે કે ક્ષર પુરુષથી ઉપર તથા અક્ષરબ્રહ્મથી ઉપર હોવાથી ભગવાનના પોતાના દિવ્ય સાકારરૂપને લોક અને વેદમાં પુરુષોત્તમ કહેવામાં આવે છે. 'યસ્માત્ક્ષરમતીતોહમક્ષરાદપિ ચોત્તમઃ અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ' તેથી શ્રીકૃષ્ણના રૂપમાં પરમાત્માની ભક્તિ કરનારા પુરુષોત્તમોપાસક કહેવામાં આવે છે.

આ પુરુષોત્તમ ઉપાસકોને દેહ ઇન્દ્રિય પ્રાણ અંતઃકરણ આદિ બધી વૃત્તિઓથી પરમાત્માના ભજનાનંદની ઉપલબ્ધિ થાય છે.

શ્રી મહાપ્રભુ બ્રહ્માનંદ અને ભજનાનંદનું તારતમ્ય સમજાવતાં કહે છે :

*બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનામાત્મનૈવ સુખપ્રમા ।*



*સંઘાતસ્ય વિલિનત્વાદ્ ભક્તાનાં તું વિશેષતઃ ॥*
*સર્વેન્દ્રિયૈસ્તથા ચાન્તઃકરણૈરાત્મનાપિ હિ ।*
*બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે ॥ (શાસ્ત્રાર્થ નિબંધ)*

તાત્પર્ય : બ્રહ્માનંદમાં મગ્ન સાધક કેવલ પોતાના આત્માને જ બ્રહ્મથી જોડી શકે છે કારણ કે મુક્તિથી પહેલાં આનો દેહાદિસંઘાત જ્ઞાનવૈરાગ્યવશ વિલીન થઈ જાય છે. જ્યારે ભક્તને તો પોતાની બધી ઇન્દ્રિયોથી, અંતઃકરણથી અને આત્માથી પણ અહીં જ બ્રહ્મભાવનો અનુભવ થઈ જાય છે. તેથી ભક્તનું તો ગાર્હસ્થ્ય પણ જ્ઞાનીના મોક્ષથી કાંઈક વિશેષતા રાખતું હોય છે.

ગોકુલાધીશને આમંત્રિત તો માહાત્મ્યજ્ઞાનથી કરવામાં આવે છે પરંતુ તે અનામંત્રિત પણ ક્યારેક સ્વતએવ આવીને હૃદયમાં સંતાઈ શકે છે.

ભાગવત (૧૧-૧૨-૧૩-૧૫)માં ભગવાને નિજમુખારવિંદથી માહાત્મ્યજ્ઞાન વિના પણ સ્વપ્રાપ્તિનો એક બીજો કૃપૈકમૂલક ઉપાય બતાવ્યો છે :

*મત્કામા રમણં જારમસ્વરૂપવિદોબલા ।*
*બ્રહ્મ માં પરમં પ્રાપુઃ સંગાત્છતસહસ્રશઃ ॥*
*તસ્માત્વમુધ્ધવોત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનામ્ ।*
*પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ શ્રોતવ્યં શ્રુતમેવ ચ ॥*
*મામેકમેવં શરણમાત્માનં સર્વદેહિનામ્ ।*
*યાહિ સર્વાત્મભાવેન મયા સ્યા હ્યકુતોભયઃ ॥*

તાત્પર્ય : ભગવાનને પોતાના જાર પ્રેમી માનનારી ગોપિકાઓ ભગવાનના સ્વરૂપને જાણી જ શકી ન હતી. ભગવત્કામવશ તો પણ શતસહસ્રશઃ તેમને પરબ્રહ્મ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થઈ ગઈ ! કેવલ ભગવત્સંગના કારણે. તેથી વિધિ નિષેધોની પ્રવૃત્તિ નિવૃત્તિની અને શ્રોતવ્યશ્રુતની ચિંતા કર્યા વગર બધા દેહધારિઓના આત્મરૂપ એકમાત્ર ભગવાનની શરણમાં જવું જોઈએ. સર્વાત્મભાવપૂર્વક ભગવાનના શરણમાં જવાથી બધી રીતના ભય નિવૃત્ત થઈ જાય છે.

*ભક્ત પરાજિત નથી થતો અને ન ભયભીત જ.*

પરમાત્માઅનુરક્ત ભક્ત વિષયોના આકર્ષણથી અભિભૂત નથી હોતો. ભગવાન સ્વયં આ સ્વીકારે છે કે

*બાધ્યમાનોપિ મદભક્તો વિષયૈરજિતેન્દ્રિયઃ ।*
*પ્રાયઃ પ્રગલ્ભયા ભક્ત્યા વિષયૈર્નાભિભૂયતે ॥*
*યથાગ્નિ સુસમૃદ્ધાર્ચિ કરોત્યેધાંસિ ભસ્મસાત્ ।*
*તથા મદવિષયા ભક્તિરુદ્ધવૈનાંસિ કૃત્સ્નશઃ ॥*

તાત્પર્ય : ભક્ત અજિતેન્દ્રિય હોવા છતાં પણ વિષયોથી બાધિત હોવા છતાં પણ પ્રાયઃ પોતાની પ્રગલ્ભ ભક્તિના કારણે વિષયોથી અભિભૂત અથવા પરાજિત નથી થતો. પ્રજ્વલિત અગ્નિ જેમ બળતણને ભસ્મસાત કરી દે છે, આ રીતે ભગવદવિષયિણી ભક્તિ બધા પાપોને ભસ્મસાત્ કરી દે છે.

તેથી જ જ્ઞાનીની જેમ ભક્ત દ્વૈતઘટિત સંસારથી પણ ભયભીત નથી થતો. કેટલાક જ્ઞાની તો શ્રુતિના અર્ધવચન 'દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ' સાંભળતાં જ એટલાં ગભરાઈ જાય છે કે સ્વયં પરબ્રહ્મ પરમાત્મા પણ દ્વૈતઘટિત સાકાર રૂપમાં પ્રકટ થઈ જાય તો ભગવાનની પણ તે દિવ્ય આકૃતિને તે મિથ્યા માયિક અથવા ઉપાસનાર્થ કલ્પિત માનીને, ભક્તિ કરવાના બદલે ભગવદાકૃતિના આકર્ષણથી પણ શીઘ્ર મુક્ત થઈ જવા ઈચ્છે છે . જ્ઞાનીમાં વચનનો ઉત્તરાર્ધ સાંભળવાની હિંમત પણ નથી રહી જતી. 'સ વૈ નૈવ રેમે તસ્માદેવકાકીન રમતે સ દ્વિતીયમૈચ્છત' અથવા 'સોઽકામયત દ્વિતીયો આત્મા જાયેતેતિ'

ભક્ત તો ભગવાનના દરેક વચનને ખૂબ ધીરજથી સાંભળવા માટે લાલાયિત જ રહે છે. તેથી તેને આ સરળતાથી સમજમાં આવી જાય છે કે ભક્ત અને ભગવાનના રૂપોનું દ્વૈત સ્વયં સત્યસંકલ્પ પરમાત્માની તેવી કામનાને કારણે પ્રકટ થયું છે. તે માયિક નથી તેથી ભગવદિચ્છા અને ભગવલ્લીલાને સારી રીતે ઓળખતો હોવાના કારણે ભગવાન જેવા ભક્તકામ છે તેવી જ રીતે ભક્ત પણ ભગવત્કામ બની જાય છે. તેને દ્વૈતભય ક્યારે પણ સતાવતો નથી !

*જ્ઞાની ભયભીત થવાથી પરાજિત પણ થઈ જાય છે.*

ભગવત્કામ હોવાના બદલે જે જ્ઞાની નિષ્કામ હોવાના દુષ્કર આયાસમાં અટવાય છે તે પ્રાયઃ વૈરાગ્યવશ ત્યાગના પથ પર અગ્રેસર થવાના બદલે ત્યાગ દ્વારા વૈરાગ્ય પ્રાપ્ત કરવા ઈચ્છે છે. અને વૈરાગ્ય દ્વારા જ્ઞાન અને પછી જ્ઞાન દ્વારા મુક્તિ. પરંતુ થાય છે ઘણું કરીને ઊંધું જ. ત્યાગથી વૈરાગ્ય પ્રાપ્ત કરવાના મોહમાં જ્ઞાની પાત્રોની પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાને શિષ્યૈષણામાં ત્રિગુણીત કરીને સંતાડી લે છે. તે પુત્રકામી, વિત્તકામી અને લોકકામી બનવાના બદલે શિષ્યકામી બની જાય છે જેમાં પુત્ર-વિત્ત-લોક-સમ્બન્ધી ત્રણેય કામનાઓ સંતાયેલી રહે છે ! તેથી જ ભગવાને ગીતામાં કહ્યું છે -

*ધૂમેનાવ્રિયતે વહ્નિર્યથાદર્શો મલેન ચ ।*
*યથોબેનાવૃતો ગર્ભસ્તથા તેનેદમાવૃત્તમ્ ॥*
*આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।*
*કામરૂપેણ કૌન્તેય દુષ્પુરેણાનલેન ચ ॥*

(ગીતા.... ૩-૩૮-૩૯)

તાત્પર્ય : જેમ આગ ધૂમાડાથી ઘેરાઈ જાય છે, જેમ મુખ ઉચ્છ્વાસથી દર્પણ મલીન થઈ જાય છે અથવા જેમ ગર્ભસ્થ શિશુ ઓળથી લપટાયેલો રહે છે. આ રીતે જ્ઞાનીઓનું જ્ઞાન તેના ચિરશત્રુ કામથી ઘેરાયેલું રહે છે.

તેથી પુત્ર-વિત્ત-લોકના બાહ્ય ત્યાગ દ્વારા વૈરાગ્યના પ્રયાસમાં રત જ્ઞાનીને શિષ્યૈષણાના રૂપમાં પુનઃ કામ છળી જાય છે ! દ્વૈતભીત અને કામભીત જ્ઞાની વન-પર્વતોમાં આંખમિંચામણાં કરવા છતાં પણ ત્યાં પણ બધી રીતના શિષ્યોથી ઘેરાઈ જાય છે. અને પછી કથા નામાન્તર વાળા પાત્રોની સાથે શરૂ થઈ જાય છે ! આવા ભયભીત જ્ઞાનીના વાક્ય સાચા નિર્ભય ભક્તને ક્યારેય પણ ભક્તિમાર્ગથી ભ્રષ્ટ નથી કરી શકતા. આવા ભક્તોની વચ્ચે સ્વયં જ્ઞાનીઓને દુર્દાન્ત શિષ્યૈષણાવશ, જે ભગવદ્રુપ ગુણલીલાને તે મિથ્યા માયિક માને છે, તેમને જ યાદ કરી કરીને અશ્રુપાત, કન્ઠાવરોધ આદિ ભક્તિના અનુભાવોને પ્રદર્શિત કરવા

પડે છે !......

પરંતુ જે ભક્તના હૃદયમાં સર્વાત્મના પ્રભુ બિરાજી ગયા હોય તેઓ જ્ઞાનીઓના વચનોથી ક્યારે પણ મોહિત નથી થઈ શકતા તેથી જ તો ઉદ્ધવના વચન સાંભળીને વ્રજની ગોપવધુઓએ એક ખૂબ મજેદાર વાત કરી દીધી હતી, જેનું વર્ણન ઉદ્ધવશતકમાં રત્નાકરે કર્યું છે.

*ચાહત નિકાલયો તિન્હેં જો ઉસ અન્તરતેં ।*
*તાકો જોગ નાહિ જોગમન્તર તિહારેમેં ॥*
*કહે રત્નાકર વિલગ કરિવે મેં હોતિ ।*
*રીતિ વિપરીત મહા કહતિ પુકારે મેં ॥*
*તાતે તિન્હૈ લ્યાઈ લ્યાઈ હિયતૈ હમારે બેગિ ।*
*સોચિયે ઉપાય ફેરિ ચિન્ત ચેતવારે મેં ॥*
*જ્યોં-જ્યોં ભજે તાત દૂરિ-દૂરિ પ્રિય પાનમૂરિ ।*
*ત્યોં-ત્યોં ધંસે જાત મનમુકુટ હમારે મેં ॥*

ભગવાન સર્વાત્મના હૃદયમાં ધારણ કરવાથી ભગવત્સંયોગ હોય અથવા વિપ્રયોગ પરંતુ સર્વાત્મભાવના સામર્થ્યાનુસાર ભક્તને નિરંતર ભગવત્પ્રતીતિ બનેલી રહે છે. મનદર્પણથી ભગવન્મૂર્તિ દૂર પણ જાય તો દર્પણની તો વધારે અંદર જાય છે ને !

### *ભગવત્કામ સંસારજનક નહીં કિન્તુ ભજનાનન્દ જ હોય છે.*

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે નિષ્કામ જ્ઞાનથી મળતા લાભ ભગવત્કામવાળી ભક્તિથી પણ મળી જાય છે. પરંતુ ભગવત્કામવાળી ભક્તિથી મળતાં લાભ જ્ઞાનથી સમ્ભવ નથી. ભગવાન તેથી જ કહે છે કે :

*ન મય્યાવેશિત ધિયાં કામઃ કામાય કલ્પતે ।*
*ભર્જિતાઃ ક્વથિતા ધાના ભૂયો બીજાય નેષ્યતે ॥*

અર્થ : જેમણે પોતાની બુદ્ધિ સર્વાત્મના ભગવાનમાં લગાડી દીધી છે, એવા ભક્તોનો કામ ક્યારેય લૌકિક કામની જેમ નથી રહી જતો. લૌકિક કામથી સંસાર વધી શકે છે પરંતુ ભગવત્કામથી નહીં. જેવી રીતે શેકાયેલા અથવા ઉકળેલા ધાન પુનઃ બીજની જેમ વાવવાંમાં આવે છતાં અંકુર પેદા નથી કરી શકતા.

તેથી જ ભગવદનુરાગવશ પેદા થયેલો વિષયવૈરાગ્ય એક વિલક્ષણ વૈરાગ્ય હોય છે. જ્યારે જાગતિક વિષયોમાં વૈરાગ્યના કારણે પરમાત્માના વિષયમાં પણ ઉત્પન્ન થયેલો અનુરાગ એટલી સ્વસ્થ મનોવૃત્તિ નથી.

પ્રથમમાં નિરંતર ભગવદગુણોના ચિત્તમાં આવેશ જ રહે છે. જ્યારે દ્વિતીયમાં જાગતિક વિષયોના તથાકથિત અવગુણ માયિકતા મિથ્યાત્વ અથવા નશ્વરતા વગેરેથી જ ચિત્ત દૂષિત બનેલું રહે છે.

નિષ્કર્ષતઃ ભગવત્કામ પોતાના ચિત્તને લૌકિક વિષયોના સંદર્ભમાં અનુરાગ અને વિરાગ બંનેથી બચાવે છે. કેવળ પરમાત્મામાં ચિત્તને તલ્લીન કરવું તે જ ભગવત્કામ છે. જે મુનિઓને પણ સર્વથા સુલભ તો નથી જ.

*આત્મારામશ્ચ મુનયઃ નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।*
*કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂતગુણો હરિઃ ॥*

અર્થ : લૌકિક વિષયોમાં આસક્તિ દૂર થવાના કારણે અંતઃકરણની બધી ગ્રંથિઓને ખોલીને આત્મરમણ કરનારા મુનિજન પણ કોઈ હેતુ ન હોવા છતાં પણ હરિભક્તિ તો કરે જ છે કારણ કે હરિમાં કાંઈક એવાં જ ગુણ છે.

આત્માના એકાન્તિક અદ્વૈતમાં તે ભજનાનંદ સંભવ નથી, ભગવત્કામવશ ભગવાનને પોતાના કાન્ત બનાવ્યાથી જેમ ભજનાનંદની ઉપલબ્ધિ થાય છે.

ભજનાનંદમાં શુદ્ધાદ્વૈતના કારણે ભક્ત અને ભગવાનનું નિર્ભય રમણ સમ્ભવ છે. સંસારમાં પણ રમણ તો સમ્ભવ છે, પરંતુ દ્વૈતના કારણે તેમાં નિર્ભયતા નથી. આ રીતે દ્વૈતના કારણે તેમાં નિર્ભયતા નથી. આ રીતે અદ્વૈતના કારણે મુક્તિમાં પણ નિર્ભયતા સમ્ભવ છે, પરંતુ ત્યાં રમણ સમ્ભવ નથી. અન્યથા એકમેવાદિતીય બ્રહ્મ માટે 'સ એકાકીન રમતે' કેમ કહેવામાં આવત :

શ્રી મહાપ્રભુ તેથી જ કહે છે કે શ્રી હરિને હૃદયમાં પધારવા હરિદિદક્ષારૂપ કામ ના બળ પર આ કામ ભગવત્સંગથી પ્રગટ થઈ શકે છે. તેથી ભગવત્સેવા અને અથવા ભગવત્કથા દ્વારા ચિત્તને ભગવત્સંગ પ્રદાન કરો. એક ન એક દિવસે હૃદયમાં ભગવત્કામ પ્રકટ થઈ જશે, જ્યારે ભગવદ્‌વ્યસન સિદ્ધ થઈ જશે ! અને આ થતાં જ ભગવાન્ આપણા હૃદયમાં આવી બિરાજશે ! પછી શું અવશિષ્ટ રહી જશે કહો : 'તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈઃ વૈદિકૈરપિ ?'

***મનનીય ભાવના***

હે અરવિન્દાક્ષ ! મારું હૃદય તમારા દર્શન ઇચ્છે છે. જ્યારે મારું મન તમારા દર્શન ઇચ્છે છે તો બધી ઇન્દ્રિયોના દ્વારથી તમને જ કેવળ અંદર પધરાવવા ઇચ્છે છે. જેમ પક્ષીના પાંખ વિનાનાં બચ્ચાં ચણવા માટે પોતાની માતાની પ્રતીક્ષા કરે છે-ગાયનું વાછરડું પોતાના માતાના સ્તનની કામના કરે છે-સમ્ભવતઃ ચણ અથવા દૂધ અન્ય કોઈ રીતે મળી જાય તો તે પોતાની માતાને ભૂલી પણ શકે છે, પરંતુ મારું મન તો પરદેશ ગયેલા પ્રિયતમની સાચી પ્રેમિકાની જેમ વિરહી બનીને નિરંતર તમારા ધ્યાન મનોરથ પર સવાર તમને જ શોધતું રહે છે.

## પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ

*અથઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।*
*સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥*

**અન્વયાર્થ :**

**અતઃ** આથી, **સર્વાત્મના** - બધી જ પ્રકારોથી અથવા સર્વાત્મભાવ સહિત, **શશ્વદ્** - સર્વદા, **ગોકુલેશ્વરપાદયોઃ** - ગોકુલેશ્વર શ્રીકૃષ્ણની, **સ્મરણં** - લીલાઓના સ્મરણનો, ચ - અને, **ભજનં** - એમના સ્વરૂપની સેવાનો, **અપિ** - પણ, **ન ત્યાજ્યમ્** - ક્યારેય ત્યાગ ન કરવો જોઈએ, ઈતિ - આવો, **મે મતિઃ** - મારો (શ્રીમહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યનો) નિર્ણય છે !!૪!!

કૃષ્ણદર્શનની સાચી લાલસા થવા પર ન તો લીલા સ્મરણ છૂટે છે અને ન સ્વરૂપ સેવા પણ,/ ભક્તિનો વિકાસ,/અવ્યાવૃત એટલે અનન્ય ભાવ/લૌકિક રતિ, ભગવદરતિ અને ભક્તિનો તફાવત/ભગવદ્ પ્રાકટ્યથી ભગવદભક્તિના પ્રાકટ્યનો ક્રમ,/ભગવદભક્તિથી ભગવદપ્રાકટ્યનો ક્રમ,/સેવા-કથા અને ફક્ત કથા,/ભગવદસેવાનો અવસર ભગવદ્ સંયોગ છે તથા અનવસર ભગવદવિયોગ,/સંસારી મુમુક્ષુ અને ભક્ત/ શશ્વદ્/ગોકુલેશ્વર પાદયોઃ,/ન ત્યાજ્યમ્, ! ન ત્યાજ્યમ્, !! ન ત્યાજ્યમ્ !!!, ઈતિ મે મતિઃ ! સ્વરૂપ નિરપેક્ષા ભક્તિ પણ શું ભક્તિ છે ?/શું ભગવદસ્વરૂપની સેવા આજના યુગમાં સંભવ નથી ?/ફક્ત ભગવત્કથામાં જ વિયોગ ભાવના કરવી એક નર્યું પાખંડ છે./કલૌ ભકત્યાદિમાર્ગાઃદુઃસાધ્યા (!)/ સેવા શું ઉચ્ચ અધિકારીઓનું જ કર્તવ્ય છે ?/ ભગવાનના સ્વરૂપની સંનિધિમાં ધ્યાન યોગ (!)/મનનીય ભાવના.

# પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ

ત્રીજા શ્લોકમાં કહેવાયું છે કે શ્રીકૃષ્ણના દર્શનની લાલસા પુષ્ટિભક્તનો ત્રીજો પુરુષાર્થ કામ છે. જ્યારે પ્રેમી-ભક્તના ગોકુલમાં (ભક્તની આંખો વગેરે ઇન્દ્રિયોની સામે) ભગવાન પ્રકટ થઈને દર્શન ન આપતા હોય ત્યારે તે ભક્તના હૃદય, અંતઃકરણ, સમગ્ર અસ્તિત્વમાં પોતાના પ્રિયતમ ગોકુલાધીશ શ્રી કૃષ્ણના દર્શનની લાલસા અત્યંત તીવ્ર થઈ જાય છે. ભગવાન તો સર્વ વસ્તુઓ તેમજ પ્રાણીઓના અંદર પણ બિરાજે છે અને બહાર પણ. તોપણ ક્યારેક કોઈને તેમના દર્શન અંદર થાય છે અને કોઈને બહાર. જ્યારે ભક્તને પોતાના પ્રિયતમ ભગવાનના દર્શન બહાર નથી થતા તો તે ભક્તની દરેક ઇન્દ્રિયોની સ્નેહાત્મક વૃત્તિઓના એકમાત્ર આકર્ષણના હેતુ (કારણરૂપ) તેમજ અધીશ (નિયંતા) એવા ગોકુલાધીશ ભક્તના હૃદયમાં જ છૂપાયેલા હોય છે ! ત્યારે ભક્તની કૃષ્ણદર્શનની લાલસા ખૂબ તીવ્ર થઈ જાય છે. ત્રીજા શ્લોકમાં એવું પણ કહ્યું છે કે ભગવાનને સર્વાત્મના-સર્વપ્રકારે કે સર્વાત્મભાવથી પોતાના હૃદયમાં પધરાવનાર ભક્તને અન્ય કોઈ પણ લૌકિક કે વૈદિક સાધન કે ફલનો મોહ રહેતો નથી. આવી તીવ્ર કૃષ્ણદર્શનની લાલસાવાળા ભક્તનો મોક્ષ તો તે ભક્ત સર્વાત્મના કૃષ્ણનો બની જાય તેમાં જ સમાયેલો છે : 'મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્.'

પુષ્ટિભક્ત શ્રીકૃષ્ણનો બનવા માંગે છે નહીં કે જ્ઞાનીઓની જેમ સ્વયં કૃષ્ણ જ.

સર્વાત્મના શ્રીકૃષ્ણના બનવાનો અર્થ છે કે પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં દૃઢ આસક્તિ. આને જ 'ભક્તિનું વ્યસન' પણ કહેવાય છે. શ્રીકૃષ્ણનું વ્યસન, એમની ભક્તિ, એમની સેવા, એમની લીલાઓના સ્મરણનું વ્યસન અને એમના નામોના ઉચ્ચારણનું વ્યસન ભક્તને થઈ જાય છે. શ્રીકૃષ્ણની નિરંતર અનુભૂતિની કામનાનું આટલુ બધુ તીવ્ર થઈ જવું કે કાં તો ભક્ત શ્રી કૃષ્ણનો પ્રત્યક્ષ અનુભવ પામતો રહે અથવા તો તે ભક્ત શ્રીકૃષ્ણના ચિંતન-સ્મરણમાં સર્વથા ખોવાઈ જ જાય !

ભક્તિમાર્ગીય નિરોધનું સ્વરૂપ પણ આ જ છે. 'પ્રપંચ વિસ્મૃતિપૂર્વિકા ભગવદાસક્તિ નિરોધઃ'. પરંતુ ભક્તિની વ્યસનદશાના વિકાસ વગર આ (નિરોધ) સંભવ નથી. આપણને જેનું વ્યસન થઈ જાય છે તેના વગર આપણે નથી રહી શકતા.

***કૃષ્ણદર્શનની સાચી લાલસા હોય તો લીલાસ્મરણ નથી છૂટતું કે સ્વરૂપસેવા પણ નથી છૂટતી.***

જે ભક્ત પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણને ધારણ કરી શકે છે. એમની શ્રીકૃષ્ણદર્શનની લાલસાને કિંતુ પુષ્ટિભક્તિનો ચરમ પુરુષાર્થ નહીં સમજી લેવો જોઈએ. કોઈ લૌકિક કે વૈદિક સાધન કે ફળ શ્રીકૃષ્ણદર્શનની સાચી લાલસાથી ઉત્કૃષ્ટ ન હોઈ શકે. જેમ કે ઉર્દુ ભાષાના કવિએ કહ્યું છે કે-

*સિતારોં સે આગે જહાં ઔર ભી હૈ ।*
*અભી ઈશ્ક કે ઈમ્તહાં ઔર ભી હૈ ॥*

એવી જ રીતે શ્રીકૃષ્ણદર્શનની સાચી લાલસા પછી, પુષ્ટિભક્તના આકાશમાં, એક ઊંચું ઉડ્ડયન બાકી રહી જાય છે.

જે જીવાત્માનો શ્રી કૃષ્ણદર્શનલાલસાની સાથે પરિણય થઈ જાય છે, ત્યારે તે મંગલમય દામ્પત્યના કારણે શ્રી કૃષ્ણસ્વરૂપસેવા અને શ્રી કૃષ્ણલીલા ચિંતનરૂપ સંતતિનો જન્મ જો ન થાય, તો કંઈક ગરબડ છે ! કાં તો જીવાત્મા નપુંસક છે અથવા કૃષ્ણદર્શન લાલસાને વંધ્યા (વાંઝણી) સમજવી જોઈએ. આથી જ શ્રી મહાપ્રભુ કહે છે : 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્....'

અણુભાષ્ય (૪-૨-૧)માં કહ્યું છે કે ભક્તિ સ્નેહાત્મિકા હોય છે અને સ્નેહનું ફળ નિશ્ચિતપણે પ્રભુનું પ્રાકટ્ય છે - 'ભક્તેઃ સ્નેહાત્મકત્વાત્ તસ્ય પ્રભુપ્રાકટ્યફલકત્વાત્.' આથી જ સેવાના અનવસરમાં ભગવાનની લીલાઓનું ચિંતન કરનારા ભક્તોના હૃદયમાં ભગવાનનું આંતર પ્રાકટ્ય થાય છે. તે જ રીતે સેવાના સમયમાં પ્રત્યક્ષરૂપે દર્શન આપતા પોતાના સેવ્યસ્વરૂપના વિષયમાં ભક્તની

ભાવના તો એવી જ હોય છે કે આ (સ્વરૂપ) સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. જો ભક્તની ભાવના આવી ન હોય તો તેની ભક્તિમાં ક્યાંક કોઈક ગરબડ છે. શ્રીકૃષ્ણના દર્શનની તીવ્ર લાલસાથી થતાં ભગવદસ્મરણ તથા ભગવદ્દભજન (સેવા)નું નભવું એ જ ભક્તની મુક્તિ (મોક્ષ) છે. આના સિવાયની બીજા કોઈ પણપ્રકારની મુક્તિ પુષ્ટિભક્ત માટે તો તેની ભક્તિમાં આવી પડેલી કોઈક બાધા (પ્રતિબંધ) જ છે. મહાપ્રભુ આથી જ કહે છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ.'

### *ભક્તિનો વિકાસ*

ભક્તિનો જે બીજભાવ આપણા આત્મામાં રહેલ છે તેનો સેવા-કથા અર્થાત્ ભજન-સ્મરણ દ્વારા એવો વિકાસ થવો જોઈએ કે તે બીજભાવ પ્રેમ તથા આસક્તિમાં અંકુરિત, પલ્લવિત થતાં થતાં વ્યસન અવસ્થામાં પુષ્પિત થઈ જાય. ભક્તિવર્ધિની નામના ગ્રંથમાં મહાપ્રભુએ સમજાવ્યું છે કે ભક્તિનો બીજભાવ જે આપણા જીવાત્માની અંદર વાવેલો છે તે ત્યાં જ માત્ર સુષુપ્ત (સૂતેલો) જ ન રહી જાય. બીજભાવના વિકાસ માટે આથી જ તેને યોગ્ય અનુકૂલ વાતાવરણ પૂરું પાડવાની અપેક્ષા રહે છે.

જેમ બીજ વાવતાં પહેલાં ક્યારીને સાફ કરવી પડે છે. સૂકું ઘાસ જો હોય તો એને દૂર કરવું પડે છે. ક્યારીની ચારે બાજુ કાંટાની વાડ કરવી પડે છે જેથી જનાવરો તેને ખેદાન મેદાન ન કરી દે. જામેલી માટીને કોઈક રીતે નરમ કરવી પડે છે. ખાતર પણ થોડું નાખવું પડે છે. વરસાદનાં પાણીનું સિંચન કરવું હોય તો વરસાદ આવવાના સમયનું અનુમાન પણ કરવું પડશે. નહીં તો પછી કૂવા કે નહેરના પાણીની કંઈક વ્યવસ્થા તૈયાર રાખવી પડશે. ત્યારે બીજ અંકુરિત થઈ શકશે. અંકુરિત થયા પછી પણ કીડી-મકોડા, પશુ-પક્ષીઓ તેને નષ્ટ ન કરી નાખે તેની કાળજી રાખવી પડે છે. તે પછી બીજ વાવ્યાનું ફળ મળે છે.

એ જ પ્રકારે ભગવદ્દભાવને ખંડિત કરનાર વ્યક્તિઓ તેમજ સાહિત્યના દુઃસંગથી બચવું એ આપણી ભક્તિમાર્ગીય પ્રથમ આવશ્યકતા છે.

અંશી પરમાત્માથી વિખૂટો પડેલ અંશરૂપી જીવાત્મા પર બાઝેલા ભગવદ્ વિસ્મૃતિના કઠોર આવરણોને તીક્ષ્ણ માહાત્મ્યજ્ઞાનથી ઉખાડીને નરમ કરવું પણ આવશ્યક છે.

પરમાત્મા પ્રત્યે આત્મસમર્પણ અર્થાત્ બ્રહ્મસંબંધરૂપી ખાતર નાખીને આપણી હૃદયભૂમિની ઉપજશક્તિ વધારવી પણ જરુરી છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદનરૂપી નવધા ભક્તિથી સિંચન પણ આવશ્યક છે.

ત્યારે જઈને પરમાત્માએ વાવેલો ભક્તિનો બીજભવ અંકુરિત થઈ શકે છે. મહાપ્રભુ આજ્ઞા કરે છે કે બીજભાવને દઢ કરવો હોય તો પોતાના ઘરમાં રહીને જે-તે દેહ વગેરેના અભિમાનોને ધ્યાનમાં રાખીને શાસ્ત્રોમાં કહેલ સ્વધર્મોને નિભાવીને તેમજ અવ્યાવૃત્ત થઈને ભગવાનના પૂજન, શ્રવણ વગેરેમાં પરાયણ થવું જોઈએ. 'બીજદાર્ઢ્યકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ'

### *'અવ્યાવૃત્ત' એટલે અનન્યભાવથી.*

ભક્તિની સાધનામાં અનન્યભાવ પ્રાણરૂપ છે. જેમ યોગની સાધનામાં ચિત્તની એકાગ્રતા વગર કાંઈ જ નથી થતું તે જ રીતે ભક્તિની સાધનામાં અનન્યભાવ વિનાની ભક્તિનો કોઈ અર્થ નથી રહેતો.

મેસ્મેરીઝમના અભ્યાસમાં દષ્ટિની એકાગ્રતાની કેટલી બધી સાધના કરવી પડે છે, અને તે પણ કોઈ એક નાના બિંદુ પર ! ત્યારે મેસ્મેરિઝમ આવડે છે. તો પછી ભક્તિ જેવી ગરિમામયી સાધના ભાવની એકાગ્રતા વગર જ સિદ્ધ થઈ જાય એવું માનવું એ ભયંકર મોટી ભૂલ છે ! ભક્તિના બીજભાવના અંકુરિત, પલ્લવિત, પુષ્પિત તથા ફલિત થવાની પહેલી શરત છે કે ભાવની એકાગ્રતા એટલે કે અનન્યભાવ. આથી જ ગીતામાં ભગવાને દરેક જગ્યાએ ભક્તિમાં અનન્યભાવની મહત્તાનો ઉપદેશ કર્યો છે :

*અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના (૮-૮)*
*અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ (૮-૧૪)*

*પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યાલભ્યસ્ત્વનન્યયા (૮-૨૨)*
*ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂત્વાદિમવ્યયમ્ (૯-૧૩)*
*અનન્યાશ્ચિંતયંતો માં યે જનાઃ પર્યુપાસતે (૯-૨૨)*
*અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ (૯-૩૦)*
*ભક્ત્યાત્વનન્યા શક્યઃ અહમેવંવિધોર્જુનઃ (૧૧-૫૪)*
*અનન્યનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે (૧૨-૬)*
*મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી (૧૩-૧૦)*

આ લાંબી યાદીથી સાબિત થાય છે કે ગીતાના ઉપદેશકને ભક્તિમાં અનન્યભાવની કેટલી વધુ આવશ્યક્તા જણાય છે ?

અનન્યભાવ ત્યારે આપણો ખંડિત થાય છે જ્યારે આપણે દેવતાંતર (અન્ય દેવોની), માર્ગાન્તર (અન્ય માર્ગીય), સાધનાન્તર (અન્ય સાધનોની) કે ફલાન્તર (અન્ય ફળોની) કામનાઓથી જ્યારે આપણા ભક્તિભાવને ભેગો કરી દૂષિત કરી નાખીએ છીએ.

કર્મમાર્ગીય સાધનામાં શાસ્ત્રવિધિ પ્રમાણે જ્યારે, જ્યાં, જે દેવતાનું જેવું પૂજન વગેરે બતાવ્યું છે તે પ્રકારે કર્મ ન કરવામાં આવે તો તે કર્મ વિગુણ થઈ જાય છે, કેમ કે કર્મમાર્ગીય સાધના એ કોઈ દેવવિશેષમાં સીમિત થઈને ચાલતી સાધના નથી. કર્મમાર્ગીય સાધનામાં શાસ્ત્રોક્ત સ્વકર્મમાં નિષ્ઠાનું જ મહત્ત્વ છે. આથી શાસ્ત્રોમાં બતાવેલ પ્રત્યેક દેવતાના યજન-પૂજન કર્મમાર્ગીય સાધનામાં અનિવાર્ય છે. જ્ઞાનમાર્ગીય સાધનામાં સાકાર દેવતાઓની ઉપાસના કરતા મુખ્યતા નિરાકાર અક્ષરબ્રહ્મના શ્રવણ-મનન-ચિંતનની છે. તેથી જ સાચો શિવભક્ત પરમાત્માને શિવના રૂપમાં માને છે અને સાચો વિષ્ણુભક્ત પરમાત્માના વિષ્ણુરૂપને પોતાના પરમ આરાધ્ય માને છે.

વૈષ્ણવ વિષ્ણુને પરમતત્ત્વ એટલા માટે કાંઈ નથી માનતા કે શૈવો એ શિવને પરમતત્ત્વના રૂપમાં માન્ય કર્યા છે એવી જ રીતે સાચા શૈવો શિવને પરમ તત્ત્વ એટલે નથી માનતા કે વિષ્ણુ વૈષ્ણવોના પરમતત્ત્વ છે. પણ ભક્તિ વગરનો જ્ઞાનમાર્ગીય સાધક, જ્યારે પરમતત્ત્વ શિવ છે કે વિષ્ણુ એવા ઝઘડામાં ફસાય છે ત્યારે પોતાની નિષ્ઠાહીનતાનો ઉજ્જ્વળ



નમૂનો ધરી જ દે છે. આવું એક મજેદાર ઉદાહરણ આપણને અપ્પય દીક્ષિતના આ શ્લોકમાં મળે છે.

*ત્રયાણાં દેવાનાં ભવતું સમમૈશ્વર્યમથવા ।*
*ભવત્વેષાં મધ્યે ભવભયહરસ્થાણુરધિકઃ ॥*

અર્થ : કાં તો બ્રહ્મા, વિષ્ણુ તેમજ શિવની ઈશ્વરતા-મહત્તા સરખી જ માનવી જોઈએ, અથવા તો પછી તો પછી આ ત્રણેમાં શિવની મહત્તા વધુ છે એવું કહેવું જોઈએ (!?).

આવા ઉદ્ગાર નિષ્ઠાહીન એટલે કે અનન્યભાવરહિત જ્ઞાનમાર્ગીય સાધકના છે. ભક્ત ભલે શિવનો હોય કે વિષ્ણુનો, તે પોતાના આરાધ્યને મહાન એટલા માટે નથી માનતો કેમકે બીજો આરાધક કોઈ બીજા રૂપને મહાન માને છે. હૃદય જ્યારે અનન્યભાવ વગરનું (ત્રયાણાં દેવાનાં ભવતુ સમમૈશ્વર્યમ'ની જેમ) હોય છે ત્યારે જ સાધકને ઝઘડવાનું સૂઝે છે કે 'અથવા ભવત્વેષાં મધ્યે ભવભયહરસ્થાણુરધિકઃ !'

પોતાના ઈષ્ટદેવમાં અનન્યભાવનો મતલબ ક્યારેય એવો ન સમજવો જોઈએ કે આપણે જો કોઈકના ભક્ત બન્યા છીએ તો બીજા દેવોનો અનાદર કરવા લાગીએ ! પોતાના આરાધ્યની અનન્ય ભક્તિમય આરાધના કરનારા ભક્તનું હૃદય, ભક્તિના પ્રેમમય સ્વભાવથી એટલું કોમલ થઈ જવું જોઈએ કે બીજા કોઈ દેવની વાત તો દૂર, પણ અન્ય કોઈ પ્રાણી માટે પણ અનાદર પ્રકટ ન થાય. કોઈ કઠોરતા ભક્તમાં રહી જ નથી શકતી ! 'યત્કિંચ ભૂતં પ્રણમેદ્ અનન્યઃ' પ્રેમીને તો પ્રેમની ઉત્કટતાથી સર્વત્ર પ્રિયતમ જ દેખાઈ રહ્યો છે. આથી જ તેનું મસ્તક ઝૂકેલું (નમેલું) જ રહે છે. તો પણ પ્રેમી પ્રેમ કરે છે પોતાના પ્રિયતમને જ, નહીં કે સર્વને ! ભક્તના સર્વાત્મભાવ અને જ્ઞાનીના સર્વાત્મભાન વચ્ચે ખૂબ ખૂબ સૂક્ષ્મ અંતર હોય છે ! જ્ઞાન આકારથી મુક્તિનો માર્ગ છે પણ ભક્તિ આકારની સાથે સ્નેહનો માર્ગ છે.

આ સૂક્ષ્મ રહસ્યને સમજ્યા વિના શુદ્ધાદ્વૈતના નામે આજે આ દેવની, તો કાલે પેલા દેવની અને પછી કોઈ ત્રીજા જ દેવની એમ દરરોજે નવા નવા દેવતાઓની સ્તુતિ, પ્રાર્થના, વ્રત, અર્ચના (પૂજા),

યાત્રા, માનતા કરનાર સાધકને ક્યારેય ભક્ત માનવાની ભૂલ ન કરવી જોઈએ. જો ભક્તિ અનન્યભાવ વગરની છે તો તે ભક્તિ નથી જ. તે તો આપણી ચંચળ ચિત્તની ભટકતી, દિગ્ભ્રાન્ત (દિશા ભૂલેલી) વૃત્તિ છે !

અનેક દેવતાઓની આરાધના કરવી અને પછી શુદ્ધાદ્વૈતની આણ-નામ આપવું તે ભક્તિમાર્ગમાં ઠગાઈ છે. કેમકે શુદ્ધાદ્વૈતને વાસ્તવિકરૂપમાં સ્વીકારવાથી તો માત્ર અન્ય દેવ જ નહીં પણ જગતની પ્રત્યેક વસ્તુ બ્રહ્મના જ અનેક રૂપ છે. પંડિત વામન ગીતાની મરાઠી વ્યાખ્યામાં એક સરસ વાત કહે છે.

*સર્વ દેવાસ આપણાસ અદ્વૈત ।*
*સત્ય પરંતુ મુક્તિપ્રદ નવ્હે અન્યદેવત ।*
*ઐસી બોલસી તૂ ભગવત્ યા ગીતાશાસ્ત્રી પ્રતીપદી ।*
*અતા જ્ઞાન જાલિયાવરી ।*
*તૂંચી સર્વ દેવતા મ્હણૂનિ જરી ।*
*વિઘ્નહર દેવતા પ્રાર્થૂ તરી ઘટપટ કાય તૂ નવ્હસી ?॥*

દેવ, દાનવ, માનવ, પશુ, પક્ષી, સરીસૃપ, માછલા, કાચબા, કીડા-પતંગિયા, વૃક્ષ, કાંકરા-પથ્થર બધાં જ એક પરમાત્માના અનેકરૂપ છે. સર્વમાં બ્રહ્મભાવના ભક્તિમાં સહાયક બને છે. તો પણ બધાનું ભજન ભક્તિમાં નિશ્ચતરૂપે બાધક છે. જેમકે શ્વાસ ચાલવો તે જીવનની નીશાની છે, પણ વધુ પડતો શ્વાસ ચાલવો તે દમ રોગની નિશાની હોઈ શકે છે ! સર્વમાં બ્રહ્મભાવ રાખીને માત્ર પોતાના ઇષ્ટ દેવના જ ભજનનો આગ્રહ ભક્તિમાં અનન્યભાવ કહેવાય છે. આથી જ અન્ય દેવના ભજનને ગીતામાં પ્રશંસનીય નથી માન્યું : 'કામૈસ્તૈસ્તૈર્હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેન્યદેવતાઃ (૭-૨૦)'

એ જ પ્રકારે આજે ભક્તિમાર્ગીય ઉપાયોના પ્રયોગ પરીક્ષણ કરવા, કાલે કર્મમાર્ગીય ઉપાયોનું અને પરમદિવસે જ્ઞાનમાર્ગીય ઉપાયોનું એ સાધનાન્તર છે જે આપણા અનન્ય ભાવને ખંડિત કરે છે. એ જ રીતે આજે વૈદિક શૈવ અથવા વૈષ્ણવધર્મ, કાલે જૈન બૌદ્ધ અને પરમદિવસે



યહુદી-ખ્રિસ્તી-મુસલમાનોનો ધર્મ અને થોડા દિવસો રહીને વનવાસીઓના જાદુ-ટોણાવાળા કર્મકાંડને પણ સ્વીકારવો તે માર્ગાન્તર પણ અનન્યભાવને ખંડિત કરે છે. ભગવાન ગીતામાં કહે છે 'શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માસ્વનુષ્ઠિતાત્ (૧૮-૪૭).' પરધર્મનું સારી રીતે કરેલ અનુષ્ઠાન પણ સ્વધર્મના વિગુણ અનુષ્ઠાનથી વધુ સારું નથી હોતું. પણ વિગુણ એવું સ્વધર્મનું અનુષ્ઠાન જ શ્રેયકારક હોય છે.

પરંતુ આજકાલ, કહેવાતા ખુલ્લા દિમાગના લોકો સ્વધર્મના બંધનને બેવકૂફી માને છે એમની આત્મવંચના (ઠગાઈ)નું ચિત્રણ કરતો એક શ્લોક મળે છે :

*શ્રોતવ્યઃ સૌગતો ધર્મ મન્તવ્યઃ પુનરાર્હતઃ ।*
*વૈદિકો વ્યવહર્તવ્યઃ ધ્યાતવ્યઃ પરમઃ શિવઃ ॥*

અર્થ : ધર્મોપદેશ સાંભળો બુદ્ધનો, મનન કરો જૈનોના ધર્મોપદેશનું, વ્યવહારમાં સ્વીકારો વૈદિક ધર્મને અને ધ્યાન ધરો પરમ શિવનું !

આ ધર્મનું અનુષ્ઠાન નથી પણ ભવાઈ માત્ર છે. મૂર્ખ લોકો આમ કરીને પોતાને ઠગે છે અને ધૂર્ત લોકો જગતને ! ભક્તિમાર્ગમાં આવી મનોવૃત્તિ અનન્ય ભાવનો નાશ કરે છે.

આ જ પ્રકારે ફલાન્તરની કામનાને કારણે પણ ભક્તિમાર્ગીય અનન્યભાવ ખંડિત થાય છે. પોતાની ભક્તિના ફલરૂપે વધુ સુદૃઢ ભક્તિની જ જો કામના હોય તો તો ભક્તિ અનન્યભાવાત્મક છે એમ સમજવું જોઈએ. પણ પોતાની ભક્તિ વડે કોઈ તુચ્છ લૌકિક ફળ, ધન, યશ, માન, પદવી, સંતતિ, વિજય વગેરેની કામના ભક્તિમાં ફલાન્તર છે. માત્ર લૌકિક કામના જ નહિ પણ અલૌકિક જ્ઞાન કે મુક્તિની કામના પણ ભક્તિમાં ફલાન્તર છે જે અનન્યભાવનો નાશ કરે છે. ભક્તિનું ફળ ભક્તિ સિવાય જ્ઞાન કે મુક્તિ કે બીજું કંઈ પણ માન્યું કે ભક્તિ ખતમ થઈ ગઈ એમ માની લેવું જોઈએ.

આવા દેવતાન્તર, સાધનાન્તર, માર્ગાન્તર કે ફલાન્તરની કામનાઓથી જેનું હૃદય ભરાયેલું ન હોય અર્થાત્ વ્યાવૃત્ત ન હોય એવા

અવ્યાવૃત્ત ભક્તે તો ભગવત્ સેવા અને ભગવત્ કથા એ બંનેમાં તત્પર રહેવું જોઈએ. 'અવ્યાવૃત્ત'નો અર્થ વિરક્ત નથી. એ સહજ છે કે ભક્તમાં શરૂઆતમાં ભગવત્ અનુરક્તિની સાથે જે ઓછી-વત્તી લૌકિક વિષયોની અનુરક્તિ કે કામના રહી શકે છે. પણ કોઈ પણ હાલતમાં સાચો ભક્ત પોતાની ભગવત્ ભક્તિ થકી પોતાની લૌકિક કામનાઓની પૂર્તિ નહીં કરવા માંગે. અવ્યાવૃત્ત થઈને ભક્તિ કરવાનો આ અર્થ છે. પરંતુ જે અવ્યાવૃત્ત એટલે કે અનન્યભાવયુક્ત નથી થઈ શકતા એમણે એકાએક સ્વરૂપસેવા શરૂ ન કરવી જોઈએ. ભગવત્ કથા દ્વારા પહેલા પોતાને અવ્યાવૃત્ત અનન્યભાવયુક્ત કરવા જોઈએ. મહાપ્રભુનું દૃઢ આશ્વાસન પ્રત્યેક પુષ્ટિભક્તના માટે છે જે કે જેનાથી ભગવત્ સેવા અને ભગવત્ કથા બંને નભતા હોય, અથવા બેમાંથી એક પણ જેનાથી નભતી હોય તો પણ ચિંતા એમણે ન કરવી જોઈએ. કેમકે તો પણ ભક્તિનો બીજભાવ ક્યારેક તો દૃઢ થશે જ. એટલે કે બીજ ક્યારે ને ક્યારે તો અંકુરિત થશે જ.

### *(ક) લૌકિક રતિ (ખ) ભગવદ રતિ તથા (ગ) ભક્તિનું અંતર*

(ક) જેવું કે વિસ્તૃત વિવેચન વડે અમે સમજાવી ચૂક્યા છીએ કે 'ભક્તિ'નો અર્થ થાય છે : અંશ જીવાત્માનું અંશી પરમાત્મા પ્રત્યેનું સહજ આકર્ષણ. પોતાની રતિના વાસ્તવિક આલંબનના રૂપમાં પરમાત્માને ઓળખી ન શકવાને લીધે આ પ્રબળ આકર્ષણ અન્ય લૌકિક વિષયોની રતિના રૂપમાં વિકૃત થઈ જાય છે, પોતાના ક્ષુદ્ર સંતોષ માટે. આ અર્થમાં લૌકિક વિષયોમાં આપણી જે રતિ છે તેના મૂળરૂપમાં તો નિર્દોષ પરમાત્મરતિ જ છે. તેમ છતાં પણ લૌકિક રતિની શાસ્ત્રમાં જ નિંદા થઈ છે તે રતિના મૂળરૂપને માટે નહિં પણ તેના વિષયને દૃષ્ટિમાં રાખીને જ થઈ છે.

નિર્દોષ ક્રિયા પણ દોષપૂર્ણ પ્રયોજન કે દોષપૂર્ણ વિષયના લીધે લગભગ દોષયુક્ત થઈ જાય છે. સત્યભાષણ દોષરહિત હોવાં છતાં પણ રાગદ્વેષને કારણે સાચું બોલનારનાં મુખમાં દોષપૂર્ણ બની જાય છે. દયા પણ એક ઉત્તમ મનોભાવ છે પણ દયાના માધ્યમ થકી સ્વાર્થની સિદ્ધિના પ્રયોજનથી દૂષિત થવાથી દયા પણ પ્રશંસનીય નથી રહેતી. એક જ તુકાર મિત્ર પ્રત્યેનો સ્નેહ વ્યક્ત કરે છે પણ આદરણીય વડીલ પ્રત્યેના અનાદરને પણ વ્યક્ત કરી શકે છે તે જ રીતે પરમાત્મવિષયક રતિ સર્વથા દોષરહિત એક શ્રેષ્ઠત્તમ ઉપલબ્ધિ હોવાં છતાં પણ લૌકિક ક્ષુદ્ર વિષયના સંદર્ભમાં હોવાથી તે દોષરહિત નથી રહી જતી.

રસશાસ્ત્રકારોએ લૌકિક રતિની વિવેચના કરતાં રતિની દશ અવસ્થાઓની વિવેચના કરી છે.

**ચક્ષુરાગ** : કોઈ વસ્તુ કે વ્યક્તિને જોતાં-સાંભળતા તેની પ્રાપ્તિ માટે આતુર થઈ જવું તે ચક્ષુરાગ છે. આંખોનું ક્યાંક એકાએક આકૃષ્ટ થઈ જવું ચક્ષુરાગ છે.

**મનઃસંગ** : કોઈને જોયા કે સાંભળ્યા બાદ આપણા મનનું નિરંતર એની કલ્પનામાં ડૂબેલા રહેવું.

**સંકલ્પ** : મન મોહક વસ્તુની તરફ જ્યારે મન નિરંતર દોડતું રહે છે તો મનમાં તે વસ્તુ મેળવવા માટે અનેક સંકલ્પો પણ ઉત્પન્ન થાય છે.

**જાગરણ** : મનમાં ઉભરતાં સંકલ્પ વિકલ્પ એ મોહિત વ્યક્તિની નિદ્રાના નાશક બની જાય છે.

**તનુતા** : નિદ્રાના નાશ પછી એનો પ્રભાવ શરીર ઉપર પડે છે અને શરીર પાતળું થવા લાગે છે.

**વિષયદ્વેષ** : તનુતાનો પ્રભાવ પાછો મન પર પડે છે અને પ્રેમી ચીડીયો બની જાય છે. એને પોતાની પ્રિયતમ વસ્તુ વગર બીજું કંઈ પણ પસંદ આવવું બંધ થઈ જાય છે.

**લજ્જાત્યાગ** : વિષયદ્વેષ પછીનું કદમ લજ્જાનો ત્યાગ કરવાનું હોય છે.

**ઉન્માદ** : લજ્જા છોડ્યા પછી સામાજિક વ્યવહાર નભતો નથી પરિણામે વ્યક્તિને સમાજમાં ઉન્મત્ત માનીને પરેશાન કરવામાં આવે છે.

**મૂર્છા :** આવી પ્રેમોન્મત્ત વ્યક્તિ ક્યારેક ક્યારેક મૂર્છિત પણ થઈ શકે છે.

**મરણ :** પ્રેમ જ્યારે ઉન્માદ અને મૂર્છાના આવર્તનમાં ઘેરાઈ જાય છે ત્યારે પ્રેમીનું મૃત્યું પણ થઈ શકે છે.

સ્નેહની આ દશ અવસ્થાઓ રસશાસ્ત્રકારોએ ગણાવી છે પરિણામે કેટલાંક લોકોએ ખોટી ધારણાં બનાવી લીધી છે કે સ્નેહની વૃદ્ધિના દશ સોપાન નક્કી છે. એટલે કે પ્રેમી જ્યાં સુધી મરી ન જાય ત્યાં સુધી એના પ્રેમની જાણે કે પૂર્ણતા ન આવતી હોય ! આથી આપણે જોઈ શકીએ છીએ કે પ્રેમીને મારી કે મરાવી દેવાની એક નિશ્ચિત યોજના પ્રમાણે પ્રેમના પ્રારંભથી જ પ્રેમી અને પ્રિયતમને આ સોપાનોમાં અલગ કરી દીધા છે ! ચક્ષુરાગ પછી પ્રિયતમસંગમની (મિલનની) ચર્ચા કર્યા વગર જ સીધેસીધા મનઃસંગ, સંકલ્પ, જાગરણ અને કૃશતા તરફ પ્રેમીને ધકેલી માર્યો છે ! પ્રેમની આ ઉત્તરોત્તર અવસ્થાઓ વિયોગમાં ઘટિત થઈ શકે છે. પ્રેમી અને પ્રિયતમના સંયોગમાં પણ, પરંતુ પ્રેમનો વિકાસ ઉત્તરોત્તર વૃદ્ધિગત થઈ શકે છે કે નહિં ?

આમ જુઓ તો લૌકિક રતિ કરવાવાળાને અને લૌકિક રતિના આલંબનનું મરણ ક્યારેક થવાનું છે જ. 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ)' આથી રસશાસ્ત્રકારોની વિવેચના યોગ્ય તો છે જ કે સ્નેહીનો અંત મરણ જ છે પરંતુ શું આને 'સ્નેહની નિયતિ' કહી શકાય ?

(ખ) લૌકિક રતિની આ રસશાસ્ત્રની વિવેચનાના આધારે પરમાત્મરતિની વિવેચના કરવી એ કોઈપણ રીતે યુક્તિસંગત નથી. કેમકે, ભક્તનો દેહ રહે કે ન રહે તેવી સ્થિતિમાં પરમાત્મરતિની હોવું કે ન હોવું સંભવ નથી. ભક્તિના બીજભાવવાળો જીવાત્મા અનેક જન્મોમાં નિરંતર નવા નવા દેહોને ધારણ કરીને એક માત્ર પરમાત્માને જ પોતાની રતિનું આલંબન બનાવી દે છે. આથી જેવી રીતે મૃત્યુ લૌકિક રતિને કરુણ રસમાં રૂપાન્તરીત કરે છે તેવી રીતે પરમાત્મરતિને નથી કરી શકતું. કેમકે પરમાત્મા સાથે જોડાયેલ પ્રેમ ક્ષણભંગુર દેહની મર્યાદાને ઓળંગી જાય છે.

ઉદાહરણ રૂપે અવતારકાળમાં જ્યારે ભગવાનની લીલા ભૂતળ પર પ્રગટ થતી હોય છે તેવા રામાવતાર કે કૃષ્ણાવતારના સમયે કેટલાક જીવાત્મા ભગવત્ માહાત્મ્યને જાણ્યા વગર જ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણના સ્વરૂપ તેમજ લીલાઓમાં આકર્ષિત થઈ જ ગયા હતા. આ ભગવત્ પ્રેમીઓને ભગવાનની વિવિધ પ્રકારની લીલાઓને કારણે પણ ભગવત્ વિયોગની અનુભૂતિ થઈ હતી. અને તે વિયોગમાં કોઈક ભગવત્ પ્રેમીઓએ દેહત્યાગ પણ કર્યો હશે. પરંતુ શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે એમને દિવ્યભગવત્ ધામોમાં પુનઃ ભગવત્ સ્વરૂપની તેમજ લીલાની અનુભૂતિના રૂપે નિરંતર સંયોગસુખ મળ્યું જ. આથી ભગવાન પરત્વેની રતિ ક્યારે પણ કરુણરસમાં બદલાતી નથી, લૌકિક રતિ ભલે બદલાય. આથી શ્રી વિઠ્ઠલનાથ પ્રભુચરણે વ્રજગોપિકાઓની શ્રી કૃષ્ણ-રતિના મૃત્યું સિવાયના સાત સોપાન બતાવ્યા છે :-

(૧) ભાવૈરંકુરિતં મહીમૃગદ્રશાંમાકલ્પમાસિંચિતમ્ (૨) પ્રેમ્ણાકંદલિતં (૩) મનોરથમયૈઃ શાખાશતૈઃ સંભૃતમ્ (૪) લૌલ્યૈં પલ્લવિતં (૫) મુદા કુસુમિતં (૬) પ્રત્યાશયા પુષ્પિતમ્ (૭) લીલાભિઃ ફલિતમ્ ભજે વ્રજવનીશૃંગારકલ્પદ્રુમમ્.

આ શ્લોકમાં વર્ણિત ભાવ, પ્રેમ, મનોરથ, લૌલ્ય, મોદ, પ્રત્યાશા અને લીલાને ભગવદરતિના બીજભાવમાંથી અંકુર કન્દલ, શાખા, પલ્લવ (કૂંપળ), કલિકા (કળી), પુષ્પ અને ફળ એવી સાત પ્રકારની અવસ્થાઓનાં વિકાસના રૂપમાં કહેલ છે. શ્રી કૃષ્ણને 'વ્રજવનીશૃંગારકલ્પદ્રુમ' કહેવાનું તાત્પર્ય એ જ છે કે શ્રી કૃષ્ણના વિષયમાં શ્રી કૃષ્ણના પ્રેમીઓનો મનોરથ ક્યારેય અધૂરા નહિ રાખે. અહી ધ્યાનમાં એ લેવુ જોઈએ કે ભગવદરતિની ફલાવસ્થાના રૂપમાં ભગવદલીલા કહેલ છે. વ્યાપી વૈકુંઠમાં ભગવદલીલાને નિત્ય માનેલી છે. અર્થાત્ ભગવદલીલા સર્વત્ર સર્વદા ચાલી જ રહી છે. ભગવદકૃપાના કારણે કોઈકને અનુભૂતિ થાય છે અને કોઈકને નહીં. આથી જે જીવાત્માનું વરણ (સ્વીકાર) પરમાત્મા પોતાની લીલામાં કરી લે છે, તે જીવાત્મા દેશ અને કાળની સીમાઓથી ઉપર ઉઠીને ભગવદ્ અનુરક્તિ કરી શકે છે. આથી ભગવદ્ રતિનું વિકાસયાત્રામાં મૃત્યુનું કોઈ સ્થાન

નથી, લૌકિક રતિની જેમ, જો મૃત્યુ અનુભૂત થાય છે તો તે પણ એક લીલા જ માનેલી છે, જેનાથી આસુરી જીવોને તો વ્યામોહ થાય છે, પરંતુ દૈવી જીવોને ક્યારેય નહીં.

આ પ્રકારે ભગવદ્ રતિનું સ્વરૂપ સમજ્યા પછી હવે ભગવદભક્તિનું વિલક્ષણ સ્વરૂપ પણ સમજી લેવું જોઈએ.

(ગ) જીવના કર્મ, જ્ઞાન અથવા ભક્તિ વગેરે સાધનોની મર્યાદાનો વિચાર કર્યા વગર જ જ્યારે ભગવાન પોતે જ અનુગ્રહના કારણે પ્રગટ થઈ જાય છે. ત્યારે ભગવાનના એ પ્રગટ સ્વરૂપમાં અને ભગવાનની લીલાઓમાં જીવની સહજ રતિ અવશપણે સિદ્ધ થાય છે. તે જીવ ભગવાનના માહાત્મ્યને જાણ્યા વગર જ ભગવાનના પ્રકટ સ્વરૂપ સૌંદર્ય, ગુણ માધુર્ય તેમજ લીલાલાવણ્ય પર આકૃષ્ટ થઈ જાય છે. ભગવાનના પ્રકટ રૂપની મનોહારિતા જ એવી હોય છે કે કોઈએ એમનું માહાત્મ્ય જાણવાની ગરજ જ નથી રહેતી. આ પ્રકાર ભગવદ્ સ્વરૂપના પ્રાકટ્યથી સ્નેહના પ્રાકટ્યનો છે. આને જ 'પ્રમેયબળ' કહેલ છે.

બીજો એક પ્રકાર એ પણ છે કે જીવાત્મામાં પરમાત્માના માહાત્મ્યજ્ઞાનના કારણે પરમાત્મા માટે સ્નેહ પ્રકટ થાય. આ સ્થિતિમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રકટ થયેલ ભગવત્ રતિને 'ભક્તિ? કહેવાય છે. 'માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તસ્તયા મુક્તિર્નચાન્યથા.' સામાન્યતયા ભગવાન જ્યારે સ્વતઃ પ્રકટ નથી થતા તો પહેલા લૌકિક વિષયાસક્તિના બન્ધનોથી છૂટીને ભગવદ્ અભિમુખ થવા માટે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન અપેક્ષિત હોય છે. પરમાત્માનું માહાત્મ્ય એટલે કે મહત્તા શું છે કે એને સ્નેહ કરવો જોઈએ ? ભગવાનથી સ્નેહસંબંધ જ બાંધવાની શું મહત્તા છે ? આવા પ્રશ્નોના ઉત્તર જીવાત્મા શાસ્ત્રોને સાંભળીને કે વાંચીને (ભણીને) મેળવી શકે છે.

આ માહાત્મ્યની ઓળખાણ પછી જ્યારે ભગવદ્ રતિ પ્રકટ થાય છે તો તેને 'ભક્તિ' કહેવાય છે.

આ ભક્તિની સાધના સર્વપ્રથમ જ્યારે બીજભાવના લીધે થાય છે તો ભક્તિમાર્ગમાં ધર્મપુરુષાર્થની સિદ્ધિ છે. આ અવસ્થામાં આત્મિનવેદનપૂર્વક પોતાના જ ઘરમાં પોતાના જ તન-ધન તેમજ કુટુંબીજનોનો ભગવદ્સેવામાં વ્રજભક્તોના ભાવોની ભાવના કરતા વિનિયોગમાત્ર થઈ શકે છે.

બીજા સોપાન પર બતાવેલી રીતે સેવા કરનારમાં જ્યારે પોતાના સેવ્યસ્વરૂપ માટે પ્રેમ પ્રગટ થાય છે તો તેને એના સ્વધર્મના આચરણથી જે ધન મળી શકે તેમ હતું તે મળી ગયું તેમ સમજવું જોઈએ. ભગવાનમાં પ્રેમ પ્રગટ થયા પછી થોડી નિશ્ચિંતતા આવી જાય છે. ભક્તિનો બીજભાવ પ્રેમરૂપે અંકુરિત થઈ ગયો હોય તો ભક્તિમાર્ગીય દૃષ્ટિથી જીવાત્મા સમૃદ્ધ બની ગયો, એના અર્થપુરુષાર્થની સિદ્ધિ થઈ ગઈ તેમ સમજી લેવું જોઈએ. કેમકે, હવે તે ભગવદ્સેવા કેવળ ધર્મ-બુદ્ધિથી જ નહીં પણ પ્રેમવશ થઈને પણ કરશે.

ત્રીજા સોપાન પર, ભગવદ્ પ્રેમવશ ભગવદ્સેવા કરી શકવાના લીધે સેવાના અનવસરમાં હવે ભક્તનું હૃદય પોતાના સેવ્ય સ્વરૂપને નહીં ભૂલી શકે. એને પોતાના સેવ્ય સ્વરૂપના દર્શનની કામના બની જ રહેશે. જ્યારે બીજભાવ આ પ્રકારે પલ્લવિત થઈ જાય ત્યારે ભક્તિમાર્ગીય કામપુરુષાર્થની સિદ્ધિ થઈ ગઈ તે સમજી લેવું જોઈએ. હવે ભક્ત માત્ર પ્રેમવશ નહીં પણ તેમાંથી કંઈક આગળ વધીને આસક્તિવશ થઈને ભગવદ્સેવા તેમજ ભગવદ્કથાને નિરંતર કરતાં રહેવા માટે સક્ષમ થઈ જાય છે.

ચોથા સોપાન પર આસક્તિવશ બનીને થતી ભગવદ્સેવા અને ભગવદ્કથાનું હવે ભક્તને ધીમે ધીમે વ્યસન લાગવા લાગે છે. તે હવે સેવા કથા વગર રહી જ નથી શકતો ! ત્યારે આ અવસ્થાને મહપ્રભુ ભક્તિમાર્ગીય દૃષ્ટિથી ભક્તના મોક્ષપુરુષાર્થની સિદ્ધિ બતાવે છે. ભક્તિમાર્ગમાં મુક્ત જીવાત્મા પરમાત્મામાં લીન નથી થઈ જતો પરંતુ એટલો તલ્લીન થઈ જાય છે કે એનાથી ભગવદ્સેવા કે ભદવદ્કથા વગર એક ક્ષણ પણ રહેવાતું નથી.

આ અવસ્થા પ્રગટ થયે ભક્ત કૃતાર્થ થઈ જાય છે. એનામાં એક એવું અલૌકિક સામર્થ્ય પ્રગટ થઈ જાય છે કે તે પોતાના સેવ્ય સ્વરૂપની સાથે સંલાપ કરી શકે છે. ભગવાનના આંતર તેમજ બાહ્ય દર્શન કરી શકે છે. ભક્ત પોતાના સેવ્ય સ્વરૂપનો અનુભવ બધી જ ઇન્દ્રિયોથી કરી શકે છે. એને સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. આવા ભક્તનો ભૌતિક દેહ છૂટ્યા બાદ તે ભગવાનની નિત્યલીલામાં પ્રવિષ્ટ થઈ જાય છે. અને ત્યાં પણ ભક્તને તેના મનોરથોને અનુરૂપ ભગવદ્‌લીલામાં ભગવદ્‌સેવાનું સુખ પણ મળે છે. આથી જ મૃત્યુથી ભક્તને કોઈ વિશેષ ફેર નથી પડતો. ભક્તિની વિકાસરેખામાં આથી ક્યાંય પણ મૃત્યુનું કોઈ ઉલ્લેખનીય સ્થાન નથી, લૌકિક રતિની જેમ.

જેવી રીતે આપણે નિશ્ચિંત થઈને સૂવા જઈએ છીએ એ જ પ્રકારે ભગવદભક્ત પણ મૃત્યુને પણ નિશ્ચિંતતાથી સ્વીકારે છે : 'સ્વસ્થઃ શેતે મૃત્યુરસ્માદપૈતિ.'

### *ભગવદ્ પ્રાકટ્યથી ભદવદરતિના પ્રાકટ્યનો ક્રમ*

ભગવદ્ પ્રાકટ્ય, ભાવ, પ્રેમ, મનોરથ, લૌલ્ય (ઉત્કંઠા), મોહ પ્રત્યાશા, લીલા, ભગવત્ તિરોધાન, વિરહ, સર્વાત્મભાવ (માહાત્મ્યજ્ઞાન) તથા નિત્યલીલા પ્રવેશની સાથે પુનઃ દિવ્યદેહ વગેરેની પ્રાપ્તિ અને ભગવદ્‌સેવા કથાનું શાશ્વત સુખ. આ ક્રમ છે ભગવદ્ પ્રાકટ્યના કારણે પ્રકટ થતી ભદવદ્ રતિના ઉત્તરોત્તર સોપાનોનું. અમે કહ્યું છે કે આને ભગવાનના પ્રમેયબળથી રતિનું પ્રાકટ્ય કહેવામાં આવે છે. આથી જ આ ભગવત્ રતિનું પ્રાકટ્ય પણ પ્રમેયબળથી જ માનેલું છે. આની સાધન અવસ્થા અને ફલાવસ્થાઓનો ભેદ પણ પ્રમેયબળ એટલે કે શાસ્ત્રનિર્ધારિત ક્રમથી સ્વતંત્ર તથા કેવળ ભગવદ્‌ઇચ્છા પર જ નિર્ભર હોય છે.

### *ભગવદભક્તિથી ભગવદપ્રાકટ્યનો ક્રમ*

બીજભાવ, સત્સંગ, માહાત્મ્યજ્ઞાન, બીજભાવદાઢર્ય (રુચિ), પ્રેમ, આસક્તિ, વ્યસન (માનસી/તનુનવત્વ), સર્વાત્મભાવ, ભગવદપ્રાકટ્ય, ભગવત્ તિરોધાન, લૌકિક દેહત્યાગ, ભગવત્સ્વરૂપમાં લય અર્થાત્ સાયુજ્ય, અથવા નિત્યલીલાપ્રવેશ એટલે કે વ્યાપિવૈકુંઠરૂપ દિવ્ય ભગવદ્ ધામમાં ચાલતી નિત્યલીલાઓમાં પ્રવેશ તથા નૂતન દિવ્ય દેહ દ્વારા પુનઃ ભગવત્સેવાના સુખની શાશ્વત ઉપલબ્ધિ. આ ભક્તિશાસ્ત્ર દ્વારા નિર્ધારિત ક્રમ હોવાથી તેને પ્રમાણબળ કહેવામાં આવે છે.

આપણે જોયું કે બંને ક્રમોમાં ભક્તિનું ફલ ભક્તિ જ મળે છે, ભક્ત જીવાત્માની સાંસારિકતામાં કે મુક્તિમાં પણ.

ભક્તિનું ફળ જ્યારે પણ ભક્તિ સિવાય બીજું કંઈક વિચાર્યું ત્યારે બહુ મોટી ગડબડ ફેલાઈ જાય છે. પોતાની ભક્તિથી ભાવિત પોતાના આરાધ્યની વિવિધ સાર્વજનિક ઝાંખી પ્રદર્શન વડે ધનસંચય કે ધનિકોથી પરિચયસંચયનો પ્રકાર જેટલો જઘન્ય છે એટલો જ જઘન્ય પ્રકાર ભક્તિથી કે અભક્તિમયી મુક્તિ કે અભક્તિમય બ્રહ્મસાક્ષાત્કારને ફલના રૂપમાં સ્વીકારવો તે છે. ભક્તિનું ફળ ન તો લૌકિક યશ, ન ધન, ન સુખ, ન જ્ઞાન અને ન મોક્ષ પણ થઈ શકે છે. ભક્તિનું ફળ ભક્તિ ન હોય તો ભક્તિ પણ ભક્તિ નથી પરંતુ ભગતિ છે !

આથી જ મહાપ્રભુ ભક્તિમાર્ગીય મુક્તિનું સ્વરૂપ આ શબ્દોમાં સમજાવે છે :'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.'

### *સેવા-કથા અને કેવળ કથા*

હવે અહીં એક સ્પષ્ટીકરણ આવશ્યક છે. ભગવાનના પ્રમેયબળથી સ્વતઃ પ્રાકટ્યના સમયમાં વ્રજની જે ગોપિકાઓની ભગવદરતિ સર્વાત્મભાવથી સમૃદ્ધ ન થઈ શકી તેઓને અંતમાં જ્ઞાનીઓની જેમ ભગવત્ સાયુજ્ય જ મળ્યું. આ જ તફાવત કેવળ કામભાવવાળી ગોપિકાઓ તથા સર્વાત્મભાવવાળી ગોપિકાઓની વચ્ચે બતાવ્યો છે. આ પ્રસંગ રાસપંચાધ્યાયીમાં આવે છે. ત્યાં કામભાવવાળી ગોપિકાઓ રાસલીલામાં ન જઈ શકી અને પરિણામે તીવ્ર વિયોગથી એમના

ભૌતિકદેહ છૂટી ગયા અને એમને માત્ર ભગવત્ સાયુજ્ય જ મળ્યું એવો ઉલ્લેખ મળે છે. જેવી રીતે દ્વેષ કરનારા કંસ વગેરે દાનવોના ચિત્ત પણ ભગવાનમાં યોગીઓને પણ દુર્લભ એવી એકાગ્રતાપૂર્વક સિદ્ધ થઈ ગયા હતા અને પરિણામે એમને પણ ભગવત્સાયુજ્ય મળ્યું હતું. આ એકાગ્રતા ન તો નિરૂપાધિક જ્ઞાનમય હતી અને ન નિરૂપાધિક સ્નેહમય. આથી જ ભગવાને તેઓને પ્રમેયબળથી સાયુજ્ય આપ્યું હતું.

કામ, ક્રોધ, ભય, લૌકિક સૌહૃદ અથવા ઐક્યલાભની કામનાવાળી ઉપાધિઓથી આપણી ભગવદ્ રતિ ઘેરાયેલી હોય છે તો ભગવાન પોતાના પ્રમેયબળથી આપણને સાયુજ્યનું દાન કરે છે. પરંતુ નિરૂપાધિક સ્નેહથી જ્યારે ચિત્ત ભગવાનમાં એકતાન થઈ જાય છે ત્યારે ક્યારેક ને ક્યારેક સર્વાત્મભાવથી સમૃદ્ધ બનીને અનન્ય ભક્તિના રૂપને પણ ધારણ કરી જ લે છે. પૂર્ણ ભક્તિનું ફળ સાયુજ્યમુક્તિ નથી થઈ શકતું. આથી નિત્યલીલામાં પ્રવેશ પછી ભક્તને પુનઃ નૂતન દિવ્ય દેહથી ભગવત્સેવાનું સુખ મળી શકે છે.

લીલાના ક્રમમાં કામભાવ પર અટકી જનારી ગોપિકાઓને જેમ રાસલીલામાં પ્રવેશ ન મળ્યો તે જ રીતે ભક્તિના ક્રમમાં પણ સેવારહિત કેવળ હરિદિદક્ષારૂપ (હરિના દર્શનની જ ઇચ્છા) કામ પુરુષાર્થ પર અટકી જનારાને પણ નિત્યલીલા પ્રવેશથી વંચિત રહેવું પડે છે.

ફલતઃ પ્રમેયબળથી સાયુજ્ય જ કેવળ કથાપરાયણોને મળે છે. એ જ પ્રકારે માત્ર સેવા પરાયણોને પણ. પરંતુ જે ભાગ્યશાળી ભગવદીય સેવા-કથા બંનેને નિભાવે છે એમની પૂર્ણભક્તિનું ફળ ભક્તિ જ રહે છે નહીં કે મુક્તિ. આથી, જ મહાપ્રભુ કહે છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.'

***ભગવત્સેવાનો અવસર ભગવત્સંયોગ છે અને અનવસર ભગવદ્ વિયોગ છે.***

જેમ ગાય પહેલાં ઘાસ ચરીને પછી વાગોળે છે, તેવી રીતે ભક્ત પણ પહેલાં ભગવત્લીલા કે ભગવત્સેવાનું રસાસ્વાદન કરે છે અને તે પછી તે રસ ને વાગોળે છે. આવું તે સેવાના અનવસરમાં ભગવત્કથાના શ્રવણ-કીર્તન-સ્મરણના સમયે કરે છે. જ્યારે લીલાના રસની અનુભૂતિ કે સેવાના રસની અનુભૂતિ આપણી ચેતનાઓના એવા ઊંડાણમાં જઈને સ્પર્શી જાય કે એની મધુર પીડા આપણને નિરંતર થતી રહે ત્યારે આ શક્ય છે.

આપણે જોઈ ગયા કે રસશાસ્ત્રમાં રતિના બે પક્ષ બતાવ્યા છે : સંયોગ અને વિયોગ. પ્રેમી અને પ્રિયતમના સંયોગમાં રતિ નિત્ય નવી અનુભૂતિઓની પ્રાપ્તિની ઉત્કંઠામાં ઉલઝાયેલી રહે છે. ત્યારે સ્નેહમય સંબંધોને ઉંડાણમાં ઉતરવાનો અવસર મળી શકતો નથી. સાક્ષાત્ અનુભૂતિથી વંચિત હોવાના કારણે વિયોગમાં રતિ એ યાદોનો (સ્મૃતિઓનો) સહારો લઈને સ્થિર થવું પડે છે. અને ત્યારે એને સ્નેહમય સંબંધોના ઉંડાણમાં ડૂબકી મારવાનો અવસર મળી શકે છે.

સમુદ્રસ્થાનના શોખીનોને સાગરની લહેરોમાં હિલોળા લેવાનું એક અલગ સુખ મળે છે, તેવી જ રીતે સાગરમાં ડૂબકી મારવાના શોખીનોને ડૂબકી લગાવવામાં એક અલગ જ સુખ મળે છે. સંયોગના સમયે રતિના સાગરમાં નિત્ય નવી ઉભરતી અનુભૂતિઓની લહેરોમાં હિલોળા લેવાનું એક વિલક્ષણ સુખ મળે છે એ જ પ્રકારે રતિના સાગરમાં વિયોગના સમયે એના ઊંડાણમાં ડૂબકી લગાવવાનું એક વિલક્ષણ સુખ મળે છે.

સેવાનો અવસર ભક્ત માટે ભગવત્ સંયોગની અનુભૂતિનો અવસર છે. તે ભક્તિમયી અનુભૂતિઓના હિલોળાના સુખને માણવાનો અવસર છે. એવી જ રીતે સેવાનો અનવસર ભગવત્કથાના શ્રવણ, કીર્તન, સ્મરણના ઉંડાણમા ડૂબકી લગાવવાનો અવસર છે.

મધુર સ્વરમાં ગુંથાયેલ એક ભાવપૂર્ણ ગીતને પહેલી વાર સાંભળતી વખતે આપણું ધ્યાન એ ગીતાના નવા નવા શબ્દવિન્યાસ તથા સ્વરવિન્યાસની અનુભૂતિઓમાં ઉલઝાયેલ રહે છે. પરંતુ પછી ક્યારેક એ ગીતની સર્વાધિક મનપસંદ કડીને એકાંતમાં ગણગણવાનો અવસર કેવી તન્મયતા વાળો હોય છે !

તે જ પ્રકારે ભગવત્સેવા અને ભગવત્કથા જ્યારે બંને નભવા માંડે ત્યારે સમજી લેવું જોઈએ કે ભક્તિ પૂર્ણતયા સિદ્ધ થઈ ગઈ છે.

ભક્તિની આ પૂર્ણતા, ભક્તિનો ચરમ વિકાસ થયે જ સંભવી શકે છે. અર્થાત્ શરૂઆતમાં આવું ન થાય એવી ભ્રાન્તિ મનમાંથી સર્વથા કાઢી નાખવી જોઈએ. ભક્તિની સર્વથા પ્રાથમિક કક્ષા અર્થાત્ અદઢ બીજભાવવાળી અવસ્થામાં પણ આ શક્ય છે અને અતિ ઉચ્ચ વ્યસન તેમજ માનસી સેવાની દશામાં પણ તે શક્ય છે. જ્યારે બંને શક્ય ન હોય તો ભક્તિને અપૂર્ણ સમજવી જોઈએ, સાધનદશામાં પણ અને ફલદશામાં પણ. આથી જ મહાપ્રભુ કહે છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.'

### *સંસારી, મુમુક્ષુ અને ભક્ત*

સંસારાસક્ત જીવ પોતાના દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણને આધિભૌતિક સુખોની શોધમાં ભટકતું રાખવા માંગે છે. એને ન તો આત્માની ચિંતા સતાવે છે કે ન આધ્યાત્મિક સુખની.

સંસારથી વિરક્ત જીવ મુમુક્ષુ બનીને કેવલ આત્મહિતનો વિચાર કરે છે અર્થાત્ આધ્યાત્મિક સુખનો જ. આધિભૌતિક સુખ એને મૂલતઃ દુઃખરૂપ લાગે છે કેમકે, દેહ ઈન્દ્રિય તેમજ અંતઃકરણને તે પોતાના આત્મા પર ચડેલા હીન આવરણની જેમ ગણે છે.

ભક્તને ન તો સંસારમાં પોતાની આસક્તિથી ભય છે અને ન સંસારની વિરક્તિની કોઈ મોટી યોજના એના માથામાં છે. ભક્ત તો ભગવદનુરક્તિમાં તલ્લીન રહેવા માંગે છે. આથી તે ન તો આધિભૌતિકતા અને ન તો આધ્યાત્મિકતાના વિષયમાં કોઈ પણ પ્રકારની એકાંગી મનોવૃત્તિ રાખે છે. તે તો પોતાના ભજનીય પરમાત્માની આધિદૈવિક અનુરક્તિમાં જ તલ્લીન થવા માંગે છે.

શ્રીકૃષ્ણ તો પરબ્રહ્મ પરમાત્મા હોવાના કારણે પ્રત્યેક ભૌતિક નામ-રૂપના ઉપાદાન કારણરૂપ બ્રહ્મ છે. પ્રત્યેક અંશરૂપ જીવાત્માના અંશીરૂપ



પરમાત્મા છે તથા પ્રત્યેક સાધનાના ફલદાતા તથા ફલરૂપ ભગવાન પણ તે જ છે. ભક્ત તો પોતાના આ ભગવાનનો દિદક્ષુ (દર્શન કરવાની ઈચ્છાવાળો) હોય છે મુમુક્ષુ નહીં.

પોતાની આ કૃષ્ણદર્શન લાલસાને વશ થઈને જ્યારે ભક્ત ભગવત્સેવા ભગવત્કથામય જીવનનિર્વાહ કરે છે, તો તે પોતાનું સર્વ કાંઈ કૃષ્ણને સમર્પિત કરી દે છે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, ધન, ગૃહ, પરિવાર તથા સગાંવહાલાં વગેરે સર્વ કાંઈ. સાથોસાથ આ દેહ ઈન્દ્રિયાદિના વિષય રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગેરેથી ઉત્પન્ન સુખ પણ તે પોતાના સેવ્યને સમર્પિત કરી દે છે. તે ઈન્દ્રિયના વિષયોનો ઉપભોગ ન તો સ્વાર્થબુદ્ધિથી કરે છે કે ન તો અપરિહાર્ય (ન ટાળી શકાય તેવી) હેયબુદ્ધિથી. પરંતુ ભગવત્સમર્પિત ભગવત્પ્રસાદના રૂપમાં જ તે એને શિરોધાર્ય કરે છે. આથી જ મહાપ્રભુએ નિબંધમાં કહ્યું છે 'સર્વેન્દ્રિયૈસ્તથા ચાન્તઃકરણૈરાત્મનાપિ હિ બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે.' આથી ભક્તને ભક્તિથી મળતું સુખ કેવળ આત્મના ન હોઈ સર્વાત્મના હોય છે. મહાપ્રભુ આથી જ કહી રહ્યા છે 'અત સર્વાત્મના..... સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.'

### *શશ્વદ્*

શ્રીમદભાગવતના દશમસ્કન્ધમાં વર્ણિત વ્રજભક્તોની ફલાનુભૂતિનું વર્ણ કરતાં ઉપસંહારમાં મહાપ્રભુએ એક વાત કહી છે.

*જ્ઞાનં તુ ગુણજ્ઞાનં પરોક્ષે તત્પ્રતિષ્ઠિતમ્ ।*
*પ્રત્યક્ષે ભજનં શ્રેષ્ઠં એવં ચેદરોધનં સ્થિરમ્ ॥*
*પુરુષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા ।*
*જ્ઞાન ભક્તિશ્ચ સતતં ચક્રવત્પરિવર્તતે ॥*

ભાવાર્થ : ભગવાનના પરોક્ષ અર્થાત્ અસંનિધાનમાં વ્રજભક્ત ભગવાનનું ગુણગાન કરતા હતા. આ જ્ઞાનલીલા છે. ભગવાનની પ્રત્યક્ષ અર્થાત્ સંનિધાનમાં તો ભજન સેવા જે શ્રેષ્ઠ હોય છે. ત્યારે જ તો ભક્તોનો નિરોધ ભગવાનમાં સ્થિર રહી શકે છે. વ્રજના પુરુષોનું અને

સ્ત્રીઓનું રાત દિવસ આ રીતે ભગવદ્ ગુણજ્ઞાન અને ભગવત્સેવાનું ચક્ર નિરંતર ચાલતું રહેતું.

આ ચક્ર એ સેવા અને સ્મરણનું ચક્ર છે. આ ચક્ર સંયોગ અને વિયોગનું ચક્ર છે. આ ચક્ર ભક્તિ અને જ્ઞાનનું ચક્ર છે. આ સેવાના અવસર તથા અનવસરનું ચક્ર છે. પ્રિયતમની અનુભૂતિ તથા સ્મૃતિનું ચક્ર. ભગવત્સ્નેહના સાગરની લહેરોમાં તરવાનું અને ગહેરાઈમાં ડૂબકી લગાવવાના સુખનું ચક્ર. આ ચક્ર ક્યારેક પોતાના પ્રિયતમ પરમાત્માના સ્વરૂપને નિહારવાનું તો ક્યારેક પોતાના પ્રેમને સંવારવાનું ચક્ર છે ! આ ચક્રના શશ્વદ્ નિરંતર ચાલતા રહેવાથી પણ મુક્તિ જેવી તુચ્છ ઉપલબ્ધિ ભક્તને ક્યારેય લોભાવી શકતી નથી. આથી જ મહાપ્રભુ કહે છે 'અતઃ શશ્વદ્ સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્' !

***ગોકુલેશ્વર પાદયોઃ***

આ ચક્રનું આ લોકમાં ચાલવું ભક્તની જીવન્મુક્તિ છે અને દિવ્ય ભગવદ્ ધામોમાં ચાલવું ભક્તની વિદેહમુક્તિ છે.

આમ તો પરમાત્મા અનંત બ્રહ્માંડોના નાયક છે, પરંતુ ક્યારેક તે કૃપાવશ જ્યારે આપણા આ ભૂતલ પર આવેલ ગોકુલના ઈશ્વર બનવાનું સ્વીકારી લે છે, તો તે પોતાંના દિવ્ય ધામોને પણ પોતાંના સ્વરૂપની સાથે ભૂતલ પર પ્રકટ કરી શકે છે. એમનું ધામ તો વ્યાપિવૈકુંઠ છે. અર્થાત્ અક્ષર બ્રહ્મ છે. જેવી રીતે સૂર્ય સાકાર પિંડ હોય છે પરંતુ તેનો પ્રકાશ નિરાકાર તથા ચારે તરફ ફેલાયેલો હોય છે. જે રીતે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સાકાર હોય છે અને વ્યાપિવૈકુંઠરૂપ અક્ષરબ્રહ્મ નિરાકાર હોવાં છતાં પણ સર્વગત્ સર્વવ્યાપી હોય છે 'તદ્ ધામ પરમં મમ.' આથી ગોકુલેશ્વરના ચરણકમળોનું ભજન અને સ્મરણ આપણને આપણા દેશ-કાલના બંધનોથી ઉપર ઉઠાવીને પરમાત્માની નિત્ય તથા સર્વવ્યાપી લીલાઓમાં પ્રવિષ્ટ કરાવી દે છે.

ભક્ત ભગવાનના સ્વરૂપમાં નહીં, પરંતુ તેમની નિત્યલીલામાં પ્રવિષ્ટ થવા માંગે છે. ભક્ત સ્વયં ભગવાન બનવા નથી માંગતો, પરંતુ



ભગવદીય બની રહેવા માંગે છે. તેથી તે પરોક્ષ અક્ષરબ્રહ્મની ઉપાસના નહીં કરીને તે અક્ષરધામમાં નિવાસ કરવાવાળા અપરોક્ષ ગોકુલેશ્વરની ભક્તિ કરવા માંગે છે. એક સૂફી સંતે કહ્યું છે :

*હાજી વરાહેકાબા ઓ મન સાહિબેદીદાર ।*
*ઉ ખાના હમી જોયદ વ મન સાહિબેખાના ॥*

ભાવાર્થ : હજ કરવાવાળા યાત્રી કાબા, જે પરમાત્માનું ઘર છે, તે શોધે છે. પરંતુ હું તો તે ઘરના સાહિલ સ્વયં પરમાત્માના દર્શનો માટે આતુર છું !

બધા જ્ઞાનમાર્ગીય સાધક અક્ષરની ઉપાસના દ્વારા અક્ષરધામરૂપ ભવનને શોધે છે અને બધા ભક્તિમાર્ગીય સાધક એ અક્ષરધામમાં બિરાજતાં ગોકુલેશ્વરને જ ખોજે છે. મહાપ્રભુએ આથી જ સ્પષ્ટ કરી દીધું છે 'અતઃ ગોકુલેશ્વર પાદયોઃ સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.'

***ન ત્યાજ્યં !ન ત્યાજ્યં !! ન ત્યાજ્યમ્ !!! ઈતિ મે મતિઃ***

જ્યારે પણ પુષ્ટિભક્તમાં એવા ભાવ જાગે કે ગોકુલેશ્વરના ભજન સ્મરણ વિના પણ બીજી કોઈ પ્રકારની સાધનાથી એનું કાર્ય થઈ જશે તો સમજી લેવું જોઈએ કે કાં તો તે પુષ્ટિ પથથી ભટકી ગયો છે અથવા ભટકવાનો જ છે.

ઉદાહરણરૂપે :

કોઈક લોકો કહે છે કે ભક્તિ સ્વરૂપનિરપેક્ષા હોવી જોઈએ. કોઈક લોકો કહે છે કે ભગવત્સેવા આજના યુગમાં શક્ય નથી. આથી (કેવલ) ભગવત્કથામાં ભગવદ્ વિયોગની ભાવના જ કરવાથી ભક્તિ ખીલી શકે છે.

કોઈક લોકો કહે છે કે સ્વયં મહાપ્રભુએ જ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં - 'કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા' એવું વિધાન કર્યું છે. આથી ભક્તિનો પ્રયાસ નિષ્પ્રયોજન છે.

કોઈક લોકો કહે છે કે ભગવત્સ્વરૂપની સેવા બહો...ત (!) ઊંચી

ભક્તિની એમ. એ. કક્ષાની વાત છે. જ્યારે આજે તો કિંડરગાર્ડન (કે. જી.)ના નિમ્નકક્ષાના અધિકારીઓ માટે પ્રથમ કર્તવ્ય તો માનવસેવા જ છે.

કોઈક લોકો કહે છે કે સેવાનો કર્મકાંડ તો અત્યંત હીન અધિકારીઓ માટે હોય છે, એમને ઘરમના ધક્કામાં ઉલઝાવી રાખવા માટે ! પરંતુ ઉચ્ચ કક્ષાના સાધકોએ તો પોતાની સેવામાં પધરાવેલી મૂર્તિ સામે આંખો મીંચીને ધ્યાનયોગનો અભ્યાસ કરવો જોઈએ.

આવી બીજી અનેક પ્રકારની ધારણાઓ ક્યાંક તો મહાપ્રભુના સિદ્ધાંતના અજ્ઞાનના કારણે અથવા તો પછી મહાપ્રભુના સિદ્ધાંતો પ્રત્યે દ્વેષ ભાવવશ મહાપ્રભુના અનુયાયીઓને જ મહાપ્રભુનું જ નામ લઈને ભડકાવવા માટે ફેલાવવામાં આવી રહી છે ! આ પુષ્ટિમાર્ગના દિવ્ય સિદ્ધાંતોને નષ્ટ કરી દેવાનું એક ક્રૂર ષડયંત્ર છે !

### *સ્વરૂપનિરપેક્ષા ભક્તિ પણ શું કોઈ ભક્તિ છે ?*

પ્રાચીન મહાનુભાવોના ચરિત્રમાં તેમજ ઉપદેશોમાં પણ ક્યારેક સ્વરૂપનિરપેક્ષતાનો ઉલ્લેખ મળે છે.

પરંતુ તે ભક્તિની કોઈ ઉચ્ચત્તમ અવસ્થાનું નિરૂપણ નથી. પરંતુ ઉચ્ચભક્તોની ભક્તિમાં આવેલ એક સંચારી ભાવ જેવો જ આ પણ એક મનોભાવ છે. પ્રણયીયુગલના પ્રણયપ્રસંગમાં ક્યારેક પ્રણયકલહ તો થઈ જાય છે. આ કલહ પ્રણયની કોઈ ઉચ્ચત્તમ અવસ્થા નથી હોતો, પરંતુ આવા કલહના સંચારીભાવની સાથે પણ જ્યારે પ્રણયનો સ્થાયીભાવ અવિચલ બનેલો રહે છે તો તે પ્રેમની ઉચ્ચતાનો દ્યોતક (સૂચિત કરનાર) બની જાય છે. જેવી રીતે ખંડિતા નાયિકા માનિની બનીને ક્યારેક પોતાના પ્રિયતમને કહી દે છે : 'જઈએ વાકે ધામ જાકે જાગે ચારોં યામ લાલ !' તો થોડી ક્ષણો માટે આવો સંચારીભાવ રતિની સ્થાયી અવસ્થામાં રોચક હોઈ શકે છે. પરંતુ કોઈ પ્રેમિકા જો સ્થાયી રૂપથી પોતાના પ્રિયતમથી નિરપેક્ષ બની જાય અને પોતાના પ્રિયતમને સદા-સર્વદાના માટે વિદાય કરવા ચાહે, ત્યારે તો રસાભાવ થઈ ગયો એવું સમજી લેવું જોઈએ. પુષ્ટિભક્તિ ક્યારેય સ્વરૂપનિરપેક્ષ નથી થઈ શકતી.

કેટલાંક લોકો એવું માને છે કે પુષ્ટિભક્તિ સક્ષાત્ મૂલસ્વરૂપથી તો નિરપેક્ષ નથી થઈ શકતી પરંતુ સેવામાં પધરાવેલા સ્વરૂપથી નિરૂપેક્ષ હોઈ શકે છે. જ્યારે એમને પૂછવામાં આવે કે સેવામાં પધરાવેલું સ્વરૂપ શું મહાપ્રભુના સિદ્ધાંત પ્રમાણે ધાતુ કે પત્થરની કોઈ જડ મૂર્તિમાત્ર છે ? તો જવાબ આપવામાં કતરાય છે. કેમકે આવું તો કહી જ ન શકાય, યદ્યપિ આ લોકોના હૃદયમાં આ જ ચોર છૂપાયેલો રહે છે !

મહાપ્રભુનો આદેશ તો સર્વથા સ્પષ્ટ છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ'

### *શું ભગવત્ સેવા આજના યુગમાં સંભવ નથી ?*

જો મહાપ્રભુના મતાનુસાર આવું હોત તો ક્યારે પણ તેઓ 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન' ન કહેત, અને 'ભગવદ્ રૂપસેવાર્થં તત્સૃષ્ટિ નાન્યથા ભવેત' પણ ન કહેત. આથી મહાપ્રભુના આ વચનો પર હડતાળ કર્યા વિના ઉપરોક્ત વિધાન સંભવ નથી. આવું કહેવાવાળા જાણતા નથી કે તેઓ મહાપ્રભુના કેવા છદ્મદ્વેષી છે ? કારણ કે મહાપ્રભુ તો આ જ કહે છે : 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ'

કેવલ ભગવત્કથામાં જ વિયોગભાવના કરવી એ એક નર્યું પાખંડ છે.

જે કથોપદેશક ભગવત્સેવાનો ત્યાગ કરીને વૃત્તિ માટે કરવામાં આવતી ભગવત્કથામાં વિયોગ ભાવનાના આંસુ વહાવતો રહે છે તે તો અશ્રુગ્રંથિઓને પોતાની ઈચ્છાને આધીન કરીને દેખાડાતું નાટક છે. ભગવત્સ્વરૂપની સેવાથી એમના પ્રમાણે ભાવ શીતલ બની જાય છે ! એવો પ્રચાર તેઓ જનતામાં કરે છે. પરંતુ આવા વક્તાઓની ભાવ-ઉષ્માનું રહસ્ય એક વિચિત્ર સંવાદમાં છતું થઈ જાય છે.

**પ્રશ્ન :** રડો છો કેમ ?

**ઉત્તર :** સેવ્યસ્વરૂપની યાદ આવે છે.

**પ્રશ્ન :** તો સેવા કેમ નથી કરતા ?

**ઉત્તર :** કેમકે સ્વરૂપસેવા કરવાથી સ્નેહની ઉષ્મા ઘટી જાય છે !

આથી મનોવૃત્તિની અભક્તિમાર્ગીયતા એક બીજા ઉદાહરણથી વધુ સ્પષ્ટ થઈ જાય છે.

એક પ્રેમિકાએ કોઈ એક શાયરનો એક શેર ક્યારેક સાંભળ્યો :

*વો મોજ્જાએ મોહબ્બત કભી દિખાયે મુઝે ।*
*કિ સંગ તુઝપે ગિરે ઔર ચોટ આયે મુઝે ॥*

પ્રેમના આ રહસ્યને જાણી લીધા પછી પ્રેમિકા પોતાના પ્રિયતમના આગમનની પ્રતીક્ષામાં બેસી ગઈ. એને પણ પોતાના પ્રેમની સચ્ચાઈની પરીક્ષા લેવાનું ધૂન લાગી ગઈ હતી. આથી પ્રિયતમના આવતાં જ તેના માથા મારવા માટે પથ્થર હાથમાં લઈ દોડી પડી ! પેલો બિચારો આવા અણધાર્યા વ્યવહારથી ગભરાઈને ઊંધે માથે ભાગ્યો ! અને ત્યારે તે બૂમો પાડતી પાછળ દોડી કે 'ગભરાવો નહિ ! મારા સાચા પ્રેમને કારણે ચોટ તમને નહીં પણ મને લાગશે !'

પરંતુ તે પ્રિયતમ પ્રેમિકાને હૃદયપૂર્વક ચાહતો હતો. આથી, રોકાયા વગર એવું કહીને ભાગી ગયો કે મને પ્રેમની સત્યતાની પરીક્ષા કરવાની એટલી ચિંતા નથી, જેટલી તારા માથાની ચિંતા છે !'

ભક્તિની આવી ઉષ્મા રાખવાવાળા ભક્તોથી ભગવાન જ સ્વયં બચાવે !

વિયોગની પીડા થવી અને વિયોગની પીડા ઈચ્છવી એ બંનેમાં બહુ ફેર છે. અને તે એ જ કે એક પ્રેમપૂરિત કોમળ હૃદયનું લક્ષણ છે, જ્યારે બીજું પ્રેમરહિત કઠોર હૃદયનું અશ્રુપાતરૂપ કેવલ કર્મકાંડ ! અણુભાષ્યકાર તો સ્પષ્ટ શબ્દોમાં વિધાન કરે છે કે જ્યારે હૃદયમાં ભગવાન ન બિરાજે ત્યારે જ ભાવનું એવું વિકૃત સાર્વજનિક પ્રદર્શન શક્ય હોય છે. આટલા મૂલ્યવાન આંસુઓને ગટરના પાણીની માફક વ્યર્થ વહેવડાવી દેવાની શું આવશ્યકતા છે ? મહાપ્રભુનો આદેશ આપણે ન ભૂલવો જોઈએ કે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ'

### *કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યાં (!).*

જો ભક્તિમાર્ગ દુઃસાધ્ય છે તો આ વાત ન ભૂલવી જોઈએ કે, મહાપ્રભુના મતમાં અન્ય બધા માર્ગ તો અસાધ્ય છે જ. અને આમ તો સ્વયં મહાપ્રભુનો અવતાર પણ કલિયુગમાં જ થયો. એમનો ઉપદેશ સાંભળી પુષ્ટિપથની સફળ યાત્રા કરવાવાળા ૮૪ તથા ૨૫૨ વૈષ્ણવ પણ કલિયુગમાં જ થયા હતા. જો સેવા એ અમુક ૮૪ વૈષ્ણવો માટે જ કર્તવ્યરૂપ હોત તો મહાપ્રભુએ કહ્યું હોત 'ઇદાનીં સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ' પરંતુ તેઓ 'ઇદાનીં' ન કહીને 'સર્વદા' કહે છે ! સર્વદા કેમ ?

*એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્ ।*
*કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ॥*

ભાવાર્થ : આ રીતે ભગવદાશ્રય અર્થાત્ શરણાગતિ ભક્તિભાવને પ્રકટ કરવા માટે, પ્રકટ થતાં સમયે, તથા પ્રકટ થયા પછી પણ, સર્વદા બધાના માટે હિતકારી હોય છે. વિશેષતઃ કલિયુગમાં ભગવદાશ્રય વિના ભક્તિ આદિ બધા માર્ગ દુઃસાધ્ય થઈ ગયા છે.

મહાપ્રભુએ આજ વિવેકધૈર્યાશ્રમ ગ્રંથમાં આ ખુલાસો કર્યો છે.

*ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।*
*દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ॥*
*ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।*
*અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ॥*

ભાવાર્થ : ઐહિકે પારલૌકિક સર્વ વાતોમાં ભગવાન શ્રીહરિ જ આશ્રય છે. દુઃખહાનિ માટે, પાપાચરણ થઈ ગયું હોય તો, કામનાઓની પૂર્તિ માટે અથવા તો ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તો, જાણે આપણાં પોતાનામાં ભક્તિ ન હોય અને આપણે ભક્તિ મેળવવા માગતા હોઈએ

તો પણ, બીજા ભક્તોએ આપણું કોઈક અતિક્રમણ કર્યું હોય તો પણ, પોતાના માટે પણ કાર્ય અશક્ય હોય કે સુશક્ય હોય તો પણ શ્રીહરિની શરણાગતિ આપણે સ્વીકારવી જ જોઈએ.

આથી, સ્પષ્ટ જ છે કે શરણાગતિનો આ ઉપદેશ ભક્તિમાર્ગના વિલોપન માટે નહીં પરંતુ પ્રવર્ધન માટે જ છે. આથી જ, મહાપ્રભુ કહે છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ'

## *શું સેવા કેવલ ઉચ્ચ અધિકારીઓનું જ કર્તવ્ય છે ?*

કેટલાંક લોકો સેવાને એટલી ઊંચી ઉઠાવવા માંગે છે કે જેવી રીતે ઘરમાં રોજબરોજ કામમાં ન આવતા સાજસામાનને આપણે ઊંચે ચડાવીને નિરાંતે સૂઈ જઈએ છીએ !

એ વાત સાચી છે કે મહાપ્રભુના સિદ્ધાંતમાં ભગવત્સ્વરૂપસેવાથી અધિક શ્રેષ્ઠ બીજું કોઈ સાધન અનુષ્ઠાન નથી. તો પણ તે ભક્તિની એમ. એ. કક્ષાના અધિકારીઓના જ એકાધિકાર છે. એવો મહાપ્રભુનો સિદ્ધાંત નથી. ભક્તિમાર્ગના કિંડરગાર્ડન (કે. જી.)માં ભણવાવાળા વિદ્યાર્થીને પણ મહાપ્રભુ 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વાસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃકવાપિ કદાચન' ઉપદેશ આપે છે. તથા પી. એચ. ડી. કરવાવાળાને પણ ઉપદેશમાં તો એ જ કહે છે તે 'અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ'

## *ભગવાનના સ્વરૂપના સાનિધ્યમાં ધ્યાનયોગ (!)*

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના દિવ્ય ઔપનિષદ સિદ્ધાંતોના પાયા પર મહાપ્રભુએ પુષ્ટિભક્તિના ભવ્ય ભવનનું નિર્માણ કર્યું છે. આવી સુવિચારિત સાધનાપ્રણાલી પર જે અખંડનિષ્ઠા મહાપ્રભુએ પોતાના અનુયાયીઓની વિકસાવી છે તેને મહાપ્રભુના જ નામ પર ખંડિત કરનારા કેટલાક ધૂર્ત ઉપદેશકોએ આ છળ રચેલું છે. તેઓ સ્પષ્ટતયા મહાપ્રભુનું નામ લઈ લે તો તેમના શ્રોતાઓની ભીડ ઓછી થવાનો તેમને ડર છે ! આથી મહાપ્રભુને 'ભક્તિના બાદશાહ' બનાવીને એમની બાદશાહી ખત્મ કરવા માટે એમના સિદ્ધાંતોની અટપટી અને અનર્ગલ વ્યાખઅયા કરીને વાસ્તવિક સિદ્ધાંતોની મજાક-મશ્કરી કરતા રહે છે. 'પરમાત્મા કૃપાથી મળશે એવું કહેવાવાળા શેતાન છે' કહીને ભક્તિના બાદશાહને 'શેતાન' કહેવાથી પણ નથી ચૂકતાં !

પરંતુ જ્યારે એમને આંખ મીંચીને ધ્યાન ધરનારા શ્રોતાઓની ભીડનો સામનો કરવો પડે છે ત્યારે એમની પોલ ખૂલી પડી જાય છે ! ત્યારે તેઓ ધ્યાનયોગની વાત બદલીને મૂર્તિપૂજાની વૈજ્ઞાનિકતાની વાતો કરવા લાગે છે ! આ વક્તાઓ પોતાના પ્રવચનમાં ભીડ વધારવા સિવાય કોઈ સિદ્ધાંતના સગા નથી હોતા !

જ્યાં સુધી મહાપ્રભુના સિદ્ધાંતનો પ્રશ્ન છે તો આપણે જોઈ લીધું છે કે મહાપ્રભુના મતે 'પ્રત્યક્ષમાં ભજન (આંખ ખોલીને નંદકુમારને નયનભર નિરખવા) શ્રેષ્ઠ હોય છે અને પરોક્ષમાં આંખ મીંચીને એમનું શ્રવણ-કીર્તન-ચિંતન શ્રેષ્ઠ હોય છે અને કેમકે શુદ્ધાદ્વૈતવાદમાં ભગવત્સ્વરૂપ નથી જડ હોતું કે નથી માયિક, અને નહીં કે ઉપાસના માટે કલ્પિત. પરંતુ અખિલ બ્રહ્માંડના અભિન્નનિમિત્ત ઉપાદાન કારણ પરબ્રહ્મનું જ તત્વતઃ, ભાવતઃ અને શાશ્વતઃ પણ એક ભજનીયતમ સ્વરૂપ જ હોય છે. આથી જ મહાપ્રભુ કહે છે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ'

## *મનનીય ભાવના*

વૃત્રાસુર કહે છે કે ભગવાન ! મને એવું વરદાન આપો કે મારી કર્મગતિને અનુરૂપ જ્યારે હું સંસારચક્રમાં ભ્રમણ કરતો હોઉં, ત્યારે તારી માયાને કારણે સ્વયંમાં તથા સ્વયંની પત્ની, પુત્ર, ગૃહ, ધન, યશ વગેરેમાં ઉલઝાયેલા સાંસારિકજનોને બદલે જે તારા સાચા ભક્ત હોય, તેમનું સખ્ય મને મળે. આ મારી મુક્તિ હશે, બીજું કંઈપણ મને નહીં જોઈએ !

———— o ————

*રુચિતરપુમર્થાન્ યો હિ શક્તઃ પ્રવક્તુમ્*
*સ્વયમપિ નહિ કર્તું સોપિ શક્નોતિ મૂઢ*
*પ્રભવતિ નહિ તસ્માત્ ત્વત્કૃપાતો વિહીનઃ*

ઉપશમયિતુમેવં કર્મબુદ્ધયોર્હિ ભેદમ્ ॥૧॥
રુચિરમિતરથા વા ગ્રન્થમેતં મદીયં
કૃતિમતિરતિ શુદ્ધયૈ ત્વત્પ્રસાદાજ્ઞ્યનોયમ્
પ્રણમતિભવદંઘ્રાવર્પયન્ કાંક્ષતે વૈ
ભવતું ભવતું ભૂયાનં ભક્તિભાવઃ પ્રભૌ મે ॥૨॥